જૈન ગૂર્જર કવિઓ.

ત્રીજો ભાગ

ખંડ ૨

(વિક્રમ ઓગણીસમા અને વીસમા શતકના તથા પૂર્વે નહિ પ્રકટેલા
ગૂજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત
વિસ્તૃત સૂચી.)

સંગ્રાહક અને સંપ્રયોજક.

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ્ એલ્. બી.

ઍડવોકેટ, હાઈકૉર્ટ, મુંબઈ.

[જૈન ગૂર્જર કવિઓ-ના પ્રથમ અને બીજા ભાગના સંપ્રયોજક, જૈન એ. રાસમાળાના સંપાદક, સ્વામી વિવેકાનંદના પત્રોના અનુવાદક ઈત્યાદિ.]

વિ. સં. ૨૦૦૦. વીરાત્ ૨૪૭૦. ઈ. સ. ૧૯૪૪.

કિંમત પાંચ રૂપીઆ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસમાં,
પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું.
સલાંપોસ રોડ–અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

પ્રકાશક
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઓફિસ તરફથી
ડૉ: ચીમનલાલ ને. શ્રોફ
ચીફ સેક્રેટરી
૨૦, પાયધુની, મુંબઈ.

નિવેદન.

શ્રીમતી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના કાર્યાલય તરફથી આ ગ્રંથનો પ્રથમ ભાગ વિ. સં. ૧૯૮૨ માં પ્રકટ થયો. તેમાં આરંભમાં જૂની ગૂજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ ૩૨૦ પૃષ્ઠમાં પ્રસ્તાવનારૂપે પ્રકટ થયેલો છે, અને પછી વિક્રમ તેરમાથી સત્તરમા-શતક સુધીના ૨૮૭ જૈન કવિઓ તથા તેમની કૃતિઓની વિસ્તૃત સૂચી આપેલી છે. ગ્રંથનો બીજો ભાગ સં. ૧૯૮૭ માં બહાર પડયો, તેમાં વિક્રમ અઢારમા શતકના નં. ૨૮૮ થી ૪૪૬ ના ૧૭૯ જૈન કવિઓ અને તેમની કૃતિઓની નોંધ કરેલી છે ને વિશેષમાં પરિશિષ્ટોમાં જૈનકથા-નામકોષ, ત્રણ ગચ્છો-નામે ખરતર, તપા અને અંચલ ગચ્છોની ગુરૂપટ્ટાવલીઓ, રાજાવલી અને આ ગ્રંથના પ્રથમ ભાગ સંબંધી ૨૧ અભિપ્રાયો આપેલા છે.

હવે આ ગ્રંથનો ત્રીજો ભાગ વિક્રમ બે હજારના વર્ષમાં બહાર પડે છે. તેમાં ઓગણીસમા અને વીસમા શતકના નં. ૪૬૭ થી ૬૧૫ સુધીના ૧૪૯ જૈન કવિઓ અને તેમની કૃતિઓની વિસ્તૃત સૂચી આપેલી છે. આ રીતે કુલ ૬૧૫ કવિઓ થયા; તે ઉપરાંત કવિનો નંબર વધીને ૯૮૭ થાય છે, (જુઓ પૃ. ૧૫૬૮). પૃ. ૧૫૭૧ થી પૃ. ૧૭૦૩ સુધીમાં ૭૫ ઉપરાંત ગદ્યકારો અને તેની ૮૫૦ ગદ્યકૃતિઓ જણાવેલ છે.

પૃ. ૧૭૦૪ થી ૧૭૩૨ માં કવિઓની, પૃ ૧૭૩૩ થી ૧૭૮૬ માં પદ્યકૃતિઓની, પૃ. ૧૭૮૭ થી ૧૭૮૯ માં ગદ્યકારોની, પૃ. ૧૭૯૦ થી ૧૭૯૯ માં ગદ્યકૃતિઓની, પૃ. ૧૭૯૯ થી ૧૮૦૩ માં સ્થલસ્થાનાદિની, પૃ. ૧૮૩૧ થી ૧૮૩૨ માં રાજકર્તાઓની, પૃ. ૧૮૩૩ થી ૨૦૮૨ માં દેશીઓની અને પૃ. ૨૦૮૩ થી ૨૧૦૪ માં મોટી દેશીઓની અનુક્રમણિકાઓ છે.

પરિશિષ્ટ ૧ જૈનેતર કવિઓ ૧૫મી સદીથી પૃ. ૨૧૦૫ થી ૨૨૦૩ માં; પરિશિષ્ટ ૨ જૈન ગચ્છોની ગુરૂપટ્ટાવલીઓ, પૃ. ૨૨૦૪ થી ૨૨૨૨ (૪) લોંકાગચ્છ-સ્થાનકવાસી સંપ્રદાયની પટ્ટાવલી પૃ. ૨૨૨૨ થી ૨૨૨૪ (૫) કડવાગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૨૪ થી ૨૨૩૩ (૬) આગમિક ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૩૩ થી ૨૨૪૪ (૭) પૂર્ણિમા ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૪૪ થી ૨૨૫૪ (૮) પલ્લીવાલ ગચ્છની પટ્ટાવલી, પૃ. ૨૨૫૪ થી ૨૨૭૬ (૯) ઉપકેશ ગચ્છની એક પટ્ટાવલી તથા ૨૨૭૭ થી ૨૨૮૬ (૧૦) ઉપકેશ ગચ્છની બીજી પટ્ટાવલી, પૃ. ૨૨૮૭ થી ૨૨૯૭ (૧૧) તપાગચ્છની અન્ય પટ્ટાવલી-એમ પટ્ટાવલીઓ પૂરી થાય છે. પૃ ૨૨૯૮ થી ૨૩૩૪ માં 'જૈન સાહિત્યનો ઇતિહાસ' એ ગ્રંથપરના આવેલા ૨૩ અભિપ્રાયો છે. પૃ ૨૩૩૪ થી ૨૩૪૦ માં જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ ઉપરના અભિપ્રાયો છે. ૐ શાન્તિ:

તા. ૫-૭-૪૪. મોહનલાલ દલીચંદ દેશાઈ.

卐

૮૧૪ ધનજી (આં. દયાસાગર નં. ૨૦૬–૭ શિ.)

(૧૬૭૫) સિદ્ધદત્ત રાસ.

આદિ— પ્રથમ દૂહા.

ચઉવિહ મંગલ મનિ ધરઉં, જે શિવ સુખ દાતાર,
વલિ સમરઉં મુખમંડની, સુરરાણી સુખકાર. ૧
પાયકમલ સદગુરૂ તણા, પણમું ધરી સનેહ,
જે આદર જગમઇ લહું, મોટઉ ગુરગુણ તેહ. ૨
સુકવિ નમઉં કરજોરિ કર, જો હઇ બુદ્ધિભંડાર,
સરસ કવિત વિત દેત હઇ, સીખેં હઇ ઉપગાર. ૩
અનુમતિ લહિ સહગુરૂ તણી, તીજા વ્રત અધિકારિ,
કહિસ કથા **સિદ્ધદત્તની**, શાસ્ત્ર તણઇ આધારિ. ૪
અપણી મતિ સારઇ વ્રતી, ધરમ કહઇં અતિ સાર,
પણિ જિનભાષિત સારિસો, કોઈ ન શિવદાતાર. ૫

અંતે— રાગ સારંગ, ઢાલ મનભમરાની રાગ ગોડી.

સિદ્ધદત્ત આયો નિજ ઘરિ સુવિચારીરે,
વંદી તે અણગાર તેહ સુવિચારી રે.

× × × ×

પૂરણ આયુ પાલી કરી સુ૦ કરસ્યઇ એક અવતાર તે.
સુધ સંયમ પાલી કરી સુ૦ પામસ્યઇ ભવપાર તે. ૧૩
અંચલ ગછપતિ અતિ ભલો સુ૦ શ્રી **કલ્યાણસાગર** સૂરિરાય તે.
મહિમંડલિ મહિમા ઘણી સુ૦ બહુ સંઘ શેવઇં પાય તે. ૧૪
તસ પક્ષિ વાચકતિલો સુ૦ વિચરઇ ઉગ્ર વિહારિ તે.
નવરસ ભેદ વખાણમઇ સુ૦ દાખઇ સરસ વિચારિ તે. ૧૫
સકલ જીવનઇ હિતકર સુ૦ શ્રી **દયાસાગર** નામ તે.
પ્રસિધ સકલ પુહવી વિષઇં સુ૦ નામ તિસઉ પરણામ તે. ૧૬
તાસ શિષ્ય ઇણપરિ કહઇં સુ૦ મુનિ **ધનજી** સુવિચાર તે.
પુન્ય કરઇ પ્રાણી જિકે સુ૦ તે પામઇ સુખસાર તેહ સુવિચારીરે. ૧૭

—રાજનગરે પં. પુણ્યકુશલ ગણુ શિ. મુનિ નયહર્ષ લિ૦ ૧૭–૧૫ નં. ૪૪૧ મ. જૈ. વિ. (કલ્યાણુસાગરસૂરિ સં. ૧૬૪૯–૧૭૧૮ તથા દયાસાગર ઉર્ફે દામોદર સં. ૧૬૬૫–૧૬૬૯ માટે જુઓ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ નં. ૨૦૬ અને ૨૦૭ પૃ. ૪૦૩ થી ૪૦૫.)

---

૮૧૫ કેશવજી (લોં.)

(૧૬૭૫ ક)+ લોંકાશાહનો શલોકો. (ઐ.) ૨૪ કડી.

વીર જિણંદના પ્રણુમી પાય, સમરી **સરસતી** ભગવતી માય,
ગુરૂ પ્રણુમી કરઇ સિલોકો, ઇક મનિ કરી સુણુજ્યો લોકો. ૧××
પુત્ર સગુણ થયો **લખુ** હરખીં, **શતચઉદે સતસીતર** વરખીં. ૧૧
સંવતુ **પન્નરસત અડ** વરખિ, સિદ્ધપુરીઈ શિવપદ હરખી,
ખોલી થાપીઉં જિનમત શુદ્ધ, 'લુંકઉ' ગચ્છ હુઓ પરસિદ્ધ. ૧૭
ઇણુમત વિપવિ મંડઈ વાદ, ન્યાયાધીશ કરઇ પક્ષપાત,
શત **પન્નર તેત્રીસ** સાલઈ, છપ્પન વરસિં સુરધ્ધર મહાલઇ. ૨૦
શત **પન્નર તેત્રીશ**ની સાલઈ, **ભાણુજી**ને તે દીક્ખા આલઇ,
ભાણુજી રીષી સતમત ફેલાવઈ, જીવદયાનું તત્ત્વ બતાવઈ. ૨૧
રૂપજી જીવાજી કુંવરજી, વીહરઇ **શ્રીમલજી** રૂષીવરજી,
પ્રણુમી પૂજ્ય તણુઈ વર પાયા, ગાવઇ **કેશવ** નિત ગુરૂરાયા. ૨૪

—મુંબઈ સમાચાર ૧૮–૭–૩૬ ના અંકમાં, 'શ્રીમાન્ લોંકાશાહ' પૃ. ૨૩૮ થી ૨૪૦.

(૧૬૭૬) સાધુવંદના.

—લ. સં. ૧૭૦૪ પત્ર ૫ શ્લો. ૧૬૪ દા. ૨૩ લીં.

---

૮૧૬ મેઘરાજ (બ્રહ્મ) [દિ૦ સુમતિકીર્ત્તિ શિ૦]

(૧૬૭૭) કોહલા બારસી–શ્રાવણ દ્વાદશી રાસ લ. સં. ૧૭૫૪ પહેલાં

આદિ— (વસ્તુ)

વીરજિનવર **વીર**જિનવર, પ્રણમું તસ પાય
તીર્થંકર ચઉવીશમો, મુગતિ મુગતિ દાન દાતાર.
તે પદપંકજ મનિ ધરી, સમરવી **સારદા** માય,
શ્રી **સકલકીરતિ** જગિ જાનીયે, ગુરૂ **ભુવનકીરતિ** ભવતાર,
જ્ઞાનભૂષણ જ્ઞાનિં દીપતા, **વીજયકીરતિ** સુખકાર. ૨
મિથ્યા મેગલ મોડવા, ઉપને સિંહ સુજાણ
શુભચંદ્ર યતિવર જયો, વાદિ મનાવ્યા આણ. ૩
શ્રી **સુમતિકીરતિ** જસ વિસ્તરેયો, વાણિય વાંછિતદાય,
તસ પટ્ટિં પુહવી પ્રગટિયા, **ગુણકીરતિ** સુભકાય. ૪
તેહતણા ગુણ મન ધરી, રાસ રચ્યું સકોમાલ
શ્રાવણ દ્વાદસી ફલ વરણવું, સુણો સહુ બાલગોપાલ. ૫

અંતે— દુહા

ભરત ક્ષેત્રિં સ્ત્રી લિંગ હણી, રાજ પુહવો સાર
તપજપ સંયમ આચરી, સ્વર્ગ પામ્યો અવતાર. ૧
પછિ મધ્યલોક સુખ ભોગવિ, દીક્ષા લેઇ ચંગ,
કરમ સર્વનો ક્ષય કરી, મુગતિ રમણી કીધો સંગ. ૨
નરનારી ભાવિં કરી, કરો તે તર્યાં વરત અપાર
રાસ સુણો પૂજા કરો, ભાવના ભાવો સાર. ૩
જિનવર સ્વામિયેં જે કહ્યાં, તે વ્રત સઘલાં ચંગ,
ભાવના ભાવો એ વ્રત કર., જિમ પામો સૌખ્ય અભંગ. ૪
શ્રી **સુમતિકીરતિ** ચરણ ચિત્તં ધરી, બ્રહ્મ **મેઘરાજ** કહિ સાર,
ભવિયણ ભાવિં તમે સુણો, જિમ પામો શિવપુરી વાસ. ૫

—સંવત ૧૭૫(૪ ?) વર્ષે પોસ શુદિ ૫ રવ. લિખિતં **સાદડા** વાસ્તવ્ય **હુંબડ** જ્ઞાતૌ લઘુ શાખાયાં **ભડાગીયા** ગોત્રે સં. શ્રી ૫ **વીરજી** **સો**નાજી, તદ્‌ભાર્યા ઉભયકુલવિશુદ્ધા સં. **સાંઇબાઈ** તયો પુત્રાશ્ચત્વા

૨ : પ્ર૦ પુત્ર સં. તિલોકચંદ દ્વિ૦ પુત્ર પૃથ્વીરાજ, તૃ૦ ધર્મદાસ ચ૦ માનરાજ, એતેષાં મધ્યે સં. માનરાજ પઠનાર્થં-સ્વયમેવપઠનાર્થં -૬-૧૩ સરસ્વતિ ભં૦

---

૮૧૭ દેવેન્દ્રકીર્તિ (દિ૦ સકલકીર્ત્તિ-ભુવનકીર્ત્તિ-જ્ઞાનભૂષણ-વિજયકીર્તિ-શુભચંદ્ર-સુમતિકીર્ત્તિ-ગુણકીર્ત્તિ-વાદિભૂષણ-રામકીર્ત્તિ-પદ્મનંદિ શિ.)

(૧૬૭૮) પ્રદ્યુમ્ન કથા

આદિ—

દુહા

સકલ ભવ્ય સુખકર સદા, નેમી જિનેશ્વરરાય,
યદુકુલ કમલ દિવસપતી, પ્રણમું તેહના પાય. ૧
જગદંબા જય સરસ્વતિ, જિનવાંણી તુઝ કાય,
અવીરલ વાણી આપજે, તું તુઠી મુઝ માય. ૨
ગણધર ગૌતમનેં નમું, સકલકીરતી ગુરૂ ધીર
તાસ પટોદય દિનમણી, ભુવનકીરતી ગંભીર. ૩
જ્ઞાંનભૂષણ જ્ઞાની હવા, વિજયકીર્ત્તિ ભવતાર,
ભટ્ટારક સુભચંદ્ર પટિં, સુમતિકીર્ત્તિ સુખકાર, ૪
ગુણકીર્ત્તિ ગુણ ગણનીધી, વાદિભુષણ ગણધાર,
રાંમકીર્ત્તિ પાટે ગુરૂ, પદ્મનંદિ જયકાર. ૫
એ ગછપતી પદ નમી કહૂં, પ્રદ્યુમન કથા પ્રબંધ,
હરીવંશ ગ્રંથથી ઉદ્ધરી, જોઇ સુદ્ધ સંબંધ. ૬

× × × ×

ઢાલ ૧ છેલ્લી કડી

સાખિ અભિભદ્રદ કરી કર્યો, રૂંખમણી અંગીકાર,
દેવિંદ્રકીરતિં કહીં પુણ્યિં, પામિસિં જયકાર.

૩૮ પાનાં ૪૫૩ કડી સુધી છે. દરેકમાં ૧૩ પંક્તિ છે. પછીનાં પાનાં નથી. ખેડા ભં. ૩

(જુઓ ઉક્ત રામકીર્તિના ઉપદેશથી બ્ર. વચ્છરાજે વાદિચંદ્રે સં. ૧૬૫૧ માં રચેલ શ્રીપાલકથા સં. ૧૬૭૬માં લખી છે તો આના પ્રશિષ્યની કૃતિ સત્તરમા સૈકા અંતે રચાઈ હશે.)

---

૮૧૮ દેવેન્દ્રકીર્ત્તિ શિષ્ય (દિ૦)

(૧૬૭૮ ક) આદિત્યવાર કથા ગા. ૯૦ (હિંદીમાં.)

ચોપઇ—પ્રથમ સમિરિ જિનવર ચૌવિસ, ચૌદહસૈ ત્રેપન જ્યુ મુનીસ,
સમિરો સારદ ભક્તિ અનંત, ગુરૂ દેવેન્દ્રકીર્ત્તિ મહંત. ૧
મેરે મન એક ઉપજ્યૌ ભાવ, રવિવ્રતકથા કહનકો ચાવ,
મેં તુ કહીન જ્યું અક્ષર કરો, તુમ ગુનિયર કવિ નીકે ધરો,

× × × ×

રવિ વ્રત તેજ પ્રતાપ ગઇ લચ્છિ ફિરિ આઇ
કૃપા કરી ધરનેંદ્ર ઔર પદ્માવતિ આઇ
જહાં ગયે તહાં રિદ્ધિ સિદ્ધિ સબ હોર જુ પાઇ,
મિલે કુટંબ પરિવાર ભલે સજ્જન મન ભાએ
પઢે સુને જે પ્રાત ઉઠિ નરનારી જુ સુબુદ્ધિ
તિનકૂં ધરનેંદ્ર પદ્માવતી દૈ સર્વથાસિદ્ધિ. ૯૦

—લિ. સં. ૧૮૬૮ આસાઢ સુ. ૧૩ ઋ. હેમરાજ વાચનાર્થે અકબરાબાદમે લોહમઠી મધ્યે આગ્રા ભંડાર.

---

૮૧૯ હેમ-હેમરાજ (સત્તરમી સદી)

(૧૬૭૯) ચૌરાસી બોલ વિસંવાદ. (દિગંબર શ્વેતાંબર વચ્ચે)
ભાપાપદ્ય સત્તરમી સદીમાં. આગ્રામાં

નગર આગરેમેં વસે, કૌરપાલ સગ્યાન
તસ નિમિત્ત કવિ હેમને, કિયે કવિત પરિમાન. ૮૮

—(૧) સં. ૧૭૬૪ જ્યેષ્ટ વદિ દ્વિતીય ૧૧ ઠઠાનગરે પં. રાજસુન્દર પત્ર ૮ નં. ૩૫૧ તથા (૨) પત્ર ૬ ચીપટેલા નં. ૩૪૭

જેસલ૦ ભ૦ ભં. યશોવિજય ઉપાધ્યાયકૃત ચોરાસી દિગપટ બોલ (નં. ૫૬૮) આ કૃતિના ઉત્તર રૂપે છે એમાં આ કૃતિના કર્ત્તા હેમરાજ પાંડે ઓળખાવે છે. કૌરપાલ તે પ્રસિદ્ધ અધ્યાત્મી બનારસીદાસના શિષ્ય છે.)

૪૬૭ખ નિહાલચંદ (પાર્શ્વચંદ્ર ગચ્છ હર્ષચંદ્રના ગુરૂભાઈ) પૃ ૮, ૩૨૧

(૧૬૮૦)+ માણેકદેવીનો રાસ (ઐ.) સં. ૧૭૯૮ પો. વ૦ ૧૩ મકસુદાબાદમાં.

આદિ—

શ્રી ગુરૂ **ગૌતમ** પય નમી, **સારદ** માત મનાઉંરે,
જેહ થકી બુધિ ઉપજે, ગુણ પુણ્યવંતના ગાઉંરે. ૧
પુણ્યવંત નર સાંભલો, નિરમલ સતીય ચરિત્રોરે,
પાપ પંક જેહથી મિટૈ, હોવે શ્રવણ પવિત્રોરે. ૨

અંતે—

પાશચંદ ગચ્છ પરગડારે લાલ, વાચક શ્રી **હરષચંદરે**, મહા. ૮
(તાસ અનુજ જસ ઉચ્ચરેરે લાલ, નામ મુનિ **નિહાલચંદરે**.)
સંવત **સતરૈ અઠાણવેરે** લાલ, પોષ કૃષ્ણ પખ સારરે, મહા૦
તિથિ તેરસ એ જોડીયોરે લાલ, **મકસૂદાબાદ** મઝારરે, મહા૦ ૯
પઢે ગુણે જે સાંભલેરે લાલ, સુણે મન ધરે આણંદરે. મહા૦
તસુ ઘર ધર્મપ્રસાદથીરે લાલ, દિન દિન અધિક આણંદરે મહા૦ ૧૦
—ધન **માણકદે** સતીરે લાલ.

—(૧) સં. ૧૮૬૧ મા. શુ. ૫ સોમ **મકસુદાબાદ** મહાજન લિ. પો. ૧૩ દાન. (૨) સં. ૧૮૮૫ ૧૧-૧૨ નં. ૧૩-૨૧ ગુ૦ (૩) સં. ૧૯૧૯ અગહન સુદિ ૫ **મકસુદાવાદ અજીમગંજ** નગરમેં લિ. **જતી અબીરચંદેન** ૭-૧૨ નં. ૧૨-૨૧ ગુ૦ (૪) પ્ર. પૃ. ૧૪૮ થી ૧૬૦ જૈન રાસ સંગ્રહ પ્રથમ ભાગ (ભ્રાતૃચંદ્ર સૂરિ ગ્રંથ માલા પુ. ૩૨ થી ૩૯)

(૧૬૮૧) જીવવિચાર ભાષા. ૧૮૬ કડી સં. ૧૮૦૬ ચૈ. શુ. ૨ બુધ મકસુદાબાદમાં.

(૧૬૮૨) નવતત્ત્વ ભાષા. સં. ૧૮૦૭ માઘ શુ. ૫ મકસુદાબાદમાં.

(૧૧૩૭ક) બંગાલા દેશકી ગજલ ગા. ૬૫ (હિંદીમાં) પૃ. ૩૨૧

સારદ સદગુરૂ પ્રણમ્ય કર, ગવરીપુત્ર મનાય,
ગજલ બંગાલા દેશકી, પ્રગટ લિખી બનાય. ૧
અવલ દેશ બંગાલાકી, નદીયાં બહોત હૈ નાલાકી,
સંકડી ગલી હૈ જહાં જોર, જંગલા ખૂબ ચારોં ઓર ૨ x x
યારો દેશ બંગાલા ખૂબ હૈ રે, જહાં વહત ભાગીરથી આપ ગંગા.
જહાં સિખર સમેત પર નાથ પારસ પ્રભુ ઝાડખંડી મહાદેવ ચંગા,
નગ્ર પચેટમેં દરસ રૂઘનાથકા બડા ન્હાંહણુ હૈ ગંગાસાગર સુસંગા,
દેસ ઉડીસ જગનાથ અરૂ વાલવા કુંડકે ન્હાત સુખ હોત અંગા. ૬૪
ગજલ બંગાલા દેશકી, ભાખી જતી નિહાલ,
મૂરખ કે મન નાં વસે, પંડિત હોત ખુસાલ. ૬૫

—પૂર્ણચંદ નાહર સંગ્રહ પત્ર ૨ નં. ૪૩૧૦ (નાહટાજીની નકલ પરથી) (આના કર્તા ૪૬૭ગ બહ્મ રૂપચંદ પૃ. ૩૨૧ પર જણાવેલ છે તે ભૂલ છે).

વિક્રમ અઢારમી સદી.

---

૨૮૮ આનન્દઘન (લાભાનંદજી) (૨-૧)

(૫૪૨)+ ચોવીશી (ખરી રીતે ૨૨ જિન સ્ત.) (૨-૧)

—(૧) સંવલ્લોચનેંદ્રિયાદ્રીંદુ ૧૭૫૨ વર્ષે શ્રા. શુ. ૨ લિ. જગતીપુરે ૯-૧૨ દા. ૨૦ નં. ૪૬ સીમંધર. (૨) જ્ઞાનવિમલનાં (નં. ૩૭૮) છેલ્લા બે જિનનાં સ્ત. સહિત સં. ૧૭૯૧ આશ્વિન શુ. ૨ સોમે લ. મુ. જયચંદ્ર ગણિના ૫૦-૪ દા. ૨૦ નં. ૮૮ સીમંધર. (૩) જ્ઞાનવિમલનાં બે સ્ત૦ સહિત ૧૭-૧૧ જશ. (૪) સં. ૧૮૧૬ ચૈ. શુ. ૧૨ અમૃતવિજય લિ. લક્ષ્મીબાઇ પઠનાર્થં પો. ૮૩ નં. ૨૧૧૬ પત્ર ૧૨ જિ. ચા. (૫) જ્ઞાનવિમલકૃત બાલા. સહિત સં. ૧૮૧૩ શ્રા. શુ. ૧ પત્ર ૨૨ વીરમગામ સંઘ ભં. (૬) પત્ર ૬૪ પો. ૯ વડા ચૌટા ઉ૦ (૭) સં. ૧૮૪૪ ચૈ. શુ. ૨ પત્ર ૧૫ પો. ૯૮ જશ. (૮) જ્ઞાનવિમલ કૃત સપર્યાય પત્ર ૧૦ પો. ૬૩ મહિમા. (૯) સૂત્ર ગ્રંથ ૩૬૫ પં. કાંતિવિજય ગણુ શિ. નાયકવિજયેન લિ. સં. ૧૭૭૮ પો. વ. ૫ શાંતલપુર મધ્યે શ્રી અજારીજી પ્રસાદાત્ વિ. વી. રાધનપુર.

(૧૦) જ્ઞાનસાર (નં. ૫૩૦) કૃત બાલા૦ અને છેલ્લાં બે સ્ત૦ સહિત. પૃ. ૨૭૪

ચિદાનંદ આનંદમય, ચિદરૂપી અવિકાર,
સિદ્ધ બુદ્ધ સુવિસુધ તૂં, તૂ જગ પરમાધાર. ૧
તુઝ કૃપાલતાથી કરૂં, બાધા ભાષા રૂપ,
તવના જિન બાવીસની, આનંદઘન રસકૂપ. ૨
રાજ રિદ્ધ જિમ દેખનેં, કુમક કરે મન આસ,
બુદ્ધિ રિદ્ધ વિણુ હું કુમક, અરથ રાજ રિદ્ધ રાસ. ૩

આસય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર,
બાલક બાંહ પસાર જિમ, કહે ઉદધિ વિસ્તાર. ૪
તેમ મનોરથ મુઝ મનેં, પિણ બુધિ ત્રણ કિમ થાય,
ગુરૂ કિરપાથી ગહન નગ, પંગુર પાર લંધાય. ૫
સા ભાષા ભાષા તણી, કો એહિવું કહિ દેય,
પીસ્યાનું સ્યૂં પીસવૂં, પીસ્યે છાંણુ ન લેય. ૬
જ્ઞાનવિમલ કરતે અરથ, કર્યો ન કિમપિ વિચાર,
તેથી એ તવના તણો, લેખ લિખ્યો અવિચાર (?) × ×

(પદ્મપ્રભ સ્તવનના અર્થ અંતે.)

કર્ત્તા આસય અતિ કઠિન, કેમેહી ન લખાય,
પિણ જેહવી મુઝ ધારણા, અરથ તેહવો થાય. ૧
ઇક ગતિ મતિ આદરસની, જેહવી મતિ મુખ હોય,
તેહવ. મતિ આદરસમેં, આનન અરથ ઉજોય. ૨
કિહ મારી મતિ કિહ અરથ, અંતર દિન નિસ હોય.
આસય દિન તે અતિ ઉજ્જલ, મતિ આમાવસ મોહિ. ૩
બાલક બાંહ પસાર જિમ, કહિ હે નભવિસતાર,
જ્ઞાંનસાર તિમહિ લિખ્યો, અરથ વિચાર વિચાર. ૪
પિણ આતમ અનુભો વિના, આનંદઘન પદ અર્થ,
કરવો તે ગતિ આંખને, જેહવ. અંજન વ્યર્થ. ૫

પરં સ્યું કરૂં ? કર્યાં વિના રહ્યું ન ગયૂં, પદોની સુલલિતતા. અર્થ આસય ગૂઢ, અન્યપદોનો એહવો ન દીઠો તેથી અર્થ કર્યૂં ॥ × ×

(હવે સુમતિ જિનસ્તવનના પ્રારંભે)

જ્ઞાંનવિમલ સુરિ મહા પંડિત હુતા તેણેયે ઉપયોગ તીક્ષ્ણ પ્રયુજ્યો હૂત તો તેણે તો તેણે તો સમર્થ અર્થ કરી સકતા. તેણે એ તો અર્થ કરતે વિચારણા અત્યંત ન્યૂંનજ કરી ને મેં જ્ઞાંનસાર મારી બુદ્ધિ અનુસારે સંવત્ ૧૮૨૯ થી વિચારત વિચારતે સંવત્ ૧૮૬૬ શ્રી કૃષ્ણગઢ મધ્યે ટબ્બો લિખ્યો, પરં મેં ઇતરા વરસાં

વિચાર વિચાર લિખતો તો સંપૂર્ણ અર્થ થાતો, પરં **ગ્યાંનવિમલ સૂરજીયે** તે અસમઝ વ્યાપારી જ્યું સોદો વેચ્યો કરે નફો તોટો ન સમઝે, તિમ **જ્ઞાનવિમલસૂરિજીઇં** પિણ લિખત લેખણુ ન અટકાંવણી એજ પંડિતાઇરો લક્ષણ નિર્દ્ધાર કીનો, અર્થ વ્યર્થ અર્થ સમર્થિતની ગિણત ન ગિણી. × ×

અંતે—

શ્રાવક આગ્રહથી કર્યૌ, **ચોવીસીનૌ** અર્થ,
અર્થ સમર્થ કિહાં હુવા, કિહાં અર્થ નિ વ્યર્થ. ૧
તેહનૈ બુદ્ધિજન સોધસી, કરસી મુઝ ઉપગાર,
પર ઉપગારી પુરુસનૌ, પર ઉપગાર આચાર. ૨
પિણ જેહવી મુઝ ધારણા, તેહનૌ પૂર્ણ પ્રકાસ,
કરી કર્યૌ મૈ અર્થનૈં, અસહાયૈ આયાસ. ૩
પૂછ્યાં પંડિતથી અરથ, સરી ન કારજ સિદ્ધ,
કેથી અર્થ થયું નહી, કેણું કર્યું વિરૂદ્ધ. ૪
જ્ઞાનવિમલ કીનૌ અરથ, વાચ્યૌ વારંવાર,
પિણ કિમહી ન વિચારણા, કરત કરી નિરધાર. ૫
સૂર ઉદૈ વિણ કુણ કરૈ, જલ–ગતિ જલજ વિકાસ,
તિમ મતિ રવિ પ્રતિભા કિરણ, રહિસ કરૈ સુવિકાસ. ૬
નહિ તેહવૌ મતિથી નિપુણ, નહીં સાસ્ત્રના ગ્યાંન,
પિણ ગુરૂ કિરપાયૈં કર્યૌ, બાલક બોધ વિધાંન. ૭
દ્રવ્ય દ્રવ્ય માતા મુગતિ ૧૮૬૬ ગુણ વચ્છરનો અંક,
ભાદ્રવ સુદ ચવદસ મિતે, સંપૂરણ સટંક. ૮
ખરતર ગચ્છ દિન દિનમણી, શ્રી **જિનલાભ** સુરિંદ,
રત્નરાજ તસ સિક્ષ સિષ, **જ્ઞાનસાર** મતિમંદ. ૯
ઇતિ **આનંદઘનૈ** કરી, તવના જિન બાવીસ,
દોય તવન કર મૈં કર્યા, સંપૂરણ ચૌવીસ. ૧૦
આનંદઘન કૃત તવનમાં, મુઝ તવનૈં અતિ વીચ,
અંતર રયણી દિવસનૌ, ઉજ્જવલ જલ વલિ કીચ. ૧૧

એ વિન આનંદઘન તણા, અરથ રહિસ પદ દીઠ,
તસ પ્રસાદ એહવા થયા, નીઠ નીઠ પદ નીઠ. ૧૨

ઇતિશ્રી આનંદઘન કૃત ચોવીસી સંપૂર્ણ કૃતિરિયં જ્ઞાનસારસ્ય શ્રી કૃષ્ણગઢ મધ્યે. એક ગુટકો જ્ઞાનસારજીનો પોતાનો હસ્તલિખિત લાગે છે. મકનજી શિ. જયકરણ વીકા૦ (૧૧) તેજ જ્ઞાનસાર ટબા સહિત સં. ૧૮૮૮ દ્વિ. માધવ માસે વદ ૧ બુધે બ. જિનભદ્રસૂરિ શાખાયાં ઉ૦ લક્ષ્મીરંગ ગણિ શિ. પં. પ્રેમરુચિ લિ. વિક્રમપુરે ચોમાસું પત્ર ૮૬ નં. ૧૨૧૦ અભય૦

(૫૪૩) બહોતરી-અધ્યાત્મ બહોત્તરી (૨-૨)

—(૧) સં. ૧૮૭૧ ફા. સુ. પત્ર ૧૧ શ્લો. ૩૩૦ દિક્મંડલાચાર્ય બાલચંદ્રસૂરિ ભં. કાશી Notices of Sans. mss. 2nd. Series Vol. 3 p. 2 (૨) સં. ૧૯૧૦ કા. શુ. ૧ લિ. વનારસ મધ્યે પાર્શ્વનાથ પ્રસાદાત્ ઋ. વિનેચંદ લિ. ૧૫-૧૨ અનંત નં. ૨ (૩) પદ ૭૨ પત્ર ૯ સં. ૧૯૨૧ કા. વ. ૧૧ લિ. જીવ વાલૂચરા મધ્યે પો. ૮ ચતુ. (૪) પદ ૭૭ પત્ર ૧૨ પો. ૪૬ નં. ૮૪૨ કૃપા. (૫) ૮૪ પત્ર ૧૫ સં. ૧૯૨૨ જેઠ શુ. ૧૫ બાલુચુર મધ્યે પો. ૬૩ મહિમા (૬) પત્ર ૩૨ પો. ૨૬ નં. ૩૨૧ ક્ષમા. (૭) પદ ૭૭ પ્રાયઃ જ્ઞાનસારજીના હસ્તાક્ષરમાં એક ગુટકો યતિ મકનજી શિ. જયકરણ વીકા.

---

૨૮૯ વિનયવિજય* (ત.હીરવિજયસૂરિ-કીર્ત્તિવિજય શિ.) (૨-૪)

---

* દેવવિજય (કલ્યાણવિજય અને મુનિવિજયના શિષ્ય) ગણીએ **जिनसहस्रनाम (अर्हत्सहस्रनाम तीर्थंकरसहस्रनाम)** સં. ૧૬૬૮માં વિજયસેનસૂરિના સમયમાં (સં. ૧૬૫૨ થી ૧૬૭૧) બનાવેલું અને લાભવિજય ગણીએ કિંચિત્ શોધેલું અને તેના પર

(૧૬૮૨ક)+ વિજયદેવસૂરિ લેખ સં. ૧૭૦૫ ધનતેરસ ખંભાત.

સુગુણસવાઇ શ્રી ગુરૂ સેવીઇ, શ્રી **વિજયદેવ** સૂરાદ; × × ×
સંવત **સતર પંચોત્તરે** એતો, ધનતેરસિં સુવિશેષ રે
કીર્તિવિજય વાચક શિષ્યેં, લિખિઓ **વિનયે** લેખ રે. ૨૫

—પ્ર૦ ઐ. રાસમાલા પૃ. ૮૦

(૫૪૪ક) નેમિનાથ ભ્રમરગીતા સં. ૧૭૦૬ (૨-૬)

—(૧) લિ. **મેઘવિજયેન પત્તનનગરે** તપીયા શ્રી **સત્યવિજય**ગણિ શિ૦ તપિયા **ઋદ્ધિવિજય** વાચનાર્થં ૩-૧૬ વીરમ૦ લાય૦ (૨) ૩-૧૧ તેમાં પ્રથમનાં બે પત્રમાં દા. ૮૩ નં. ૬૧ હા.

(૫૪૫) પટ્ટાવલિ સ૦ સં. ૧૭૧૦ પછી (૨-૮)

—(૧) પં. **વીરવિજય** શિ૦ ગણિ **જીતવિજય** લિ૦ **પત્તન** નગરે સં. ૧૭૧૮ પો૦ વદ ૭ બુધે **પાર્શ્વપ્રસાદાત્** ૭-૧૧ ગો. ના.

(૫૪૬)+ ઉપધાન સ્ત. (૨-૧૦)

—(૧-૩) ૨-૧૧ દા. ૮૨ નં. ૨૨૫, ૨-૧૩ દા. ૮૨ નં. ૧૭૧, સં. ૧૮૦૫ પો. વ. ૧૦ ભોમે લિ. **રાજહંસે** ૪-૯ દા. ૮૨ નં. ૧૩૫ હા૦

(૫૪૭)+ ધર્મનાથસ્ત. સં. ૧૭૧૬ સુરત (૨-૧૧)

—(૧) સં. ૧૭૭૪ આ. વ. ૭ શનિ લિ. પં. **લક્ષ્મીવિજય** શિ. પં. **રામવિજય** ૭-૧૩ વી. ઉ૦ (૨) પત્ર ૭ પો. ૯ વડા ચાટા ઉ. (૩) સં. ૧૭૮૬ ચૈ. વ. ૭ રવિ લિ. **નાનવિજય. પદ્મ**-વિજયેન **સૂરત** બંદીરે પત્ર ૩ થી ૬ પં. ૧૫ દા. ૮૩ નં. ૯૧ હા. (૪) ૬-૧૪ દા. ૮૩ નં. ૧૦ હા.

(૫૪૭ક)+ નેમિનાથ બારમાસ સં. ૧૭૨૮ (૨-૧૨)

સ્વોપજ્ઞ **વૃત્તિ** નામે **સુબોધિકા** સં. ૧૬૯૮માં વિજયાનંદસૂરિના રાજ્યમાં રચી અને તે વૃત્તિનું સંશોધન કીર્તિવિજય શિષ્ય, આ વિનયવિજયે સં. ૧૬૯૯ માં કર્યું. પ્રત નં. ૧૦૮૭ પ્ર. કા. વડો૦

—(૧) પ્ર. જૈનયુગ માસિક પુ. ૪ પૃ. ૩૭૪ (૨) ૧૨ પત્રની પ્રતમાં દા. ૮૨ નં. ૧૧૯ હાo

(૫૪૮) પુણ્યપ્રકાશ સ્ત. સં. ૧૭૨૯ (૨-૧૨)

—(૧) સં. ૧૭૫૬ પં. મહોo પં. વિનયવિજયગણિ શિ. પં. નરવિજય શિo વૃધવિજય લિ. સોઝિત નગર મધ્યે બાઈ કેસર પઠનાર્થં. (૨) સં. ૧૮૬૯ શાકે ૧૭૫૪ આસો શુ. ૪ ગોડી પ્રસાદાત્ લિ. વ્રજલાલ ૫-૧૭ ખેડા ભં. (૩) નં. ૪૯ પૃ. ૮૫-૮૬ કલકત્તા સં. કૅા. કૅટલોગ વૉ. ૧૦. (૪) સં. ૧૮૯૧ ચૈ. વ. ૫ શુક્રે લિ. પં. ઉત્તમવિજય રાજનગરે વાસ્તવ્ય ગામ ગેરીતાના પં. રંગવિજયાર્થે, સયએકાણું અઢારમે, માસ ચૈત્ર સુવિલાસ, વદિ દશમી રંગે લિખ્યો, ઉત્તમવિજય ઉલ્લાસ. ૧, પત્ર ૬-૧૧ સંઘ ભં. વીરમગામ (૫) ૪-૧૫ વીરમo લાય. (૬) ભ. વિજયપ્રભ સુરિ શિ. પં. લબ્ધિવિજય શિo દીપવિજય ગણિ લિ. પં. રંગવિજય શિo દીપવિજય વાચનાર્થં ચોબારી નગરે સં. ૧૭૬૪ વૈ. શુ. દિને નિo વિ. ચાણુસ્મા.

(૫૫૦) પંચકારણ સ્તo સુધારો-સં. ૧૭૨૩ (૨-૧૩)

—(૧-૩) સં. ૧૭૪૪ માગશર શુ. ૧ શુક્રે ૪-૧૧ દા. ૧૭, સં. ૧૭૯૦ માહ વદ ૫ દિને ૪-૧૩ દા. ૧૭, અને સં. ૧૭૨૫ ચૈ. વ. ૫ પં. દાનવિજયેન લિ. શ્રી સૂર્યપુરે ૨-૧૬ દા. ૧૭ વી. ઉ. (૪) સં. ૧૯૨૨ ચૈ. વ. ૭ ભોમે લખાવિતં કપાસિ ડાયા લાડકા સ્વહસ્તે વિરમગ્રામે વાસ્તવ્યં પત્ર ૪ વીરમ. સંઘ.

(૫૫૦ક)+ આદિનાથ વિનતિ (૨-૧૪)

—(૧) ૨-૧૧ દા. ૮૩ નં. ૫૭ હા. (૨) લ. પં. હર્ષવર્દ્ધન રાજનગરે ૩-૧૨ નં. ૨૪૦૪ મુક્તિ.

(૫૫૦ ખ) પચ્ચખાણ સ. (૨-૧૪) (૩-૧૧ નં. ૪૯ પાદરા)

(૫૫૪)+ વીશી (૨-૧૬) (પત્ર ૭ પો. ૮૬ માહિમા.)

(૧૬૮૨ખ) ઇરિયાવહિ સજ્ઝાય સં. ૧૭૩૦

તપાગચ્છનાયક-તીલોરે, શ્રી **વિજયપ્રભ** સૂરિરાય
વિજયરત્નસૂરીસરોરે, ઓપે અદ્‌ભુત નુરો રે. ૨૪ મિ.
શ્રી **કીર્ત્તિવિજય** ઉવજ્ઝાયનો, સેવક કરે સજઝાય,
સંવત **સત્તર** ને **ત્રીસરે**, **વિનયવિજય** ઉવજ્ઝાયરે. ૨૫ મિ.

—પં. ઉત્તમચંદ્રજી પં. શિવચંદ્રજી મુનિ હરિશ્ચંદ્રેણુ લિ. ।વ. વી. રાધનપુર.

૨૮૯-૯૦ વિનયવિજય અને યશોવિજય (૨-૧૭)

(૫૫૫) શ્રીપાલ રાસ. સં. ૧૭૩૮ (૨-૧૭)

—(૧-૨) સં. ૧૭૬૯ ચૈ. શુ. ૨ શનિ ૫૧-૧૩ દા. ૧૯ પો. ૩, અને સં. ૧૭૮૭ શાકે ૧૬૫૩ વૈ. ૮ સોમે ૬૦-૧૩ દા. ૧૯ પો. ૩ વી. ઉ. (૩) સં. ૧૭૯૯ ભા. શુ. ૧૫ **શાંતિ**વિજય લિ. **ઐણુપનગરે** પત્ર ૩૩ પો. ૮૨ નં. ૨૦૫૬ જિ. ચા. (૪-૫) **વિજયદેવસૂરિ** શિ. **ઋદ્ધિ**વિજય શિ. **સુખ**વીજય શિ. **હર્ષ**વિજય શિ. **રાજ**વિજય શિ. **લક્ષ્મી**વિજય શિ. **રૂપ**વિજય લ. ૪૯-૧૬, અને સં. ૧૮૧૮ પો. શુ. ૧૪ શનિ પંન્યાસ **મોહન**વિજય શિ. **મહીમા**વિજય શિ. **ગુણ**વિજય શિ. **રામ**વિજય લ. ટબાર્થ સહિત ૬૧-૧૧ નં. ૧૭૬ ઈડર. (૬) સં. ૧૮૨૨ વૈ. શુ. ૭ ભ૦ **ભાવરત્ન** શિ. પં. **માનરત્ન** શિ. **સુમતિરત્ન** શિ. **માણુકયરત્ન** શિ. **પ્રેમરત્ન** લ૦ **ખેટકપૂર** મધ્યે ચાતુર્માસ ૬૫-૧૩ તિલકવિ. મહુવા (૭) સં. ૧૮૧૮ આ. વ. ૫ **સુરત** મધ્યે **ભીમજી** લિ. પત્ર ૫૬ પો. ૧૩ નં. ૨૪૩ દાન. (૮) સં. ૧૮૪૮ આ. સુ. ૮ ઉ. **જયમાણિકય** શિ. **દીપચંદ્ર** શિ. **દોલ(ત)ચંદ્ર** લિ૦ **સત્યપુરે** પત્ર ૪૬ પો. ૨ રામ૦ (૯) સં. ૧૮૫૪ વૈ. શુ. ૧૫ ચંદ્રવાર **બુરહાનપુરે મનમોહન પાર્શ્વ**પ્રસાદાત્ **લાલચંદ** શિ. **હીરાચંદ** લિખાપિતં પત્ર ૮૩ પો. ૧૨ નં. ૧૦૫ અભયસિંહ (૧૦) સં. ૧૮૫૪ શાકે ૧૭૧૯ આ. વ. ૭ રવિ અમૃતવેલાયાં ચતુર્થપ્રહરે લિ. ભ. **વિજયરાજસૂરિ** શિ. મહો. **દાન**વિજય ગણિ શિ. પં. **ભોજ**વિજય શિ. પં. **વનીત**વિજય લ૦ શિ. વગતા વાંચનાર્થે **વિજયલક્ષ્મીસૂરિ**

રાજ્યે પત્ર ૭૩ નાહટા. (૧૧૮) ચોથો ખંડ ટબા સહિત સં. ૧૮૬૨ જે. વ. ૫ પાડલીપુરે દયારૂચિ પરંપરા પ્રતાપરૂચિ લિ. પત્ર ૭૦ પો. ૪૪ નં. ૭૭૦ કૃપા. (૧૨-૧૩) ટબાસહિત સં. ૧૮૬૨ જે. શુ. ૫ ભીનમાલ શ્રીભક્તિ શિ. ચતુરવિજય લિ. પો. ૧૨ નં. ૧૨૬ અને પત્ર ૫૮ પો. ૧૩ નં. ૧૪૯ અભયસિંહ (૧૪) સં. ૧૮૬૫ ચૈ. શુ. ૭ મરોટ મધ્યે ગુણકલ્યાણ શિ૦ વખતા લિ. પત્ર ૧૦૯ પો. ૧૪ નં. ૨૬૫ દાન૦ (૧૫) ટબા સહિત સં. ૧૮૬૭ માગ. વ. ૧૪ નૌઆર મધ્યે પત્ર ૭૩ પો. ૬૯ જય૦ (૧૬) ભ૦ જિણચંદસૂરિ પટ્ટે જિનહર્ષસૂરિ પટ્ટે જિણલબ્ધિસૂરિ પટ્ટે મંડલાચાર્ય હર્ષવિમલ સૂરિ જાતઃ તત્પટ્ટે દયાસાગર પ્રસિદ્ધ નામ દયારામ શિ. વિનયકીર્ત્તિ પ્રસિદ્ધ નામ વેણીરામ શિ. સિવરાજ શિ. શિવલાભ લિ૦ ખ૦ બૃ૦ આચાર્યગચ્છે કૃષ્ણગઢ મધ્યે સં. ૧૮૭૦ માઘ. શુ. ૬ ગુરૂવારે ઉપકેશ બૃહત્ શાખા ધાડીવાલ ગોત્રે ટાટયા નખે સાહ દેવરાજ પુત્ર દલેલ પુત્ર બીરચંદ પુત્ર ટા૦ આલાચંદ પુત્ર ટા૦ મનરૂપ પુત્ર જગરૂપ પ્રમુખાદિહિતાય પત્ર ૧૬૯ થી ૫૦૬ નાનો ગુટકો પો. ૨૬ યશોવૃદ્ધિ. (૧૭) સં. ૧૮૭૧ કા. વ. ૧૩ ગુરૂ આમલનેર લક્ષ્મીવિમલ લિ૦ શેઠ મોતીચંદની પ્રત છે પત્ર ૯૩ પો. ૧૨ નં. ૧૨૧ અભય. (૧૮) સં. ૧૮૭૧ પ્ર. ભા. શુ. ૮ મંગલ પત્ર ૭૦ પો. ૫ ચતુ૦ (૧૯) સં. ૧૮૭૨ જે. વ. ૩ ભોજગઢ મધ્યે ભુવન-વિશાલ શિ૦ કનકસેન શિ. ચતુરનિધાન લિ. પત્ર ૮૮ પો. ૧૦ અબીર. (૨૦) સં. ૧૮૭૬ મા. શુ. ૯ ભાગ્યનગરે આનંદસાગર લિ. પત્ર ૫૮ પો. ૮૧ નં. ૨૦૧૩ જિ. ચા. (૨૧) સં. ૧૮૯૧ શાકે ૧૭૧૭ વૈ. વ. ૧૦ પાલણપુરે (ક્યાંક ટબો છે) ૮૬-૧૨ દા. ૪૩ નં. ૧ સંઘ ભં. પાલણ૦ (૨૨) સં. ૧૯૦૨ આ. વ. ૨ મોડીમધ્યે પત્ર ૫૫ પો. ૮૦ નં. ૧૯૭૦ જિ. ચા. (૨૩) પત્ર ૪૫ અપૂર્ણ પો. ૩૪ મહિમા. (૨૪) સં. ૧૯૨૬ શાકે ૧૭૯૧ અશ્વિન વ. અમાસ બુધે લ. જોશિ શિવરામ ઝુંમખરામ ૮૧-૧૦ વિજાપુર જ્ઞા. મં.

નં. ૫૯૮ (૨૫) સં. ૧૭૭૯ આસાઢ વ. ૩ બુધે ૧૧૫-૯ દા. ૨૩ નં. ૧૯, ૪૦-૧૮ દા. ૨૨ નં. ૧૮ સીમંધર. (૨૭) સંવત 'સસી અંક સુન્યા ગજ' અબ્દં મધુ માસ શુ. પત્તને પંચેશ્વર પાર્શ્વ-પ્રસાદે ભ. વિજયપ્રભસૂર શિ. પં. પ્રેમવિજય શિ. પં. કાંતિવિજય શિ. પં. રૂપવિજય શિ. પં. કૃષ્ણવિજય શિ. પં. રંગવિજય શિ. પં. ઋષભવિજય શિ. પં. દયાવિજય લિ૦ પત્ર ૧૫૭ નં. ૩૧૯ પ્ર. કા. (૨૮) સં. ૧૮૨૫ દ્વિ. શ્રા. વ. ૧૧ બુધ વાંમ(ન)સ્થલિ પં. અમૃતસાગર શિ. પં. દોલતસાગર લિ૦ પં. કાંતિકુશલ વાચનાર્થં પત્ર ૬૦ નં. ૩૩૦૯ જૈનાનંદ. (૨૯થી ૩૪ ખેડા ભંડારની) માગશર સુદિ ૯ શુક્રે ભ. દાનરત્ન શિ. કલ્યાણરત્નેન લ૦ થલ ગ્રામે. ૩૮-૧૩ દા. ૭ નં. ૫૯; ટબા સહિત અપૂર્ણ પત્ર ૫૫ દા. ૭ નં. ૫૮; પત્ર ૧૦ દા. ૮ નં. ૧૦૪; પત્ર ૧૭ થી ૪૭ પંક્તિ ૧૩ દા. ૮ નં. ૧૦૬ (સારી પ્રત); સં. ૧૮૬૪ શાકે ૧૭૨૯ વૈ. વ. ૬ બુધે પં. જ્ઞાનવિજય જોગ્યં વડી પોસાલ ગછે બૃહત્ તપાગછે શ્રાવક સા. બેચર ભાઈચંદ બહીલ ગ્રામે લખાવીતં: ૬૧-૧૪ દા. ૬ નં. ૧૧; ટબા સહિત સં. ૧૮૨૩ કા. શુ. ૧૪ શની સિદ્ધયોગે દ્રાંગધ્રાપૂરે ભ૦ દાનરત્ન પં. કલ્યાણરત્ન શિ૦ પં. મોહનરત્ન લ૦ ૭૧ પાનાં. દા. ૮ નં. ૧૧૪; (૩૫-૩૮ ખેડા ભં. ૩ ની) પાટણનગરે શ્રી પંચાસરાજી પ્રસાદાત્ લ૦ મોહનવિજેજી ૫૯-૧૭; સં. ૧૮૧૯ શાકે ૧૬૮૪ માગસિર સુદિ ૨ બુધવાસરે પૂર્ણિમાપક્ષે ભ. હર્ષચંદ્રસૂર શિ. ભ૦ ક્ષમાચંદ્રસૂરિ લિ૦ પાટણ શ્રી શાંતિજિન પ્રસાદાત્ શિ૦ પં. જીવણવિજય વાચનાર્થં ૫૪-૧૩; ખંડ ૪ થો ટબા સહિત સં. ૧૮૭૫ ચૈત્ર વદી તેરસ ગુરૂ નડીયાદ નગરે પાર્શ્વજિન પ્રસાદાત્ પં૦ હંસરત્ન ગણી શિ૦ પં....પત્ર ૩૯; ખંડ ૪ થો પં૦ ભોજવિમલ શિ. નરવિમલ, સુંદરવિમલ પં૦ સુમતિવિમલ પં૦ કનકવિમલ પં૦ કૃષ્ણવિમલ પં૦ પ્રેમવિમલ તત્ સિ૦ પં૦ હીરવિમલ લ૦ દખ્યણ દેશે ગાંમ માલૂંગા મધ્યે પાર્શ્વ-નાથ પસાદાત્ સં. ૧૯૧૪ આસો શુ. ૧૧ ભોમ ૩૩-૨૩ ખેડા

ભં. ૩ (૩૯) બાલા૦ સહિત સં. ૧૯૧૭ જે. વદ ૧૦ ભોમે લિ૦ ગુણચંદ્ર સાધ્ધાણુ (કચ્છમાં) ચાતુર્માસ ૭૫ પત્ર નં. ૪૧૮ મ૦ જૈ. વિ. (૪૦) પ્રથમ ત્રણ ખંડ સં. ૧૮૮૩ ફા૦ વદિ ૩ લ૦ ચંદ્રાવતી નગરે શ્રી ભટ્ટેવા પાર્શ્વનાથ પ્રસાદેન મુની વીરવિજય ગણી પં. રૂપસતકેન લખ્યું છે: ૩૭–૧૩ નં. ૨૩૩૮ મુક્તિ૦

(૪૧) ટબાર્થઃ—ભ૦ વિજયધર્મસૂરિશ્વરાણામનુજ્ઞાં પ્રાપ્ય પં. ગણેશરૂચિ ગણિના બાલાવબોધકૃતં યત્કિંચિત્ પૂર્વલિખિતં દૃષ્ટં કિંચિદ્ ગુરૂગમ્યાત્ કિંચિદ્ બુધ્યનુસારાત્કૃતઃ સ ચ બુદ્ધિમદ્ભિઃ વિબુધૈઃ સંશોધનીયં બાલાવબોધ ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૨૪૦૦ મૂલરાસસંખ્યા ભિન્ના જ્ઞેયા । ભટ્ટા. શ્રી હીરવિજયસૂરિ શિ૦ પં. આનંદવિજય ગણિ શિ૦ પં. મેરૂવિજય ગણિ શિ૦ પં. ઉ૦ લાવણ્યવિજય ગણિ શિ૦ પં. જ્ઞાનવિજય ગણિ શિ૦ પં નયવિજય ગણિ શિ૦ પં. શુભવિજય ગણિ શિ૦ પં. પ્રેમવિજય ગણિ શિ૦ પં. સુબુદ્ધિવિજય ગણિ શિ૦ પં. નિત્યવિજય ગણિ તત્ ભ્રાતૃ પં. રૂપવિજય ગણિ લ૦ સ્વ આત્મા અર્થે પરમાત્માઽર્થે સં. ૧૮૧૯ શાકે ૧૬૮૪ કા. વ. ૧૧ દિને લખી સંપૂર્ણ કીધું છે વીજાપુર મધ્યે ૬૭ પત્ર દા. ૪૩ નં. ૫ પાલણપુર સં ભં. (૪૨–૪૫) સં. ૧૮૨૩ વર્ષે શાકે ૧૬૮૯ જ્યે. શુ. ૮ શુક્રવાસરે વિજયપ્રભસૂર શિ૦ સુમતિવિજય શિ૦ અમરવિજય શિ૦ સુંદરવિજય શિ૦ જયવિજય શિ૦ તત્ત્વવિજય ગ૦ લિ૦ રાંનેર બંદિર મધ્યે ૬૬–૧૧ નં. ૭; પં. માનવિજય પં. શુભવિજય પં. કનકવિજય પં. જસવિજય ગણિ લિ૦ સં. ૧૮૧૮ વસંતઋતૌ ફા૦ સુદિ ૯ ગુર. નટપ્રદ નગરે ૫૬ પત્ર ટબા સહિત નં. ૬; ટબા સહિત સચિત્ર સં. ૧૮૪૮ માઘ વદિ ૫ લષિતં પત્ર ૯૧ નં. ૫; ચોથા ખંડના અર્થ સં. ૧૮૧૦ શાકે ૧૬૭૫ ફા૦ સુદિ ૧૪ ગુરૂ પં. કનકવિજય મુ૦ જસવિજય લ૦ રાજનગરે શ્રી માણિભદ્રાય વીરપ્રસાદે ૧૧–૧૭ નં. ૮ પાદરા. (૪૬–૪૯) ચોથો ખંડ ભાવાર્થ-

સહિત સં ૧૮૧૯ શાકે ૧૬૬૪ માગસિર વદિ ૧૩ સોમે પં. વિવેકવિજય પં. જસવિજયગણી પત્ર ૧૧૩ દા. ૩૬ નં. ૧૬૨; સં. ૧૮૭૦ ચૈ. પૂર્ણિમા સોમે પં. ઋદ્ધિરત્નેન રાજનગર મધ્યે લખાવીતં શ્રી સંઘ ખેટકપુરે ૭૧-૧૧ પોથી ૩૬ નં. ૧૬૩; લિ. પં. વિનીતવિજય પં. શિ. પ. દેવવિજયેન પં. જિનવિજય અર્થે સં. ૧૮૧૨ પાદરા નગરે શ્રી શાંતિ જિન પ્રસાદાત્, ૬૧-૧૩ પોથી ૩૬ નં. ૧૬૪; સં. ૧૮૦૭ માહ વ. ૧ ગુરૂ ખેટકપૂરે તપાગચ્છે ભ. રાજવિજયસૂરિ પટ્ટે રત્નવિજયસૂરિ પટ્ટે હીરરત્નસૂરિ પટ્ટે જયરત્નસૂરિ પટ્ટે ભાવરત્નસરિ પટ્ટે દાનરત્નસૂરીભિઃ ॥ ૫૪-૧૪ પો. ૩૬ નં. ૧૬૫ ઝીં. (૫૦-૫૨) સં. ૧૮૬૨ જ્યેષ્ઠ સુદિ ૧૩ શનૌ મહો. વિનયવિજય ગણિ પં. માનવિજય શિ૦ અમરવિજય ગણિ શિ૦ પં. સૌભાગ્યવિજય શિ૦ પં. ગોવ્યંદવિજય શિ૦ પં. પ્રેમવિજય શિ૦ પ્રમોદવિજય લ૦ સ્તંભતીર્થે સાગોટાપાડા મધે ચિંતામણ પાર્શ્વનાથ પ્રસાદાત્. અમીઝરા પાર્શ્વનાથ પ્રસાદાત્ ૬૫-૧૪; ભ. કીર્તિરત્નસૂરિ શિ૦ પં. બુદ્ધિરત્ન શિ૦ કાંતિરત્નેન લ૦ સં. ૧૮૬૧ જે૦ શુ. ૧ બુધે સૂર્યપુરે. શ્રી મકવાંણા રાજ્યે શાતિનાથ પ્રસાદાત્ ૩૮-૧૫ દા. ૨ નં. ૨૬; ટબા સહિત પુન્યસાગરસૂરિ શિ૦ પં. સુખસાગર શિ. ફત્તેસાગર વાંચનાર્થે ૬૨ પાનાં દા. ૨ નં. ૪૬ ભાગ્યરત્ન મુનિ ખેડા. (૫૩ થી ૫૮) સં. ૧૮૪૪ માહ વદિ ૫ રાત્રૌ મંગલવાસરે પં. દર્શનવિજય શિ. પ્રેમવિજય શિ. દીપવિજય શિ. મુનિ ઉમેદવિજય લ૦ ગીરપુર નગરે શ્રી ગંભીરાજી પાર્શ્વપ્રસાદાત્ ૭૦-૧૩ નં. ૧૮૨; નં. ૧૮૦; સં. ૧૮૬૧ આસો વદિ ૬ બુધ લિ૦ પં. નેમવિજય શિ. વૃદ્ધિવિજય ગણિ શિ૦ પં. ઉમેદવિજય ગણિ શિ૦ લાલવિજય ગણિ શિ૦ પં. હીરવિજય ૭૨-૧૧ નં. ૧૮૦; ભાગ્યવિજયલિખતં સં. ૧૭૮૭ વૈ. વ. ૩ ગુરૂ શાંતિપ્રસાદાત્ લિંત્ર ગામે પત્ર ૫૫ નં. ૧૭૮; સં. ૧૮૭૨ શ્રી. શુ. ૧ રવિ પં. રામવિજય માંણિક્યસતક પત્ર ૫૧ નં. ૧૮૧; સં. ૧૭૭૯ દ્વિ૦ શ્રા. વ. ૧૦ ગુરૂ વડનગર મધ્યે લિ૦ ઋષભદેવજી પ્રસાદાત્ પં. દર્શનવિજય શિ. પં. કાંતિ-

વિજય યિ. નાયકવિજયેન લિ. ૩૪ પત્ર નં. ૧૭૯; અને પં. દર્શનવિજય શિ. કાંતિવિજય શિ. નાયકવિજય શિ. પ્રેમવિજય લિ. સં. ૧૮૨૪ ફા. કૃષ્ણપક્ષે ૭ જીવવાસરે ગીરપુર નગરે લિ. શ્રી ગંભીરાજી પ્રસાદાત્ નં. ૧૮૭ ઈડર ભં.(૫૯) સં.૧૮૮૮ શાકે ૧૭૫૩ કા. શુદ ૧૦ સોમે ભુજપુરે ચતુર્માસં શ્રી સુવિધિજિન પ્રસાદાત્ પં. ક્ષીરચંદ્ર શિ. મેઘચંદ્ર શિ. વિનીતચંદ્ર શિ. હર્ષચંદ્ર શિ. મોતીચંદ્ર શિ. સૂરચંદેન લિ. (કેટલેક સ્થળે ટબા સહિત) ૮૧-૧૩ પોથી નં. ૧૨૧ મો. સુરત. (૬૦) સં. ૧૮૮૯ શાકે ૧૭૫૪ કા૦ શુ૦ ૧૪ ચંદ્રજયવાસરે ભ. વિજયદિનેંદ્રસૂરિ શિ. પં. દર્શનરૂચિ શિ૦ ધૈર્યરૂચિ લિ૦ નવપલ્લવ પાર્શ્વનાથ પ્રસાદાત્ મંગલપૂર મધ્યે. ૪૩-૧૧ પો. ૩ વડા ચૌટા ઉ. (૬૧-૬૪) સં. ૧૮૬૧ આષાઢ વ. ૭ શનિ લિ. ભાગીરથી તટે મકસુદાબાદમાં મહાજન ટોલી મધ્યે ૮૪-૧૨ નં. ૫૫-૧; ૭૦ પાનાં નં. ૬૬-૨; ૭૩-૧૦ નં. ૬૬-૨૮, ૪૩-૧૫ નં. ૧૨-૯. ગુ. (૬૫) સં. ૧૭૬૩ શાકે ૧૬૨૮ વૃદ્ધપત્તને ૩૭-૧૭ દા. ૭૯ નં. ૨૧ હા. (૬૬) ૩જો અને ૪થો ખંડ ટબા સહ પત્ર ૫૮ દા. ૭૯ નં. ૨૩ હા. (૬૭) સં. ૧૮૧૯ આસો શુ. ૧૩ દિને ૫૨-૧૩ ગો. ના. (૬૮) સં. ૧૮૬૧ અષાડ વ. ૧૧ સોમે આજોલ ગ્રામે ભાંગ્યરત્ન સૂરિભિઃ ચેલા હર્ષસાગર વાચનાથ ૭૫-૧૧ પો. ૧૮ વડા ચૌટા ઉ.

---

૨૯૦ યશોવિજય [ત. હીરવિજયસૂરિ-કલ્યાણવિજય-લાભવિજય-નયવિજય શિ.] [૨-૨૦]

(૫૫૬) + સમુદ્રવહાણ સંવાદ (સુધારોઃ-સં. ૧૭૨૭)

—(૧) શાહ શ્રી વેલજી સોમકરણ પઠનાર્થં સં. ૧૭૫૮ કા. વ. ૯ તપાગચ્છે શ્રી વિજયદેવસૂરિ સમવાયે વૃદ્ધજ્ઞાતીય શાહ વેલજી સોમકરણનો ચોપડો પત્ર ૭ ગુ૦ (૨) શ્રી ઘોઘા બંદરે ૧૦-૧૫ નં. ૧૩ પાદરા. (૩) રચના સંવતની કડીઓ સુધારોઃ-

મુનિવિધુ સંવત જાણીઈ હો, તેહજ વર્ષ પ્રમાણ

કવિ **જશવિજયજી**એ રચ્યો

ઘોઘા બંદરઈ એ રચ્યો, ઉપદેશ ચઢયો સુપ્રમાણ. ૨૮૬

સંવત ૧૭૬૧ ૯–૧૫ દા. ૮૨ નં. ૬૬ હા.

(૫૫૭) + દ્રવ્ય ગુણપર્યાય રાસ સં. ૧૭૧૧

—(૧) સં. ૧૭૧૧ વર્ષે પંડિત **જસવિજય** ગણિના વિરચિતઃ । **સંઘવી હાંસા**કૃતે આષાઢ માસે શ્રી **સિદ્ધપુર** નગરે । લિખિતશ્ચ ભટ્ટારકશ્રી **વિજયદેવસૂરિ** રાજ્યે પં. **નયવિજયેન** । શ્રી **સિદ્ધપુર** નગરે પ્રથમાદર્શ; । સકલ વિબુધજન ચેતશ્ચમત્કારકોયં રાસઃ । સકલ સાધુજનૈરભ્યસનીયઃ । શ્રેયોસ્તુ સંઘાય. ૧૧–૧૬ (આની અંદર યશોવિજય. ઉપાધ્યાયના પોતાના પણ હસ્તાક્ષરો છે.) દા. ૪૬ નં. ૧૦. પાલણપુર સંઘનો ભંડાર (૨) ખંભાયતિ બંદરે **મહોપા. શુભવિજય** –હિતવિજય–**માણિક્યવિજય** લિ. ૧૭–૧૨ ખેડા ભં. ૩ (૩–૪) લિ. પં. **નયવિમલ ગણિ** (જ્ઞાનવિમલસૂરિ) ના **વાસહી** ગ્રામે ૯–૧૮ દા. ૧૯ નં. ૧૭, ગ. **જિ**સાગર લ. **સ્તં**ભતીર્થે ૧૪–૧૨ દા. ૨૨ સીમંધર. (૫) ૨૫–૯ દા. ૩૮ નં. ૧૫ ડાયરાનો ઉપાશ્રય પાલણપુર.

(૫૫૮)+સાધુવંદણા સં. ૧૭૨૧ વિજયાદશમી ખંભાત (૨–૩૦)

—સં. ૧૭૬૬ ભા. વ. ૭ બુધે ૮–૯ દા. ૮૨ નં. ૧૭૬ હા.

(૫૫૯)+પ્રતિક્રમણ હેતુ ગર્ભિત સ. સં. ૧૭૨૨ સુરત (૧–૩૧)

—સકલ ગણિસરોમણિ શ્રી **જસવિજયગણિ** ગુરૂભ્યો નમઃ સં. ૧૭૪૩ ચૈ. વ. ૨ રવિ લ. સુશ્રાવક શાહા **કમલસી** લખાવિતં **રાજનગર** મધ્યે ગ્રં. ૩૪૦, ૧૪–૧૨ દા. ૨૪ સીમંધર.

(૫૬૦)+૧૧ અંગની સ. સં. ૧૭૨૨ સુરત (૨–૩૨)

—(૧) કવિના શિષ્ય લિ. પત્ર ૬ ની પ્રતમાં ૩ થી ૫ પત્ર જશ. (૨) સં. ૧૭૮૨ માઘ વ. ૧૧ ભોમે ૬–૧૨ દા. ૮૨ નં. ૧૧૩ હા.

(૫૬૧)+મૌન એકાદશી ૧૫૦ કલ્યાણક સ્ત. સં. ૧૭૩૨ (૧-૩૩)

—(૧) સં. ૧૮૮૭ કા. વ. ૭ શુક્ર **પાટણ** નગરે ચોપડો

જશ. (૨) ૪-૧૬ જશ. (૩) અમદાવાદ લ. બારોટ તલજારામ ઘેમરસંધજી ૬-૧૨ વીરમ. સંઘ ભં.

(૫૬૨)+સમ્યક્ત્વ ષટ્સ્થાન ચો. સં. ૧૭૩૩

—પ્ર. જૈન કથા રત્નકોષ ભાગ ૫મો. પૃ. ૨૮૨ થી ૩૧૯.

(૫૬૩) મહાવીર સ્ત.

—(૧) ઇતિ પ્રતિમાદિ સ્થાપના શ્રીવીરજિન સ્તવનં સંપૂર્ણ. સં. ૧૮૫૫ કા. વ. ૪ સોમે બદડા ગ્રામે મુનિ ગુલાબચંદજી શિષ્ય મુ. ધર્મચંદ્ર શિષ્ય જિણચંદ્રેણ લિ. શ્રી ચંદપ્રભુ પ્રસાદાત્ । ૬-૧૬ નં. ૬૨૦ મ. જૈ. વિ. (૨) બાલા૦ સહિત પં. લક્ષ્મીવિજય ગણિ લિ૦ ધમડકા નગરે સં. ૧૭૮૧ વૈ. વ. ૧૩ ગુરૂ ૧૧ પત્ર નં. ૪૮૮ મ. જૈ. વિ. (૩-૪) ગદ્યમાં સાર્થ સં. ૧૭૮૧ જ્યે. વ. ૫ પત્ર ૨૮ દા. ૨૦ નં. ૪૧, સાર્થ ૨૫-૧૧ દા. ૨૦ નં. ૮૯ સીમંધર. (૫) અર્થસહ સં. ૧૮૫૧ પો. શુ. ૧૩ રવિ મુંબઈ ઉત્તમવિજય લ. પત્ર ૨૩ પો. ૧૭ અભયસિંહ. (૬) સં. ૧૮૨૪ ફા. વ. ૭ મકસૂદાબાદે કીર્ત્તિરત્ન શાખા લલિતકીર્ત્તિ-નયચંદ્ર-સત્યસાગર-જયશીલ-ચારિત્રસુંદર લિ. પત્ર ૧૪ નં. ૧૦૯૭ જય. (૭) સં. ૧૮૭૩ મા. વ. ૧૩ બુધે જેસલમેર જ્ઞાનકલશ લિ. પત્ર ૩૪ પો. ૪૭ નં. ૮૭૦ કૃપા. (૮) પત્ર ૭ પો. ૧૩ મહિમા. (૯) ટબા સહ સં. ૧૭૭૭ આસો શુ. ૧૦ લિ. પાટણ ગ્રં. ૭૫૦, ૨૬-૧૨ પો. નં, ૧૮ વડા ચૌટા ઉ. (૧૦) ટબા સહ પત્ર ૨૯ મો. સેં. લા. (૧૧) પત્ર ૧૬ ગો. ના. (૧૨) પદ્મવિજયકૃત ટબા સહિત સં. ૧૯૧૨ કા. શુ. ૨ રવિ પત્ર ૨૬ વીરમ. સંઘ ભં.

(૫૬૪)+ નિશ્ચય વ્યવહાર શાંતિ સ્ત. સં. ૧૭૩૨ (૨-૩૭)

—(૧) ૪-૧૩ દા. ૨૦ નં. ૮૩ સીમંધર. (૨) ૫-૧૨ નં. ૬૮ જશ..

(૫૬૫ ક) સંયમશ્રેણિ સ. (૨-૩૮ તથા ૫૫)

—(૧) સં. ૧૭૨૩ જે. શુ. **યશોવિજય** શિષ્ય તત્ત્વવિજય ગણિના (૨) લિ. લેપા તરભોવન ૨-૧૧ નં. ૧૭૧ જશ.

(૫૬૫)+સીમંધર સ્ત. ગા. ૧૨૫ નયગર્ભિત (૨-૩૮)

—(૧) લિ. પં. **વિનીતવિજય**, શ્રા૦ લહેરીબાઇ પઠનાર્થ **સૂરતિ** બંદિર મધ્યે સં. ૧૮૦૭ વૈ. શુ. ૩ બુધે પત્ર ૧૦ ગૂ. અભય. (૨-૪) પત્ર ૧૫ ને ૮ પો. ૧૭; પત્ર ૮ ફા. સુ. ૧૪ **સુરત** પો. ૧૭ અભયસિંહ (નવપ્રભુ સ્તવનો સહિત) (૫) પત્ર ૫ આદિ પત્ર નથી પો. ૪૫ નં. ૭૯૬ કૃપા. (૬) સં. ૧૮૬૫ શ્રા. વ. ૬ ચંદ્ર વારે **વિક્રમપુરે** પત્ર ૭ પો. ૩૬ મહિમા૦ (૭) શ્લો. ૧૬૦ **પત્તન અણુહિલપુરે** સં. ૧૮૧૫ શાકે ૧૬૮૦ ભા. વ. ૬ શુક્રે ૭-૧૩ દા. ૮૨ નં. ૫૨ હા૦ (૮-૯) સં. ૧૮૯૨ માગસર શુદ દ્વિતીય ૧૪ ગુરૂ ૬-૧૨; સં. ૧૭૮૨ શ્રા. શુ. ૧૦ શુક્રે **રાજનગરે** ૯-૯ ગો. ના. (૧૦) પ્રાયઃ સ્વોપજ્ઞ એવા ટબા સહિત પત્ર ૩૫ પો. ૯ અબીર.

(૫૬૬)+આઠ દૃષ્ટિ સ. (૨-૩૯)

—(૧) ૪-૧૩ નં. ૭૩ જશ. (૨-૩) મુનિ **માણિક્યવિજય** પઠનાર્થં ૬-૧૧ દા. ૮૨ નં. ૫૯. લિ. ભુવનચંદ્રેણ ૬-૯ દા. ૮૨ નં. ૮૩ હા. (૪-૫) પત્ર ૧૨ થી ૧૬ નં. ૧૧૦૦; ૫-૭ નં. ૧૧૧૦ જય. **જ્ઞાન**વિમલસૂરિના બાલા૦ સહિતઃ-(૧) સં. ૧૮૪૭ માગસર વદ ૪ દર્ભાવતિ (ડભોઇ) શ્રી **સાંમલા પાર્શ્વ**નાથ પ્રસાદાત્ લ. પં. **લાલ**-વિજય **જ્ઞાન**સત્ક પત્ર ૧૨ ઇડર ભં. (૨-૩) સં. ૧૮૭૪ મા. શુ. ૧૦ રવિ **વીકા**નેર પત્ર ૫૦ પો. ૩૪; સં. ૧૮૭૭ વૈ. વ. ૪ **વિક્રમ**-પુરે **કીર્ત્તિ**સાગરેણ લિ. પત્ર ૨૭ અપૂર્ણ પો. ૩૪ મહિમા. (૪) પત્ર ૧૧ પો. ૧૩ નં. ૨૩૩ કૃપા૦

(૫૬૬ક) + બ્રહ્મગીતા સં. ૧૭૩૮ ખંભાત (૨-૪૦)

—(૧) ૩-૧૦ નં. ૧૦૧ જશ. (૨) સં. ૧૭૩૩ ફા. વ. ૧૦ શનૌ બાઇ **હીર**બાઈ વાચનાર્થ ૩-૯ દા. ૮૨ નં. ૧૫૮ હા. (રચ્યા સં. ૧૭૩૮ અને આ લ. સં. ૧૭૩૩ એ ફેર કેમ આવે છે તે પુનઃ પ્રત જોયા પછી નક્કી થાય.)

(૫૬૭) + જંબૂરાસ સં. ૧૭૩૯ ખંભાત (૨-૪૦)

—(૧) પં. લાવણ્યવિજય શિષ્ય પં. મેરૂવિજયશિ૦ પં. વિનીતવિજયેનાલેખિ સ્વવાચનકૃતે. શ્રી માલણગ્રામે ૨૫–૧૭ નં. ૩૨૦૯ વિ. ને. (૨) લ૦ લાલજી રાજનગરમધ્યે પં. રૂપવિજય શિ. પં. અમિવિજય હસ્તે લખાવ્યો છઇ ૫૬–૧૨ શા જકાભાઇ ધરમચંદ પતાસા પોળ નવી પોળ અમદાવાદ પાસે.

(૫૬૮)+દિક્પટ ૮૪ બોલ (૨–૪૨)

—(૧) ઇતિ શ્રી દિગંબરોક્ત ચતુરશીતિ વાક્યરચનોત્થાપક શ્વેતાંબર મતથાપક ઉપાધ્યાય શ્રી જશોવિજય ગણિ વિરચિતાયાં ચતુરશીતિ બોલરચના સમાપ્ત. સં. ૧૭૮૪ નો એક ચોપડો જશ૦ (૨) પત્ર ૬ નં. ૩૦૪ અભય. (૩) સં. ૧૭૬૪ શિ૦ પ્રીતિવિલાસ શિ૦ ભીમવિજય શિ૦ પુન્યવિજય લિ. પત્ર ૯ પો. ૬૨, દાન. (૪) ઇતિ શ્રીમજ્જૈનમતૌદ્યોતદિક્પટ્ટ કપટ્ટ વિનાશનૈકવાદ પ્રત્યુત્તર ચંદ્રિકા સમાપ્તા સં. ૧૭૯૮ માઘ વદી ૬ શુક્રે લિ૦ ખંભાતિ બંદરેયં. પત્ર ૭ નં. ૨૧૮ સને ૧૮૭૧–૭૨ ભાં. ઇ.

(૫૬૯)+સમાધિશતક

—(૧) પ્રત ૧૮ મી સદીની પત્ર ૫ પો. ૬૬ દાન. (૨) પ્રતિ ૧૯ મી સદીની પત્ર ૧૩ પો. ૮૩ નં. ૨૧૩૦ જિ. ચા.

(૫૭૧)+સીમંધર સ્ત. ૩૫૦ ગા. લ. સં. ૧૭૧૨ પહેલાં.

—(૧) સં. ૧૮૧૪ મહા વ. ૫ મંગલવારે લ૦ ઠાકોર ઉમેદરામ બેલજી પઠનાર્થં શ્રા૦ રાજૂબાઇ ભાવ્યનગરમધ્યે પત્ર ૩ થી ૮ ત્રૂ. નં. ૭૩૭ અભય. (૨) ગ્રં. ૪૭૫ સં. ૧૭૫૪ આ. વ. ૫ શુક્રે મયાચંદ શિ. સુગાલચંદ લિ. પત્ર ૧૭ પો. ૮૩ નં. ૨૧૬૫ જિ. ચા. (૩) પત્ર ૫ પો. ૬૩ મહિમા. (૪–૬) ગ્રં. ૪૭૫ સાગરગચ્છાધિરાજ પુણ્યસાગરસૂરિ શિ. પં. મુક્તિસૌભાગ્ય ગણિમિશ્રેણ લિ. ભાઇચંદ કાનજીકસ્ય પ્રતિ શ્રીમત્યે સુબાશ્રી માધવરાય રાજ્યે બોરસિદ્ધાખ્ય નગરે સં. ૧૮૨૯ શ્રા. શુ. ૧૪ બુધે શ્યામલ પાર્શ્વપ્રસાદાત્ ૧૫–૧૪ દા. ૨૦ નં. ૫૭; સં. ૧૭૮૫ જ્યે. વ. ૬ રવ શ્રી

સુરતપુરમધ્યે ૨૮-૯ દા. ૨૦ નં. ૫૯; સં. ૧૮૦૫ શાકે ૧૮૭૦ અષાઢ વ. ૩ શુક્રે લ. રાજનગરે ૨૪-૯ દા. ૨૦ નં. ૮૨ સીમંધર. (૭) ૧૬-૧૬ નં. ૩૩૮૪ જૈનાનંદ. (૮-૯) ૧૮-૧૩ દા. ૬૩ નં. ૧૮૦; ૩૧-૯ દા. ૮૩ નં. ૧૯૬ હા. (૧૦) સં. ૧૭૭૨ કા. વ. ૫ ગુરૂ ઉદયપુરે પં. રૂપસાગરેણ લિ. શ્રાવિકા શ્રી સાઇમતીજી પઠનાર્થં ૩૧-૮ દા. ૮૨ નં. ૨૧૫ હા. (૧૧) સં. ૧૭૧૨ વર્ષે ચૈત્ર શુદિ ૧૧ વાર બુધે લપિતં ગાંધી મનજી લષાવિતં. ગ્રં. ૪૨૨ દા. ૧૭ પો. ૩ વી. ઉ. (૧૨) જ્ઞાનવિમલસૂરિ કૃત ટબા સહિત સં. ૧૮૨૭ શ્રા. શુ. ચંદ્રવારે લિ. પાર્શ્વપ્રસાદાત્ પત્ર ૪૭ ની સુંદર પ્રત વીરમ. સંઘ ભં. (૧૩) સં. ૧૭૭૦ જ્યે. સિત ૭ સોમ લિ. પં. વૃદ્ધિવિજયેન ઘનૌઘ બંદિરે. આ. ક. અમદા.

(૫૭૨-૫૭૪)+ચોવીસી ત્રણ પૈકી કોઈ (૨-૪૭)

—(૧) ૭-૧૩ દા. ૨૦ નં. ૪૯ સીમંધર (૨-૩) પત્ર ૩ પો.૨; પત્ર ૪ પો. ૨ મહર. (૪) સં. ૧૮૧૯ વૈ. શુ. ૫ સોમ તેજસાગર લિ. સોમવિજય પઠનાર્થં પત્ર ૮ પો. ૧૩ અભયસિંહ. (૫) સં. ૧૮૪૫ જે. વ. ૧ વિદ્યાચંદ્રેણ લિ. પત્ર ૮ નં. ૧૬૦૫ કૃપા.

(૫૭૨)+ ચોવીસી પહેલી.

—(૧) સં. ૧૭૮૫ માર્ગશીર્ષ શુ. ૩ શુક્રે લિ. ગ્રં. ૨૦૧ ૯-૯ પો. ૯ વડાચૌટા ઉ. (૨) સં. ૧૮૧૪ માગશર વ. ૧૦ પાટ્ટણનયરે લ૦ પં. ઉદૈવિજય વાચનાર્થં મુનિ જીવણવિજય લિ. ૭-૧૭ દા. ૮૨ નં. ૧૧૪ હા.

(૫૭૪)+ ચોવીશી ત્રીજી (૨-૪૮)

—(૧) (આરંભમાં સકલ પંડિત શ્રી ૫ શ્રી નયવિજયગણિ ગુરૂભ્યો નમઃ ।) ગણિ તત્ત્વવિજય લક્ષ્મીવિજય લિપિતમસ્તિ. શ્રાવિકા વેલૂ પઠનાર્થં. શ્રી ઘોઘાબંદિરે ભાદ્રવ માસે શુકલ પક્ષે સપ્તમી દિને શુભ વાસરે શ્રેયોસ્તુ (પત્ર ૯ પછી તત્ત્વવિજયકૃત નેમિબારમાસ અને વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય તથા લક્ષ્મીવિજયકૃત વિજયપ્રભસૂરિ

સ્વાધ્યાય લખેલ છે ને અંતે લેખનની પૂરી પિછાન છે કે) સકલ ભટ્ટારક પુરંદર ભટ્ટારક શ્રી ૨૧ શ્રી હીરવિજયસૂરિ શિષ્યમુખ્ય સકલ વાચકચક્ર ચક્ર ચૂડામણિ મહોપાધ્યાયશ્રી ૧૦ શ્રી કલ્યાણવિજય ગણિ શિષ્ય સકલ મુખ્ય પંડિત શ્રી ૧૭ શ્રી લાભવિજયગણિ શિષ્ય પંડિત શિરોમણિ પંડિત શ્રી ૫ શ્રી જીતવિજય ગણિ તદ્ગુરૂ ભ્રાતૃ પંડિત શ્રી ૫ શ્રી નયવિજયગણિ શિષ્ય પંડિત શ્રી જસવિજય ગણિ શિષ્ય ગણિ શ્રી તત્ત્વવિજય લક્ષ્મીવિજય. શ્રેયોસ્તુ. શુભંભવતુ. યાદશં પુસ્તકં દષ્ટ્વા તાદશં લિખિતં મયા। યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે ॥૧॥ દૂહા। ચૂકઈ સહટ કિસ્યા તે સાજન, સજ્જન તેજ સહટ મલઈ। તે સજ્જનસું કિમ મન માનઈ, કણાં પછિ કધનગલઈ ॥૧॥ શ્રાવિકા વેલાં પડનાર્થં ઘોઘા બંદિરે શુભવાસર ॥છઃ॥ ૧૩-૧૩ (૧૨ મું પત્ર નથી) પાદરા નં. ૩૫. (૨) પત્ર ૧૨ છેલ્લું ૧૩ મું નથી. કવિના સમયની પ્રત લાગે છે કારણ આદિમાં કવિના પ્રગુરૂ 'પંડિત શ્રી લાભવિજય ગણિ ગુરૂભ્યો નમઃ' એમ નમસ્કાર કર્યો છે પો. ૧૦ જિનદત્ત. મુંબઈ (૩) ૧૪ બોલની ચોવીસી કવિ જસવિજ કૃત સં. ૧૮૫૫ જે. વ. ૩ આગમસાગર –પ્રધાનસાગર–હિણયરસાગર લિ. સુવર્ણગિર મધ્યે ઋષભદેવ પ્રસાદાત્ ૭-૧૪ નં. ૩૩૪૭ જૈનાનંદ.

(૫૭૫)+વીશી

—(૧) પં. રૂપકુશલ–અમૃતકુશલ–મુક્તકુશલ–યત્નકુશલ–પ્રીતકુશલ લ. સં. ૧૮૪૧ પો. વ. ૪ ધરોલ શાંતિપ્રસાદાત્ ૮-૧૫ પો. ૮૮ જશ. વડવા. (૨) સં. ૧૮૧૨ જેસલમેર કપૂરચંદ વાચનાર્થં પત્ર ૭ પો. ૪૫ નં. ૮૦૧ કૃપા.

(૫૭૬)+સમ્યકત્વ ૬૭ બોલ સ. (૨-૪૯)

—(૧) સં. ૧૮૪૬ શાકે ૧૭૧૧ વૈ. વ. ૧૨ શનિ બાઈ લખમી પઠનાર્થં લ. ખુશાલવિજય ૫-૧૩ જશ૦ (૨) ૫-૧૨ વીરમ૦

લાય૦ (૩) લિ. **સાગરચંદ્રસૂરિ** શાખા વા૦ **ચતુર્નિધાન** શિ૦ પં. **શ્રીચંદ** પં. **નવલચંદ્ર** તત્ ભ્રાતૃ પં. છસર લિ૦ સં. ૧૮૮૦ આસો વ. ૧૪ શુક્રે **મુલતાન** મધ્યે ચાતુર્માસ પત્ર ૫ નં. ૨૪૫૩ અભય૦ (૪) પત્ર ૫ પો. ૩૪ મહિમા૦ (૫) સં. ૧૭૯૦ દ્વિ. આ. વ. ૭ રવિ **સાકરચંદ** પઠનાર્થં પત્ર ૫ પો. ૮૩ નં. ૨૨૨૨ જિ. ચા. (૬) **સીહ**વિજય લિ૦ પત્ર ૫ પો. ૮૬ મહિમા૦ (૭) સં. ૧૮૧૯ કા. વ. ૧૪ રવિ ઉ૦ **દેવચંદ્રજી** ગણિ શિ૦ વા. **મનરૂપજી** ગણિ પં. **રાય-ચંદ્રમુનિ** લિ. **લિંબડી** મધ્યે ૩-૧૪ મુનિ સુખસાગર પાસે.

(૫૭૭)+૧૮ પાપસ્થાનક સ. (૨-૪૯)

—(૧) ૧૩-૧૧ વીરમ૦ લાય૦ (૨) ૧૧-૧૧ અપૂર્ણ દા. ૮૩ નં. ૧૬૫ હા૦ (૩) સં. ૧૭૪૩ આ. વ. ૧૩ ગુરૂ ગ્રં. ૨૨૧ **અમદાવાદ** મધ્યે **કાલુ સંઘવી** પોલ મધ્યે વાસ્તવ્ય **પ્રાગ્વાટ** જ્ઞાતી વૃદ્ધ શાખાયાં સાહા **લહૂજી** તત્ સુત સાહા **વીરા** લખાવીતં ૧૪-૯ પો. ૧૮ વડાચૌટા ઉ૦ (૪) સં. ૧૭૯૨ ફા. શુ. ૩ પત્ર ૬ પો. ૬૨ નં. ૧૩૩૨ કૃપા. (૫) સં. ૧૮૫૧ મા. વ. ૧૧ પત્ર ૭ પો. ૬૩ મહિમા. (૬) સં. ૧૭૫૮ ફા. વ. ૧૩ શનૌ **અચલગચ્છ** ભ૦ **અમર-સાગર** સૂરિ રાજ્યે તત્ શિ. **સુંદરસાગરેણ** લિ. **બુરહાનપુર** મધ્યે **રૂપાવહૂ** પઠનકૃતે હંસ.

(૫૭૭ક)+અમૃતવેલિ સ. (૨-૪૯)

—(૧) ૩-૧૦ નં. ૫૧ પાદરા (૨) સાહા **સાંતીદાસ** સુત **સોમકરણ** પઠનાર્થં લિખાવિતં સં. ૧૭૪૨ માર્ગશીર્ષ સુ. ૭ આદિત્ય-વાર પત્ર ૩ દા. ૨૪ સીમંધર (૩) ૨-૧૦ નં. ૧૬ જશ.

(૫૭૮)+જશવિલાસ.–અધ્યાત્મ પદો.

—(૧) કેટલાંક પદો પત્ર ૪ દા. ૮૨ નં. ૭૫ હા.; (૨) પત્ર ૬-૧૧ દા. ૮૦ નં. ૧૩૪ હા.

(૫૮૦)+પંચ પરમેષ્ઠી ગીતા

—સં. ૧૭૮૩ માગશિર શુ. ૭ર વા ભં. ૨૫૫, ૧૧-૧૨ દા. ૮૨ નં. ૨૧૨ હા.

(૫૮૩) ૧૦ મત સ્ત૦ સં. ૧૭૩૨ પો. શુ. ૭ (૨-૫૫)

—લ. બારોટ તારાચંદ કેવલ ૭-૧૦ વીરમ. સંઘ ભં.

(૧૬૮૨ ગ) ૧૪ ગુણસ્થાનક સ્વાધ્યાય. ૭ કડી

હોઇ મિથ્યાત્વ અભવ્યનેં, કાલ અનાદિ અનંતો રે
તેહ અનાદિ સાંત છેં, પ્રાણી ભવ્યનેં વંતો રે
શ્રી જિનવચન વિચારીઈ. ૧ × ×
શ્રી ગુરૂચરણ ઉપાસતેં, ઇમ ગુણઠાણું વિચાર રે
તે લહેં સુયશ સંપદા, નિશ્ચય નેં વ્યવહાર રે. ૭ શ્રી.

—(દેવચંદ ચોવીશીની એક પ્રતને અંતે દા. ૨૦ નં. ૩૭ સીમંધર.)

(૧૬૮૨ઘ) વિજયપ્રભસૂરિ સઝાય ગા. ૭ (પત્ર ૧ પો. ૧૩ અભય.

(૧૬૮૩) સંવેગી સઝાય ગા. ૭૩ (પત્ર ૬ પો. ૬૩ મહિમા.)

(૧૬૮૩ક) કુમતિ સ્તવન બે. ગા. ૧૬ અને ૯

(૧) જિન પ્રતિમા વંદન દીસઇ, સમકિતનિં આલાવઇ
અંગ ઉપાસગ પ્રગટ અરથ એ, મૂરખ મનમાં નાવઈ
કુમતિ કાં પ્રતિમા ઉથાપી. ૧ × × ×
જિન પ્રતિમા જિન સરિખી જાણઈ, પંચાંગીના જાણ
કવિ **જસવિજય** કહઇ તે ગિરૂઆ, કીજઇ તાસ વખાણ. ૧૬ કુમતિ.
(૨) સતરભેદ પૂજાફલ સાંભલિ, સ્યું કુમતિ જગ ધંધઈ રે
શુદ્ધ પરંપર સૂત્ર ન માંનઇ, ચાલઈ અંધોઅંધઈ રે. ૧
સાર સૂત્રનું સમઝી જિનની, પૂજા જે મનિ ધારઈ રે
કવિ **જસવિજય** કહઈ તે ગિરૂઓ, તે તર્યો નિં તારઈ રે ૯ સતર.

આ બંને તથા નં. ૫૮૨ કુમતિ સ્ત. ની ભેગી પ્રત ૬-૧૧ પુ. મં.

(શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાયની રાસ સિવાયની બધી કૃતિઓ મેં સંશોધન કરી સંપાદેલ 'યશોવિજય કૃત ગૂર્જર કાવ્ય સંગ્રહ ભાગ ૧ લો એ નામના પુસ્તકમાં એકીસાથે પ્રકટ થયેલ છે.)

ગદ્યકૃતિઓ.

૧ પંચનિર્ગ્રંથી બાલાવબોધ—

શ્રી નયવિજયગુરૂણાં પ્રાસાદમાસાદ્ય સકલકર્મકરં
વ્યાખ્યા કુર્વે કિંચિલ્લોકગિરયા પંચનિર્ગ્રંથા. ૧××
શ્રી **નયવિજય** ગુરૂણાં ચરણાઞ્જોપાસનામુદિતપુણ્યઃ,
પુણ્યાય **યશોવિજયો** વ્યતેને બાલબોધમિમં. ૧
યદ્યપિ ગીર્નમમેયં, કરણાભરણં પચેલિમ માતીનાં
તદપિ પ્રવચનભક્તે પદકિંકિણિકા ભવત્યેષા. ૨

—(૧) સં. ૧૭૨૩ માર્ગશીર્ષ વદિ ૭ બુધે લિખિતં. પાનાં ૨૨ દા. ૪૫ હા૦ (૨) પાલણપુર સંઘનો ભંડાર દા. ૪૮ (૩) નં. ૨૧૦ સન ૧૮૭૧–૨ ભાં. ઇ.

૨ નયચક્રનો બા૦ સં. ૧૭૧૪ નો લખેલો દા. ૫૯ હા.

૩ દ્રવ્યઆદિપર્યાય રાસ-સ્વોપજ્ઞ બાલા.

—(૧-૩) અમદાવાદ માહિ ઢેકુઆની પોલિમધ્યે વાસ્તવ્યં શ્રી શ્રીમાલ જ્ઞાતીય વૃદ્ધશાખાયાં સાહા અમરચંદ લખાવીતં સં. ૧૭૩૩ માર્ગસર સુદિ ૨ સોમે લખિતં પત્ર ૮૩ દા. ૩૮ નં. ૧૬, પત્ર ૫૦ તથા પત્ર ૫૯ દા. ૩૮ નં. ૧૭ અને ૧૮ ડા. પાલણપુર. (૪) સં. ૧૭૪૮ કા. શુ. ૯ ભોમે પંડયા ત્ર્યંબકેશ્વરેણ લિ૦ પત્ર ૪૫ પ્રથમ દા. ૧૬ નં. ૧૯ ને હવે દા. ૧૯ નં. ૪ વી. ઉ. (૫) પત્ર ૪૨ પો. ૩૯ નં. ૧૯૦ ઝીં. (૬) હવે કરસનજી વેલાજી લ. ભાવનગર મધ્યે સં. ૧૯૨૪ માઘે પત્ર ૬૮ મો. સેં. લા. (૭) સં. ૧૭૯૦ માહ શુ. ૮ ગુરૂ શ્રી સૂરતિ બંદિરે પત્ર ૭૫ દા. ૧૯ નં. ૬ સીમંધર (૮)

इय सुचितपदार्थोल्लापनश्रव्यशोभा,
बुधजनहितहेतुर्भावनापुष्पवाटी ।
अनुदिन मित पर्वो प्रांन पुण्यैरुदारै-
भवतु चरण पूजा जैन वाग्देवतायाः ॥१॥

ઉપાધ્યાય શ્રી **યશોવિજય** ગણિના કૃત સ્વોપજ્ઞ ટબાર્થઃ રાસઃ સંપૂર્ણઃ લિખિત શ્રી સં. ૧૭૮૪ દ્વિ૦ વૈ૦ વદિ ૧૪ રવૌ, શ્રી **અવરંગાબાદ** મહાનગરે પત્ર ૮૩ નં. ૬૨૩ વીજાપુર જ્ઞા. ભં. (૯) આદિમાં—ઐંદ્ર શ્રેણિનતં નત્વા જિનં તત્ત્વાર્થદેશિનં, પ્રબંધે લોકવાચાત્ર લેશાર્થં કશ્ચિદુચ્યતે. સં. ૧૭૯૦ માહ વદિ ૧૦ રવૌ સૂરતિબંદરે લિ. સુશ્રાવક **સાહ** ખુસ્યાલચંદ વાચનાર્થં. ૩૦ પાનાની સારી પ્રત છે—ના. ભં. (૧૦) સં. ૧૭૬૧ પત્ર ૫૦ શ્લોક-માન ૨૦૦૦ દા. ૩૦ નં. ૩૨ લીં. (૧૧) સં. ૧૭૯૮ પોષ શુ. તૃતીયામહિજવાસરે **આદિશ્વરજિન** પ્રસાદાત્ પત્ર ૪૯ પહેલાં દા. ૧૬ પ્ર. ૧૮ હાલ દા. ૧૯ પોથી ૪ વી. ઉ. (૧૨) પત્ર સારી પ્રત ધોઘા ભં. (૧૩) પં. **શાંતિવિજય** શિષ્ય પં. **માનવિજય** લખાવીત **રાજનગરે** પત્ર ૮૪ સુ. લા. ખેડા.

૪ સંયમશ્રેણી વિચાર સ્ત૦ સ્વોપજ્ઞ બાલા૦

ઐંદ્રવૃંદનતં નત્વા વીરતત્વાર્થદર્શિનં
સંક્ષેપાત્ સંયમશ્રેણીસ્વાધ્યાયાર્થો વિવિચ્યતે. ૧

—(૧) વીજા. જ્ઞા. ભં. (૨) સં. ૧૯૩૧ જે. શુ. ૨ પો. ૮૩ નં. ૨૧૪૭ જિ. ચા.

૫ મહાવીર સ્તવન સ્વોપજ્ઞ બાલા.

—(૧-૨) સં. ૧૭૪૩ જ્યે. શુ. ૧૪ રવિ ૧૬-૧૨ દા. ૮૨ નં. ૮૧; ૧૦-૧૦ દા. ૮૨ નં. ૧૫૬ હા. જુઓ આ કૃતિ નં. ૫૬૩ નીચે પૃ. ૩૭. જૈ૦ ગૂ૦ ક૦ બીજો ભાગ.

૬ સીમંધર સ્ત૦ ૧૨૫ ગાથા બાલા.

—(૧) સં. ૧૮૮૦ આસો શુ. ૭ શન. લ. પત્ર૧૨ નં. ૬૬૫ મ. જૈ.વિ. (૨) સં. ૧૮૮૦ ચૈ. વ. ૧૨ લખાવિતં **ઉદૈવિજય** પઠનાર્થં લ. ગોરજી **રાઘવજી જગાંણા** મધ્યે શ્રી **મહાવીર** જિન-પ્રસાદાત્ ૨૪-૧૧ ગો. ના. (૩) સું. ૧૭૬૭ શાકે ૧૬૩૩ **રાજ-નગરે** પ્રત્યનુસારેણ લ. પત્ર ૬૨ દા. ૬૩ નં. ૧૧ હા. (૪) પ્રાયઃ

સ્વહસ્તલિખિત પત્ર ૧૩ પો. ૧૨ યશોવૃદ્ધિ. (૫) સં. ૧૭૮૦ ભા. વ. ૧૧ શનિ યામની યામમેકં ગતે શ્રાવિકા રૂપાં પઠનાર્થં દા. ૬ નં. ૪૫ ખેડા ભં.

૭ જ્ઞાનસાર (સં.) નો સ્વોપજ્ઞ બાલા૦

આદિ—

ઐંદ્રવૃંદનતં નત્વા વીરં તત્ત્વાર્થદેશિનં
અર્થઃ શ્રી **જ્ઞાનસારસ્ય** લિખ્યતે લોકભાષયા. ૧

અંતે—

ગચ્છે શ્રી વિજયાદિદેવ સુગુરોઃ સ્વચ્છે ગુણાનાં ગણૈઃ
પ્રૌઢિં પ્રૌઢિમધામ્નિ જીતવિજય પ્રાજ્ઞાઃ પરામૈયરૂઃ
તત્સાતીર્થ્યભૃતો **નયાદિવિજય** પ્રાજ્ઞોત્તમાનાં શિશોઃ
શ્રીમન્ન્યાયવિશારદસ્ય કૃતિનામેષા કૃતિઃ પ્રીતયે. ૧
બાલાલીલાપાનવદ્બાલબોધો નાયં કિંતુ ન્યાયમાલાસુબોધઃ
આસ્વાદ્યૈનં મોહહાલાહલાય
જ્વાલાશાંતે ધીં વિશાલા ભવંતુ ૨
આતન્વાના ભારતી ભારતીનસ્તુલ્યાવેશા સંસ્કૃતે પ્રકૃતે વા
શુક્તિઃ સૂક્તિર્મુક્તિ મુક્તાફલાનાં ભાષાભેદો નૈવ ખેદોન્મુખઃ સ્યાત્. ૩
સૂરજીતનય **શાંતિદાસ**-હૃન્મોદકારણવિનોદતઃ કૃતઃ
આત્મબોધધૃતવિશ્રમઃ શ્રમઃ શ્રી **યશોવિજય**વાચકૈરયં.

—પત્ર ૫૯ દા. ૬૩ નં. ૨૦ હા. (૨) પત્ર ૪૧ દા. ૨૯ નં. ૧૮ લીં.

પ્રાયઃ આ યશોવિજયના એક શિષ્ય જિનવિજય હતા કે જેમણે ષડાવશ્યકનો બાલાવબોધ કર્યો હતો. તેની એક પ્રત મુંબઈ અનંતનાથના ભંડારમાં છે તેમાં નીચે પ્રમાણે અંત ભાગમાં છેઃ—

—સંવત ૧૭૫૧ વર્ષે શ્રી તપાગચ્છાધિરાજ પરમગુરૂ ભટ્ટારક શ્રી વિજયમાન સૂરીશ્વરનેં રાજ્યે વિરાજમાન છતે દીપમાલિકાને દિવસેં પંડિત શ્રી યશવિજયગણીનો પંડિત શ્રી જીનવિજયગણી નામા શિષ્યમાંહિ મુખપંડિત એહવો ષડાવશ્યકના અર્થનો ઉદ્યમ

કરતો હવો. શ્રી વિવેકવિજયગણીએ સં. ૧૮૦૨ વર્ષે પોશ શુદિ ૧૦ શ્રી જંબુનગરે લખાવી......(ડા. ત્રિ. પ્ર. સં. પૃ. ૩૩૨)

---

૮૨૦ ભુવનસોમ (ખ૦ જિનભદ્રશાખામાં સાધુકીર્ત્તિ-કનકસોમ-યશકુશલ-લાભકીર્ત્તિ અને ધનકીર્ત્તિના શિષ્ય)

(૧૬૮૪) નર્મદાસુંદરી ચોપઇ સં. ૧૭૦૧ વૈશાખ સુદ ૩ સોમવાર નવાનગરમાં.

અંતે—   ઢાલ આજ નિહેજઉ દીસઇ નાહલઉ-એહની.

×   ×   ×   ×

મઇ મતિસારઇ બોલ્યા માહરઇ, વચને સતીય ચરિત્ર,
સાંભલિસ્યઇ તે સારા સુખ પામિસ્યઇ, થાસ્યઇ કાન પવિત્ર ૭ નમ૦
સંવત **સતરઇસઇ ઇકોત્તરઇ**, સુદિ વઇશાખી ત્રીજ,
સોમવારઇ સુરિજ ઊગતઇ, નીપની ચઉપઇ એહીજ. ૮ નમ૦
શ્રી **જિનભદ્રસૂરિ શાખાયઇ** હૂઆ, શ્રી **સાધુકીર્ત્તિ** ઉવઝાય,
શ્રી **કનકસોમ** કલિયુગ-કેવલી, રાયરંજક કહિવાય. ૯ નમ૦
તેહનઇ પાટઇ વાચક બે હૂઆ, પ્રથમ **યશકુશલ** યતીશ,
સુર સાધીનઇ સિદ્ધિ વલી લહી, મહિમા વિશ્વાવીસ. ૧૦ નમ૦
બીજા **રંગકુશલ** વાચક વડા, સકલશાસ્ત્રપ્રવીણ,
શુદ્ધ પ્રરૂપક સમઝાવી ઘણા, રાય કીયા લયલીણ. ૧૧ નમ૦
યશકુશલ પાટઇ **લાભકીરતિ** હૂઆ, બીજા **ધનકીરતિ** જાણ,
સંયમ મારગ સૂધો ઉપદિસઇ, અદ્ભુત અમૃતવાણ. ૧૨ નમ૦
શિષ્ય બેઉનઇ વઇ દીપતા, **હર્ષસોમ** મુનિરાય,
ભુવનસોમ કહે ભાઇ આપણી, અવિચલ જોડિ કહાય. ૧૩ નમ૦
ચુંપ કરીનઇ ચઉમાસો રહ્યા, શ્રી **નવાનગર** સનૂર,
ભુવનસોમ કહિ એ વાંચતાં, પ્રગટઇ પુણ્ય પડૂર. ૧૪ નમ૦
ભણતાં સુણતાં એહિજ ભાવસું, શ્રી **ધર્મનાથ** પ્રસાદ,
શ્રી **જિનકુશલસૂરિ** સાનિધિ પામીયઇ, સુખસાતા જસવાદ. ૧૫ નમ૦

—૧૦-૨૦ નં. ૪૫૮૪ વિ. ને૦

(૧૬૮૫) શ્રેણિકનો રાસ (વિનયવિષયે)

આદિ— શ્રીગુરૂભ્યો નમઃ । દુહા.

શાંતિ જિણેસર સેવતા, વંછિત થાયઇ સિદ્ધિ,
સહગુરૂ શ્રુતદેવી બિન્હે, આપઇ અવિચલ રિદ્ધિ. ૧
ચ્યાર ભેદ જિણવર કહ્યા, શ્રીમુખિ ધર્મ ઉદાર,
જે એ સેવઇ મનસુધઇ, તે પામઇ ભવપાર. ૨
જે માણસ નરભવ લહી, ન કરઇ ધર્મ્મ લિગાર,
ભારી કર્મી તે ભમઇ, ભવિ ભવિ ઇણ સંસાર. ૩
ભાષઇ ભગવંત ભવિકનઇ, વિનય ધર્મનઉ મૂલ,
સિધાંતઇ દશવિધ કહ્યઉ, ધર્મભણી અનુકૂલ. ૪
વિનય થકી ન્યાની હુવઇ, ન્યાને દરશનિ પામ,
દર્શનથી ચારિત લહઇ, અનુક્રમ સિવપુર ઠામ. ૫
રાજા શ્રેણિકની પરઇ, વિનય કરો સહુ કોઇ,
ચોર વિનય કરી રીઝવ્યો, સુદ્ધ વિદ્યાધર હોઇ. ૬
તેહની પરિ જન સાંભલઉ, સમભાવઇ મનિ આણ,
જ્ઞાનવંત ગુરૂનઉ કરઉ, વિનય ખરો ગુણખાણ. ૭
કિણ નગરી એ કિણ સમઇ, હૂઆ કિણી રીત,
તે પરમારથ હૂં કહું, સાંભલિજ્યો સુવિદીત. ૮

અંતે— ઢાલ સીલ જકડીની.

મંત્રિ વચન સુણ શ્રેણિક હરખીયઉ, છોડિ સિંઘાસણ ચોર ભણી દીયઉ,

(ગૂ૦)

તિણ દીયઉ સહુકો લોક જોતાં, કરિ વિચારઇ સઉ હીયઇ,
એ સબલ વિદ્યા ઘણું દુરલભ એહ વિણ મુઝ કુણ દીયઇ,
ગોડલી બઇઠઉ ગર્વ છોડી હાથઇ બેઉ જોડનઇ.
ઇમ વિનય સાથઇ ભણઇ વિદ્યા અંગ આલસ છોડનઇ. ૨ × ×
શ્રી જિણવર ભાષઇ શ્રી મુખિ એહવઉ,
વિનય કરીજઇ શ્રેણિક જેહવઉ,

જેહવઉ વારૂ વિનય કીધો લહી વિદ્યા અવનામણી,
તિમ ભક્તિ કીજઈ ભલા શ્રાવક જ્ઞાનગુરૂ પુસ્તક તણી,
પર પ્રીછિવા પરબંધ એહવઉ લ્યઉ જેમ ગુરૂમુખિ સાંભલઉ,
ઉપદેસમાલા સૂત્ર વૃત્તિઇં, શતક ત્રીજઈ સંકલ્યઉ. ૫
જે ઉત્સૂત્ર બોલ્યઉ મઈ ઈહાં, મિચ્છા દુક્કડ બોલું વલિ તિહાં,
વલિ તિહાં હોજ્યો લાભ ઝાઝો ભવિક રીઝઇ બહુ સુણી,
આરાધતાં અનુમોદતાં વલિ પ્રાપ્તિ સમકિત મુઝ ઘણી,
એ ચતુર વાંચી સુણો સહુ કઉ ચોપઇ અવસર લહી,
મત કોઈ વિગથા કરો વિચમઇ, સુધ સમકિત ધર સહી. ૬
શાખા સારી શ્રી **જિનભદ્રસૂરિની**
પ્રગટી પાવન પુન્ય અંકૂરની
અંકૂરની પ્રગટી ગચ્છ **ખરતર** શ્રી **કનકસોમ** પાઠકવરૂ
યશકુશલ વાચક તાસુ પાટઈ, શિષ્ય હુઈ અતિ સુંદરૂ
ગણિ **લાભકીરતિ** મુખ્ય પંડિત સકલગુણમણિ સોહ એ
ગુરૂ ભ્રાતશ્રી **ધનકીર્ત્તિ** ગણિવર-સયલજણ મણ મોહ એ. ૭
શિષ્ય એકનિઠ બેઈ દીપતા
શાસ્ત્ર-વિચારઇ સહુનઈ જીપતા,
જીપતા મહિયલ માન મહિમા લહઇ મુહુત ઘણૂ ઘણા
હર્ષસોમ નામઇ નિપુણ જેહણઇ, વચન રંજ્યા બહુ જણા
તેહનઉ લઘુ ભ્રાત પભણઇ, **ભુવનસોમ** હસી પરઈ,
અધિકાર એહી વિનય ઉપર, વાંચતાં વં...

—૧૨ પત્રની પ્રત પત્ર ૫ થી ૧૨ નં. ૫૧૧ મ૦ જૈ૦ વિ.
(છેલ્લું ૧૩ મું પત્ર નથી.)

---

૮૨૧ વિનયશીલ [ગુણશીલ શિ૦]

(૧૬૮૫ક) સહસફણા પાર્શ્વજિનસ્તો૦ (ઐ.) કડી ૫ સં. ૧૭૦૧ માગશર શુદ ૬ ... યા ... ગ. શાહપુરમાં.

આદિ— દૂહા.

શ્રી સુખકારણ જગપતિ, પ્રણુમી જગજીવન,
સહસફણા જિન **પાસનું**, રચસુ સરસ તવન. ૧ × ×
સંવત **સતર એકડોતરઈ**, પ્રતિષ્ઠા હો કરિ મોટઈ મંડાણુ,
માગસિર સુદિ છઠિ તિથિ ભલી, સોમવાર હો ખરચી દ્રવ્ય અનેક,
જિનવર **સહસફણા** તણી, કરાવિ હો પ્રતિષ્ઠા સુવિવેક. ૪૨
ગુજર દેશથી ગચ્છપતી તેડયાં ત્યાં હો **સાહપૂર** મઝારિ,
પ્રતિષ્ઠા જિન **પાસની**, કરાવિ હો નિજભવ-હિતકાર. ૪૩
પોરવાડવંશ પ્રભાકરો, **વુહરા પુંજા** હો પુત્ર **રવજી** નામ,
દ્રવ્ય મંડાણુ ભાવિ કરી, પ્રતિષ્ઠા હો કીધી **સાહપુર** ગામિ. ૪૪

કલસ.

ઇમ **પાસ** જિણવર નમિત સુરવર, કઠિન કર્મ નિવારણો,
સેવતાં સંપતિ આપે શિવપદ સકલ-જનહિત-કારણો,
તુઝ નામ જપસ્યે કુમતિ વમસ્યે તારસિ તેહનેં જગધણી,
ગુણસીલ શિષ્ય **વિનયશીલ** જંપે દેવ દિં મતિ આપણી. ૪૫

—પં. પુણ્યવિજય લિ૦ (લ. સં. ૧૭૫૮ થી ૧૭૬૨) એક ચોપડો બે પત્ર જશ૦

(૧૬૮૬) ૨૪ જિનભાસ.

આદિ— ઢાલ મેરે સોદાએગરકી.

તું મુઝ સાહિબ હું તુઝ બંદા, અપર પરંપર પરમાનંદા,
હો નિર્જિતમોહમનોભવફંદા, ભવિજન-મન-કૈરવકા દંદા હો. ૧ ××
તુજ ગુણ નિસિદિન જપત સુરિંદા, પઢતે જસ અકુલાત ફણિંદા હો,
ગિરિતટ-વૃક્ષવાસી જે મુનિંદા, ધ્યાવત તુઝ પદ સહજ દિણુંદા હો.
તુઝ પદ-કમલ વદન-અરવિંદા, પૂજત દેખત નાંહિ મતિમંદા હો,
વિનયશીલ પ્રભુ **આદિ** જિણુંદા, હું તુઝ સેવક નહીં આપ
છંદા હો. ૩ તું.

૨૪ રાગ ધન્યાસીરી.

વીર જિણુંદ વૈરાગીયા, **પાવાપુરી** મુગતિં પહુતારે,
આપણુપેં ગયા એકલા તિહાં **ગૌતમ** સ્વામિ ન હૂંતારે. વીર. ૧
માલવ ઝાલી પૂછતા, **વીર** ! કેવલ મુઝને આપોરે,
પૂજ્ય પદવી દ્યો આપણી, **વીર** ! નિજ પાટિં મુઝ થાપોરે. વીર. ૨
લોક રીતિ તેં પરિહરી, **વીર** ! મુઝને છેહ દેખાડ્યોરે,
મૈં રંગ જાણ્યો સાસતો, મોનેં ભોલે ભામે પાડ્યોરે. વીર. ૩
બાલિકની પરિ બરકનુ, **વીર** ! જાણ્યું કેડિં થાસ્યેરે,
ઉજાતો રડતો પડતો, મુંને મુંકીને કિમ જાસ્યેરે. વીર. ૪
હું નહીં તાહરો તું નહીં માહરો, કહિતાં દોલતિ પાઇરે,
વિનયશીલ કહે સકલ સંઘનૈ, **વીર** જિણુંદ સહાઇરે. વીર. ૫

—પરમસુશ્રાવક...ભક્તિકારક **દોસી સહજપાલ** સુત **દો૦** ખાતરા દો૦ વછરાજ દો૦ સુમતિદાસ દો૦ અજરામરપદનાર્થે. ૮-૧૩ નં. ૪૦૮ મ૦ જૈ૦ વિ૦

---

૨૯૨ જ્ઞાનસાગર (૧) (આં. માણિક્યસાગર શિ) (૨-૫૭)

(૫૮૫)+ શુકરાજ રાસ સં. ૧૭૦૧ પાટણ (૨-૫૭)

-(૧) સં. ૧૭૪૩ પોષ માસે કૃષ્ણપક્ષે ૯ દિને બુધવાસરે શ્રીમદેંદ્રગોપમેય શ્રી પત્તનપુરે ફોફલીયાવાડા મધ્યે. શ્રીમદ્ ગચ્છાધિરાજ શ્રીમત્તપગછે શ્રીમદ્ ગચ્છાધિપત્તિ શ્રીમન જૈનધર્મોદ્યોતકરમાર્તંડાન્ ગચ્છનાયક **હીરરત્ન** સૂરિ તચ્છિષ્ય પંડિત શિરોમણિ સકલ-લબ્ધિપાત્રથી લબ્ધિરત્નજી તચ્છિષ્યોત્તમ મહોપાધ્યાય શ્રીમદ્ રાજસભાશૃંગાર ઉપાધ્યાય શ્રી ૫ શ્રી સિદ્ધિરત્નજી તત્ શિષ્ય મહાધ્યાત્મ-જ્ઞાનધારક અનેકભવ્યજીવપ્રતિબોધદ ગણેશગજેંદ્રાન્ પ્રભૂ શ્રી ૫ શ્રી મેઘરત્નજી તચ્છિષ્યોત્તમ સકલ સાધુ શિરોમણિ સચ્ચારિત્રપાત્રાન્ દ્વાદશતપોવિધિવિચિત્રાન્ ગણેશશ્રી અમરરત્નજી તત્ શિષ્ય સકલ વિદ્યાગર બુદ્ધિસાગર અનેકલાવણ્યયુક્તાન્ સમઆગમજ્ઞાનપ્રવિણ

મહામુનેંદ્ર ગણેશ પ્રભૂ શ્રીપ શ્રી **શિવરત્નજી** તચ્છિષ્ય આજ્ઞાકારી મુનિ **ઉદયરત્નેન** લિપિચક્રે. ૩૩–૧૩ ખેડા ભં. નં. ૩ (૨) સં. ૧૮૭૮ના અષાડ શુદિ ૫ તીથૌ વાર બુધે લ૦ ખેટકપુર મધ્યે રસુલપરામાં ઋષભપ્રસાદાત્ પં. હંસરત્ન શિ. સહજરત્ન શિ. ગુલાબરત્ન શિ. ધીરમરત્ન શિ. મુનિ લલિતરત્ન લિ૦ ૬૭–૧૨ ખેડા નં. ૩

(૫૮૬) ધમ્મિલ રાસ સં. ૧૭૧૫ (૨–૫૯)

—(૧) ગા૦ ૪૦૨ ત્રણ ખંડ સર્વ ગાથા ૧૦૦૬ સુભાષિત ૨૦ ગ્રં. ૧૬૩૫ ૩૫–૧૬ ખેડા. ભં. ૩ (૨) નં. ૧૪૧૪ સન ૧૮૮૭–૯૧ ભાં. ઈ.

(૫૮૭) એલાયચી કુમાર ચો. સં. ૧૭૧૯(૨૧) (૨–૬૧)

—(૧) પં. લબ્મીવિજય શિ. **હેમરાજેન** લિ. **સિદ્ધક્ષેત્રે** સં. ૧૮૦૩ માર્ગશીર્ષ વદિ ૧૩ શનૌ ૮–૧૬ પો. ૪૦ નં. ૨૦૩ ઝીં. (૨) મહો. પં. લાવણ્યવિજય શિ૦ પં. નિત્યવિજય ગણિભિઃ શ્રાવિકા માણિકબાઇ પઠનાર્થે સાધ્વી માણિક્યશ્રી શિષ્યણી સાધ્વી પ્રેમશ્રી વચનાત્ સં. ૧૭૪૫ વૈ. શુદિ ૨ શુક્રે શ્રી **સૂરતિ** બંદિર મધ્યે। નં. ૨૩૭૦ મુક્તિ૦ (૩–૪) મુનિ ન્યાનસાગર ગણિ લિ૨ ભુજપુર મધ્યે ૭–૧૫ નં. ૪૩૫ તથા લીંબડી મધ્યે મુનિ ધર્મ્મહર્ષ ગણિ લિ. ૧૦–૧૪ પ્રથમનાં બે પત્ર નથી નં. ૪૩૬ મ. જૈ. વિ. (૫) સં. ૧૮૬૫ મૃગસીર વ. ૬ શુક્રે લ. મુનિ કુસલવિજયેન વડાલિ નગરે ૧૧–૧૧ ઇડર ભં. (૬) સં. ૧૮૫૦ શાકે ૧૭૧૫ માઘ વસંત ઋતુ વ. ૪ ભોમે લિ. ઋ. દેવજી મહવા બિંદરે લ. હસ્ત નક્ષત્રે મધ્યાંન સમય ૭–૧૬ દા. ૪૫ નં. ૧૫ સંઘ ભં. પાલણપુર. (૬–૧૦) વા૦ લાલચંદ્ર ગણિ તત્ શિ. દાનચંદ્ર ગણિ મુનિ **વિમલચંદ્ર** લિખિતં નવાનગર મધ્યે ૯–૧૩ દા. ૨૨ નં. ૨૬; ૧૦–૧૨ દા. ૨૨ નં. ૧૩; સં. ૧૭૭૦ અંચલગચ્છે ભ૦ વિદ્યાસાગર સૂરિ રાજ્યે વા. સહજસુંદર શિ. મુનિ **નિત્યલાભેન** લિ૦ રાજનગર મધ્યે માહ વદિ ૧૩ સોમે સા વાછડા પુત્ર સા. ધર્મચંદ પઠનાર્થ ૧૧–૧૨ દા. ૨૦ નં.

૧૬; સં. ૧૭૨૭ કા૦ વદિ ૯ ગુરૌ શારીપુરે પં. ધનવિમલ લ૦ શિ. દેવવિમલ શિ૦ લબ્ધિવિમલ વાચનકૃતે ૧૮-૧૪ દા. ૨૦ સીમંધર. (૧૧) ૬-૧૭ દા. ૧૩ ધોધા ભં. (૧૨-૧૩) સર્વ ગાથા ૧૮૭ સં. ૧૭૯૮ ચૈ. વદિ ૧૦ સોમે કડુસણ ગ્રામે પં. અમરવિજય ગણિ શિષ્ય ભાઈ નથુજી લ૦ ૧૨-૧૩ દા. ૭ નં. ૮૫, સં. ૧૭ ૧૮૦૦ વર્ષે આસાઢ વદિ ૭ પં. જીનસાગર લ૦ મુ. મુહનવિજય પઠનાર્થં વાચનાર્થં. ૧૦-૧૩ દા. ૬ નં. ૨૭ ખેડા ભં. ૧ (૧૪-૧૭) સં. ૧૭૩૦ માહ શુદિ ૧૩ રવૌ પુષ્પ નક્ષત્રે રાજનગર અહમ્મદાવાદ મધ્યે પં. વિદ્યાચંદ્ર શિ૦ પં. ઉત્તમચંદ્રેણા લિ. ૧૪ -૧૬; ભ. વિજયમાન સુરિ શિ૦ ગણિ આણંદવિજયઃ સ્વવાચનકૃતે સં. ૧૭૬૯ આ૦ સુદિ ૫ રવૌ શ્રી શાંતિનાથની રક્ષા ૮-૧૫; ખંભાયતિ બિંદરે સં. ૧૭૬૫ ૫-૧૬; સં. ૧૮૧૦ ભા. શુદિ ૧૦ ગુરૌ લિ. ઋ. હેમચંદ શિ૦ ઋ. કલ્યાણજી આત્માર્થે સિહાણી મધ્યે ૪-૧૯ ખેડા ભં. ૩ (૧૮) પં. શ્રીચંદ મુનિ લિપતં. ૮-૧૩ નં. ૨૧ પાદરા (૧૯) પત્ર ૧૭ પો. ૬૭ જય. (૨૦) પત્ર ૯ પો. ૨ ચતુ. (૨૧) પ્રતિ ૧૯મી સદીની પત્ર ૯ પો. ૭૯ નં. ૧૯૬૦ જિ. ચા. (૨૨) સં. ૧૭૩૬ આસો વ. ૧૦ લિ. પં. તિલકસાગરેણ સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા બીબી કમનુ પઠનાર્થં ૧૫-૯ પો. ૧૨૭ મો. સુરત. (૨૩) ૬-૧૩ પો. ૧૯ વડા ચૌટા ઉ. (૨૪) સં. ૧૭૭૯ જ્યે. વ. ૫ કઠારિઆ નગર મધ્યે પં. ચતુરસાગર શિ. પં. લાલસાગર શિ. વિશેષસાગર લિ. પત્ર ૧૫ નં. ૮૯૧ પ્ર. કા. (૨૪) પં. નિત્યવિજય શિ. ગ. જયવિજય લ. સં. ૧૭૬૮ વિર્મગામ મધ્યે ૧૩-૧૨ દા. ૮ નં. ૨૬ મો. મો. સાગરઉ. પાટણ (૨૫) નં. ૨૪૨ સને ૧૮૮૨-૩ ભાં. ઈ. (૨૬) સં. ૧૯૨૯ ફા. શુ. ૬ મંગલ પાટણ વાગલ પાડા મધ્યે ઋષભ પ્રસાદાત્ લિ. જગજીવન. પાટણ. (૨૭) સં. ૧૭૩૬ ચૈત્રાદિ વર્ષે ચૈ. શુ. ૧૨ શુક્રે વઢવાણ મધ્યે લિ. ઋ. ધનજી શિ. ઋ. જસવંત નારાયણેન લિ. વિદ્યાશાળા અમ.

(૫૮૮)શાંતિનાથ રાસ સં. ૧૭૨૦ પાટણ (૨–૬૩)

–(૧–૨) ગ્રંથાગ્રંથ ૨૨૧૫–પત્ર ૮૩–૧૨ દા. ૬ પ્રત નં. ૩૮ સં. ૧૭૫૩ જ્યેo વદિ ૯ ગુરૂવાસરે રાજનગરે તપગછે લિપિ કૃતૌ **ઉદયરત્ન હંસરત્નાભ્યાં.** ખેડા ભં. ૧ (૩) સર્વ ગાથા ૧૪૧૬. ગ્રં. ૨૨૦૫ ૮૨–૧૧ દા. ૨૦ નં. ૮ સીમંધર (૪) સર્વ ગાથા ૧૪૩૫ શ્લોક ૨૨૦ સં. ૧૮૦૭ ફા. શુ. ૩ આદિત્યે ભo દાનરત્ન સૂરિ–પં. કલ્યાણરત્ન મુ. પ્રેમરત્ન લિ. ખેટકપુર **ભીડભંડન** પ્રસાદાત્ ૫૯–૧૩ દા. ૩૨ નં. ૧૫૫ ઝીં. (૪) ૫૨–૧૫ નં. ૪૮૯ લા. (૫) ૪.૮–૧૫ પો. ૧૨૭ મો. સુરત (૬) સં. ૧૭૩૫ કા. શુ. ૫ ગુરૂ **માણિક્યસોમ** લo શ્રાવિકા **શાણી** પઠનાર્થં પત્ર ૬૩ દા. ૧૧૨ નં. ૪ શાંતિ. ખંભાત (૭) સકલમંગલીકમહોપાધ્યાય શ્રી યશોવિજય (૨૯૦ નં.) શિ. પં. ગુણવિજય શિ. ગ. કેસરવિજય લિ. સં. ૧૭૬૪ પો. શુ. ૩ **અમ્મદપુર** ચોમાસું પત્ર ૬૪ નં. ૬૬૨ પ્ર. કા. (૮) સં. ૧૭૯૨ ફા. કૃ. ૧૩ શનૌ. વિદ્યાશાળા અમદાo

(૫૮૯) ચિત્રસંભૂતિ ચોપઇ. સં. ૧૭૨૧ પો. શુ. ૧ (૨–૬૪)

હોડિ કરઇ જે માહરી, જગિ નહીં તેહવો કોઇ. ૧૧
ઇમ સહુકોનઇ અવગણી, જલનિધિ બોલ્યો જામ
ભામ સહુની રાખવા, કુંભ કહ(ઇ)છઇ તામ. ૧૨

અંતે— ઢાલ.

વિસ્તરિયા ઇમ જિનવર ઉવએસડારે, પેખિ પેખિ કલસ નઇ સિંધરે

× × × ×

ઇમ એ અચરિજ કારણ જાણી આચર્યોરે, **સાયર કલસ** સંવાદરે.
સાંભલતાં સાંભલતાં સહુ કોનઈ કૌતિગ ઉપજઇરે,
ટલઈ ટલઈ બહુ વિષવાદરે ૨૬૭ વિ૦

વિદ્યા મુનિવર શશધર મિત સંવત્સરઇરે ૧૭૧૪ દીપમહોત્સવ દીસરે
પુરવર પુરવર **રાધનપુર** માહિ રચ્યોરે
પુહતી પુહતી સંઘ જગીસ રે. ૨૬૮ વિ૦
તપાગચ્છનાયક જેસિંઘજી ગુરૂ પાટવીરે,
શ્રીવિજયદેવ સૂરિરાયરે,

નરપતિ નરપતિ ઈદલસાહ જેણિં રીઝવ્યોરે
જગિ જસ સુજસ ગવાયરે. ૨૬૯ વિ૦
ગયણંગણિ દિણયર પરિ તેજિ વિરાજતોરે,
ઊગ્યો ઊગ્યો તેહ તણઈ તાટિરે
જગપતિ જગપતિ રાણ જેણિં પ્રતિબોધિઉ રે
તારિ તારિ નરવર થાટ રે. ૨૭૦ વિ૦
સંવેગી સુવિહિત મુનિ મનડામાં વસ્યોરે
શ્રી **વિજયસિંહ** સૂરિંદ રે
જેહ તણઇ જેહતણઈ નામ જપંતાં સંપજઇ રે
દિન દિન પરમ આણંદ રે. ૨૭૧ વિ૦
તાસ સીસ ગુરૂ-રાગઈ રંગઈ ભર્યોરે
ઉદયવિજય ઉવઝાયરે.
તિણ એહ તિણ એહ સયણ વિનોદ ભણી કર્યોરે,
પાસ જિણિંદ પસાયરે. ૨૭૨ વિ૦
—૧૧-૧૫ જશ.

(૭૩૨) શ્રીપાલ રાસ સં. ૧૭૨૮ કીસનગઢ (૨-૨૫૫)
—(૧) સં. ૧૭૯૩ કા. કૃ. ૫ લિ. **પાટણ**મધ્યે દા. ૭૯ નં. ૩૩ હા. (૨) પ્રે. ર. ભાવ. (નં. ૩૦ વે૦)

(૭૩૩) રોહિણી રાસ (૨-૨૫૭)

આદિ— પં. શ્રી જયવિજયગણિ ચરણકમલેભ્યોનમઃ દૂહા.
શ્રી જિન-મુખકજ વાસની, શ્રુતદેવી પ્રણમેવ
રોહિણ તપ મહિમા કહું, સુણ ભવીયણ સંખેવ. ૧
દુસ્તપ તપ જે આદરઈ, દુરિત નિવારઈ તેહ
પૂણ્ય તણી વૃષ્ટિજ હોવઇ, જિમ આસાઢો મેહ ૨
કર્મ નિકાચિત જે હોવઈ, તે પણ તપઈ પલાય,
લબ્ધિ સિદ્ધિ બહુ રિદ્ધ જે, તે પણિ તપથી થાય ૩
સોભાગી તપથી હોવઇ, માનવમાં શિરદાર
તેણ ઇહાં તપનો ભણું, સુવિસેષઈ અધિકાર ૪

અંતે—

શ્રી **વિજયદેવસૂરી** ગછ કે રાયા, તેહના પાટ દીપાયાજી
તે શ્રી **વિજયસિંહ** મન ભાયા, ગોતમ ગુણે કહાયાજી. ૨૩૨
તસ સીસ **ઉદયવિજય** ઉવજ્ઝાયા, દિન દિન નૂર સવાયાજી
લીલા લખમી વાંછિત પાયા, મંગલ તુર વાજાયાજી ૨૩૩

—**ઉદયવિજયગણિ** શિ. પં. **નયવિજય** ગણિ શિ. પં. **ભાણવિજય** ગણિ શિ. કલ્યાણવિજય લિ. સં. ૧૭૮૩, ૫-૧૫ દા. ૮૧ નં. ૩૨ હા૦

(૭૩૪-૧) શંખેશ્વર પાર્શ્વનાથ સ્ત. ૧૮૫ કડી (૨-૨૫૭).

આદિ—

કલાવંત કવિ કેલવઈ, કૌતુક કોડાકોડિ
વદઇ વાદ વાદી વડા માની મૂંછ મરોડિ. ૧

—(૧) ૭-૧૧ દા. ૧ વિમલગચ્છ ભંડાર વીજાપુર (૨) સં. ૧૭૬૫ પ્ર. વૈ. શુ. ૧૫ લિ ૭-૧૦ દા. ૮૨ નં. ૮૬ હા.

(૭૩૪-૨) શંખેશ્વર જિનરાજ ગીતા (૨-૨૫૮)

આદિ—

સકલ મંગલ તણી કલ્પવેલી, તીર્થંકર લચ્છિની જે સહેલી
સરસતિ વરસતિ સરસ વાણી, આપ હેતુ હિતે ચિત્ત જાણી. ૧

—(૧) ૩-૧૧ દા. ૮૩ નં. ૧૭૭ હા. (૨) ૪-૧૧ દા. ૮૨ નં. ૧૫૫ હા. (૩) ૨-૧૨ દા. ૮૩ નં. ૩૮ હા. (૪) પત્ર ૪ ગો. ના. (૫) ૧૭૫૯ **પાટણ** નગરે લિ. પત્ર ૧૩ થી ૧૫ ચોપડો જશ.

(૭૩૫) ઉત્તરાધ્યયન ૩૬ અધ્ય૦ ૩૬ સ૦ લ. સં. ૧૭૨૬ (૨-૨૫૮)

એ સવિ ભાવ જિણેસરે રે ભાખ્યા ભવિહિત-કાજિ,
સુધા સદ્દહતાં થકાંરે, પામીજે અવિચલ રાજ. ૭
શ્રી વિજયદેવ સૂરીસરૂરે, પટ્ટ પ્રભાવક સીહ
વિજયસિંહ મુનિરાજીઓરે, સુવિહિત ગણધર લીહ. ૮

તાસ નામ સુપસાઉલેરે, એ છત્રીસ સઝાય
ઉદયવિજય વાચક ભણેરે જેહ થકી નવનિધિ થાય. ૯
પરમારથ પરિચય કીજીએ.

—(૧)ભ૰ વિજયદેવ સૂરીશ્વર શિ૰ પં. મતિવિજયેન લિ૰ સં. ૧૭૨૬ પો. ૬૪ મં. જૈ. શ્વે. ભં. જયપુર શહેર (૨) સં. ૧૭૩૨ માગશર શુ. ૨ સોમે લ૰ રાજનગરે બાઇ રહીઆ લખાવીતં પોતાનઈ જાણવાનઈ કાજઇ ૧૨-૧૧ દા. ૮૩ નં. ૧૬૯ હા. (૩) ૧૮ પત્ર જશ. (૪) ૧૧-૧૪ દા. ૮૩ નં. ૮૪ હા. (૫) સં. ૧૮૦૨ વૈ. શુ. ૮ ઔરંગાબાદ પત્ર ૨૮ પો. ૮૩ નં. ૨૧૫૫ જિ. ચા. (૬) ૧૨-૧૫ નં. ૩૩૫૦ જૈનાનંદ.

(૭૩૫-૨) ૨૦ વિહરમાન જિન ગીતાનિ (૨-૨૫૮)

આદિ— આજ લગે ધરિ અધિક જગીસ એ દેશી

શ્રી સીમંધર જિન ગુણધામ, પ્રહ ઉઠી તુઝ કરૂં પ્રણામ
મંત્ર જાપ મોટો તુઝ નામ, જેહથી સફલ હોઇ સવી કામ ૧

અંતે— ઢાલ ૨૧ રાગ ધન્યાસિરિ શાંતિજિન બાલકઇ જાઉ એ દેશી.

× × ×

તપગણ ગિરૂઆ ગુરૂ સોહે, ગુણમણિ આરોહેજી,
વિજયદેવ સૂરી મન મોહે, ભવિયણને પડિબોહેરે. ૪
તાસ પટોધર સુરિસવાયા, વિજયસિંહ મુનિરાયાજી
વિનયી ઉદયવિજય ઉવઝાયા, તિણિએ જિનગુણ ગાયાજી. ૫
શ્રી જિનવરગુણ-ચંપકમાલા, કંઠિ ધરઉ સુવિશાલાજી,
ગુણવંતી ધરણી સુકુમાલા, ધરિ લહો રંગ રસાલાજી. ૬
કચરાસુત તારાચંદ છાજઈ, રૂપચંદ સુત રાજઇજી,
તાસ વચનથી સબલ દિવાજઈ, કર્યાં ગીત ગુણ ગાજઇજી. ૭

—સં. ૧૭૪૯ ચૈત્ર વદિ ૧૧ ગુરૂ ૮-૧૧ દા. ૮૩ નં. ૧૭૦ હા.

(૧૭૮૩ક) વિમલાચલ સ્ત૦ ૨૬ કડી

શ્રી આદીશર બોલગુરે સો વીનતડી અવધારે રે જિણંદરાય × ×

કલસ

છય સકલ-મંગલ-વેલિ-કાનન સકલ-પુષ્કર-જલધરો
શ્રી **નાભિ** નરવર વંશદિનકર પરમગુણ-રયણાયરો,
શ્રી **વિજયદેવ** સુરિંદ પટધર, **વિજયસિંહ** મુણીસરો
તસ સીસ વાચક **ઉદયવિજય**ઇ સંથુણ્યો શ્રી જિનવરો ૨૬
—પં. વૃદ્ધિકુશલ ગણિના લિખિતં. હા૦

---

૩૫૬ કુશલધીર (ખ. કલ્યાણલાભ શિ.) (૨-૨૫૯)

(૧૭૮૪) શીલવતી ચોપઇ સં. ૧૭૨૨ સાચોરમાં

—સં. ૧૭૪૪ પ્રથમ આષાઢ સુદિ ૧૦ શુક્રે ફુલવર્દ્ધિ મધ્યે લિ. પત્ર ૨૧ નં. ૩૯૦૦ અભય૦

(૧૭૮૫) રાજર્ષિ કૃતકર્મ ચોપઇ સં. ૧૭૨૮ સોઝિત (સોજત)માં

લ. સં. ૧૭૨૮ ફા. શુ. ૭

આદિ— ऐं नमः ॥

પરમપુરૂષ પરમેષ્ટિ પય, પ્રણમું પરમાનંદ
સેવકજન સુખ પૂરવઇ, પરતખિ સુરતરૂકંદ ૧
વાગેસરિ પ્રણમું વલી, કવિયણ કેરી માય
સુપ્રસાદિ કવિતા કરઇ, કવિતકલા દીપાય ૨
તિમ વલિ સગુરૂ મયા કરી, આપો વચન જુગત્તિ
જિહિં પ્રસાદ કરૂં ચઉપઇ, નવરસ ભેદ જુગત્તિ ૩
પુણ્ય ક્રિયઉ પરગટપણઇ, પૂરવ ભાવિ કૃતકર્મ
તેહ થકી પામ્યા તિણઇ, ઇહ પરભવ બહુ સમ્મ ૪
સુણો ભવિક સંબંધ હિવ, તેહ તણઉ સુવિસાલ
આદર ધરિ આણંદસું, એ સંબંધ રસાલ ૫

અંતે—

રાજરિષીસર કૃતકર્મ હિવઇ રે લેઇ સંજમ ભાર
છઠ આઠમ દસમાદિક તપ કરઇ રે જાણી અથિર સંસાર ૧ રાજ૦ × ×

સંવત સતરહ સય અઠાવીસમઈ રે, સોઝિત નગર મઝાર
અરમનાથ જિનવર સુપસાઉલઇ રે એ ચઉપઇ રચીય ઉદાર. ૭ રા૦
શ્રી ખરતરગછિ ગરૂઅઉ ગછપતી રે, શ્રી જિનમાણિક સૂરિ
પંચ-નદીસાધક કહીયઇ પરગડઉ રે, નિલવટિ ચઢતઇ નૂર. ૮ રા૦
શિષ્ય કલ્યાણધીર વાચક તેહના રે, પારિખ વંસ પ્રસિદ્ધ
કલ્યાણલાભ વાચક શિષ્ય તેહના રે, નાંમિ લઇ નવનિદ્ધિ. ૯ રા૦
તસુ પદપંકજ મધુકર દાખીયઇ રે, શ્રી કુશલધીર ઉવઝાય
તપ અધિકારઇ તિણઇ કહી ચઉપઇ રે, સજ્જનજન સુખદાય. ૧૦ રા૦
શિષ્ય ધ્રમસાગર અતિ આગ્રહ કરી રે, રચના એ સુરસાલ
ભણતાં ગુણતાં સાંભલતાં છતાં રે, હુઇ ગૃહ મંગલમાલ. ૧૧ રા૦

—ગ્રં૦ ૬૧૭ સં. ૧૭૨૮ ફ. સુદિ સપ્તમ્યાં પં. ધ્રર્મસાગર મુનિના લેખિ શ્રી સોઝિત મધ્યે ૧૬-૧૭ નં. ૪૦૨ મ. જૈ. વિ૦ (કર્ત્તાના શિષ્યનીજ રચના સમયે લખેલી છે)

(૭૩૭) ભોજરાજા ચોપઇ સં. ૧૭૨૯ સોઝતમાં (૨-૨૬૦)

શ્રી જિનચંદ્ર સૂરિગુરૂરાજૈ, રચ્યૌ રાસ સુખકારી એ
શિષ્ય ધ્રમસાગર આગ્રહ કરિજૈ, આ રચી વાત સુખ ધરિને એ
દાન તણૈ અધિકાર દીપાઇ, કહીય કથા ચિત લાઇ એ
ઇમ જે દાન સુપાત્રે દેસૈ, વંછિત ફલ તે લહસ્યૈ એ
દાન તણા ફલ એહવા દેખી, દીયો દાન સુવિવેકી એ

—(૧) સર્વ (૫) પ્રસ્તાવ મિલિને સર્વ ગાથા ૨૦૫૯ સર્વ ખંડ ઢાલ ૬૫ ગ્રં૦ ૩૦૧૮ સં૦ ૧૮૨૩ શાકે ૧૬૮૮ આસાઢ શુ. ચતુર્દશી સોમે લિ૦ ઋષિ અમીધર શિ. ઋષિ વાલ્હજી શિ. રિષ રિણજીત જેઠમલ પઠનાર્થ મકસુદાબાદ અજીમગંજ ગંગા ભાગીરથી તટે ૬૧-૧૯ દા. ૪૬ નં. ૨૮ સંઘ ભં. પાલણપુર (૨) નં. ૩૧૧ સને ૧૮૮૨-૩ ભાં. ઇ. (૩) પત્ર ૧૦૨ નં. ૮૩ બો. વીકા. (૪) સં. ૧૭૬૫ પો. શુ. ૧૦ ફલોધી ચોમાસું વા. સોમનંદન શિ. નયભદ્ર લિ. પત્ર ૩૭ પો. ૧૩ જય. (૫) પત્ર ૭૬ બાંઠીઆ બીનાસર

અંતે—

(૧૭૮૫ ક) ઉદ્યમ-કર્મસંવાદ પ્રસ્તાવન સં. ૧૬૯૯ કીસનગઢ

ઉદ્યમ કર્મ બિહું તણુઉ, સૂરિરાય સિરતાજ
ન્યાય નિવેઅઉ ઇમ વિમલ, યુગવર શ્રી જિનરાજ. ૩૬
સંવત સોલ નિન્યાણુવૈ, કિસનગઢે સુખકાર
ઉદ્યમ-કર્મસંવાદ ઇમ, કહઇ ધીર અણગાર. ૩૭
ધરમ ધુરંધર સુઘડ અતિ, શ્રાવક સચ્ચીદાસ
આગ્રહ તેહને ઇમ કહે, કુશલધીર સુપ્રકાશ. ૩૮

—ગુટકો નં. ૯૦ નાહટા.

(કલ્યાણલાભ ભણુસાલી ગોત્રીય હતા અને તેમના શિષ્ય આ કવિએ સ્વશિષ્ય ભાવસિંહના આગ્રહથી પૃથ્વીરાજ કૃષ્ણવેલી પર બાલા સં. ૧૬૯૬ વિજયાદશમી ગુરૂએ, અને રસિકપ્રિયા પર રાજસ્થાની ભાષામાં વાર્તિક સં. ૧૭૨૪ માગશર પૂર્ણિમા દિને જોધપુરમાં રચેલ છે.)

---

૩૫૬ (આ નં. બેવડાયો છે) કનકનિધાન (ખ. ચારૂદત્ત શિ.) (૨-૨૬૩).

(૭૩૮) રત્નચૂડ ચોપઈ સં. ૧૭૨૮ (૨-૨૬૩)

—(૧) સં. ૧૭૬૧ વૈ. શુ. ૩ વત્તૂ નગરે ૧૩ પો. ૮૦ નં. ૨૦૦૩ જિ. ચા. (૨) સં. ૧૭૯૧ કા. વ. ૯ વા. અભયકુશલ શિ. પં. કિસનાજી શિ. પં. જયહેમેન લિ. ૨૩-૧૫ અનંત નં. ૨ (૩) સં. ૧૮૧૦ ચૈ. વ. ૧ જિનભદ્ર સૂરિ શાખાયાં મહો૦ રાજસાગર ગણિ શિ. મહો૦ ગુણસુંદર ગણિ શિ. પં. નયવિજય ગણિ પં. મયાવલ્લભ શિ. પં. જ્ઞાનવિજય લિ. ઝઝૂ નગરે ૧૮-૧૫ અનંત. નં. ૨ (૪) સં. ૧૮૧૨ પો. વ. ૧૦ મુનિ ગંગવિજય લિ. ૨૨-૧૪ પો. ૬૭ યશોવૃદ્ધિ. (૫) સં. ૧૮૧૫ માગ. વ. ૧૨ ભુવનવિશાલ

લિ. પત્ર ૨૦ પો. ૮૨ નં. ૨૦૭૦ જિ. ચા. (૬) ગ્રં. ૮૦૦ લિ. દુર્ગવિજય ગાંમ ભોઇયાત્રા મધ્યે સં. ૧૮૫૫ મૃગસર વ. ૧૩ લ. ૨૨-૧૫ નં, ૨૪૧૮ મુક્તિ૦ (૭) ૨૦-૧૪ કલ૦ સં. કૅા. કૅટે. વૉ૦ ૧૦ નં. ૧૧૮(૧) પૃ. ૨૩૯ થી ૨૪૧.

---

૩૫૭ મતિકુશલ (ખ. મતિવલ્લભ શિ.) (૨-૨૬૫)

(૭૩૯) ચંદ્રલેખા ચોપઇ સં. ૧૭૨૮ (૨-૨૬૫)

—(૧) સં. ૧૭૪૫ જે. શુ. ૪ **ધડસાસર** મધ્યે વા. **પદ્મનિધાન** શિ. **પદ્મસિંહ** લિ. પત્ર ૨૧ પો. ૬૯ જય. (૨) સં. ૧૭૬૮ ફા. ૨ બુધે ૧૪-૧૯ દા. ૭૨ નં. ૬૮ સંઘભં. પાટણ (૩) સં. ૧૭૭૧ કા. વ. ૩ ગુરૂ ઋ. **જોગા** શિ. **દેવજી** લિ. પત્ર ૧૭ વીકા. (૪-૬) સં. ૧૭૭૧ જ્યે. શુ. ૯ ભોમે **પટ્ટણા** મધ્યે લિ. ૮૦-૮ નં. ૬૬-૫; ૧૫-૨૦ નં. ૧૨-૯; તથા ૧૬-૧૫ નં. ૧૩-૨૪ ગુ. (૬) સં. ૧૭૮૯ માગ. વ. ૩ **રિણી** મધ્યે **સુખહેમ** લિ. પત્ર ૧૬ પો. ૮૨ નં. ૨૦૬૧ જિ. ચા. (૭) સં. ૧૭૯૯ ચૈ. શુ. ૧૩ શનિ **કુંડલ** ગ્રામે લિ. પં. **મોટાકેન** ૨૭-૧૪ અનંત નં. ૨ (૮) સં. ૧૮૦૪ પત્ર ૨૦ નં. ૧૯૪ ક્ષમા. (૯) સં. ૧૮૧૪ ચૈ. કૃ. ષષ્ટી ૧૧ બુધે ગુંડલ ગ્રામે પુજ્ય ઋ. **તીલકચંદજી** પુ. ઋ. **ભવાનજી** શિ. **નાંનજી** પઠનાર્થે વેરાગી **ભાંણજી** આત્મા અરથે લખુ છે ૨૨-૧૫ નં. ૨૪૧૬ મુક્તિ. (૧૦-૧૧) સં. ૧૮૧૬ કા. શુ. ૧૦ લિ. ગામ કડોલી મધ્યે ૩૪-૧૭; સં. ૧૭૭૫ કા. વ. ૧૩ શુક્રે ઇંનલા ગ્રામે લ. **નગજી** વાચનાર્થં ૨૩-૧૭ નં. ૧૯૯ ઇડર ભં. (૧૨) સં. ૧૮૧૯ ફા. વ. ૮ લિ. ઋ. **રાઘજી** **સિવગઢિ** મધ્યે ૩૨-૧૨ નં. ૧૧૦ મુક્તિ. (૧૩) સુંદર ચિત્રો સહિત સં. ૧૮૩૩ મૃગશિર શુ. ૯ પૂજ્ય મહર્ષિ **હીરાનંદ** ઋ. **આનંદચંદ્રેણ** લિ. **મેડતાનગરે** ૧૯૧૭ ખેડા નં. ૨ (૧૪-૧૫) સં. ૧૮૪૬ શાકે ૧૭૦૨ ચૈ. શુ. ૧૧ શનિ લિ. **સુભટપુર** મધ્યે પં. **જૈતશી** લિ. ૨૩-૧૬; એક ૫૩ પત્રની પ્રતમાં ૧ થી

૨૫ પત્રમાં અનંત નં. ૨ (૧૬) સં. ૧૮૫૫ આ. પ્ર. શુ. ૧ શની ઈંદ્રાકપુર ગ્રામે લ. પં. મયારત્નેન ૨૭-૧૩ પો. ૩૮ નં. ૧૭૮ ઝીં. (૧૭) સં. ૧૮૭૦ જે. શુ. ૭ વિક્રમપુર મધ્યે પત્ર ૨૮ પો. ૩૬ મહિમા. (૧૮) સં. ૧૮૭૨ વૈ. વ. ૫ વીકાનેર મધ્યે સુમતિવિશાલ લિ. પત્ર ૫૭ પો. ૫૧ નં. ૯૭૧ કૃપા. (૧૯) સં. ૧૮૭૮ ચૈ. શુ. ૨ રંગપુરે કનકલાભ લિ.પઠનાર્થં સત્યરત્ન પત્ર ૨૫ પો. ૩૪ મહિમા. (૨૦) ૪૨-૧૧ નવી પ્રત નં. ૬૦૧ વીજાપુર જ્ઞા. મં. (૨૧) ૨૦-૧૫ સંઘ ભં. વીરમગામ (૨૨) વેણીદાસ લિ. પત્ર ૨૦ થી ૩૧ પો. ૮૭ મહિમા. (૨૩-૨૫) પત્ર ૩૧ પો. ૬૭; ગા. ૬૨૪ ઢાલ ૨૯ સં. ૧૮૪૮ વૈ. શુ. ૫ રવિ પત્ર ૫૭ પો. ૬૯; લિ. નયચંદ્રેન સાધ્વી હરખાં નિમિત્તે પત્ર ૨૫ પો. ૬૭ જય. (૨૬) પત્ર ૧૫ નં. ૨૦૪૨ જિ. ચા. (૨૭) પત્ર ૧૬ પો. ૬૭ જય. (૨૮) પત્ર ૧૯ ગા. ૬૨૪ પો. ૮૦ નં. ૧૯૮૬ જિ.ચા. (૨૯) પત્ર ૩૨ પો. ૪૫ દાન. (૩૦) પત્ર ૧૬ ગા. ૬૨૪ સં. (૧૭૬) દા. ૨૫ લી. (૩૧) પં. ખુસ્યાલચંદ લિ. ૨૫-૧૩ દા. ૭ નં. ૭૫ ખેડા ભં. (૩૨) ૧૭-૧૭ દા. ૨૦ નં. ૧૯ સીમંધર. (૩૩)

સવત **સતર સત્તાવનિ**, ભેટયા **ઋષભ** જિણંદ
ગુણસાગર મિહિ માહસું, મનમોજિ આણંદ. ૧
વારૂ નગર **વડાલીઇ**, આવ્યા મુંનીનિ સોજ
ચંદ્રલેહાની ચુપેઇ, લખી વાંચ્યાની મોજ. ૨
ગુણસાગર સૂરિ સાંનિધિ, **ચંદ્રલેહા ચરીતિ**
કોરાં પત્ર લખવા દીયાં, રાખી ઉત્તમ રીતિ. ૩

૨૮-૧૪ નં. ૨૦૬ ઈડર ભં. (૩૪) સં. ૧૭૬૪ ફા. શુ. ૩ ગુરૌ મુનિ મહિમસાગર ગણિ શિ. મુનિ **મતિસાગરેણ** લિ. દીવ બંદર મધ્યે વિદ્યાશાળા અમ.

---

૩૫૮ અને ૪૫૩ ઉદયસમુદ્ર (ખ. કમલહર્ષ શિ.) (૨–૨૯૮ અને ૫૯૦)

(૭૪૦ અને ૯૨૧) કુલધ્વજરાસ–રસલહરી સં. ૧૭૨૮ (૨–૨૯૮ અને ૫૯૦)

—બંને કર્તા અને બંને કૃતિ એકજ છે. ભૂલથી બેવડાયા છે.

---

૮૫૭ હર્ષવિજય (ત. વિજયદેવસૂરિ–સાધુવિજય શિ)

(૧૭૮૬)+પાટણ ચૈત્ય પરિપાટી સ્ત૦ ૯ ઢાલમાં સં. ૧૭૨૯ પાટણ

આદિ—

સમરીય સરસતી સામિનિ એ, પ્રણમી ગુરૂપાય
પાટણ ચૈત્ય પ્રવાડી સ્તવન કરતાં સુખ થાય. ૧

અંતે—

સંવત સતર ઓગણત્રીસે પાટણ કીધ ચોમાસ હો, જિનજી
વાચક સૌભાગ્યવિજય ગુરૂ, સંઘની પોહતી આસ હો, જિનજી. ૫
સાહા વિસુઆ સુત સુંદર, સાહા રામજી સુત વિચાર હો જિ૦
સુધુ સમયક્ત્વ જેહનૂ, વિનયવંત દાતાર હો જિન૦ ૬
ધર્મધૂરંધર વ્રતધારી, પ્રગટમલ્લ પોરવાડ હો જિ૦
તેહ તણી સાખે કરી, કીધી મેં ચૈત્ય પ્રવાડ હો. જિ૦ ૭
તવન તીર્થમાલા તણું, ભણે સુણે વલી જેહ હો જિ૦
યાત્ર તણું ફલ તે લહે, વાધે ધર્મસનેહ હો જિ૦ ૮
તવન તીર્થમાલા તણું, કીધૂ મેં અતિ ચંગ હો જિ૦
સાહા રામજીને આગ્રહે, મન ધરે અતિ ઉછરંગ હો જિ૦ ૯
શ્રી વિજયદેવ સૂરીસ્વરૂ, પટ પ્રભાકર સૂર હો જિ૦
શ્રી વિજયપ્રભ સૂરી જગ જયો, દિન દિન ચઢતે પૂર હો જિ૦ ૧૦
શ્રી વિજયદેવ સૂરીંદના, સાધુવિજય બુધ સીસ હો, જિ૦
સેવક હર્ષવિજય તણી, પુહુતી સયલ જગીસ હો. જિ૦ ૧૧

કલશ

ઇમિ તીર્થમાલા ગુણવિશાલા પવર પાટણ પુરતણી
મેં ભગતિ આણી લાભ જાણી થુણી યાત્રા ફલ ભણી
તપગચ્છનાયક સૌખ્યદાયક શ્રી વિજયદેવ સૂરીસરો
સાધુવિજય પંડિત સેવક હર્ષવિજય મંગલકરો.

—(૧) એક ચોપડો જશ. (૨) ૪-૧૩ જશ. (૩) પ્રકટ મુનિ કલ્યાણવિજય સંપાદિત પાટણ ચૈત્ય પરિપાટી શ્રી હંસવિજય ગ્રં. નં. ૨૮.

---

૩૫૯ વૃદ્ધિવિજય (ત. લાભવિજય શિ.) (૨-૨૭૦)

(૭૪૧)+દશવૈકાલિક ૧૦ અધ્ય૦ ૧૦ સઝાયો (૨-૨૭૦)

—(૧-૪) સં. ૧૭૮૬ પત્ર ૨ થી ૬ નં. ૨૯૦૬; પત્ર ૪ નં. ૨૨૧૭; પત્ર ૭ નં. ૩૩૦૫; અને લ. સં. ૧૯૧૨ નં. ૩૫૦૪ લીં. (૫) સં. ૧૭૬૭ આસો વ. ૧૦ સ્તંભતીર્થે ૬-૧૩ દા. ૮૩ નં. ૪ હા. (૬) શ્લોક સંખ્યા ૧૮૪ પ્રેમાપુર મધ્યે સં. ૧૭૮૧ કા. શુ. ૬ રવૌ ૧૦-૧૦ દા. ૮૨ નં. ૧૪૪ હા. (૭) સં. ૧૮૦૨ વૈ. શુ. ૭ બાઇ વજી પઠનાર્થં ૮-૧૩ ગો. ના.

(૭૪૧ક) શંખેશ્વર પાર્શ્વનાથ સ્તવન સં. ૧૭૩૦ (૨-૨૭૧)

પ્રભુ પાસજી મિલીયો તો મનવંછિત ફલિયો કાજ રે સાહેબજી
પાતક પરજલિયો દુઃખ સવિ દલિયો આજ રે સાહેબજી,
માયા સાંકલિયો ભવિ નવિ કલિયો હેવ રે સાહેબજી,
સમકિત સુખ કલિયો, દિન મુઝ વલિયો હેવ રે સાહેબજી. ૧

અંતે કલશ

ઇમિ થુણ્યો ભગતિં શાસ્ત્રજુગતિં પાસ સંખેસરવરૂ
સત્તર ત્રીસઇં ભાદ્રવા સુદિ પંચમી દિન મનહરૂ;
પંડિતશ્રી ધીરવિજય ગણિ ચરણ-પંકજ-મધુકરો
લાભવિજય કવિ સીસ પભણઇં વૃદ્ધિવિજય શિવ સુખકરો. ૩૭

—ઇતિ સાક્ષીકૃતાનેક-સિદ્ધાંતવાક્યયુક્તિસંદર્ભિતમર્હચ્ચૈત્ય-પ્રતિમાપૂજાપ્રરૂપણષટ્ત્રિંશિકા ૩૫ શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ સ્તવનં નંદતાદાચંદ્રાર્કમ્ સંવત ૧૭૩૦ ભાદ્રપદિ વદિ ૮ લિ. (વૃદ્ધિવિજય શિ૦) ગ. કનકવિજયેન સા૦ વલ્લભદાસ પઠનાર્થમ્ ૩-૧૩ દા. ૮૩ નં. ૧૪૧ હા.

---

૩૬૦ અમૃતસાગર (આં. અમરસાગરસૂરિ-નેમસાગર-શીલસાગર શિ) (૨-૨૭૧)

(૭૪૨) રાત્રિભોજન પરિહાર રાસ-જયસેનકુમાર રાસ સં. ૧૭૩૦ વિજય દશમી ગુરૂવારે અંજારમાં (૨-૨૭૧)

(આદિ પત્ર નથી)

એહવઈ પૂરઉ રે ખંડ ઇહાં થયઉ, પહિલઉ પુણ્યપ્રકાસ.
સરસતિ ગુરૂ સુપસાયઇ સંપદા, લહીયઇ લીલ વિલાસ. પુ૦ ૧૨
શ્રી **અંચલ** ગચ્છનાયક સુંદરૂ, શ્રી **અમરસાગર** સૂરિંદ,
વારઈ તેહનઇ પંડિત પરગડા, શ્રી **નેમસાગર** સુખકંદ. પુ. ૧૩
અંતેવાસી તેહના અતિભલા, **શીલસાગર** ગણિ સાર,
શ્રી ગુરૂ ચરણ પ્રસાદઇ મુઝ સદા, આણંદ હરખ ઉદાર. પુ. ૧૪
સંવત **સતરહ સઈ ત્રીસોતરઈ**, શુચિ સિત બીજ સુવારિ,
અમૃતસાગર અધિક ઉમેદસૂં, ઇમ પભણઈ **અંજારિ**. પુ. ૧૫

દૂહા

સરસ વચન દ્યઉ **સરસતી**, વાંણી વલિ વિગતાલ,
બાલાલાપન બોલ મુઝ, રચના કરઉ રસાલ. ૧
હવઈ બીજે ખંડ બોલતાં, રયણી ભોજન રાસિ,
વિનય કરી હું વીનવૂં, આવો માત ઉલ્હાસિ. ૨
પૂરઉ જગિ પરમેશ્વરી, પ્રેમ ધરી મુઝ પૂઠિ,
વિઘન નિવારઉ વીસ-હથિ, ત્રિપુરા દેવી તૂઠિ. ૩

માતા હૂં મતિ મૂઢતર, તઉ પણિ તુમ્હ આધારિ,
કાંઇક અક્ષર જે કવૂં, તે સરસ કરે શ્રુત ધારિ. ૪
ભવિક તુમ્હે સુણિજ્યો ભલઉ, મીઠઉ ખંડ મલ્હાય,
પીજઇ જિણ પરિ પ્રેમસૂં, મિશ્રી દૂધ મિલાય. ૫ x x
સુખાનંદસૂં કેલિ કરતાં, પૂરણ કીધઉ પ્રેમઇજી,
ઇણિપરિ બીજો ખંડ ઊમેદઇ, **અજ્જુર્નપુરમાં** એમઈજી. ૧૨
પૂજ્ય પુરંદર ચિર જગિ પ્રતપઉ, ગચ્છ **અંચલ** ગણધારજી,
શ્રી **અમરસાગર** સૂરીશ્વર સુપરઈ, ધ્રૂ જાં લગિ થિરથારજી. ૧૩
પુણ્ય પ્રબલ પંડિત પદ ધારી, વાદઈ તાસ વિચારીજી,
શ્રી **નેમસાગર** ગણિના સુંદર, શિષ્ય ભલા શ્રુતધારીજી. ૧૪
શ્રી **શીલ**સાગર ગુરૂ સુપસાયઇ, **અમૃતસિંધુ** ઉદારજી,
સત્તરહ ત્રીસઇ નભ સુદિ સાતમિ, જોડિ રચી જયકારજી. ૧૫x

દૂહા

જિનવર ત્રેવીસમ જયો, પુરસાદાંણી **પાસ**,
ગઉડી-મંડણ ગિરૂઅડઇ, અધિકી પૂરઇ આસ. ૧
વરદાયક વાગેસરી, મહિર કરઉ મહામાય,
બાલિકની પરિ બોલતાં, અક્ષર આંણો ઠાય. ૨
હવઈ ત્રીજઉ ખંડ હરષ ધરિ, **રયણી ભોજન રાસિ**,
રચના રંગ વિનોદસૂં, સુણો ભવિક સુપ્રકાસિ. ૩

અંતે— ઢાલ ૨૧ મી. રાગ ધવલ ધન્યાસી.
દીઠઉ દીઠઉરે વામાકો નંદન દીઠો એ દેસી.

ગાયઉ ગાયઉ રી જગિ જયણા ધરમજ ગાયઉ,
ભૂપતિ કુમર બિન્હે વડભાગી વારો ભલ વરતાયઉરી,
જગિ જયણા ધરમજ ગાયઉ—આંકણી ૧ x x
રયણી-ભોજનના ઘણ રાસહ, જૂંના છઈ જગિ જાંણુ,
અણુસારઈ તેહનઇ એ વિરચ્યો, સગવટિ વરણ સુજાંણુરે. જ. ૧૩
શ્રી અંચલગચ્છિ સૂરિ સિરોમણિ, ભટ્ટારક વડભાગ,
શ્રી **અમરસાગર** સૂરીસર સુંદર, સલહીજઇ સોહાગરે. જ. ૧૪

આજ્ઞાધર એહના અણુગારહ, પંડિત પ્રબલ જગીસ,
શ્રી **નેમસાગર** સાધુ સિરામણિ, સુવિહીત તેહના સીસરે. ૧૫
શ્રી **શીલસાગર** સુજસ સવાઈ, સહિગુરનઈ સુપસાઇ,
રાસ રચંતા **અમૃતસાગર**, પ્રભુતા દઉલતિ પાઈ રે. જ. ૧૬
સતરહસઈ ત્રીસઇ સંવચ્છરિ, વિજયદશમિ ગુરૂવારિ,
ત્રીજો ખંડ થયઉ તીહાં પૂરણ, ઈણિપરિ પુરિ અંજારિરે. જ. ૧૭
અલપમતી હૂંતઈ કાંઇ એહમાં, જૂઠ કહ્યું મઇ જેહ,
મિચ્છા દુક્કડ મન સુદ્ધિ હાજ્યો, શ્રી સંઘ સાખઈ તેહરે. જ. ૧૮
સાંભલતાં ભણુતાં સંપતિ સુખ, ફલઇ મનોરથ-માલ,
આણંદ હરખ સદાએ અહનિસિ, ચતુરપણુઈ ચઉસાલરે. જ. ૧૯

—(૧) સર્વ ગાથા ૮૯૬ સર્વ ઢાલ ૪૪ સર્વ શ્લોક ૧૩૮૭ અનુમાને ૧૭–૧૮ પ્રથમનું પત્ર નથી. દા. ૭ નં. ૬૭ ખેડા ભ. (કર્ત્તાની સ્વહસ્તલિખિત પ્રત કદાચ હોય એમ ભાસે છે. પ્રતિ સારી સુવાચ્ય છે) (૨) પત્ર ૬૦ ઢાલ ૪૪ ગા. ૯૨૫ શ્લો. ૧૫૦૦ સં. ૧૭૮૨ ચૈ. વ. ૧૪ બુધે દેવચંદ્ર વિવેકચંદ્ર શિ. તેજચંદ્ર ભ્રાતૃ જિનચંદ્ર શિ. જીવનચંદ દાનચંદ શિ. દીપચંદ લિ. પો. ૬૮ જયપ૦

---

૩૬૧ કર્મસિંહ (પાર્શ્વચંદ્ર ગ૦ પ્રમોદચંદ્ર શિ.) (૨–૨૭૧)

(૭૪૩) રોહણી ચોપઇ સં. ૧૭૩૭ કા. સુ. ૧૦ રવિ. (૨–૨૭૧)

—(૧) પત્ર ૧૯ લ. સં. ૧૮૧૪ દ્વિ. આ. વ. ૧૩ સોમ લિ. પો. ૩ રામ. ભં. (૨) પત્ર ૨૮ સં. ૧૮૧૪ કા. વ. ૧૨ લિ. પો. ૮૦ નં. ૧૯૮૮ જિ. ચા. (ચા. (૩) સં. ૧૮૧૪ શ્રા. શુ. ૬ પત્ર ૨૭ પો. ૬૬ જય.

---

૮૫૮ કેસરકુશલ (૨) (ત. વિજયપ્રભસૂરિ–હર્ષકુશલ શિ.)

(૧૭૮૭) ૧૮ પાપ–સ્થાનક સ્વાધ્યાય. સં. ૧૭૩૦ શુચિ માસ

આદિ—ऐं नम । પ્રથમ ગોવાલા તણઈ ભવઇજી. દેશી.

શ્રી **જિનવર** જિણેસરૂજી, ભાખ્યું ભવિજન કાજ,
દોસ અઢારઈ આકરાજી, સમઝી કીજઇ ત્યાજ,
ભવિક જન! ભાવો નિજમન ભાવ. ૧ × ×
મંગલમાલા પામીઇજી, જીવદયા અધિકાર,
હરષકુશલ ગુરૂ વાંદતાંજી, **કેસી** ગુરૂની વાંણિ. ૭

ઇતિશ્રી પ્રાણાંતિપાત વિરમણ સજઝાય.

અંતે— ૧૯ મી. ધન્યાસી. ગુણહ વિસાલા મંગલિક માલા એ દેસી.

ઇમ જગનાયક જગગુરૂ જંપઇ, ભવિક ભણી હિતકારીજી,
નિજ મન સુદ્ધઇ જે આરાધઈ, તસ ભવભવ જઇકારીજી. ઇમિ. ૧
પાપ-સ્થાનક પરિહર પ્રાણી, સાંભલિ એક કહાણીજી,
માન્યિ કહું મેરૂ મનમોહન!, જો તુઝ ચિત શોહાણીજી. ઇમિ. ૨
એ અઢારઇ પાપ-સ્થાનક, દુરગતિ દુખ દાતારજી,
ઇમ જાણી મન મોહ નવિ આંણો, કયહિણ કરી મનોહારાજી. ઇમિ. ૩
ગગન તત્ત્વ મુનિ ઇંદુ સંવચ્છર, સૂચી શુદ્ધ પૂનિમ સારીજી,
ગુરૂવારઇ શ્રી ગુરૂ સુપસાઇ, સ્યા પોહોરઇ જયકારીજી ઇમ. ૪
તપ ગચ્છપતિ ગુરૂ ગુણ રયણાયર, શ્રી **વિજયપ્રભ** સૂરિંદાજી,
આગનાકારી વિવિધ પટધારી, **હરષકુશલ** મુનિંદાજી. ઇમ. ૫
કેઇ પ્રમાદ કઈ મન-વિભ્રમથી, ઓછું અધિકું કહિઉંજી,
પંડિત જન જોઇ શુદ્ધ કરજ્યો, મુઝ ઉપરિ કરી સુપસાયાજી ૬ ઇમ
હિતકારી શ્રી ગુરૂ ઉપગારી, જ્ઞાનદષ્ટિ દાતારજી
લહી ઉપદેસ **કેસર**મુનિ ભાખઈ, જાણી એ અધિકારજી. ૭ ઇમ
ભાવઇ ભણજ્યો શ્રવણ્ય સુણજ્યો, મન સૂદ્ધઈ નિત ગણજ્યોરે
ઉપશમ રસ રસીઆ થઇ રાચો, નિરમલ શિવફલ ગણજ્યોજી. ૮ ઇમ
શ્રી ગુરૂ શિષ્ય સદાહિતકારી, જો એ ભણઈ નરનારીજી
મન વંછિત પામઈ વંછંતાં, તસ ભવ ભવ જયકારીજી. ૯ ઇમ

—૯-૧૦ ગો.ના.

---

૩૬૧ ક જિનરંગસૂરિ (ખ.) (૨-૨૭૩)

(૭૪૩ ક) અધ્યાત્મ બાવની સં. ૧૭૩૧ માગ. શુ. ૨ ગુરૂ (હિંદીમાં) (૨-૨૭૩)

અંતે—

હેતવંત **ખરતરગચ્છ જિનચંદ્ર** સૂરિ,
સિંહ સૂરિ રાજસૂરિ ભયે જ્ઞાનધારી હૈ;
તાકે પાટિ યુગપરધાંન **જિનરંગસૂરિ,**
જ્ઞાતા ગુનવંત ઐસી સરલ સુધારી હૈ,
શશિ ગુન મુનિ શશિ સંવત શુકલ પક્ષિ,
માગસિર બીજ ગુરૂવાર અવતારી હૈ,
ખલ દુરબુદ્ધિ કૌં આગમ ભાંતિ ભાંતિ કરિ,
સજ્જન સુબુદ્ધિ કૌં સુગમ સુખકારી હૈ.

—દો. ૨૩ લીં.

(૧૭૮૭ ક) સૌભાગ્યપંચમી ચોપઈ સં. ૧૭૩૮ વિજયાદશમી બુધ.

—(૧) નં. ૨૯ ગુ. (૨) જ૫૦

(૧૭૮૭ ખ)+રંગ બહુત્તરી (૭૨ દૂહા) (હિંદીમાં)

લોચનપ્યેરે પલક કોં, કર દોઊ વલ્લભ ગાત
જિનરંગ સજ્જન તે કહ્યા, ઔર વાતકી વાત. ૧××
ધર્મકી વાત રૂચે નહીં, પાપકી વાત સુહાઇ
જિનરંગ દાંખાં છારિકૈ, કાંગ તિબોરી ખાઇ. ૭૨
જિનરંગસૂરિ કહી સહી, ગછ **ખરતર** ગુણ જાણ
દૂહાબંધ બાહુત્તરી, વાચે ચતુર સુજાણ. ૭૩

—(૧) એક ગુટકો પત્ર ૧ થી ૭ નાહટા. (૨) દિલ્હીમાં પ્રકાશિત.

---

૮૫૯ સમયનિધાન (ખ૦ સમયસુંદર નં. ૧૯૬-હર્ષનંદન-જયકીર્ત્તિ પ્રશિષ્ય રાજસોમ શિ૦)

(૧૭૮૮-૩૬૯) સુસઢ ચોપાઈ. (૧-૩૭૦) સં. ૧૭૩૧ (૭)

અકબરાબાદમાં (આ કૃતિ સમયસુંદરની ગણવામાં ભૂલ છે. તેની શિષ્યપરંપરા પૈકીની છે.)

અંતે—

શ્રી **જિનચંદ** સૂરીસરૂ રે, **સકલચંદ** તસુ સીસ,
સમયસુંદર પાઠક સદા રે, જયવંતા જગદીસ. ૭
પાટોધર તસુ પરગડા રે, કંદવાદ કુદ્દાલ,
હરષનંદન વાચક હૂઠી રે, પ્રીછઇ બાલગોપાલ. ૮
જયકીરત વાચક જયો રે, સીહાં સીહ સુશિષ્ય,
રાજસોમ પાઠક રિધૂ (ધૂરિ) રે, પ્રસિદ્ધ હૈ તાસુ પ્રશિષ્ય. ૯
જ્ઞાનલાભ ગણિ ગુણનિલો રે, અંતેવાસી અમ્હ,
સમયનિધાન વાચક સુખી રે, તિણ કહ્યો ચોપઇ તુમ્હ. ૧૦
સુસઢ તણી અતિ સુંદરૂ રે, મુઝ શિષ્ય નામ **મુરારિ**,
તેહનૈ કરિ દેવો તુમ્હે રે, અરજ એહ અવધારિ. ૧૧
ચતુર જોડી ચઉપઇ રે, શ્રી **જિનધર્મ** સૂરિસ × ×
રિધૂ (ધૂરિ) તસે તસુ રાજમઇરે, સંવત **સતરૈ સૈતીસ** (પા. **એકતીસ**)
અકબરાબાદ કીધી અમ્હે રે, **આલમગીર** અધીસ. ૧૩

—સં. ૧૮૧૮ ફા૦ કૃષ્ણ પંચમી શનિ. દેશણોક મધ્યે ભ૦ જિન ભક્તિસૂરિ શિષ્ય વા૦ **માણિક્યસાગર** ગણિ શિષ્ય પં. **તત્ત્વધર્મ** લિ૦ દેસણોક ગ્રામે ચતુર્માસી કૃતા. (ચુનીજી ભં. કાશી ?) (૨) પત્ર ૧૮ પો. ૬૮ જય૦ (આમાં ઘણી ઢાળો-દેશીઓ છે.)

૩૬૨-૩૬૪ વિબુધવિજય (ત. વીરવિજય શિ.) (૨-૨૭૩ અને ૨૭૮)

(૭૪૬) મંગલકલશ રાસ સં. ૧૭૩૨ માધવમાસ પ્રારંભ વડનગરથી પૂર્ણ સિદ્ધપુર. (૨-૨૭૮)

—લ. સં. ૧૭૭૨ પ્રે. ૨. નં. ૨૯ (વે.)

---

૮૬૦ **સમયમાણિકય** (ખ. સાગરચંદ્ર શાખા મતિરત્ન શિ.)

(૧૭૮૯) **મત્સ્યોદર ચોપાઇ** સં. ૧૭૩૨ નાગોર

—સં. ૧૭૩૪ લિ. પત્ર ૨૫ છત્તાબાઇ ઉપાશ્રય. વીકાનેર.

---

૮૬૧ **ભગોતીદાસ** (દિગં. આગ્રાવાસી ઓસવાલ લાલજીનો પુત્ર

(૧૭૯૦) **ચેતનચરિત્ર** સં. ૧૭૩૨ જે. વ. ૭ ગુરૂ (હિંદીમાં)

શ્રી જિનચરણુ પ્રનામ કરિ, ભાવ–ભગતિ ઉર આંનિ
ચેતન અરૂ કછુ કર્મકી, કહો ચરિત્ર વખાનિ. ૧ ××
ચેતન અરૂપહ કર્મકોં, કહો ચરિત્ર પ્રકાસ
સુનત પરમ સુખ પાઇએ, કહૈ **ભગોતીદાસ.** ૨૯૬
સંવત **સત્રહસૈબતીસક**, જ્યેષ્ટ સપ્તમી આદિ
શ્રી ગુરવાર સુહાવનોં, રચના કહી અનાદિ. ૨૯૭

—(૧) સં. ૧૭૬૫ ચૈ. વ. ૮ ઘોઘાબંદર લિ. મણિસુંદર ગણિભિઃ કર્મસાગર પઠનાર્થં પત્ર ૨૫ પો. ૮૩ નં. ૨૨૨૬ જિ. ચા. (૨) સં. ૧૯૦૭ કલકત્તા દુર્ગાનંદ લિ. પત્ર ૯ પો. ૮૩ નં. ૨૦૯૯ જિ. ચા. (૩) (૧૫–૧૦ કુશલ.

(૧૭૯૧) **બ્રહ્મવિલાસ** સં. ૧૭૫૫ વૈશાખ શુદ ૩ રવિ આગ્રામાં (હિંદીમાં)

અંતે—

જંબુ દ્વિપમાંહિ છિન ભત્તાં, તામે આર્યખંડ વિસરતા
તિહાં **ઉગ્રસેનપુર** થાના, નગર **આગરા** નામ પ્રધાના.
તિહાં વસે જિનધર્મલોક, પુન્યવંત ગુનકે બહુ થોક,
બુધવંત અનુસરસા કરે, અખે ભંડાર ધર્મકો ભરે.
નરપતિ તિહાં એ રાજે **અવરંગ**, જાકી આજ્ઞા વહે અખંડ,
ઇત ભીત વ્યાપે નહીં કોય, યહ ઉપગાર નૃપતિકે હોય.
તિહાં નાત ઉત્તમ બહુ વસે, તામેં ઓસવાલ કુલિલેસે,
તિનકે ગોત બહુત વિસ્તાર, નામ કહત નહિ આવે પાર.

સઅતે લોગ ગોત પ્રસીદ્ધ, તામ કટારો અરી સૂમૃદ્ધ,
દશરથ સાહ પુંન્યકે ધનિ, તિનકે ઋદ્ધિવૃદ્ધિ અતી ધની.
તિનકે પુત્ર **લાલજી** ભએ, ધર્મવંત ગુન ગુન નિરમએ,
તિનકે નામ **ભગોતીદાસ**, જિન યહ કીનો **બ્રહ્મવિલાસ.**
જામે નિજ આતમકી કથા, **બ્રહ્મવિલાસ** નામ હે જથા,
બુધવંત હસિયો મત કોય, અલ્પમતી ભાષા કવી હોય.
ભુલચુક નિજ નેન નિહાર, શુદ્ધિ કીયેં થે અરથ વિચાર,
સંવત **સતરે સે પંચાવન**, સુવેશભ વૈશાખ સોહાવન
શુકલવંશ તૃતિયે રવિવાર, સંઘ ચતુર્વિધ જેજેકાર.
પઢત સુનત સબકો કલ્યાણ, પ્રગટ હોય નિજ આતમજ્ઞાન,
ભૈયા નામ **ભગોતિદાસ**, પ્રકટ કિયો જિન **બ્રહ્મવિલાસ.**
અહોન પાતક કહીએ કહા, ધનપદ જીવ ત્રિભુવનકો ધણી,
પ્રગટ હોય જબ કેવલજ્ઞાન, શુદ્ધ સ્વરૂપ વહે **ભગવાન.**
—રો. એ. સો. મુંબઇ, (ડા. ત્રિભોવનદાસપ્રશસ્તિસંગ્રહ).

૩૬૫ક માનમુનિ (નવલ ઋષિ શિ.) (૨-૨૮૨)

(૧૯૮૨) જ્ઞાનરસ ૧૨૬ કડી સં. ૧૭૩૯ વર્ષાઋતુ આનંદ માસમાં
(હિંદીમાં)

આદિ— પૂરણ બ્રહ્મ નમઃ ।

શ્રી જિન નિત પ્રતિ શમરીએં, પુરૂષોત્તમ પરિબ્રહ્મ,
અકલ અલખ અરિહંત જે, ભવ ભય ટાલણ ભ્રમ. ૧
મનખ જનમ લાભેં મના, કીજેં ઉત્તમ કર્મ,
જે જાણો જગદીશનેં, ધ્યાવો એક જિનધર્મ. ૨
જગપતિ જે જગનાથ જિન, કાપઇ કોટિ ય કર્મ,
જગ સગલો જંજાલમાં, ભૂલા મ ભમો ભ્રમ. ૩ × ×

આર્યા છંદ

વૃદ્ધિ વચન સુમતિ દેહ બ્રહ્માણી, હૃદય ધરિ વાસ કરો સુરરાણી.
જ્યું જગપતિ ગાવૂં યુગ જાંણી, પામઇ ભવપાર સંસારહ પ્રાણી. ૯

(છંદ એ આખરી, મોતીદામ, આર્યા, મોતીદામ)

અંતે—

સસીહર સાગર રામ સુનંદ, અનાદ વર્ષા રિતિ માસ આનંદ,
નવલ રૂષિ ગુરૂ મોરોય નાથ, હરીગુણ મોપેં બતાવ્યો ય હાથ. ૧૨૪
દેખાવ્યો ય દેવનિરંજન નાંમ, કીયો મેંય એમ જિનેસ્વર કાંમ,
સહી સિવ લોકનૂં એહ સ્વરૂપ, અનંત અનંત અનંત અનૂપ. ૧૨૫

કલશ.

અનંત તુંહ અનહદ, ગ્યાન ધ્યાન મહ ગાવેં,
માત તાત નહ માંન, પ્રભૂ નાત જાત ન પાવેં;
નાદ બિંદ વિણુ નાંમ, રૂપ રંગ વિણુ રત્તા,
આદિ અનંત નહીં એમ ધ્યાન યોગેસર ધરત્તા.

સિવ સગત ઉભેં હોય સંભહેક નિરંજન આપ હુય,
નવ નવા રૂપ નર નિત્ય તું, આદિ પુરૂષ આદેશ તુય. ૧૨૬

—ઇતિ શ્રી માન મુનિ માન વિરચિતે જ્ઞાનરસ સંપૂર્ણ. સંવત્ ૧૮૪૭ શાકે ૧૭૧૨ માર્ગસર વદિ ૩ શુક્રે કોદારા મધ્યે લિ. મુનિ ધર્મ્મચંદ્ર શિ૦ જિણચંદ્ર તથા હેમચંદ્ર પઠનાર્થં. ૬–૧૬ નં. ૪૬૨ મ. જૈ. વિ.

---

૮૬૨ જ્ઞાનધર્મ (ખ. રાજસાર શિ૦)

(૧૭૯૩) દામન્નક ચોપઇ સં. ૧૭૩૫ વિજયદશમી.

—પત્ર ૫ જિનસાગર સૂરિ શાખા ભં. વીકા. (જુઓ નં. ૮૩૪ જ્ઞાનહર્ષ કૃત નોંધેલ દામન્નક ચોપઈ નં. ૧૭૧૯ પૃ. ૧૧૯૨, આ બંને એક તો નથી ?—એ શંકા બંનેને જોઈ મેળવતાં દૂર થાય તેમ છે. બંનેના રચના–સંવતો જુદા નોંધાયેલ હોવાથી જુદા જુદા નંબર તેમને આપેલા છે.)

---

૩૬૭ ખેતો-ખેતસી (લોં. દામોદર શિ૦) (૨-૨૮૬)

(૧૭૯૪) અનાથી મુનિની ઢાળો સં. ૧૭૪૫.

—પત્ર ૮ પો. ૧૪ નં. ૧૪૫૪ અભય.

---

૩૭૧ સુરવિજય (ત. સિદ્ધિવિજય શિ.) (૨-૨૯૪)

(૭૫૬) રત્નપાલ રાસ સં. ૧૭૩૨ બુરાનપુર. (૨-૨૯૪)

—(૧) સં. ૧૭૬૫ ચૈ. વ. ૧૧ ગુરૂ મહો૦ દેવવિજય શિ. વીરવિજય શિ. ગણિ લાભવિજય શિ. ગ૦ રૂપવિજય લિ. ગ્રં. ૧૦૨૫ રોહિડા નગરે ૧૯-૧૮ નં. ૧૦૯ કોટ ઉ૦ (૨) સં. ૧૭૬૬ પો. વ. ૬ લિ. ઋ. વિજયકર્ણ વાંચનાર્થં ઋ. રવજી ર વાચનાર્થં ૧૭-૧૮ ખેડા ભં. ૩ (રસુલપરાનો) (૩) સં. ૧૭૮૭ પ્ર૦ ભાદ્ર૦ શુ. ૧૩ વણથલી ગ્રામે પં. વિદ્યારૂચિ ગણિ શિ. માનરૂચિ ગણિ શિ. ગંગરૂચિ ગણિ શિ. જીતરૂચિ પઠનાર્થં ૨૪-૧૭ નં. ૪૫૨૯ વિ. ને. (૪) સં. ૧૭૯૪ જે. વ. ૧૧ જાવાલપુર (જાલોર) મધ્યે ભુવનસાગર શિ. વિવેકસાગર લિ. પત્ર ૩૫ પો. ૧૨ નં. ૧૧૩ અભય. (૫) સં. ૧૭૯૫ પો. શુ. ૧૩ ગુરૂ લ. ગેરીતા મધ્યે ૩૪-૧૪ ગો. ના. (૬) પત્ર ૨૮ પો. ૮૨ નં. ૨૦૬૪ જિ.ચા. (૭) ૩૦-૧૪ દા. ૩૬ ડા૦ પાલણપુર (૮) પત્ર ૨૯ (૧૪ થી ૨૮ નથી) સં. ૧૮૪૩ મા. શુ. ૫ શિવજી ઋષિ લિ. પો. ૫ ચતુ૦ (૯) સં. ૧૭૭૦ કા. શુ. ૧૦ રવિ. લિ. પૂજ્ય ઋ. દેવજી શિ. પૂજ્ય ઋ. નરસંઘ શિ. પૂ. ઋ. લખમસી શિ. પૂ. ઋ. ગાંગજી શિ. ઋ. રતનસી ગુરૂભાઈ ઋ. કલ્યાણજી ઋ. વજેકર્ણજી તત્ ગુરૂભાઇ લિ. મુ૦ શિવજી મુંજલપર મધ્યે ૧૮-૧૮ રાજકોટ મોટા સંઘનો ભં. (૧૦-૧૧) સં. ૧૮૧૮ આષાઢ શુ. ૧૦ વીસલનગરે ૨૫-૧૬ દા. ૪૪ નં. ૯ તથા પૂજ્ય ઋ. સુજાંણજી શિ. પૂ. ઋ. અમીધરજી શિ. ઋ. મનરૂપજી લિ. ભ્રાતા ઋ. મોતીચંદ વૈ. ગંગાધર સં.

૧૮૩૪ મહાવદિ ૧૨ સોમ ભાવનગર મધ્યે ૨૭-૧૬ દા. ૪૪ નં. ૧૧ સંઘ ભં. પાલણપુર.

---

૮૬૩ સૂર (દિ૦ ઇંદ્રભૂષણ સૂરિ–બ્ર૦ શ્રીપતિ શિ૦)

(૧૭૯૫) રત્નપાલનો રાસ સં. ૧૭૩૨ આશો શુ. ૫ રવિ વર્દ્ધનપુરમાં.

અંતે—

કેતા દિન લગી કેવલી, વીહાર કરે મનના રલી,
પછે વલી અંત સમય ગિરપુર ચઢયા એ. ૧૯
ચ્યાર કરમ દૂરે કરી, મૂગતી વધુ હેલે વરી,
ગુણ ભરી જનમ મરણ ભય ટાલીયા. × × ×
ત્રીજા ખંડ તણી ઢાલ, કહી સાતમી તતકાલ,
વૃદ્ધવાલ સુર કહે, સુણજ્યો સહુ એ. ૨૬

દૂહા

રત્નવતી રત્નપાલનો, ચરીત્ર કહ્યો એ સાર,
સુણતાં બહુ સુખ પાંમીએ, લહિએ લછિ અપાર. ૧
ગુણવંતના ગુણ ગાવતાં, સમરંતા વલી નાંમ
દુખ દોહગ દૂરે ટલે, સઝે સધાં કાંમ. ૨

ઢાલ રાગ ધન્યાસી

દાંન પ્રબંધ ગ્રંથ મેં દીઠો, સખરો એ અધિકારરે
મેં મારી મતને અનુસારે, રચિયો રાસ ઉદારરે. ૧
ભવીયણ સુણજ્યો શ્રી જિનવાંણી, પવયણ વચન વખાણી
રાજી હોઇને જે કોઇ ભણસ્યૈ, પુરવ દુકૃત હણસ્યેરે. ભ. ૨
દાંન દેઇને પ્રસંસા કીજે, મત કરો પશ્ચાતાપરે
ઉલટ આંણી દાંન દેજ્યો, તો ટલસ્યે સંતાપરે. ભ. ૩
ગછ **દીગંબર** ગુરૂઓ ગોતમ, **ઇંદ્રભુષણ** સુરીરાયરે,
તાસ સીષ્ય **શ્રીપતી** બ્રમચાર, જિનવરભક્તિ સુદાયરે. ભ. ૪

કથાકોશ ગ્રંથ જોઇવૈ, રચ્યૌ રાસ સિરદારરે,
સુરચંદ ભૈયાને આદર, એહ પ્રબંધ ઉદારરે. ૫
અલ્પ બુદ્ધિ શ્રાવક અવિતારરે, પંડિત સૂરઈ નામરે,
ગુરૂ પસાએ બુદ્ધિ પ્રકાસી, સજ્જન સુણી સુખ પાવેરે. ૬
સંવત **સત્તર બત્રીસા** વરષૈ, શુભ મુહરત શુભવારરે,
આસો સુદિઇ પાંચ રસ રવિ દિનૈ, **બર્દ્ધનપુર** મઝારરે. ૭
રત્નપાલ મુનીના ગુણ ગાયા, મનના મનોરથ સીધારે,
અનેક દેશ દેસની દેશી, રાસ ઉત્તમ મે કીધો રે. ૮
કવિયણ કહૈ મૈ પૂરો કીધો, ત્રીજો ખંડ રસાલરે.
વીનતી કહું બુધજન સાથૈં, સુદ્ધ કરો સુવિશાલરે. ૯
ભણતાં ગુણતાં ને સાંભલતાં, સુણતાં હર્ષ અપારેરે,
ગુણ ગાતાં ગુણવંત કેરા, વરત્યો જયજયકારરે. ૧૦

—સંવત ૧૮૦૩ કાર્તિક સુદી ૧૩ ક્ષેમકીર્તિ તત્પટ્ટે ભ૦ નરેદ્રકીર્તિ તત્પટ્ટે ભ૦ વિજયકીર્તિ તત્ શિષ્ય બ્રહ્મ શ્રી લહુજી તત્ શિષ્ય મુની દેવંદકીતિજી પં. દયાલ વાચનાર્થં ઉદૈપુર મધ્યે લિપતં પન્યાસ જત્નરૂચિજી રૂકમ સવા માટેં લીખાયો ગ્રંથાગ્રંથ ૧૦૭૫ છે. ૬૫-૧૦ ખેડા ભં. ૩

[સુરવિજય નં. ૩૭૧ ને બદલે સુર, બુર્હાનપુરને બદલે વર્ધ્ધનપુર વગેરે ફેરફાર કોઇ દિગંબરી ભાઇએ કર્યા લાગે છે. મૂળ સુરવિજયના રત્નપાલ રાસ નં. ૭૫૬ નું અનુકરણ છે.]

---

૮૬૪ રત્નવર્દ્ધન (ખ૦ જિનભદ્ર સૂરિ શાખા શિવનિધાન —મતિસિંહ—રત્નજય શિ૦)

(૧૭૯૬) **ઋષભદત્ત ચોપઈ** સં. ૧૭૩૩ વિજયદશમી મંગલવાર. સંખાવતીમાં

આદિ—

વામાનંદન પરગડો, તેવીસમો જિનરાજ,
પારસનાથ પરસાદથી, ફલઈ વંછિત કાજ. ૧

સરસતિમાત સુપસાવલે, લહીયે નિરમલ વાણિ,
મૂરખથી પંડિત કરઇ, કેતા કરૂં વખાણ. ૨
વિનય કરી ગુરૂ સેવીયે, વંદૂ બે કરજોડિ,
આલસ અંગ ન આણીયે, આપઈ વિદ્યા કોડિ, ૩
દાન સીયલ તપ ભાવના, જિણવર ભાખ્યા ચાર,
તઉ પણિ ઇહાં વખાંણીય, સીલ તણુ અધિકાર. ૪

અંતે—

ભગવંત દાખ્યો શુદ્ધ હદ્દ, કલ્પ વૃક્ષ સમાન,
સીલરતન રાખ્યે સંકટે, દીધો અવિહડ દાન. ૨
રિષભદત્ત રૂપવતિ તણુ, ભાખ્યો પ્રબંધ રસાલ,
ભાવ ધરિ જે સાંભલે, ફલે મનોરથ માલ. ૩
શ્રી **ખરતર** ગચ્છ રાજીયો, શ્રી **જિનચંદ** સૂરીંદ,
ચિરંજીવો દૂ મેર જ્યું, પતપો અધિક દિણંદ. ૪
સુવિહિત ચારૂ ચૂડામણી, સોહે મુનિવર થાટ,
સર્વ શાસ્ત્ર લાભે ઘણાં, જાણે ફુલ્યા વનહાંટ. ૫
શ્રી **જિનદત્ત** પરંપરા, શાખા **જિનભદ્રસૂરિ**,
શ્રી **શિવનિધાન** પાઠક જયો, સકલ વિદ્યાના પૂરિ. ૬
તાસુ સીસ ગુણ આગલા, મહિમામેરૂ સમાન,
મતિસિંઘ સુગુરૂ મહિમાનિલો, દિનદિન ચઢતે વાંન. ૭
ગુરૂયાં ગચ્છ મહિ પરગડા, વાચક પદવી ધાર,
શ્રી **રત્નજય** ગુરૂ સુપસાઉલે, સકલશાસ્ત્ર ઉદાર. ૮
રત્નવર્દ્ધન શિષ્ય વિનય કરી, એહ રચ્યો અધિકાર,
સંવત **સત્તર તેત્તીસ** હે, વિજય દસમી ભૃગુવાર. ૯
નગરી ભલી **સંખાવતી**, જિનવર **પારસનાથ**,
ઋદ્ધિ બુદ્ધિ સુખ સંપદા, આપે બહુલી આથ. ૧૦
ઉત્તમ કુલ જે ઉપના, ઉત્તમ આરિજ દેસ,
ઉત્તમ સામગ્રી લહી, ઉત્તમ સુણે છે સિરદાર. ૧૨

આરાધિક જિનધર્મરા, કોઠારી **પહિરાજ**,
વિરાગદાસ લઘુ બાંધવ ભલો, સારે રાજના કાજ. ૧૩
એહ પ્રબંધ આગ્રહ કરી, વખાણ્યો મતિસાર,
વટ-શાખા જિમ વિસ્તરો, પુત્ર કલત્ર પરિવાર. ૧૪
ભણે ગુણે જે સાંભલે, નરનારી એ રાસ,
રલીં રંગ વધામણા, પૂરી મનકી આસ. ૧૫

—૨૨-૧૩ અનંત. નં. ૨

---

૮૬૫ અમરસાગર (ત૦ ધર્મસાગર ઉ૦-ગુણસાગર-ભાગ્ય-સાગર-પુણ્યસાગર શિ૦)

(૧૯૯૭) રત્નચૂડ ચૌપઇ મધુ માસ શુદ ૧૦, ગુરૂ માલવાના ખિલચીપુરમાં વિજયરત્નસૂરિ રાજ્યે (સં. ૧૭૩૨ તથા સં. ૧૭૪૯ વચ્ચે.)

આદિ—

સરસતિ માત મયા કરી, દ્યો વાંણી વરદાંન,
સરસ કથા શ્રવણે સુણી, કવિ કરૈ જેમ વપાંણ. ૧
આદિદેવ આદિ નમું, તીરથ માંહિ પ્રધાન,
જેહનો મહિમા જાગતો, મહિયલ મેરૂ સમાન. ૨
માલવદેશ મગશી-ધણી, **પાસ** જિણંદ દયાલ,
સંકટ સગલા પરિહરે, તે પ્રણમું તિણકાલ. ૨
મૂઢપણે મોહી રહ્યો, જાણું નહિ કોઇ મર્મ,
જ્ઞાન તણે દીવેં કરી, દેખાયો જિણધર્મ. ૪
તે સદ્‌ગુરૂ સમરૂં સદા, સકલ સાધુ સિણગાર,
જે મૂખ અક્ષર ઉચ્ચરૂં. તેહનો એ ઉપગાર. ૫
કહીશ કથા કૌતિક ભણી, સાંભલિજ્યો નરનારિ,
રત્નચૂડ ગુણવંતની, દાન તણૈ અધિકાર. ૬

અંતે— ભેટયો ગિરિરાજ એ દેશી ઢાલ ૬૩ મી.

સરસ કથા જાણી કરી, કીધી સારી રે મતિ અણુસારિ કિ. ૧

ધન ધન એ **રત્નચૂડ**નો આં. જિણુ પરિહર્યો મિથ્યામતિ કૂડ કિ. ધ.
ઉપદેશ રત્નાકર ગ્રંથથી, મે જોઇ રે સંબંધ,
બાસઠિ ઢાલ દૂહે કરી, લોકભાષાઇ રચ્યો એહ સંબંધ કિ. ધ. ૨
તીનસહસ્ર નવ સત્તર ઊપરે, સત્તસઠિ શ્લોકા જાણિ,
મધુ માસ સિત દશમી દિને, ગુરૂવારેરે ચોપઇ ચઢી પ્રમાણ કિ. ધ. ૩
માલવ દેશમે અતિભલું, **ખિલચીપુર** પુણ્યવાસ,
શિષ્ય તણા આદર થકી, કીધી ચોપઇ રે તિહાં રહીય ચોમાસ કિ. ધ. ૪
અમીય રસાયણ સારિખી, કવિયણ વાણિ દેખિ,
વિરસ વાણી જાણી માહરી, મોટા મુનિવર હો મત ઉવેખિ. ધ. ૫
પંડિતની જોડી આગલે, તે આગલિ માહરી જોડિ,
જિમ મેરૂ ગિરવર આગલે, કિમ સરવર રે કરે તેહની હોડિ કિ. ધ. ૬
કવિયણની બુદ્ધિ આગલિ, એ માહરી કહો કુણ બુદ્ધિ,
ખોટી હોઈ તે ખરી કરી, તુમ્હે વાંચિજ્યો રે મુનિવર મન શુદ્ધિ કિ. ધ. ૭
સકલ ભટ્ટારક સોભા ધણી, તસ લાલ તિલક સમાન,
શ્રી **વિજયદેવ** સૂરીસરૂ, ગિરૂવા ગછપતિ રે હૂવા યુગપ્રધાન કિ. ધ. ૮
તસ પાટ ઉદયાચલ પ્રભાતિ, ઉદયો અભિનવો સૂર,
તપા ગછ તખત વિરાજતો, જયવંતોરે શ્રી **વિજયપ્રભ** સૂરિ કિ. ધ. ૯
તસ પટ્ટ પ્રભાકર અતિ ભલો, જસ વદન વિરાજિત ચંદ,
સુવિહિત સૂરિ શિરોમણી, આચારિજ રે **વિજયરત્ન** સૂરીંદ કિ. ધ. ૧૦
વાચક-ચક્ર-ચૂડામણિ, શ્રી **ધર્મસાગર** ઉવઝાય,
કલિકાલ માંહે જિણે કર્યો, જિનશાસન રે ઉદ્યોત સવાય કિ. ૧૧
તસુ સીસ પણયાલીસ આગમ, સૂત્રધાર અરથભંડાર.
પંડિત **ગુણસાગર** ગુરૂ જગમાંહેરે, કવિ-કુલ-સિણગાર કિ. ૧૨
તસ સીસ સાધુશિરોમણિ, શ્રી **ભાગ્યસાગર** ગુરૂરાય,
બાલપણેં વ્રત આદરી, જિણ કીધારે ઘણાં ધરમનાં કાજ કિ. ૧૩
તસ સેવક વલી સહોદર, **પુણ્યસાગર** ગણિરાય,

અતિ ભદ્ર ભાવી પુન્ય પ્રભાવતે, ગુણ ગિરૂઆરે તપ
નિરામય કાય કિ. ૧૪
તસ ચરણપંકજ રસિક મધુકર, **અમરસાગર** સીસે,
શિષ્યને હિત કારણઈ કીધી ચઉપઇ રે, પુહતી મનહ
જગીસ કિ. ૧૫

—(૧) સં. ૧૭૯૧ પોષ શુ. ૧૧ બુધે લિ. જહાનાબાદ મધ્યે લિખાપિતં શીલાલંકારધારિણી સાધ્વીશ્રી સુજાણવિજયાજીકાનાં તત્ સિષ્યણી મહામતિધારણી સાધ્વી શ્રી દીપવિજયાજીકાનાં વાચનાય ૭૫-૧૩ નં. ૧૧-૧૦ (હવે નં. ૬૬૧ બંડલ નં. ૫૫) ગુ. (૨-૩) સં. ૧૭૪૦ ડબા ૧૧ નં. ૧૨ પત્ર ૧૦૧; તથા સં. ૧૭૭૭ પત્ર ૫૪ ડબ્બા ૧૧ નં. ૨૩ જીરા (પંજાબ) નો ભં. (૪) વસુમતિ સંજ્ઞા નિધિ મહી (૧૯૪૧) સંવત્સરે શ્રા. સુ. ૭ મંગલે દેશ બંગાલ મકસૂદાવાદમાં પાર્શ્વચંદ્ર ગચ્છે ઇંદ્રચંદ્ર શિષ્ય અબીરચંદ્ર શિ૦ છત્રચંદ લિ. ૭૧-૧૯ નં. ૯૩૧ પો. ૨૩ કુશલ.

---

૩૭૩ જિનવિજય (૧) (ત. કીર્ત્તિવિજય શિ.) (૨-૨૯૭)

(૧૭૯૮)+ચોવીશ જિનસ્ત૦ સં. ૧૭૩૧ માગ. શુ. ૧૩ બુધ કૃબોધીમાં

દુહા

સગવીસે ઢાલે કરી, થુણસ્યું જિન ચોવીસ
સાંભલજ્યો સહુ ચતુરનર, શ્રવણે વિશ્વાવીસ. × ×
માગ સિર વદિ તેરસ દિને, અનુરાધા બુધવાર
સસિમુનિ તિઅ શુભ સંવતે, તવન કર્યો સુખકાર. ૨૬

કલસ

કૂ(કૃ)લવિધિ નયરે કરિ ચઉમાસો, ચોવીસે એ જિનવરા
નવિ નવિઅ ઢાલે અતિ રસાલે, થુણ્યા મેં પરમેશ્વરા
તપગચ્છ મુનિપુરંદર શ્રી **કીર્ત્તિવિજય** વાચકતણો
જિનવિજય વાણી કહે પ્રાણી સુણો તવન સોહામણો ૨૭

—પ્ર૦ ચોવીશિ તથા વીશિ સંગ્રહ–સા પ્રેમચંદ કેવલદાસ સંવત ૧૯૩૫ સને ૧૮૭૯ પૃ. ૫૬૮ થી ૫૭૨.

(૭૫૮) જયવિજયકુમાર રાસ સં. ૧૭૩૪ દશાડા (૨–૨૯૭)

—(૧) સં. ૧૭૮૯ જે. શુ. ૮ ગુરૂ પં. હિતવિજય શિ. પં. પ્રસિદ્ધવિજયેન લિ. પાલણપુરે ૧૯–૧૫ દા. ૬ નં. ૨૪ ખેડા ભં. ૧ (૨) તથા લ. પં. શાંતિવિમલ દક્ષિણ દેસે જાના જાલણા મધ્યે શ્રાવક લખમણજી બેઠાં. લસકરમાં શ્રી પારસનાથજી પ્રસાદાત જાણુલામેં શ્રી નેમીસ્વરજી શ્રી ચંદ્રપ્રભુજી પ્રસાદાત્ ૧૭-૧૭ ખેડા ભં. ૩ (૩–૪) સં. ૧૮૯૩ પો. શુ. ૧ રવિ સૂરજપુરે શાંતિનાથ ચરણે પંન્યાસ કીર્તિરત્ન સૂરજી (?) શિ. પંન્યાસ મયારત્નેન શિ. પં. સૌભાગ્યરત્નેન શિ. પં. રાજેંદ્રરત્નેન શિ. મુ. તેજરત્નેન. ૨૭–૧૫ પો. ૩૮ નં. ૧૮૬; તથા સં. ૧૮૯૪ આ(સા)ઢ શુ. ૮ મંગલ શુર્જપુર ગ્રામે લખ્યું શાંતિનાથચરણે લ. ભોજક પ્રેમચંદ જેઠા ૨૪–૧૬ પો. ૩૮ નં. ૧૮૫ ઝીં. (૫) સં. ૧૮૨૯ પો. વ. ૮ શનિ વિહુતપુરે પં. ન્યાનવિજય શિ. ભાગવિજય લ. ૧૨–૨૩ ગો.ના.

(૧૭૯૯) દશ દષ્ટાંત ઉપર દશ સ્વાધ્યાય સં. ૧૭૩૯ ઉસમાપુરમાં

આદિ— ૧ ભોજન દષ્ટાંત પ્રથમ ગોવાલીતણે ભવેજી મેહની.

શ્રી જિનવીર નમી કરિજી, પુછે ગૌતમ સ્વામિ
ભગવન! નરભવના કહ્યાજી, દસ દષ્ટાંતના નાંમ ૧
સુણો જિઉ દશ દષ્ટાંત વિચાર
ગતિ ચ્યારમાં જોવતાંજી, દુલહો નર અવતાર. સુ૦ × ×
ગૌતમ પૂછ્યુ જિન કહ્યાજી, પહિલો એહ દષ્ટાંત
જિનવિજય કવિઅણુ કહેજી, બીજાનો વૃત્તાંત. ૧૩ સુ.

અંતે— ઢાલ ૧૦ રાગ ધન્યાસી

ત્રિશલાનંદન વીર જિણેસરૂ રે, તેહને કરિઅ પ્રણામ,
દસમો દષ્ટાંત પૂછે પ્રેમસુ રે, ગણુહર ગોઅમ સ્વામી ૧
ભવિઅણુ સુણજો વાણી વીરનીરે. × ×

ઉસમાપુર ચઉમાસો કરીરે એ ઉદ્યમ ઉલ્લાસ
શ્રી **વિજયપ્રભ** સૂરીસર આદેસથીરે પામ્યા પરમ વિલાસ. ૧૧ ભ.
ચંદ્ર ૧ સાત ૭ ત્રિય ૩ નવ ૯ સંવત્સરે, દસ દષ્ટાંત વિચ્યાર
શ્રી ગણધર ભાખ્યા સૂત્રથીરે, લહજ્યો બહૂ વિસ્તાર. ૧૨ ભ.
ભણસે ગુણસે સુણસે જે નર, આદરે રે એ સઝાય સુજાંણ
કવિ **જિનવિજય** કહે સુખસંપદારે, તસ ઘર કોડિ કલ્યાણ. ૧૩ ભ.

—૩–૧૯ જશ.

(જિનવિજયે સં. ૧૬૯૪ (યુગનિધિ કાય શશાંક પ્રમિતે) વાક્ય પ્રકાશ (નં. ૭૬ પૃ. ૪૫૭) પર અવચૂરિ વાર્ત્તામાં રચી નં. ૨૮૦ સને ૧૮૭૩–૪ માં. ઇ).

---

૮૬૬ લાવણ્યચંદ્ર (આં. લક્ષ્મીચંદ્ર શિ)

(૧૮૦૦) સાધુવંદના સં. ૧૭૩૪ શ્રા. શુ. ૧૩ સીરોહીમાં.

આદિ— સકલસુરાસુર વૈક્રય લબધિ રૂપ કરિ સુવિનાણ એ દેશી.

પરમપુરૂપ વર–ધર્મ પ્રકાશક, જગત–મોહિત અરિહંત
અવિનાસી સિવવાસી નિરમલ, સિદ્ધ અનાદિ અનંત ૧
કિ ભવીયણ! જિનવાંણી સદ્દવહીઈ
તસ આરાધક ગુણ ગ્રહીઇ–કિ ભવી૦ આંકણી

અંતે— ઢાલ ૧૫ રાગ ધન્યાસી પાસ જિણંદ જુહારીઈ.

ઇણિ પરિ સાધુ થુણ્યા ઉચ્છરંગઈ, જે જિન–આગમ જાણ્યાજી
સંવર ધારણ નિર્જર કારણ, તારણ તરણ વખાંણ્યાજી. ૧ ઇ.
મનબલિ સાહસ ધરિ ઘર છંડી, વચન ગ્રહિઉ નિરવાહિજી
કાયા તપ ઉપસર્ગિ ન વિરતિ, ત્રિવધઈ વ્રત આરાહિજી. ૨ ઇ૦
છસઈ આઠ સયલ સંખ્યાઈ, નામ કહિયાં મઈ ખાંતિજી
કેઈ બઇ ત્રિણિ વાર લિખ્યા તે, બુધ! મત જાણો ભ્રાંતિજી. ૩ ઇ૦
કોઈ તજી કહતાં પણિ ન બનિ, કોઈ અન્ય સરખિ નાંમિજી,
લાભ ઘણા ગિરૂઆ ગુણ ગાતાં, આતમ આણંદ પામિજી. ૪ ઇ.

મરણવિહી સંથાર-પયન્ને, આવશ્યક નિરયુક્તિજી
વલી પ્રામાંણિક બહુશ્રુત આગિ, તે મુનિ વાંદુ ભક્તિજી. ૫ ઇ.
ભરત વિદેહ ઐરાવત પાંચે, હૂઆ છઇ વલી હોસઈજી,
તે તિણિ ભાવિ ધ્યાવિ ગાવતાં, નિજ પાતક ધોસઇજી. ઇ. ૬
સુવિહિત તિલક **સોહમ** ગણધરથી, અઠતાલીસમિં પાટિંજી,
આરિજરક્ષિત સૂરિ પરમ ગુરૂ, **વિધિ** પક્ષ ઉપમ ખાટિજી. ઇ. ૭
તાસ પરંપર **અંચલ** ગચ્છપતિ, **અમરસાગર** સૂરીંદાજી,
તસ આજ્ઞાપાલક ગીતારથ, વાચક **લક્ષ્મીચંદાજી.** ઇ. ૮
તસ શિષ્ય **લાવન્યચંદ** સૂત્રરૂચિ, હરષિં રિપિ ગુણ નાંમિજી,
તિણિ અક્ષર સંકલના કીધા, મતિ માનિ હિત કાંમિજી. ઇ. ૯
સતર ચઉત્રીસે શ્રાવણ શુદિ, તેરસિ મંગલદાયીજી,
સીરોહી સિંહિરિં ગુરૂ મહિરિં, **સાધુવંદના** ગાઇજી. ઈ. ૧૦
સાજન મુનિ ગુણ થુણજો સુણયો, મુખિ ભણયો મનિ ધરજોજી,
આણંદ મંગલમાલા લહિયો, સમકિત નિરમલ કરયોજી. ઇ. ૧૧

(૧૮૦૦ક) સાધુગુણ ભાસ. ૪ ઢાલમાં.

સાહસ ધરિ ઘર પરિહરી, વિચરઇ જે ખગધાર,
મન એક જિન આણા વિષઇ, પગિ પગિ તસ બલિહારિરે. ૧
ધન ધન સાધુ તે થિર સંઘયણ સુસત્તરે × × ×

જાવ જીવ ઇમ જોગવિ વધતિ, ગુણિ હે નહી ક્ષણ વિશ્રામકિ.
સાધઇ સુગતિ સમાધિસું નિતિ, પ્રણમિ હે **લાવન્ય** સિરિ નામિકિ.

—સં. ૧૭૩૪ ફા. શુદિ ૧૧ **પત્તન** નગરે **અંચલ** ગચ્છે વા. **નાથા** ગણિ શિ. **ધર્મ્મચંદ્ર** લિ. સાધુવંદના અને આ બંને એક પ્રતમાં ૯-૧૩ નં. ૬૩૦ મ. જૈ. વિ.

---

૩૭૪ તેજસિંહ (લોં. **કેશવજી** શિ.) (૨-૩૦૨)

(૭૫૮ગ) નેમનાથ સ્ત. સુધારો સં. ૧૭૧૧.

(તેમણે પ્રાયઃ વિદ્વચ્છતક રચ્યું છે નં. ૩૧૨ સને ૧૮૭૦-૭૧ માં. ઈ. તેમનું દષ્ટાંતશતક અને આ તથા સિદ્ધાંતશતક (પ્ર. કા. વડો. ભંડારમાં નં. ૧૭૯૮)એક છે યા જૂદા તે મૂલ પ્રત જોયે જણાય. દષ્ટાંતશતકની પ્રત નં. ૨૯૧ સને ૧૮૭૧-૭૨ માં. ઈ. માં પણ છે.)

---

૩૭૫ ચંદ્રવિજય (૧) (ત. જીતવિજય શિ.) (૨-૩૦૨)

(૭૬૦) ધન્ના શાલિભદ્રની ચો૦ (૨-૩૦૨)

આદિ—

વર્દ્ધમાન જિન ગુણનિલો, ઉપશમ રસ ભંડાર,
ભૂરિ ભગતિ ભાવઈ કરી, પ્રણમી સુખદાતાર. ૧
સમરી **સરસતિ** સામિની, તિમ વલી **ગૌતમ** સ્વામિ,
નામ જપંતાં જેહનઇ, લહીઈ વંછિત કામ. ૨
નિજ ગુરૂ ધ્યાન ધરી મુદા, **ધન્નાનુ** અધિકાર,
ગ્રંથ માંહિં નિરખી અને, પભણિસુ હું વિસ્તારિ. ૩

અંતે— પહેલાં સુધારોઃ—

મહાવિદેહિ અવતરી, પુહચસયઇ મુગતિ મઝાર,
સકલ સુખ લહસ્યઇ તિહાં, એહું મુનિવરરે નામિં જયકારકિ. ૪૯૭
શ્રી **હીરવિજયસૂરિ** ગુણનિલો, **તપગચ્છ** ગગનનો ભાણ,
શ્રી **વિજયસેન** સૂરીસરૂ, તસ પાટિંરે અતિ ચતુર સુજાણકિ.૪૯૮
કડી ૪૯૯ થી ૫૦૩ તે ૨-૩૦૨ અને ૩૦૩ માં છપાયા મુજબ
દાન સુપાત્રિ ભવિકજન, દયા ધરી શુધ ભાવ,
તેહથી વંછિત પામીઈ ભવજલનિધિરે તરવા વડનાવ. ૫૦૪
ધન્ના નિ **શાલિભદ્ર** મુનિ તણું એહ ચરિત્ર બોલ્યું રસાલ,
જેહ ભણઇ નઈ વલી સાંભલઇ, તેહ પામઇરે સવિ સુખ સુવિ-
શાલ કિ. ૫૦૫

—પં. ચંદ્રવિજય ગણિ લિખિતં ધોરાજી નગરે (કવિની સ્વહસ્તલિખિત પ્રત) ૧૮–૧૫ નં. ૨૦૨ ૪૩૨ ભં.

૯૯૬ક મુનિવિમલ.

(૧૮૦૦ખ) શાશ્વત સિદ્ધાયતન પ્રતિમા સંખ્યા સ્તવન. ૨૯ કડી લ. સં. ૧૭૪૨ પહેલાં.

સિરિ **રિસહ** જિણેસર **વદ્ધમાણ**,
ચંદાણણ નિમ્મલ ગુણનિહાણ,
સિરિ **વારિસેણ** તિહુઅણ દિણિંદ,
એણિ નામિ ચઉ સાસય જિણિંદ. ૧××

ઇસ સુરનર મુનિ વંદીઅ સાસય સિધ્ધાયતન વખાણ્યાં,
અંગ ઉપાંગ વૃત્તિ પ્રકરણથી સુહગુરૂ–વયણે જાણ્યાં,
મુનિવિમલ કરજોડી વીનવઇ પ્રણમી તુમચા પાય,
સાસય સુહ સંતતિ કેરો મુઝ જિનજી કરઉ પસાય. ૨૯

—(૧) ટબા સહિત. ગણિ **ઋદ્ધિવિમલ** શિ. ગણિ **અમૃતવિમલ** લપાવીત **રાજનગર** મધ્યે સં. ૧૭૪૨ માર્ગશીર શુદિ ૯ ભોમે લ૦ પત્ર ૧૧ વિમલગચ્છ ભંડાર વીજાપુર (૨) ૩–૧૫ દા. ૮૩ નં. ૭૨ હા.

---

૩૭૭ તેજપાલ (લોં. ઇંદ્રજી શિ.) (૨–૩૦૫)

(૭૬૧) રત્નચૂડ ચો૦ સં. ૧૭૩૫ નભ (ભાદ્ર૦) શુ. ૧૩ રવિ (૨–૩૦૫)

—(૧) ૨૦–૧૬ દા. ૩૬ ડા. પાલણપુર (૨) ૧૧–૨૨ પો. ૧૯ વડા ચૌટા ઉ.

(૧૮૦૧) અમરસેન વયરસેન રાસ સં. ૧૭૪૪ માધવ શુદ ૩ અહિમદપુરમાં.

આંતે— દૂહા આસાવરી રાગે.

પ્રથમ જિનેસર પ્રણમીયે, **નાભિ** નરેસર નંદ,
પ્રણમુ નિજગુરૂ પ્રેમસું, સુરપતિજી સુખકંદ. ૧

વરદાય સમરૂં વલી, દેવી કવિ સુખદાય,
સરસ વચન દ્યો **સારદા**, કૃપાકરી મુઝ માય. ૨
દાન શીલ તપ દાખીયા, ભાવ સહીત ભગવંત,
સરીખા છઇ તઉપણિ સુણો, આખું દાન એકંત. ૩
દાન સુપાત્રે દેયતાં, દાલિદ્ર નાસઇ દૂરિ,
દૂખ વિયોગ મિટઈ દાનથી, હરિ સ્ત્રી વસઇ હજૂર. ૪
અમરસેન વયરસેન અતિ, આપ્યો દાન ઉદાર,
સંપતિ લહી ભવિ સાંભલઉ, વારૂ કથા વિસ્તાર. ૫
સોહગ સ્ત્રી **વયરસેન**ની, પ્રવર શીલ-પ્રતિપાલ,
કવિ ચોજઈ કવીતા કહે, ઈ રમણી ચરિત્ર રસાલ. ૬
ચઉ ખંડે છઇ ચાતુરી, સુસ્વર ઢાલ શૃંગાર,
શ્રોતા સુણિયો ચૂપસુ, અતિ સુંદર અધિકાર. ૭

અંતે—

પડિકમણા સૂત્ર વૃત્તિ દેખિનઈ, **પુષ્પમાલા**થીરે એહ જોઇ પ્રબંધ,
કવિ ચાતુરી વિસ્તર કરી, શ્રી ગુરૂ સાંનિધરે એ રચિયો સંબંધ. ૧૧
ગચ્છનાયક ગુણે ગાજતાં, આચારજ રે પ્રતપો અણબીહ,
સુરતરૂ તિમ ગુરૂ **તેજસી,** દિન દિનરે હો જયો ચઢતા દીહ શ્રી. ૧૨
દયાધર્મી ગચ્છાંબરિ દિનમણી, વિદ્યાવરરે ગણિ શ્રી વરસિંઘ,
ધન લુંકા ગુરૂ ધીમતી, સુખકારીરે શ્રી પૂજ્ય શ્રી સંઘ. શ્રી. ૧૩
પૂજ્ય પવતી શ્રી પૂણ્યના જસ સિરે, **સહિસકરણજી** સુજાણ,
વિનય **કીકાજી** વિદ્યાવરૂ, વિદ્યમાનજરે તસ વિનય વખાંણ. શ્રી. ૧૪
પ્રવર પંડિત પૂજ્ય **ઇંદ્રજી**, સ્તવ્યો ચઉથોરે ખંડ શિષ્ય **તેજપાલ.**
ભવિક સુણો ભલ ભાવસું, અતિસુંદર એકાદશમીએ ઢાલ. શ્રી. ૧૫
સંવત **વેદ યુગ મુની શસી** માધવ માસરે, તૃતીયા શુકલસાર,
અહિમંદપુર આંણંદમાં કર્યો, રાસ રંગિરે પ્રકાસ જયકાર શ્રી. ૧૬

—(૧) ૨૨-૧૮ ખેડા ભં. ૩ (૨) સં. ૧૭૪૭ મહા વદિ ૮ કુંજવાર શ્રી પૂજ્ય **તેજપાલ** પ્રસાદાત્ ઋષિ કેશવેન ૨૮-૧૩ નં. ૪૦૬ લા.

૮૬૭ અભયકુશલ (ખ. કીર્ત્તિરત્નસૂરિ શાખા લલિતકીર્ત્તિ –પુણ્યહર્ષ શિ.)

(૧૮૦૨) ઋષભદત્ત રૂપવતી ચોપઇ. સં. ૧૭૩૦ ફા. શુ. ૧૦ મહાજન.

આદિ—

પાસ જિણેસર પ્રણમતાં, વિઘન બુરાઈ જાઇ,
જિમ સૂરિજ ઊગ્યે થકે, તતખિણ તિમિર નસાઈ. ૧
સરસ વચન દ્યો સરસતી, કવિજન કેરી માય,
જસુ પ્રસાદિં જગમેં હૂયો, કાલિદાસ કવિરાય. ૨
જે મઇ એ ઉદ્યમ કીયો, તેહ સુગુરૂ સુપસાય,
તિલ તિલાંરો મહમહઈ, ફૂલ તણે પરભાવ. ૩
બહુવિધ જિણવર વાગર્યાં, પુન્ય તણા પરકાર,
સીલ સમા નહી અવર કો, સિવસુખ સાધનહાર. ૪
રૂપવતીએં નિરમલો, પાલ્યો જિણ વિધી સીલ;
કથા કુતૂહલ કાંન દે, સુણતાં લહસ્યૌ લીલ. ૫
રિષભદત્ત ચિત રંજીયો, નિજ નારી–ગુણ દેખિ,
સગલી નારિ ન સારિખી, સંશય ટલ્યો અસેષ. ૬

અંતે— ઢાલ ૨૭ રિષભ પ્રભુ પૂજીૈરે.

પૂરવભવ વાતાં સુણી એ, લીનો મનિ વયરાગ મુનીસર વંદીયેંરે
કરજોડી એને વીનવેંએ, તારો મુઝ મહાભાગ મુનીસર વંદીયેરે. ૧
દીક્ષા લીધી ભાવસું એ, પાલૈ પંચ આચાર મુ.
પંચમહાવ્રત નિરમલા એ, ચરણ કરણ ગુણધાર. મુ. ૨
ખંતિ પ્રમુખ દસવિધ સદાએ, પાલી સાધુનો ધરમ, મુ.
ઈશાને સુર તે હૂયા એ, જિહાં છઈ બહુલા શરમ. મુ. ૩
દોઇ સાગરનેં આઊખેં એ, ભોગવિ સુરના ભોગ મુ.
મહા વિદેહેઇ સીછિસ્યએ, ધરમતણો લહિ યોગ. મુ. ૪

રૂપવતિ જિમ પાલિયો એ, ત્રિવિધ ત્રિવિધ કરી શીલ,
શીલ પાલે જે ઇમ સદાએ, તે લહિસ્યે બહુ લીલ. મુ. ૫
જિણવિધ ગુરૂમુખિ સાંભલ્યો એ, તિણવિધ એહ પ્રબંધ,
ચઉપઇ કરીનેં સાંકલી એ, ઢાલ સતાવીસ સંધ. મુ. ૬
શ્રી ખરતરગચ્છ રાજીયો એ, શ્રી જિનચંદ્ર સુરીસ,
તેહનેં રાજઇ સંથુણ્યો એ, શિવભદત્ત સુમુનીસ. મુ. ૭
સંવત **મુનિ ગુણ રૂષિ શશિ** એ, ફાગુણ માસ ઉદાર,
ઉજવાલી દસમી દિને એ, **મહાજન** નગર મઝાર. મુ. ૮
કીરતિરતન સૂરીંદની, શાખા સકલ વદીત,
લલિતકીરતિ પાઠકવરૂ એ, સાધુ ગુણે સુપવિત્ત. મુ. ૯
તાસ સીસ જગિ પરગડા એ, બહુ વિદ્યા ભંડાર,
શ્રીપુણ્યહરષ પાઠક જયોએ, તસુ સાંનિાધ લહિ સાર. મુ. ૧૦
અભયકુશલ એ ભાખીયો એ, સખર સંબંધ રસાલ,
ભણતાં ગુણતાં વાંચતાં એ, વાધઇ મંગલમાલ. મુ. ૧૧

— સંવત ૧૭૭૦ શ્રા. સુદિ ૫ ગુરૂ પં. **અમૃતપ્રભુ** મુનિના લિ. **આસોતરા** મધ્યે ૧૪–૧૬ અનંત નં. ૨

(૧૮૦૨ ક) વિવાહ પટલ ભાષા (હિંદી રાજસ્થાની)

વીવાહ પટલ ગ્રંથ છે મોટો, કહિતાં કબહી નાવે ત્રોટો
મૂરખ લોક સમઝાવણ સારૂ, એ અધિકાર કીયો હિતકાર. ૫૫
પુન્યહરષ વાચક પરગડા, પરવાદી ગંજણ ઉતકટા
તસુ પ્રસાદે શુભમતિ લહી, **અભયકુશલ** વાચક એ કહી. ૫૬
—અંત્ય પત્ર નાહટા.

---

૩૭૭ ક જ્ઞાનકીર્ત્તિ (નં. એમ સુધારો) (૨–૩૦૬)

---

૩૭૭ ખ–૮૬૮ રામચંદ્ર (ખ. પદ્મરંગ શિ.) (૨–૩૦૭)

(૧૮૦૩)મૂલદેવ ચોપઈ (ઐ.) સં. ૧૭૧૧ કા. નવહટમાં જિનચંદ્રસૂરિ રાજ્યે.

—પં. હાસાજી વિરલા (?) રામચંદ લિ. સઇલા મધ્યે પત્ર ૨૦ પો. ૫ ચતુ.

(૧૮૦૪) રામવિનોદ (ચો.) સં. ૧૭૨૦ માગશર શુ. ૧૩ બુધે.(હિંદીમાં)

આદિ— ૬૦ શ્રી સરસ્વત્યૈ નમઃ

સિદ્ધિ-બુદ્ધિદાયક સલહીયૈ, ગવરીપુત્ર ગણેશ
વિઘ્ન-વિડારણ સુખકરણ, હરખ ધરી પ્રણમેશ. ૧
શ્રી ધન્વંતર ચરણ યુગ, પ્રણમું ધરિ આણંદ
રોગ નસૈ જસુ નામથી, સજ્જનકૌ સુખકંદ. ૨
વિવિધ શાસ્ત્ર દેખી કરી, સુખમ કરૂ અધિકાર.
રામવિનોદહ ગ્રંથ યહુ, સકલ જીવ સુખકાર. ૩

અંતે—

કોટિ ગચ્છ ખરતર પરધાન, શ્રી જિનસિંહ સુરિરાજાન
રંજે જિણ અકબરસાહ સલેમ, કરામાત દિખલાવે એમ. ૯૬
તાસ સીસ બહુ ગુણ મણિધાર, પદ્મકીર્ત્તિ જસ સયલ સંસાર
તસુ પદપંકજ વિદ્યાપૂર, પ્રતપા જાંલગિ દ્રૂ સસિ સૂર. ૯૭
પંડિત પદમરંગ સુજગીસ, નરનારી પ્રણમે નિશિદીસ
તસુ સીસૈ ભાષા કરી કહી, રામચંદ મુનિ જાણેજ્યો સહી. ૯૮

દોહા

ગગન પાણિ મુનિ દ્વીપ શશિ, હિમરિતુ મગશિર માસ,
શુકલ પક્ષ તેરસિ દિને, બુધવાર જિન જાસ. ૯૯
મરદાનૌ અરૂ મહાબલી, અવરંગસાહિ નરંદ,
તાસ રાજમૈ હર્ષસું, રચ્યો શાસ્ત્ર આનંદ. ૩૦૦
સૂરિ ગુણે સાચૌ સદા, જગતગુરૂ જિનચંદ,
પ્રબલ પડૂરૈ પરગડો, દીપૈ જ્યું રવિચંદ. ૩૦૧

[ઉત્તર દિસિ ખુરસાંન મૈ, બન્નુ દેસ પ્રધાન.
સજલ ભૂમિ રૈ સર્વદા, સકકી સહર સુભ સ્થાન.]

પરદુખ ભંજણ કે લીયૈ, કીયૌ ગ્રંથ સુખકંદ,
ચિર લગિ એ રહિજ્યો સદા, જાં લગિ મેરૂ દિણંદ. ૩૦૨

નાડી પરીક્ષા—

સુભમતિ **સરસતિ** સમરીયૈ, શુદ્ધ વિત્ત હિત આન,
પ્રગટ પરીક્ષા જીવની, લહીયો ચતુર સુજાણ. ૧ × ×
સ.ંમ્ય દૃષ્ટિ સુપ્રસન્ન સદાઇ ભાલીયૈ,
પ્રકૃતિ ચિત્તાઇ હુ સંત દુખ સહુ ટાલીયૈ,
શીઘ્ર શાંતિ હોઈ રોગ સદાસુખ સંદહી,
નાડિ પરીક્ષા એહ, કહી **રામચંદ** હી. ૩૯

માનપરિમાણ ગા. ૧૩ (આ સર્વસહિત પત્ર ૬૧ સં. ૧૭૫૯ **જોધપુર રાજસોમ** લિ. જિ. ચા...(૨) સર્વશ્લોક સંખ્યા ૩૨૬૭ અત્ય પત્ર નાહટા. (૩) સં. ૧૮૧૦ કા. શુ. ૬ પત્ર ૯૮ નં. ૬૦૯ દાન.

બીજી એક પ્રતિમાં નીચેનો અંત ભાગ છે તે સત્ય લાગતો નથી. ગ્રંથને પ્રાચીન બનાવવા કર્ત્તાને જૈનેતર બનાવવા ઘડી કાઢેલ હોય તેમ દીસે છે.

અંતે—

સંવત **સોલહસૈ વીસા** હિમ રિતુ મગસિર માસ,
શુકલપક્ષ તેરસ દિનૈ, બુધવાર દિન જાસુ. ૨૯૭
મર્દાનો અર મહાબલી, **અકબર** સાહિ નરિંદ
તિસહી રાજ આનંદસૌ, રચ્યો શાસ્ત્ર આનંદ. ૨૯૮
ઉત્તર દિશિ **ખુરસાનમેં, પંજાબ** દેશ પ્રધાન
સજાત ભૂમિ તહાં હૈ સદા, **ભેહરા** સહિર સુભ થાન. ૨૯૯
પરદુખભંજણ કે લિયૈ, કીયૌ **મિશ્રરામચંદ**
ગ્રંથ રચ્યો હે સુખદા, જાં લગિ ધ્રૂ રવિ ચંદ. ૩૦૦

—ઇતિ મિશ્ર **કેશવદાસ** સુત **રામચંદ્રેણ** વિરચિતે શ્રી **રામવિનોદે** પત્ર ૪૭ સં. ૧૭૬૧ ભા. સુ. ૭ **આનંદધીર રિણી** લેખિ. **નાહટાજી.**

(આ ગ્રંથનાં સારરૂપે દયામાણિક્ય મુનિએ કરેલા મદ્યની પ્રત મળે છે તેમા અંતે એમ છે કેઃ—

એ માંન તણો પરમાંન, સારંગધરહૂં સારિયા
કહોં જુ એ અનુમાન, રામવિનોદ વિનોદસું.

—ઇતિ રામવિનોદ વૈદ્યકગ્રંથ સારોદ્ધાર સમ્પૂર્ણ સં. ૧૭૯૯ શાકે ૧૬૬૪ પૌષ શુક્લ ૧૧ બૃ. ખ. ભ. જિનચંદ્રસૂરિ શિ. વા૦ ક્ષમાસમુદ્ર શિ. વા. ભાવકીર્ત્તિ શિ. પં. રત્નકુશલ મુનિ શિ. પં. દયામાણિકય મુનિના એષા અજનિ. શ્રી કારમાબજાર નગર મધ્યે ૧૩૪–૧૧ નં. ૪૭–૩ ગુ. (૨) સં. ૧૮૫૪ લિ. ૮૯–૧૩ નં. ૩૯–૪ ગુ.]

વિશેષમાં કવિએ સ્વોપજ્ઞ હિંદી ટીકા રચી છે તેમાં આદિ એ છે કે—

અથ રામવિનોદ ગ્રંથવચનિકાબંધ વાર્ત્તા લિખ્યતે અથ પ્રથમ શ્રી ગણેશજીકિ સ્તુતિ લિખિયે હૈ। કૈસે હૈ ગણેશજી ઋદ્ધિ સિદ્ધિ કે દેણહાર હૈ। × × ×

અંતે—શ્રી કોટિક ગણ શ્રી ખરતર ગચ્છે શ્રી જિનસિંહસૂરિ ભટ્ટારક કૈસે હુએ અકબર પાતિસાહકુ સાહ સિલેમ જહાંગીર તિનહૂને જિનસિંહસૂરિ ભટ્ટારકકું આપકે હાથ ડીક દિયા તખતં બૈઠાય રામાતિક હુઈ તિસકૈ ચેલા પદ્મકીર્ત્તિ હુયે માહર વૈદ્યવિદ્યામૈં નિપુણ ભયે તિસકે પાર પદ્મરંગજી હુયા તિસકા ચેલા રામચંદ્ર હુયા તિસને સંવત્ ૧૭૧૯ મૃગસિર સુદિ તેરસ બુદ્ધિવારકે દન યહ ગ્રંથ ટીકા પૂરણ કિયા. ઇતિ શ્રી રામવિનોદ ગ્રંથ સંપૂર્ણ ॥ વર્ષે ૧૮૫૧ વૈ. શુ. ૮ બુધવાસરે અશ્લેષા નક્ષત્રે દ્વિતીયપ્રહરે રામવિનોદ પૂર્ણીકૃતં મક્ષુદાવાદ નગરે અજિમગંજે ગંગા નિકટે ઋષિ ભાગચંદ લિ. પત્ર ૨૩૩ પં. ૧૧ નં. ૪૭–૫ ગુ. (૨) પત્ર ૯૧ નં. ૩૯–૩ ગુ.

(૧૮૦૫) સારંગધર ભાષા–વૈદ્યવિનોદ (વૈદ્યક) સં. ૧૭૨૬

આદિ— દોહા

શ્રી સુખદાયક સલહીયે, જ્યોતિરૂપ જગદીસ
સકત કરી સોભઈ સદા, શ્રી ભગવત નિશિ દીસ. ૧

હેમાચલ ઔષધ કરી, જ્યું રાજૈ ભૂમાંહ
યું ઉમાપતિ રાજ હૈ, પ્રણમ્યાં આપદ જાંહિ. ૨
યુગવર શ્રી જિનસિંઘજી, ખરતર ગચ્છ રાજાંન
શિષ્ય ભએ તાકે ભલે, પદમકીર્તિ પરધાન. ૩
તિનકે વિનય વણારસી, પદમરંગ ગુણરાજ
રામચંદ ગુર દેવકૈં, નીકૈં પ્રણમૈં આજ. ૪
સારંગધર અતિ કઠિન હૈ, બાલ ન પાખે ભેદ
તા કારણ ભાષા કહૂં, ઉપજૈ જ્ઞાન ઉમેદ. ૫××
વિવિધ ચિકિત્સા રોગકી, કરી સુગમ હિત આંણિ
વૈદ્યવિનોદ ઇણ નાંમ ધરિ, યાંમૈ કીયૌ વખાણ. ૧૦

અંતે—

સારંગધરભાષા કીયૌ, વૈદ્યવિનોદ રસાલ
ભેદંજ ઇણકે સુણતહી, પંડિત હોઇ સુચાલ. ૫૯
પહિલી કીનૌ રામવિનોદ, વ્યાધિ નિકંદણ–કરણ પ્રમોદ
વૈદ્યવિનોદ ઇહ દૂજા કીયા, સજન દેખિ ખુસી હોઇ રહીયા. ૬૦
ઇસહી પટંતર હોત હૈ જ્ઞાન, તા કારણ તુમ ભણૌ સુજાંણ
ઇસકે પઢીયાં આદર જ્ઞાન, સકલ લોક માંનૈ રાજાંન. ૬૧ ××
ગુરૂઆ ખરતર ગછિ સિણગાર, જાંણૈ જાકું સકલ સંસાર
જિનકે સાહિબ શ્રી જિનસિંઘ, ધરામાંહિ હુએ નરસિંઘ. ૬૪
દિલ્લીપતિ શ્રી સાહિ સલેમ, જાકું માંન્યૌ બહુ ધરિ પ્રેમ
બહુ વિદ્યા જિનકું દિખલાય, દયાવાન કીને પતિસાહિ. ૬૫
શિષ્ય ભલે જિનકે સુખકાર, પદમકીરતિ ગુણકે ભંડાર
તાકે શિષ્ય મહાસુખદાઇ, સકલ લોકમૈં સો જસવાઇ. ૬૬
વાચનાચાર્ય શ્રી પદમરંગ, બહુ વિદ્યા જાંનૈ ઉછરંગ
ચિરજીવો ધ્રૂ રવિ ચંદ, દેખ્યાં ઉપજૈ અતિહિ આનંદ. ૬૭
રામચંદ અપણો મતિસાર, વૈદ્યવિનોદ કીનૌ સુખકાર
પર ઉપગાર કારણકે લઇ, ભાષા સુગમ જો યહ કરિ દઈ. ૬૮

રસ દૃગ સાયર શશિ ભયૌ, રિતુ વસંત વૈશાખ
પૂરણિમા શુભ તિથિ ભલી, ગ્રંથ સમાપ્તિ ઈહિ ભાખ. ૬૯
સાહિ ન સાહિપતિ રાજતૌ, ઔરંગજેબ નરિંદ
તાસ રાજમૈ એ રચ્યૌ, ભલૌ ગ્રંથ સુખકંદ. ૭૦
ગચ્છનાયક હૈ દીપતા, શ્રી જિનચંદ રાજાન
સોભાગી સિરસેહરૌ, વંદે સકલ જિહાંન. ૭૧
મરોટ કોટ શુભ થાંન હૈ, વસૈ લોક સુખકાર
એ રચના તિહાં કિન રચી, સબહીકું હિતકાર. ૭૨
પર ઉપગારી ગ્રંથ હૈ, સકલ જીવ સુખકાર
થિર રહિજ્યૌ જાં લગિ સદા, તાં લગિ ધ્રૂઇક તાર. ૭૩

—ઇતિશ્રી વણારસ પદ્મરંગ ગણિ શિષ્ય રામચંદ વિરચિતે શ્રી વૈદ્યવિનોદ ગ્રં. ૩૭૦૦ લે.૧૯૦૫ પત્ર ૧૦૬. નાહટાની નકલપરથી.

(૭૬૨ ક)+૧૦ પચખાણગર્ભિત વીર સ્ત સં. ૧૭૩૧ (૨–૩૦૭)

—(૧) ૫–૧૦ જશ. (૨) ૨–૧૧ ગો. ના.

---

૩૭૮ જ્ઞાનવિમલસૂરિ (નયવિમલ) [૨–૩૦૮]

(૭૬૩)+ સાધુવંદના સં. ૧૭૨૮ કા. વ. ૧૦ ગુરૂ (૨–૩૧૦)

આદિ— દૂહા

શાસનનાયક ગુણનિલો, સિદ્ધારથનૃપ–નંદ,
વર્દ્ધમાન જિન પ્રણમતાં, લહિઍ પરમાણંદ. ૧
અંગ ઇગ્યાર પયન્ન દશ, તિમ ઉપાંગ વલી બાર,
છેદસૂત્ર ષટ ભાષીયા, મૂલસૂત્ર તિમ ચાર. ૨
નંદી અનુયોગદ્વાર વલી, એ પણયાલીસ સૂત્ર,
તસ અનુસારિં જે કહ્યા, પ્રકરણ વૃત્તિ સસૂત્ર, ૩ ××
શ્રુત પ્રકરણથી હું કહું, સકલ સાધુ અભિધાન,
સુગમ કરૂં સાધુવન્દના, ભક્તિ હેતિ શુભ ધ્યાન. ૧૦ ××

ઘણા દિવસની મને હતી, હુંસિ ઘણી મુજ જેહ,
સકલ સાધુવંદન ભણી, સફલ થઇ મુજ તેહ. ૧૪
શ્રી **વિજયપ્રભ**સૂરીંદના, પદ પ્રણમી અભિરામ,
સુધા સાધુતણી કહું, વંદન હિત સુખ ક.મ. ૧૫
ચોવીસે જિનવરતણા, ગણધર સાધવી સાધ,
પહેલાં તેહને વંદનાં, સકલ સુખ **નય** લાધ. ૧૬

—(૧) સંપૂર્ણો લિપીકૃત; કૃતશ્ચ પં. શ્રી **ધીર**ાવમલગણિ ચરણ સહસ્રપત્ર–પરાગ–પરભાગ–રસિક–મનમધુ–કરાયમાણ પંડિત **નય-વિમલ** ગણિના ઇતિ મંગલમાલિકા આલિકાવદાલિંગતુ સદા સહૃદય–હૃદયેષ્વિતિ શ્રેયઃ ૧૭–૧૫ દા. ૮૨ નં. ૧૯૧ હા. (કવિહસ્તલિખિત) (૨) ૨૧–૧૪ દા. ૮૨ નં. ૨૨૪ હા. (૩) સં. ૧૭૮૭ દ્વિ. ભા. શુ. ૩ ચંદ્રવાસરે ૨૬–૧૩ દા. ૩૯ નં. ૪૩ ડા. પાલણપુર. (૪) પ્ર. દયાવિમલજી જૈન ગ્રંથમાલા નં. ૧૦.

(૭૬૪ક) + શાંતિ સ્ત. સં. ૧૭૩૬ (૨–૩૧૪)

—સં. ૧૭૫૭ લિ. ૨૩–૧૫ દા. ૮૨ નં. ૯૮ હા.

(૭૬૫) + જંબૂ રાસ. સં. ૧૭૩૮ થરાદ (૨–૩૧૫)

—(૧) સં. ૧૭૪૬ શાકે ૧૬૧૧, ૨૪–૧૭ નં. ૪૦૦ લા૦ (૨) સં. ૧૭૮૬ કા. શુ. ૫ બુધે **નવાનગર** મધ્યે લિ. આચાર્ય **ભાગચંદજી** શિ. ઋ. **વિજૈરાજેન** લિ. ૧૯–૧૭ મોટા સંઘ ભં. રાજકોટ (૩) સં. ૧૭૮૭ ચૈ. કૃ. ૮ રવિ ૩૪–૧૩ નં. ૩૯૯ લા૦ (૪) પં. કૃષ્ણવિજય શિ. પં. કપૂરવિજયેન લ૦ સં. ૧૭૯૧ ભાદ્ર૦ શુ. ૧૧ ગુરૂ કનકાવતી નગરે ૧૮–૧૮ પો. ૩૭ નં. ૧૭૫ ઝીં. (૫) ૨૭–૧૫ પો. ૩૭ નં. ૧૭૪ ઝીં. (૬) લિ૦ પં. **હંસરત્ન** ગણિના **અહિમ્મદાબાદ** વાસ્તવ્ય ઉપકેશવંશ–વિભૂષણ ચતુર્થ–વ્રતધારક સુશ્રાવક **સોની ખીમચંદ** તસ્ય ધર્મપત્ની સુશીલા શ્રાવિકા **રહીબાઇ** પઠનકૃતે ૨૯–૧૩ દા. ૭૯ નં. ૩ હા. (૭) ૩૦–૧૪ દા. ૭૯ નં. ૪ હા. (૮) સં. ૧૭૯૯ કા. વ. ૩ લિ. ૨૨–૧૭ દા. ૧૭ વી. ઉ. (૯) સં. ૧૭૮૭

ભા. શુ. ૧૦ બુધે રાજનગર મધ્યે પં. સુમતિવિજય શિ. રામવિજય શિ. મુનિ મહિમાવિજય લ૦ ૨૧-૧૮ નં. ૩૨૦૮ વિ. ને૦ (૧૦ થી ૧૩) ૨૨-૧૯ દા. ૪૪ નં. ૬; સં. ૧૮૦૫ કા. વ. ૯ મંગલ ૩૮-૧૧ દા. ૪૪ નં. ૭; તથા સં. ૧૮૧૦ મૃગશિર વદિ ૧૧ ગુરૂ લિ. પં. કાંતિવિજય શિ. પં. ભક્તિવિજય થિરા ગ્રામે ૧૫-૨૧ દા. ૪૪ નં. ૫ સંઘ ભં. પાલણપુર (૧૪) સં. ૧૮૧૪ વૈ. શુ. ૧૦ બુધ ૨૭-૧૬ નં. ૧૬૩ ઈડર ભં. (૧૫) સં. ૧૮૧૭ પ્ર૦ આ૦ શુ. ૪ બુધે ૩૦-૧૬ દા. ૨૨ નં. ૩૧ સીમંધર. (૧૬) લિ૦ નરરાજેન સં. ૧૮૨૨ મૃગશિર વ. ૧૪ ચંગેડી ગ્રામે ૨૦-૧૬ દા. ૬ નં. ૪૦ ખેડા ભં. (૧૭) સં. ૧૮૨૪ જે. શુ. ૭ બુધે ૨૫-૧૭ ખેડા નં. ૩ (૧૮) સં. ૧૮૩૯ માઘ કૃ. ૭ રવિ ૪૧-૧૩ નં. ૩૨૦૫ વિ. ને. (૧૯) ૧૯-૧૭ નં. ૩૨૦૭ વિ. ને. (૨૦) સં. ૧૮૪૨ માગસર કૃ૦ પાર્શ્વનાથ કલ્યાણક દશમી દિવસે મહો. વિનયવિજય શિ. પં. માનવિજય શિ૦ પં. અમરવિજય શિ. પં. મોહનવિજય લિ૦ ભરૂચ્ચ બંદરે વેજલપુરે પોસ દસમી દિને સોમવાસરે લ૦ ૩૭-૪૩ દા. ૬ નં. ૩૭ ખેડા ભં. ૧ (૨૧) સં. ૧૮૫૭ મહા વદ ૯ સૂર્યવાસરે ભ૦ દાનરત્નસૂરિ શિ. પં. કલ્યાણરત્ન શિ. પં. કુશલરત્ન શિ. પં. રંગરત્ન લ૦ ઉતેલીયા ગ્રામે ચંદ્રપ્રભુ પ્રાસાદાત્ ૩૨-૧૪ દા. ૬ નં. ૩૨ ખેડા ભં. ૧ (૨૨) સં. ૧૭૭૨ આષાઢ શુ. ૧૩ ગુરૂ રાજનગર મધ્યે ૧૧-૨૨ દા. ૮૨ નં. ૨૧૭ હા૦ (૨૩) સં. ૧૮૫૬ ચૈ. કૃ. ૧૩ ચંદ્રવાસરે લીંબપુરી મધ્યે શ્રી શાંતિનાથ પ્રાસાદાત્ વોહરા જયરાજ્યે ઠા. લખાવીને પત્ર ૩૫ ગા. ૬૪૮ શ્લો. ૧૦૭૫ દા. ૨૫ લીં. (૨૪) સં. ૧૮૭૨ ચૈ. વ. ૧૨ લિ. મુ૦ રતનવિજય ધર્મચંદ્ર ગણિ વાચનાર્થં પાટણનગરે પત્ર ૧૭ ની પ્રતનું છેલ્લું પાનું જશ૦ (૨૫) ૭-૧૨ દા. ૮૧ શ્લો૦ ૧૦૨૩ રાય-ધનપતિસિંહ ભં. અજીમગંજ (notices of Sans. mss. vol. 9 p. 134-135) (૨૮) સં. ૧૮૯૮ શ્રા. શુ. ૭ ગુરૂ પ્રથમ પ્રહરે ગાથા ૬૦૮ ગ્રં. ૧૦૩૫ પત્ર ૨૪ નં. ૪૬૭ ગોડીજી મુંબઇ.

(૧૮૦૫ક) પૂજાવિધિ સ્તવન. સં. ૧૭૪૧ વિજયાદશમી બુધ સમીમાં.

શ્રી જિન-વદન-નિવાસિની, સમરી સારદ માય,
પંચમ અંગે ધુરિ ભણી, બ્રાહ્મી લિપિ કહિવાય. ૧
દેસવિરતની મંડણી, હોઈ સમકિત સુદ્ધ,
જિન-પૂજાથી યોગ સુભ, બાંધે નિરમલ બુદ્ધિ. ૨××
વીરચંદ આગ્રહ કરી, કીધું એહ તવન્ન,
ભણતાં નવનિધિ સંપજે, સુણતાં ચિત્ત પ્રસન્ન;
ચંદ્ર વેદ ભોજન વરિસ, વિજય દસમ બુધવાર,
પૂજા ફલ રચના રચી, સમી સહર મઝાર.

—૧૭ પત્રની પ્રતમાં પ્રથમનાં ચાર પત્ર દા. ૭૯ નં. ૫ હા.

(૭૬૮)+ ચંદ કેવલી (આનંદમંદિર) રાસ સં. ૧૭૭૦ (૨-૩૨૦)

—(૧) મહો૦ રવિવર્દ્ધન શિ. પં. ઋદ્ધિવર્દ્ધન શિ. પં. ધીરવર્દ્ધન શિ. પં. સંપ્રતિ કલ્યાણવર્દ્ધન શિ. પં. રંગવર્દ્ધન ગણિના સ્થંભતીર્થ બંદિરે સં. ૧૭૭૨ ફા. શુ. ૭ રવિજયવારે લિ. ૨૫૭-૧૨ દા. ૭૮ નં. ૧૨ હા. (૨) સં. ૧૭૭૯ ચૈ. વ. ૮ બુધે રાજનગરે ૩૫૫-૧૧ દા. ૬ નં. ૨ ખેડા ભં. (૩) સં. ૧૭૮૦ કા. વ. ૧૨ સોમે ૧૩૧-૨૧ નં. ૬૦૯ વીજાપુર જ્ઞા. મં. (૪) સં. ૧૭૯૩ આષાઢ શુ. ૧૫ રાજનગરે લિ. ૧૯૭-૧૩ દા. ૨૨ સીમંધર. (૫) સં. ૧૮૨૭ શાકે ૧૬૯૨ કા. કૃ. ૩ ભોમે ધર્મનાથ પ્રસાદાત્ ઉંવરંગાબાદે લ. ૨૯૮-૧૧ પો. ૧૨૦ મો૦ સુરત (૬) સં. ૧૮૫૭ માહ શુ. ૧૩ ભોમે લિ. પં. હીરાચંદ શિ. પં. દેવચંદ વોહરા જયરાજ્યેન વાંચનાર્થે. દા. ૨૫ નં. ૧ લીં. (૭) લિ. સ્તંભતીર્થે ૧૯૩-૧૫ દા. ૭૮ નં. ૭ હા. (૮) સં. ૧૮૬૩ માર્ગસિર વ. ૫ મંગલ લ. પં. (નામો છેકી નાંખ્યાં છે) વીરમગ્રામે અજિત શાંતિ પ્રસાદાત્ ૨૧૭-૧૬ દા. ૩૫ નં. ૧૬૧ ઝીં. (૯) સં. ૧૮૬૪ શાકે ૧૭૨૯ માઘ શુ. ૮ ભગુવાસરે લિ. રૂપહંસગણિના ભ્રાતૃ પં. શિવહંસ લિ. ૨૧૬-૧૬ પો. ૧૨૦ મો. સુરત (૧૦) ૨૨૭-૧૩ દા. ૧૯ વી. ઉ.

(૧૧) સં. ૧૭૭૦ ફા. શુ. ૧૪ બુધે પં. સુખસાગર ગણિના રાધનપુર નગરે ૧૫૫-૧૭ ખેડા ભં. ૩ (૧૨) સં. ૧૮૭૩ માઘ શુ. ૭ અર્કવાસરે ખેટકપુરે ઋષભ પ્રસાદાત્ સેઢી-વેત્રવત્યોપકંઠે લિ. પં. રાજરત્ન શિ. મુનિ અનોપરત્નેન ૧૫૫-૧૪ ખેડા ભં. ૩ (૧૩) ભ. વિજયદેવ સૂરિ શિ. પં. લબ્ધિવિજય શિ. પં. રત્નવિજય શિ. પં. વિવેક-વિજય શિ. પં. અમૃતવિજયેન લિ. સં. ૧૮૨૪ માહા શુ. ૭ શનિ ખેટકપુરે મૂળ અમદાવાદ જૈનશાલાની પ્રત લાવી. ઉતારી પટેલ વકીલ વરજલાલ વેણીદાસ સં. ૧૯૨૭ માહા શુ. ૭ શનિ ખેટકપુરે ૧૯૫-૧૯ દા. ૭ નં. ૮૮ ખેડા ભં. (૧૪) ગુરૂ હીરાલાલજી રહે-વાસી કિલ્લે ખેડાના અર્થે ખેડાના રહેનાર વ્યાસજી કાલીદાસ પ્રાણ-નાથે લખ્યો સં. ૧૯૪૦ આસો સુ. ૧૦ ચંદ્રવાર ૩૦૪-૧૨ પો. ૧૨૨ મો. સુરત. (૧૫) ૩૧૫-૧૧ નં. ૫૪-૨ ગુ. (૧૬) સં. ૧૭૯૧ શાકે ૧૬૫૬ વૈ. શુ. ૧૦ ગુરુવાસરે બર્હાણપુર સહાદ્રંગે પં. જયસુંદર ગણિભિઃ લિખાપિતં વિ. મે. અમદાવાદ

(૭૬૯) રણસિંહ રાજર્ષિ રાસ (૨-૩૨૪)

—(૧) સં. ૧૭૬૫ કા. શુ. ૧૩ શનિ ૩૫-૧૬ નં. ૨૩૫૭ મુક્તિ. (૨) ૫૭-૧૩ દા. ૨ નં. ૩૮ ભાગ્યરત્નમુનિ ખેડા.

(૭૭૦) +અશોકચંદ-રોહિણી રાસ સં. ૧૭૭૪ (૨-૩૨૫)

તાસુ સીસ વાચક સુવિચારી, **કમલહરષ** પભણઈ હિતકારી. ૧૫

મુનિવર ધન્નાનઉ વિરતંત, થાયઈ સુખ સુણતાં એકંત,
આણંદ લીલા પૂજઈ આસ, સંપતિ યશ વાધઈ સુવિલાસ ૧૬
ભવિયણ દાન ધના જિમ દીજઇ, ભાવઈ વલિ ભાવના ભાવીજઇ
ઇહિભવ પરભવિ દાન પ્રભાવઇ, પગિ પગિ કીરતિ કમલા પાવઇ. ૧૭

—સં૦ ૧૭૮૧ વા૦ આનંદહંસ ગણિ લિ. સાધ્વી રામા આણંદા પઠનાર્થે બીલાડા મધ્યે કાતી સુદ ૧૫, ૩૯-૧૩ પોથી ૫૦ યશોવૃદ્ધિ.

(૧૮૪૧) અંજના ચોપઇ સં. ૧૭૩૩ ભા. શુ. ૭

—ગારવદેસર મધ્યે લિ. પત્ર ૧૩ પો. ૩૬ મહિમા.

(૧૮૪૨) આદિનાથ ચોપઇ (રામલાલ સંગ્રહ વીકા૦)

૪૦૪ ઉદયરત્ન (ત. શિવરત્ન શિ.) (૨-૩૮૬)

(૮૦૭) જંબૂસ્વામી રાસ સં. ૧૭૪૯ ખેડા (૨-૩૮૬)

—(૧) હીરરત્ન સૂર સંતાને મહો૦ ઉદયરત્ન શિ. ઉત્તમરત્ન શિ. જિનરત્ન શિ. ખેમારત્ન શિ. રાજરત્ન શિ. મયાંકરત્નેન લિ. ખેટકપુરે રસુલપુરા મધ્યે ઋષભ પ્રસાદાત્ સં. ૧૮૯૬ આસાઢ સુદિ ૬ વાર ચંદ્ર પુત્રે ખેડા ભં. (૨) ૧૮૧૪ જે. શુ. ૧૩ રવિ પં. જિનરત્ન શિ. મુ. મતિરત્ન લ. ૧૦૬-૧૩ દા. ૨૦ નં. ૨૩ સીમંધર.

(૮૦૮) અષ્ટપ્રકારી પૂજા સં. ૧૭૫૫ પાટણ (૨-૩૮૯)

—(૧) સં. ૧૭૮૧ જે. વ. ૧ રવિ લ. મુનિ વ(વિ)નયવિજે ૧૧૬-૧૪ દા. ૧૮ વી. ઉ. (૨) પં. પદ્મવિજય ગણિ શિ. ધ્યાનવિજય ગણિ શિ. માણિક્યવિજય શિ. પં. જીવવિજય શિ. કુશલવિજય પં. મોહનવિજય પં. સુંદરવિજય પં. ચતુરવિજય ગણિ લિ. સં. ૧૭૯૦ કા. કૃ. ૭ ગુરૂ સાદડીનગર મધ્યે ૭૪-૧૩ નં. ૩૩૦૭ જનાનંદ. (૩) સં. ૧૮૪૮ પોસ કૃ. ૧૩ શનિ સૂર્યપુર મધ્યે શ્રીશાંતિજિન ચરણે ભ. કીર્તિરત્નસૂરિ શિ. મુનિ બુદ્ધિરત્નેન લિ. ૬૪-૧૭

ખેડા ભં. ૩ (૪) સં. ૧૮૫૩ કા. વ. ૫ શનો ભ. હીરવિજયસૂરિ શિ. પં. આણંદવિજય ગણિ શિ. પં. મેરૂવિજયગણિ મહો૦ લાવણ્યવિજય શિ. પં. જ્ઞાનવિજય શિ. નયવિજય શિ. પં. શુભવિજય શિ. પં. પ્રેમવિજય પં. સુબુદ્ધિવિજય શિ. પં. નિત્યવિજય પં. રૂપવિજય શિ. પં. વિદ્યાવિજય તત્ ભ્રાતૃ પં. ખૂસ્યાલવિજય લ. પં. વિદ્યાવિજય વાચનાર્થં ઇલ્લોલ મધ્યે ૬૭–૧૬ ખેડા ભ. ૩ (૫) સં. ૧૮૯૦ ચૈત્ર શુ. ૧ ગુરૂ સૂર્યપુર મધ્યે શ્રી શાંતિનાથ પ્રાસાદાત્ લ. મુ. તેજરત્નેન ૮૨–૧૩ પો. ૩૮ નં. ૧૭૬ ઝીં. (૬) સં. ૧૮૯૯ કા. શુ. ૧૧ રવિ નડીઆદ ગ્રામે લિ. મુ. લખમીરત્નેન શ્રી રાજવિજય સૂરિ ગચ્છે ગોડી પારસનાથ પ્રાસાદાત્ ૧૦૫–૧૩ ખેડા ભં. (૬) સં. ૧૯૦૪ ફા. વ. ૩ બુધે લખાવીતં પં. અનોપરત્નેન લ. તેજવિજય પાદલિપ્ત મહાતીર્થે ૧૦૧–૧૪ ખેડા ભં. (૭) ૭૬–૧૩ ખેડા ભં. (૮) પં. ગુણવિજય શિ. કેશરવિજય લિ. કડી નગરે સં. ૧૭૭૭ ચાતુર્માસ ૫૮–૧૬ પો. ૧૫ વડાચૌટા ઉ. (૯) સં. ૧૮૩૬ આસો શુ. ૧૪ દિને ૮૦–૧૪ નં. ૧૧–૧ ગુ.

(૮૦૮ક) સ્થૂલિભદ્ર રાસ—નવરસો સં. ૧૭૫૯ (૨–૩૯૧)

—(૧) સં. ૧૭૮૫ શાકે ૧૬૩૯ વૈ. વ. ૮ શુક્રે વા. અભયમાણિક્ય શિ. લક્ષ્મીવિજય ગણિ શિ. પં. રતનસી લિ. સાધ્વી કસ્તુરાં વાચનાર્થં પત્ર ૩ નં. ૩૫૧૧ અભય. (૨) પત્ર ૬ પો. ૪૮ નં. ૧૦૭૫ જય. (૩) સં. ૧૮૬૦ ચૈ. શુ. ૭ લ. મુક્તિવિજય સા. જોઈતા વેણીદાસ પઠનાર્થં વીરમગામે ૭–૧૨ સંઘ ભં. વીરમગામ (૪) ભ. ઉદયસાગર સૂરિ શિ. પં. પદ્મસાગર પઠનાર્થં ભ્રાતૃ પં. વિવેકસાગર ભ્રાતૃ સરૂપચંદ આદિસર પ્રસાદાત્ માહા શુદ બીજે લ૦ ૭–૧૯ નં. ૨૪૭૫ મુક્તિ. આની પછી ૧૨ મા પત્ર સુધી જિનહર્ષકૃત અવંતીસુકુમાલ સ. છે. (૫) લિ. પૂરણકલસ હેતવે સં. ૧૮૪૯ જે. શુ. ૧૪ સોમ ગુટકો ૫ અભય. (૬) સં. ૧૭૬૯ પો. શુ. ૧ અંચલ ગચ્છે જયસાગર લિ. રાધાબાઈ પઠનાર્થં પત્ર ૧૦

વીકા. (૭) નંદાબ્ધ્યનેકપભૂ મિતે હાયને વાહુલે માસે પૂર્વપક્ષે સૂરાચાર્યોભિધે ધસ્રે ચતુર્થી કર્મવાટ્યામલિખન્મુનિ દીપચંદ્રઃ પિતૃવ્ય મોહન રામજી પઠન હેતવે વિશ્વંભરાખ્ય પુરે ૬-૧૩ પુ. મં. (૮) સં. ૧૮૩૧ ચૈ. શુ. ૧૫ રવિ ૮-૧૨ જશ. (૯) ૭-૧૩ દા. ૧૮ વી. ઉ (૧૦) ૫-૧૨ દા. ૧૮ વી. ઉ (૧૧) શ્લો. ૧૭૦, ૪-૧૫ દા. ૮૩ નં. ૯૮ હા. (૧૨) સં. ૧૮૩૦ શ્રા. શુ. ૧૪ લિ. સુરત બિંદર મધ્યે મુ. અમૃતવિજયેન ૫-૧૦ પો. ૩ વડાચાટા ઉ. (૧૩) ૯-૧૦ અનંત નં. ૨ (૧૪) પત્ર ૪ અપૂર્ણ ગો. ના.

(૮૦૯) મુનિપતિ રાસ સં. ૧૭૬૧ (૨-૩૯૩)

—(૧) સં. ૧૭૯૪ પો. શુ. ૯ સોમે લિ. **પાટણ** મધ્યે ખેડા ભં. (કવિની હસ્તલિખિત પ્રત લાગે છે) ગ્રં. ૪૦૦૫ ગાથા ૨૮૧૧ ઢાલ ૯૩ (૨) સં. ૧૮૧૯ આ૦ વદિ ૧૧ સોમે શ્રી તપા ગચ્છ રાજવિજયસૂરિ પાટે ભ. રત્નવિજયસૂરિ-હીરરત્નસૂરિ—જયરત્નસૂરિ -ભાવરત્નસૂરિ-દાનરત્નસૂરિ-કીર્ત્તિરત્નસૂરિ તથા પંન્યાસ મલૂકરત્ન શિ. રાજરત્નેન લિ૦ કાકાગુરૂ કીર્તિરત્નસૂરિ વાંચવા અર્થે લિખ્યો છે. ...શ્રી ગુર્જર દેશે શ્રી ખેડા હરીયાલા ગ્રામે ૧૧૦-૧૪ પો. ૩૭ નં. ૧૭૩ ઝીં. (૩) સં. ૧૮૮૭ શ્રા. શુ. ૧ ભોમ રત્નવિજય શિ. તેજવિજય અર્થે લ. મુ. દાનવિજય લીંબડી નયરે શ્રી શાંતિનાથ પ્રસાદાત્ ૭૯-૨૦ દા. ૪૬ નં. ૧ સંઘ ભં. પાલણપુર (૪) સં. ૧૮૯૫ માગશર શુદ ૧૧ શ્રી ભ. કીર્ત્તિરત્નસૂરિ તથા પંન્યાસ પં. મયારત્ન તથા પંન્યાસ પં. સોભાગ્યરત્ન શિ. પંન્યાસ પં. રાજેંદ્રરત્ન શિ. મુનિ તેજરત્ન શિ. મુનિ ગુણરત્નને વાંચવા સારૂ લખાવ્યો છે....લ૦ ભોજક પરમા જેઠા ગામ પાટડીના ૧૧૭-૧૫ દા. ૬ નં. ૭ ખેડા ભં.

(૮૧૦) રાજસિંહ (નવકાર પર) રાસ સં. ૧૭૬૨ (૨-૩૯૫)

—(૧) લિ. હંસરત્ન મુનિના સં. ૧૭૬૨ ચૈ. વ. ૧૩ રવિ હરીયાલા ગ્રામ મધ્યે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્ ૨૮-૧૫

ખેડા ભં. ૩ (૧) સં. ૧૭૯૬ શાકે ૧૬૬૨ ફા. શુ. ૧૦ મંગલ લ. ક્યાહંસ ૨૬-૧૭ ખેડા ભં. ૩ (૩) સં. ૧૮૪૪ માઘ શુ. ૮ ભૃગૌ શાંતિનાથ પ્રસાદાત્ અમરાવતી નગરે ૩૬-૧૨ ખેડા ભં. ૩

(૮૧૨) બારવ્રત રાસ સં. ૧૭૬૫ કા. શુ. ૭ રવિ અમદાવાદ (૨-૩૯૮)

અંતે—

શ્રી **તપ** ગણુ ગગનાંગણુ ભૂષણુ, દૂષણુ રહિત દિણુંદો,
રાજસભા રંજન ગુણે રાજિ, શ્રી **રાજવિજય** સૂરિંદો રે. ૯
તાસ પાટિ શ્રી **રત્નવિજય** સૂરી રત્ન-ચિંતામણિ સરિષો,
તસ પટ્ટોધર **હિરરત્નસૂરી** જાચો હિરો પરષો રે. ૧૦
જયકારિ **જયરત્ન** સૂરિ વર પટ્ટોધર પ્રસીધા,
સંપ્રતિ **ભાવરતનસૂરી** ભજતાં જગમાંહે જસ લીધો રે. ૧૧
શ્રી **હીરરત્ન** સૂરીશ્વર કેરા શિષ્ય વડેરા સોહાયા,
પંડિત **લબ્ધિરત્ન** પદ અનુચર **સિદ્ધિરત્ન** ઉવઝાયા રે. ૧૨
તસ વિનયી તપ તેજ વિરાજે શ્રી **મેઘરતન** મુનિરાજા,
તસ સીસ **અમરરતન** પદ સેવક, **શિવરત્ન** હો તાજા રે. ૧૩
એહ પ્રબંધ રચ્યો મે પાવન, ગુરૂપદ-પંકજ-સેવા,
રૂપ અનુએ પ્રસાદ લહિનિ, દુર્મતિ દૂરે કરેવા. ૧૪
ગૂર્જર મંડલ માંહિ ગિરૂઉ, નગર નિરૂપમ રૂપેં,
શ્રી **અમદાવાદ** સહિર અનોપમ અમરપુરી સ્યો ઉપિરે. ૧૫
દુર્ગકોટ અગમ જિહાં ખાઇ, સુગમ સુભગ પુરસેરી,
હજાર ગમે બાજાર વિરાજિ, શોભા જિહાં **સાબ્રમતી** કારીરે. ૧૬
ઈશાન કુંણિં જિહાં તિર્થ છિ અદભુત, **અસારૂઇ** આસાપુરિ,
શ્રી **હીરરત્ન** સૂરીશ્વર જગગુરૂ, ચિંતા સંકટ ચુરિકારીરે. ૧૭
જવહરી-વાટકમાં વસિ જાલિમ, ઝવહિરી થોક જિહાં ઝાઝા,
ત્યાગિ ભોગિ નૈ સોભાગી, જેહના નવ ખંડે આઝારે. ૧૮
હાટક જિહાં વેચાઇ હાટિ, રતન-પોલનેં ધાટેં,
સોલસમો નેં ચોવિસમો જિનવર, જિહાં પૂજાઇ સુધાટિરે. ૧૯

શ્રીપૂજ્યનો આદેસ લહિનેં, તિહાં મે ચોમાસું કિધું,
શ્રી **શાંતિનાથ** તણેં સુપસાઈ, જીત નગાઈ દીધું રે. ૨૦
કાર્ત્તિક શુદિ સાતમિ રવિવારે, **સત્તરસેં પાંસઠા** વરષે,
ઉત્તરાષાઢ નક્ષત્ર ધૃતિ યોગિં, સંઘને આગ્રહને હરષે રે. ૨૧
પૂરણ કલસ ચડયો પરમાણિ, મનોહર મંગલીક માલા,
શિવ સંપદ ગર્ભિત સુષ લીલા, સુયસ વશાયા વિસાલારે. ૨૨
જિહાં લગિ ધર ભૂધર ધરણિધર, રવિ સસિ સિંધુ સુરેંદા,
તિહાં લગિ એ ચોપઈ થિર થાયો, ગાયો સુધિજન વૃંદારે. ૨૩
સત્તોત્તરમિ ઢાલ સોહાવી, **ઉદયરતન** કહિ આજ,
કલ્યાણનિ મેં કોડી ઉપાઈ, પાંમ્યો અવીચલ રાજરે. ૨૪

ભાવિ સમકિત સુરતરૂ સેવો.

—(૧) સર્વ ગાથા ૧૬૭૧ ગ્રં. ૨૫૨૫. સં. ૧૮૦૪ વૈ. શુદી-તિમિ દિવસે રવિવાસરે દ્વિપ્રહરે પં. પ્રતાપવિજય શિ. મોહનવિજય લ. શિ. માણિક્યવિજય લ૦ શિષ્ય ગણિ ઇશ્વરવિજય લખાવિંત. વટપલ્યાં ગ્રાંમ મધ્યે. ૩૭-૨૭ પોથી ૧૮ વડાચૌટા ઉ. (૨) સર્વ ગાથા ૧૬૬૫ શ્લો. ૧૭૫૮ સં. ૧૮૫૪ માર્ગશિર વ. ૪ બુધે પં. ક્ષમારત્નેન લિ. ૭૬-૧૨ પ્રથમ પત્ર નથી ખેડા ભં. ૩

(૮૧૩) મલયસુંદરી મહાબલ (વિનોદ-વિલાસ) રાસ સં. ૧૭૬૬ (૨-૩૯૯)

—(૧) સં. ૧૭૮૪ આસો વ. ૮ શનૌ પાદરીયા ગ્રામ મધ્યે ભરૂચ નગર પાસે ૧૦૫-૧૬ ભાગ્યરત્ન મુનિ ખેડા પાસે. (૨) સં. ૧૭૯૪ આશ્વિન કૃ. ૮ રવિ રાજવિજયસૂરિ ગચ્છેશ સંતાને મહો૦ ઉદયરત્ન ગણિ શિ. પં. ઉત્તમરત્ન શિ. જિનરત્ન ગણિના લિ૦ ૧૦૨-૧૬ આદિનાં ૨૩ પત્ર નથી ખેડા ભં. ૩ (૩) સં. ૧૭૯૬ આ. શુ. ૧૦ શુ. ૧૦ શુક્ર પં. સુમતિરત્ન શિ. માણિક્યરત્નેન લિ. ૧૨૬-૧૩ તિલક૦ (૪) સં. ૧૮૪૪ શાકે ૧૭૦૯ ફા. શુ. ૧૧ ભોમે લ૦ જ્ઞાનવર્જે કડગછા ગછ દહેગામમાં ૧૦૫-૧૮ નં. ૧૨૯ ઇડર ભં.

(૫) શ્લો. ૪૦૮૪ ગાથા ૨૯૭૫ સં. ૧૮૨૮ ફા. વ૦ ૯ શનૌ સૂર્ય-ગ્રામે ભ. દાનરત્નસૂરિ શિ. ભ. કીર્ત્તિરત્ન સૂરિ શિ. મયારત્નેન લિ. ૧૦૩–૧૪ પો. ૩૭ નં. ૧૬૯ ઝીં. (૬) સં. ૧૭૯૬ આ. શુ. ૧૦ શુક્રે ધ્રરાંગધ્રરા ગ્રામે ભ. દાનરત્નસૂરિ શિ. પં. કલ્યાણરત્ન લ. ૧૧૪–૧૩ ખેડા ભં. ૩ (૭) સં. ૧૮૧૬ પો. શુ. ૫ સોમે લિ. (ભુસી નાંખ્યું છે) ૧૧૮–૧૪ ખેડા નં. ૩

(૮૧૪) યશોધર રાસ સં. ૧૭૬૭ (૨–૪૦૧)

—(૧) સં. ૧૮૯૬ માઘ શુદિ ૧ ભૌમે ખેટકપુરે શ્રી ભીડ-ભંજન અમીઝરા પાર્શ્વનાથ પ્રાસાદે ભ૦ કીર્ત્તિરત્નસૂરિ શિ. પં. બુદ્ધિરત્ન શિ. પં. કાંતિરત્ન શિ. પં. અમૃતરત્નેન લ૦ ૪૬–૧૭ દા. ૬ નં. ૧૭ ખેડા ભં. (૨) સં. ૧૮૭૩ આસો શુદ ૬ શુક્ર લ. પંન્યાસ પં. હેતવિમલ શિ૦ મુનિ મોતીવિમલ પં. પુણ્યવિમલજી ગ્રાંમ લવણપુર મધ્યેં શ્રી વાસુપૂજ્ય પ્રસાદાત્ ૬૩–૧૬ દા. ૬ નં. ૧૨ ખેડા ભં. (૩) લિ. પટેલ વરજલાલ વેણીદાસ ખેટકપૂરે સં. ૧૯૨૪ ભા. શુદી ૧૫ બુધે ૬૯–૧૫ દા. ૮ નં. ૧૧૮ ખેડા ભં. (૪) સં. ૧૮૧૮ આસો શુદિ ૧૩ રવૌ મહો૦ ઉદયરત્ન ગણિનાં શિ. પં. ઉત્તમરત્નગણિનાં શિ. પં. જિનરત્ન ગણિ શિ. લિખિતં અમૃ-તરત્ન મુનિના અમરાવતી નગરે શ્રી. શાંતિનાથ પ્રભુ પ્રસાદાત્ ૪૪–૧૩ ખેડા ભં. ૩ (૫) સં. ૧૮૯૦ જે. શુ. ૧૧ સોમે સૂર્યપૂર ગ્રાંમે શ્રી. શાંતિજિન પ્રસાદાત્ લ. મુ. તેજરત્નેન ૬૨–૧૩ પો. ૪૦ નં. ૧૯૭ ઝીં. (૬) બાલોતરા.

(૮૧૫)+લીલાવતી સુમતિવિલાસ રાસ. સં. ૧૭૬૭ (૨–૪૦૪)

—(૧) સં. ૧૭૬૯ ફા. વ. ૭ શનૌ (કવિની હસ્તલિખિત પ્રત ભાસે છે) (૨) સં. ૧૮૧૫ ભા. વ. ૧૧, ૧૩–૧૨ દા. ૨ નં. ૪૨ ભાગ્યરત્નમુનિ પાસે ખેડા (૩) સં. ૧૮૧૯ ફા. વ. ૧૩ લિ. ધનરૂચિ ૧૨–૧૬ ખેડા ભં. ૩ (૪) સં. ૧૮૩૬ ફા. વ. ૬ રવ. લિ. મુ. રાજેંદ્રસાગરેણ મુમ્બઇ બંદિરે શ્ર. સોમચંદ પાર્શ્વાત્ શાંતિનાથ

પ્રસાદાત્ ૧૨-૧૬ દા. ૬ નં. ૨૬ ખેડા ભં. (૫) સં. ૧૮૩૬ શાકે ૧૬૭૦ દ્વિ. ભા. શુ. ૮ શનિ કુંડલા નગરે લિ. ઋ. મોતીચંદ ૧૨-૧૫ દા. ૪૬ નં. ૭ સંઘ ભં. પાલણપુર (૬) સં. ૧૮૪૮ મા. વ. ૫ તપા ક્ષમાવિજય લિ૦ પત્ર ૧૮ પો. ૪૧ નં. ૧૦૫૭ દાન૦ (૭) સં. ૧૮૬૮ મહા શુ. ૩ મુ. રત્નવિજય લિ. પં. ભોજવિજય હિતાર્થે ગામ ભાંખરી મધ્યે ૧૫-૧૫ નં. ૩૩૨૩ જૈનાનંદ. (૮) સં. ૧૮૬૯ આસો શુ. ૨ સા. મંગલજી પઠનાર્થે ૧૨-૧૫ ખેડા ભં. ૩ (૯) સં. ૧૮૭૨ શ્રા. શુ. ૭ શુક્રે લિ. સાગરગચ્છીય પં. ન્યાયસૌભાગ્ય ગણિ શ્રી સૂર્યપુરે વાસ્તવ્ય ઓશવાલ વૃદ્ધ સાખીય ગ્નાતી સા. રૂપા સુત ખેમચંદ તસ્ય પુત્રી શ્યાંમકુંઅેર પં. ભક્તિસાગર ઉપદેશાત્ લિખાપિતં ૧૬-૧૨ દા. ૪૬ નં. ૫ સંઘ ભં. પાલણપુર (૧૦) સં. ૧૮૨૧ માહ શુ. ૯ પં. ભક્તિવિજય શિ. મુ. રત્નવિજય પઠનાર્થં ૨૩-૧૧ દા. ૪૬ નં. ૮ એજન. (૧૧) સં. ૧૮૭૭ આ. શુ. ૩ શનિ પં. રાજેંદ્રવિજય શિ. મુ. દેવવીજે લ. રાનેર સેર મધ્યે આદેસર પ્રસાદાત્ ૨૧-૧૩ નં. ૬૦૭ વીજાપુર ગ્ના. મં. (૧૨) સં. ૧૮૮૫ પો. વ. ૧૪ લ. પંન્યાસ અમૃતકુશલ શિ. પં. વિજેકુસલ શિ. મુ. જતનકુસલ લિ. ૧૪-૧૩ નં. ૪૫૧ મ. જૈ. વિ. (૧૩) ૧૨-૧૫ તિલક. (૧૪) ૧૫-૧૨ દા. ૮૧ નં. ૩૮ હા. (૧૫) પં. કેશરવિજય પં. રવિવિજય શિ. હુંસવિજય લિ. રાધનપર મધ્યે સં. ૧૮૬૬ આસો શુ. ૧૦ બુધે ૧૯-૧૩ પો. ૧૬ વડાચૌટા ઉ. (૧૬) ૧૯-૧૩ પો. ૧૨૬ મો. સુરત (૧૭) સં. ૧૮૧૬ વૈ. શુદિ ૨ ગુરૂ પં. રત્નવિજય શિષ્ય પં. ખુસાલવિજય લ. ધ્રાગધરા નગરે સંભવ જિન પ્રસાદાત્ પત્ર ૧૦ નં. ૩૬૨ ગોડીજી મુંબઈ (૧૮) પ્ર. કાળીદાસ સાંકળચંદ અમદાવાદ 'ટાઇમ્સ પ્રેસ' સં. ૧૯૩૪.

(૮૧૬) +ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિનો રાસ. સં. ૧૭૬૮ (૨-૪૦૬)

—(૧) સં. ૧૭૯૪ અશ્વન વદિ ૫ સોમવાસરે લિ. મુ. વિવે-

કરત્નેન. ઉર્ણાકપુરે ૧૮-૧૧ ખેડા ભં. ૩ (૨) સં. ૧૮૪૩ જેઠ વદ ૧૩ શનૌ ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. લખીતં મયારત્નેન સૂર્જપુર ગ્રાંમે ૧૬-૧૨ દા. ૬ નં. ૨૩ ખેડા ભં. ૧

(૮૧૮)+ ભુવનભાનુ કેવલી રાસ-રસલહરી રાસ સં. ૧૭૬૯ (૨-૪૦૭)

—(૧) ગ્રંથાગ્ર શ્લોકસંખ્યા ૨૪૧૪. સંવત્ ૧૭૬૯ વર્ષે ચૈત્ર વદિ ૭ ચંદ્રે શ્રીમદ્ **અણહિલ્લપુરપત્તને** લિપિકૃતોયં રાસઃ મુનિ **ઉદયરત્નેન** શુભંભવતુ શિવં ભદ્રં મંગલં ભૂયાત્. ૬૨-૧૫ ખેડા ભં. ૩ (**કવિની સ્વહસ્તાલિખિત** પ્રત છે.) પ્રથમ પાનું નથી. (૨) સં. ૧૮૫૮ માર્ગશિર્ષ શુ. ૧૧ ભોમે સૂર્જપૂર ગ્રાંમે લ. મયારત્નેન ૬૯-૧૨ પો. ૪૦ નં. ૧૯૫ ઝીં. (૩) ૮૧ પત્રની અપૂર્ણ જશ. (૪) પ્ર. જૈન કથારત્નકોષ ભા. ૫.

(૮૧૯)+નેમનાથ શલોકો (૭-૯ નં. ૪૬ પાદરા)

(૮૨૧) ભરત બાહુબલિ શલોકો

—લ. ગુરજી સિવજી રંગજી સં. ૧૮૮૭ મહા વ. ૧૨ બુધ સા. દીપચંદ મુલચંદ દાણી પઠનાર્થં ખરતરગચ્છે ૬-૧૧ નં. ૧૦૦ પાદરા;

(૧૮૪૩) ભાવરત્ન સૂરિ પ્રમુખ પાંચપાટ વર્ણનગચ્છ પરંપરા રાસ (ઐ.) સં. ૧૭૭૦, આરંભ બારેજામાં, પૂર્ણ ખેડામાં

આદિ— શ્રી ગૌતમાય નમઃ દૂહા

શ્રી શંખેશ્વર શ્રેયકર, બે કર જોડી બાલ
વંદૂ **વામા** રાણીનો, દેવ જે પરમદયાલ. ૧
ગૌતમ કેશી ગણધરે, વંદ્યા **વીર** જિણંદ
હૂં પણ વંદૂં હેજશું, શાસનપતિ સુખકંદ. ૨
સરસતિ સદગુરૂ સંતના, પદ-પંકજ સુપસાય
ગછપતીના ગુણ ગાયસું, થીર સંપદ જિણે થાય. ૩
શ્રોતાજન સુણજો સહૂ, આદ થકી અવદાત
ભાવરત્નસૂરિનો ભલો, વર્ણવસું વિખ્યાત. ૪

બિવંદણિક ગચ્છનો બોલીસું, વીચમાં વલી ઉદંત
પ્રાક્રમ પાંચે પાટનાં, તુંમે સુંણો કહૂં તંત. ૫

અંતે— ઢાલ ૩૧ હીડોરે હીલરે વામાકો નંદન દીઠો–દેશી

ભેટોરે ભવી **ભાવરત્ન સૂરિ** ભેટો
શ્રી ગુરૂમુખે સૂત્ર સુણીને, મિથ્યાતનું મુલ મેટો રે ૧ ભે૦
મુગતિ વધુની મોજ ધરંતો, મેહલોમાં એહનો ફેંટો
નિપુણ પુરૂષ માંહે એ નગીનો, **સાહ દેવરાજ**નો બેટો રે. ૨ ભે.
લબ્ધિરત્ન નાંમે જે પંડિત, **હીરરત્ન** સૂરિકેરો
વિદ્યાવંત અને વૈરાગી, વારૂ સીષ વડેરોરે. ૩ ભે.
વાચક **સિદ્ધિરત્ન** તસ ીવનવે, મેઘરત્ન મુણીંદો
અમરરત્ન નામે તસુ અનુચર, **શિવરત્ન** સુખકંદો રે. ૪ ભે.
એ મેં રાસ રચ્યો અતિ રૂડો, સમ્યક ગુરૂ સુપસાઇ
ગુણવંત પુરૂષ તણા ગુણ ગાતાં, સુખ સંપત ઘર થાઇ રે. ૫ ભે.
સંવત **સતર સિતેરા** વરષેં, પુર **બારેજા** પ્રેમેં
એ રાસ તણો આરંભ મેં માંડયો, **ખેટકપુર** મેં સુંત્યો ખેમેં રે. ૬ ભે.
જે જ્યમ વાત સુણી ગુરૂમુખથી, તેમ તે ભાખી તેમ
મીછામી દૂકડ તેહનું હોજો, જાુહૂં ભાખ્યું હુઈ જેમરે. ૭ ભે.
મરૂધર દેસેં **પાંચવટા**નો, વાસી સાહા–સુલતાંન
વધાસુત તે મુઝ ભ્રાત વચનેં, ગુરાવલીનું કર્યું ગાનરે. ૮ ભે.
ભાગેં મનની ભજેં વેરાગી, તે ઢાલ ન સોભે ભાગી
કંઠ વિના જે રાગ આલાપેં, તે મસકરી જે મુખ માંગીરે. ૯ ભે.
આભૂષણ ઓપે જેમ ઉત્તમ, હેમ રતન મલે જહારે
તેમ સોભા લહે ઢાલ સુકંઠી, કંઠે જડાઇ તીહારે રે. ૧૦ ભે.
ગુરૂ ગચ્છની પરંપરા ગાતાં, સમકિત થયું સુધું
ભીડભંજન પ્રભુ પાસનેં ચરણેં, મનડું માહારૂં વિલુંધુંરે. ૧૧ ભે.
ઉદયરત્ન કહે આજ માહેરે, એકત્રીસમી એ ઢાલેં
જય–કમલા આલી ઘેર આવી, મન મોદે ઉજમાલેરે ૧૨ ભે.

—આ પછી એ પત્રમાં પાંચે પાટના એક એક મળી પાંચ કડખા છે. પાંચ પાટ એટલે રાજવિજય સૂરિ, રત્નવિજયસરિ, હીર-રત્નસૂરિ, જયરત્નસૂરિ, ભવિરત્નસૂરિ. સં. ૧૮૯૪ વૈ. સુ. ૮ બુધે પં. પન્યાસ રાજરત્ન શિ. મુનિ હીરારત્ન લ૦ ખેટકપુરે રસુલપરા મધ્યે ઋષભ પ્રસાદાત્ ૩૧-૧૪ મારી પાસે.

(૧૮૪૪) ઢંઢણ મુનિની સજઝાય. ૧૭ ઢાલ. સં. ૧૭૭૨ ભાદરવા શુદ ૧૩ બુધ અમદાવાદમાં.

આદિ— દૂહા

સરસતી ભગવતી શારદા, સાર રૂપ તું સાર
એ સંસાર અસારમાં, સેવકની કરે સાર. ૧
ઢંઢણમુનિના ગુણ ઘણા, મુઝ મતિ અલ્પ છે માત,
તે માટે તુજને નમી, કહૂં તેહના અવદાત. ૨

અંતે— ઢાલ ૧૭ રાગ ધન્યાસી.

પરષદ આગલ ઇમ પયંપે, ઢંઢણ કેવલનાંણી,
તપગચ્છ-તિલક સકલજન-વંદિત **હીર**રત્ન સૂરિરાય જી
ઢંઢણ મુનિના ગુણ મેં ગાયા, પામી તાસ પસાય જી.
સતર બહોતરે ભાદરવા માસ સુદ તેરસ બુધવારે જી
સંઘવી મલુકચંદ આગ્રહેં, **અમદાવાદ**માંહે જે રહે જી.
એહ પ્રબંધ રચ્યો મેં રૂડો, આણી પર ઉપગાર જી
ભણસે ગુણસે જે સાંભલસેં, તે લહેસે ભવપાર જી.
ઉદયરતન કહે આજ સહી ઉદયો, અવિચલ સુખનો કંદજી
તીહાં લગે એહ સજઝાય થીર થાઓ, જીહાં લગે સૂરજચંદજી

કલશ

ઢંઢણસું તા ધરીય સાજમાં તપ છમાસી તે કરે
અલબ્ધ આહાર લબધ તપની ગોચરી દિનદિન ફરે.
પૂરવે ચરમ દીપ તેણેં ભવઆંતરઅ બંધ હૂંતો
કહે **ઉદય** તે આલોચનાં મુનિ ઢંઢણ ગુણ થયો છતો.

—લખી છે પં. દેવરત્નજી ગાંમ બેડવા મધ્યે. પરચુરણ સજઝાયની પ્રત ખેડા નં. ૩

(૧૮૪૫) ચોવીશી સં. ૧૭૭૨ ભા. શુ. ૧૩ બુધે અમદાવાદમાં

આદિ— વાર વારરે વીઠલ વંશમુનિ તાન ગિમિરે એ દેશી

મરૂ દેવીની નંદન મારો સ્વામિ સાચોરે
સિદ્ધ વધુની ચાહ ધરો તો એહને જાચોરે. ૧
કેવલ કૃપા-જેહવો પિંડ કાચોરે
સત્ય સરૂપી સાહેબો એહને રંગ રાચોરે ૨
યમરાજાના મુખડા ઉપરિ દેઇ તમાચોરે
અમર થઈ ઉદયરત્ન પ્રભુસ્યું મિલિ માચોરે. ૩

—સં. ૧૭૮૦ વૈ. વ. ૬ ભોમે રાજનગરે પં. તેજરત્ન લિ. ઝીં.

(૧૮૪૬) દામજ્ઞક રાસ સં. ૧૭૮૨ આસો વ૦ ૧૧ બુધે અમદાવાદમાં

આદિ— દૂહા

અકલ સકલ અમરેશને, દાખ્યા જિણે દશ ભેદ
પ્રવચનમાં પચ્ચખાંણના, કરવા કર્મ ઉચ્છેદ. ૧
આગાર તેહના અનુક્રમિ, બોલ્યા વલી બાવીસ
વંદું તે જિન **વીરને**, જે જયદાયક જગદીસ. ૨
વાગ્દેવી વાગ્વાદિની, હંસાસની ધરી હેજ
પ્રણમું માતા પુત્રનેં, ત્રિપુરા દેજે તેજ. ૩
એક સદ્ગુરૂ બીજી **શારદા**, એ બિનેં આધાર
રચના રચૂં રસદાયિની, **દામજ્ઞકની** દિલ ધારિ ૪
કુણ તે **દામજ્ઞક** કિહાં હવો, મૂલ થકી ધરી મોદ
ચરિત્ર કહું ચિત્ત દેઇને, સહુ સુણયો સુવિનોદ. ૫
ઇહ લોકીક ફલ ઉપરિં, **વસુદેવ હીંડે** વિસ્તાર
દષ્ટાંત છે **ધમ્મિલ્લનો**, જિણેં કુઇ અઘ-નિસ્તાર ૬
પરભવ ફલ ઉપરિ પ્રગટ, ઇહાં કહિશું અવદાત
દામન્નકનો અતિ દીપતો, જે **વંદારૂ વૃત્તિ** વિખ્યાત. ૭

સાંભલતાં સુખ ઉપજે, વાધે લીલ વિલાસ
દુખ દુર્ગતિ દૂરિં ટલે, રમણીક છે એ રાસ. ૮

અંતે— ઢાલ ૧૩

વંદારૂ વૃત્તિ વિલોકીનેં, અધિકાર કહ્યો મેં એહ રે,
અલીક કહ્યો હુઇ અજ્ઞાનેં, મિથ્યા દુઃકૃત હુઓ તેહરે. ઇ. ૪
શ્રી રાજવિજય સૂરીવર ગછેં, શ્રી હીરરત્ન સૂરી વંશિ રે
વાચક ઉદયરતન સદા ઇમ, આગમ પંથ પ્રશંસિ રે. ઇ. ૫
સત્તરસૈં બ્યાસી સમેં, પૂર્વા ફાલ્ગુની બુધવારેં રે
અશ્વન વદિ એકાદશી, અમદાવાદ નગર મઝારિંરે. ઇ. ૬
શ્રી શાંતિનાથ પસાઉલિ, આજ વાધી મંગલીક માલારે
શ્રી તપાગછ પરંપરા, દોલતિ દીપો સુરસાલારે.
ઇમ પચ્ચખાણ આરાધીએ. ૭

—(૧) સંવત્ ૧૭૮૨ વર્ષે કાર્ત્તિક શુદિ સૌભાગ્યપંચમી શનૌ લિપિકૃતોયં ઉપાધ્યાય ઉદયરત્ન ગણિના ભ્રાતા પંડિત શ્રી હંસરત્નાદિ સપરિકરેણ. ઠાંણું ૮ ચાતુર્માસ સ્થિતેન શ્રી રાજનગરે જવહરીવાટક મધ્યે શ્રી તપાગછાધિરાજ શ્રી રાજવિજય સૂરીશ્વર ગછે. શુભં ભવતું. શિવંભદ્રં મંગલં ભૂયાત્ ૧૮૩ શ્લોક સંખ્યા ૨૨૫. ૯–૧૧ ખેડા ભં. ૩(કર્ત્તાની સ્વહસ્ત–લિખિત પ્રત) (૨) ઉત્તમવિજયેન લ. રાજનગરે ૧૦–૪૧ દા. ૪૬ નં. ૧૮ સંઘ ભં. પાલણપુર.

(૧૮૪૭) **વરદત્ત ગુણમંજરી** (સૌભાગ્યપંચમી પર) સં. ૧૭૮૨ માગશર પૂર્ણિમા બુધ અમદાવાદ.

આદિ—

ફલવર્દ્ધિપુર–મંડણો, ફલવર્દ્ધ ગુણ જાસ
ફલવર્દ્ધિ નાંમે નમું, પાસ–નિવારણ પાસ, ૧
શિવપદ સુખ સંપદ સધર, અધર ધરણ આધાર,
ધર્મધરણ જન–ઉદ્ધરણ, તે જ્ઞાન નમૂં ગણધાર. ૨
હીરરત્ન સૂરી હૈજસ્યુ, વંદું વારોવારિ
જાય દાયક જે જગગુરૂ, વાન વધારણહાર. ૩

કાર્ત્તિક શુદિ પાંચમિ કહી, સૌભાગ્ય નામે શ્રીકાર,
મહાત્મ્ય તાસ મનોહરૂ, વર્ણવસું વિસ્તાર ૪
શ્રોતા સાંભલો સહુ, ઉદ્યમવંત અપાર,
જિમ ઉદ્યમ એ માહરો, બંધિ બેસિ નિરધાર. ૫

અંતે— ઢાલ ૧૩ રાગ ધન્યાસી યૌવન વાહુંના એ દેશી

અહો ભવિ જાંણી એમ પાંચમિ પાલના,
તપ જપ તીરથ વ્રત ભજી રે તાપ ત્રય અઘ ટાલના. ૧
પાંચમિ પાલનાં **વરદત્ત** ને, **ગુણમંજરી** રે હેજશુ લરાવનાં
ગુણવંતના ગુણ ગાવતાંરે, દુર્ગતિ દૂરિ દુરાવનાં. પા. ૨
કનકકુશલ કૃત મૂલિ છેરે, મહાત્મ્ય જગજન-પાવનાં
તે માંહેથી એ ઉધર્યોરે, અધિકાર અધિક સોહાવના. ૩
તપગછ તિલક સમોવડોરે શ્રી **હીરરતન** સૂરિવર મનાં
રાસ એ તાસ પસાયથી રે રચીઓ રસિક જનાં. ૪
સતરસ્યૈ બ્યાસીયા સમિ રે માગશિર શુદિ પૂનમ દિના
બુધવારે પુરણ બન્યો રે સંબંધ એ સૂગુના. ૫
ઓપે **અમદાવાદમાં** રે, સોલમા **શાંતિ** જિનાં
દિન દિન દોલતિ દીપતી રે, મંગલ મુદિત ઘના. ૬
શિવરતન ગુરૂ સાનિધ્ય રે, વાચક કહિ વચનાં,
ઉદયરતન ઢાલ તેરમી રે, ઋદ્ધિ સિદ્ધિ બહુ રચના. ૭

—સંવત ૧૭૮૨ પૌષ વ. ૧૨ ભૌમે શ્રી ગુર્જ્જર-મંડલે શ્રીમદ્ રાજદંગે શ્રીમત્ તપાગછાધિરાજ શ્રી **રાજવિજય** સૂરીશ્વર ગછે શ્રી **શાંતિનાથ** પ્રસાદાત્ ૯-૧૨ ખેડા નં. ૩

(આ છેવટની લખ્યા પ્રશસ્તિ પહેલાં જણાવ્યું છે કે 'ભરતપૂત્ર સૂર્યયશા તથા દામનક તથા સૂવ્રત તથા વરદત્ત ગુણમંજરી એ ૪ ચ્યાર રાસ એ પ્રતિમાં લિખ્યા છે.' આ પરથી આ ઉપરાંત ઉક્ત ત્રણે ઉદયરત્ન કૃત હોવા જોઇએ.)

(૧૮૪૮) સુદર્શન શ્રેષ્ઠિ રાસ સં. ૧૭૮૫ ભા. વ. ૫ ગુરૂ બાલજમાં

આદિ— શ્રી સારદાયે નમઃ (દૂહા)

સકલ પદારથ સાધવા, સકલ સ્વયંભૂ પાય
પ્રણમી પૂરણ પ્રેમશું, સમરી સારદ માય. ૧
શ્રુતધર ગણધર સહુ નમું, ગુરૂશ્રી હીર પસાય
રાસ રચું રલીયામણો, જેહથી પાતિક જાય. ૨
સુદર્શન શ્રાવકમાં વડો, થિવરે થુલિભદ્ર લીહ
મદન મયગલ મદ ભંજવા, સાર્દૂલા બિ સીહ. ૩
વખાણું વારૂ વિધિં, સુદર્શન શેઠનું શીલ
સાંભલતાં સંપદ મિલિ, લહીઇ વંછિત લીલ. ૪
કુણ તે સુદર્શન કિહાં હવો, કિમ પામ્યો ભવ પાર
સૂલી સિંહાસન હવૂં, સુણજ્યો તે સુવિચાર. ૫

અંતે— ઢાલ ૨૩ ધન્યાસી. સુણિ કરૂણારે નિધિ હંસલા એ દેશી

સુદર્શન સાધુ તણા ગુણ ગાયા, શીલિં જેહ સોહાયા રે
કર્મ ખપી કેવલ ઊપાયા, દુઃકૃત દૂરિં ગમાયા રે. ૧
ગુરૂશ્રી દેવેંદ્રિ ગુણમાલા, પ્રશ્નોત્તર રત્નમાલા રે
વૃત્તિ તેહની વિરચી સુરસાલા, ગભિત જ્ઞાન રસાલારે. સુ. ૨
તેહ તણિ અનુસારિં એ મિં, રાસ રચ્યો મન પ્રેમેં રે
અધિકું ઓછું ભાખ્યું જે મૈં, દીધું મિચ્છામિ દુક્કડ તે મૈં રે સુ. ૩
સતર પંચ્યાસીઇ ભાદ્રવ માસિં, વદિ પાંચિમ દિન ઉલ્લાસિંરે
ગુરૂ કૃત્તિકા હર્ષણ યોગ ખાસિં, થઇ પૂરણ રચના એ રાસિંરે. સુ. ૪
ભાલજપુરમાં નમિ જિન ભેટી, મનનો સાંસો મેટી રે
રચના એહ રચી રસપેટી, આપદ-વેલિ ઉછેટી રે. સુ. ૫
તપગછની રાજધાની કેરો, શ્રી રાજવિજય સૂરીરાજા રે
શ્રી રત્નવિજય સૂરીવર તસ પાટિં, મેરૂ સમા જસ માજા રે. સુ. ૬
શ્રી હીરરત્ન સૂરી તસ પાટિં, જયરત્ન સૂરી દીપંતા રે
ભાવરત્ન સૂરીશ્વર કેરા, દાનરત્ન સૂરી જયવંતારે સુ. ૭
શ્રી હીરરત્ન સૂરીશ્વર કેરા, શ્રી લબ્ધિરત્ન પન્યાસારે
સિદ્ધિરત્ન વાચક સુસીસા, ગણિ મેઘરત્ન ગુણ-વાસારે. સુ. ૮

અમરરત્ન તસુ શીશ ગણેશા, શિવરત્ન શુભવેશારે
પાપ તણા જિહાં નહીં પરવેશ, સુરગુરૂ સમ શુભવેશારે. સુ. ૯
સૌધર્મ પાટ પરંપર પસાયા, સુગુરૂ વચન મનિ લાયા રે
પૂરણ એ મેં કલશ ચડાયા, મંગલિક મુઝ ઘરિ આયારે. સુ. ૧૦
વાચક ઉદયરત્ન કહિ વાંણી, ધન્યાસી રાગેં ગવાણીરે
ત્રેવીસમી ઢાલેં તક જાણી, ભરપૂર ઋદ્ધિ ભરાંણી રે. સુ. ૧૧

—(૧) સં. ૧૭૯૨ શ્રા. શુ. ૫ રવ. મીયાગ્રામે ૧૩–૧૩ ખેડા ભં ૩ (૨) લિ. ગ. જિનરત્નેન સંવત ૧૭૯૩ શ્રા. વદિ ૫ અમરાવતી નગરે ૧૭–૧૨ યતિ નેમચંદ. (૩) સં. ૧૮૧૭ શાકે ૧૬૮૨ દ્વિ. શ્રા. વ. ૧૦ ગુરૂ. લિ. મુનિ અમરરત્નેન અમરાવતીનગરે ૧૬–૧૧ ખેડા ભં. ૩ (૪) લિ. પં. અમૃતરત્નેન સં. ૧૮૪૪ માઘ વ. ૧ શનૌ અમરાવતીનગરે શ્રી શાંતિનાથ પ્રસાદાત્ ૧૬–૧૨ ખેડા ભં. ૩

(૧૮૪૯) નેમનાથ રાજિમતિ બારમાસ (તેર માસ) સં. ૧૭૯૫ શ્રા. શુ. ૧૫ સોમ ઉનાઉઆમાં.

આદિ — સૂરતી મહિનાની દેશી

પ્રણમું વિજયારે નંદન, ચંદન સીતલ વાંણિ,
મોહન વિશ્વ–વિનોદની, આપો સેવક જાંણિ. ૧
જદુ–કુલ–કમલ–વિકાસન, શાસન જાસ અખંડ,
તવસું ત્રિભુવનનાયક, લાયક સુખ કરંડ. ૨
ચૈત્ર માસે ચિત્ત ચેતજે, રાજુલ હૃદય વિવેક,
સંદેસો શ્રી નાથનો, લાવ્યે કોઈ હાથનો લેખ. ૩

અંતે

ભૂ રકી (ઋષિ) ભુત નંદી જુત, સંવછરનૂં નામ,
શ્રાવણ સુદિ પૂન્યમ સસી, ઊનાઊઆ શુભસ્થાન.

કલસ

ઉદયરત્ને કહ્યા તેર માસા, નેંમ નાંમે ફલી સફલ આસા,
વસંત રાગેં કરી જેહ ગાઈ, તસ ઘરે સંપદા અવિચલ થાઈ.

—(૧) ખેટકપૂર નગરે લિપિચક્રે પાનું ૩૯ થી ૪૧ લાંબો ૧૭૩ પાનાનો ચોપડો પૂરો કરેલ સં. ૧૮૭૨ જયેષ્ટ કૃષ્ણ ષષ્ટી રવીવાસરે ખેટકપૂર મધ્યે **ભીડભંજન પાર્શ્વ**ચરણે લિ૦ પં. બુદ્ધિરત્નેન આત્મા-અર્થે. (૨) મુનિ જીવ લિ. **લોદ્રાણું** મધ્યે ૪–૧૫ પો. ૧૨૭ મો. સુરત (૩) ૪–૧૩ નં. ૨૪૩૭ મુક્તિ.

(૮૨૩) હરિવંશ રાસ સં ૧૭૯૯ (૨–૪૧૦)

આદિ

અકલ સકલ અમરેશને, જિનવર જગપાવન,
ચોવીસેં ચિત્તમાં ધરૂં, વલી વંદુ વર્ણ બાવન્ન. ૧
વીર–વજીર પ્રણુમું વલી, હીઈ ધરૂં ગુરૂ **હીર**,
વખાણું વારૂ વિધેં, **હરિવંશ**નું જે હીર. ૨
ગણુધર શ્રુતધર ગણુ નમું, પ્રણુમું જે જે પૂજ્ય,
સમરૂં વરદા **શારદા**, સઘલી પડે જિમ સુજ્ય. ૩
હરિવંસે નૃપ બહુ હૂયા, **હલધર ભૂધર નેમિ**,
સમુદ્રવિજય આદિ સહુ, **રાજમતી રહનેમિ**. ૪
નરનારી બહુ નિર્મલાં, **હરિ** વંશે હૂઆ જેહ,
મોહ જીતી મુગતેં ગયાં, વિસ્તારી કહૂં તેહ. ૫
કુરૂ વંશે પણુ કેતલા, નરનારી નિરધાર,
જિન–ધરામ જે જે થયા, કહું તેહનો અધિકાર. ૬
શ્રોતાજન સુણુયો તુમેં, આગલથી આળસ છોડિ,
હરખેં **હરિવંશ** જે સુણેં, તે કલ્યાંણની પામે કોડિ. ૭

—(૧) સં. ૧૮૫૪ પોષ વ. ૩ શુક્રે લિ. પં. પ્રેમરત્નેન ૯૬–૧૫ તિલક૦ (૨) સં. ૧૯૩૨ જેઠ વદિ ૪ રાવ લ. વકીલ વરજ-લાલ વેણીદાસ ખેડાગ્રાંમે ૮૮–૧૫ દા. ૮ નં. ૧૧૯ ખેડા ભં. (૩) ૨૭–૧૩ અપૂર્ણ ખેડા ભં. ૩ (૪) સં. ૧૮૩૭ જેષ્ટ વદ ૧૩ ભૂમીવારે મુંની લબ્ધિરત્ન શિ. ભાવચારીત્રીયા ગોકલ આત્માર્થે લિ. **આદરીઆણુમાં**. અશુદ્ધ પ્રત ૧૧૪–૧૫ નં. ૯૬ મુક્તિ.

(૮૨૫) સૂર્યયશા (ભરતપુત્ર) નો રાસ સં. ૧૭૮૨ (૨-૪૧૨)
—માંડલની લાયબ્રેરીમાં

---

૪૦૫ દીપવિજય (૧) (ત. માનવિજય શિ.) (૨-૪૧૫)

(૧૮૫૦) કયવન્ના (કૃતપુણ્ય) રાસ સં. ૧૭૭૫ આસો શુ. ૫ બુધ સીરોડીમાં

આદિ

બ્રહ્મસુતા બ્રહ્મવાદની, કવિયણ કેરી માય
હંસવાહની હરખઈ કરી, પ્રણમું હું તસ પાય. ૧
પ્રથમ પૂરવ દિસિં તાહરો, કાસ્મીરેંઈ ઠાણ
બીજે મરૂધર દેસમાં, અજઝારીઈ મંડાણ. ૨
સરસતિનઈ સહુ કો નમઈ, માનઈ રાણારાય
કવિયણ નવરસ કેલવિ, તે સરસતિ સુપસાય. ૩
સેવકનિં સાનિધ કરે, માતા ગુણની ખાણિ
કયવન્ના ગુણ ગાવતાં, દેવે અવિચલ વાણિં. ૪

અંતે ઢાલ ભમરૂલી

કેવંનો સંજમ લીઇ સા ભમરૂલી, સુપી પુત્રનેં રાજ તો,
છઠ અઠમાદીક તપ કરે સા ભમરૂલી, સાધેં આતમકાજ તો. ૧ × ×
દીધારી દેઊલ ચડે સા૦ નામેં મંગલમાલ તો,
સંવત સતરેં જાણીઈ સા૦ પણત્રીસો હુઉ સગાલ તો. ૮
આસો સુદિ પાંચમ દીનેં સા૦ અનુરાધા બુધવાર તો,
દાંન તણા ગુણ મેં કહ્યાં સા૦ સીરોડી ગામ મઝાર તો. ૯
જસ સૌભાગ્ય વધેં ઘણો સા૦ રાસ રચ્યો ઉલાસ તો,
અરબુદ ગિરિ વ જિહાં લગેં સા૦ તિહાં લગેં પ્રતપો રાસ તો. ૧૦
ગણનાયક નેં ગુણે ભર્યો સા૦ સૂરી શ્રી વિજયરાજ તો,
તેહને રાજ્ય મનોહરૂ સા૦ રાસ કહ્યો સુભ કાજ તો. ૧૧
ગોયમ ગણધર સારિખા સા૦ શ્રી વિજેદાન સૂરીરાય તો,
તાસ સીસ બહુ ગુણભર્યો સા૦ શ્રી રાજવિમલ ઉવઝાય તો. ૧૨

તેહના સીસ વખાણીઈં સા૦ સયલ વિદ્યા ભંડાર તો,
શ્રી મુનિવિજય વાચકવરૂ સા૦ સમતારસ ભૃંગાર તો. ૧૩
તેહના સીષ્ય વલી જાંણીઈં સા. નવનિધ (મલિ) જસ નામ તો,
ઉસવંસ કુલ ઉપના સા. વૈરાગી ગુણવંત તો. ૧૪
શ્રી દેવવિજય વાચક વડા સા. નામ તેહવું પરિણામ તો,
સમતા રસનો (આગ)ર સા. વાણી અમી વરસંત તો. ૧૫
તસ ચરણાંબુજ મધુકરૂ સા. ગુણ ગિરૂઆ બુધરાય તો,
શ્રી માંનવિજય પંડિતવરૂ સા. નિજ ગુરૂને સુખદાય તો. ૧૬
શિશુ પરૂઆણુક તેહનો સા. દીપવિજય ગુણ ગાય તો,
ભણેં ગુણેં જે સાંભલેં સા. તે ઘર નવનિધિ થાય તો. ૧૭

ગાથા

ઇત્થં મહામુને દાંનં દેયં ભો ભવિકા મુદા,
કૃતપુણ્યકવદ્ દષ્ટ્વા નિરંતર સુખપ્રદં. ૧૮

—(૧) સં. ૧૭૭૦ આષાઢ કૃષ્ણપક્ષે પ્રતિપદા તિથૌ પં. માનવિજય ગણિ શિ. પં. નયવિજય ગણિ મેરૂવિજય શિ. પં. અમરવિજય ગણિનાલેખિ ૧૦-૧૬ (પ્રથમનાં છ પત્ર નથી)જશ૦ (૨) જિનચંદ્ર-દાનચંદ્ર-દીપચંદ્ર ભ્રાતૃ દોલતચંદ વાચનાર્થે પત્ર ૨૮ પો. ૬૯ જય.

(૮૨૬)+ મંગલકલશ રાસ સં. ૧૭૪૯ (૨-૪૧૫)

—(૧) લખ્યા સં. ૧૭૬૪ શ્રા. વ. ૬ કુંજવાર.
સંવત્ સતરે એ સહિ, ચોસઠિ ચિતલાય,
શ્રાવણ વદિ ષષ્ઠી કુજ્જૈ, લખીઓ રાસ મુનિ રૂપ.
પં. શ્રી દીપ્તિવિજય તણો, વિવેકી વિદ્યમાન,
શ્રી ધીરવિજય તણા, સીસ સબલ પ્રધાન. ૨
ચતુરવિજય ગણિરાજનો, સેવાકારી ભૃત્ય,
લાલવિજય ઋવીધ્ય.ર મુકે, દોલિતિને ઋદ્ધિ હુવે નિત્ય. ૩
૨૫-૧૫ ખેડા ભં. ૩ (૨) પં. કેસરવિમલ શિ. પં. ભાગ્ય-

વિમલ શિ. પં. ભોજવિમલ શિ. સુમતિવિમલ લ. સં. ૧૮૧૪ મૃગસિર સુદ ૧૦ મંગલ મણુઉંદ્ર નગરે. ૨૮-૧૬ ખેડા ભં. ૩ (૩) ૨૬-૧૮ દા, ૧૭ વી. ઉ.

૪૦૫ક વિમલવિજય (ત. વિજયપ્રભ સૂરિ શિ.) (૨-૪૧૭)

(૧૮૫૦ક) અષ્ટાપદ સમેત શિખર સ્તવન—૫૫ કડી.

આદિ—

અમારો આગલિ ઉલગ લાઇએ, પાય લાગે તે પંડિત થાએ,
મોખા ગામિ નઇ મન શુદ્ધ ગાઇં, તે તો પુરૂષોત્તમ પુરૂષ કહવાએ. ૧
સમેતશિખર ઉપર આયા, વીસ તીર્થંકર વૈકુંઠ પાયા,
પગલ્યા થાપે ને તીરથ કીધા, ચ્યાર તીર્થંકર ચિઉ ઠામે સીધા. ૨
અષ્ટાપદ ઉપર **આદીસર** જાંણી, **ચંપા વાસપૂજ્ય** બારમો વખાંણી,
ગિરનાર ગોઠે **નેમીસર** સાંમી, **પાવાપુરી** પામતા **વીરે**' સીધ
થાંમી. ૩ x x

શ્રી **વિજયરત્ન** સૂર ગચ્છનાયક વારૈ, ચોસઠમેં પાટે શ્રીપુજ તારૈ,
કહે વીનતી **વિમલ** કરજોડી, એહ ભણતાં આવૈ સંપતિ હોડી. ૫૫

—સં. ૧૮૫૬ કા. વદી ૧૧; ૪-૮ થી ૧૫ કલકત્તા સં. કૌ. કૅટે. વૅા. ૧૪ નં. ૨૪ પૃ. ૫૪-૫૬.

---

૪૦૬ સૌભાગ્યવિજય (૨) (ત. લાલવિજય શિ.) (૨-૪૧૮)

(મેડતાના શાહ નરપાલની પત્નિ ઇન્દ્રાણીથી જન્મ, જન્મનામ સાવલદાસ. શ્રી વિજયસેન સૂરિના પાદસેવી વાચક કમલવિજયના શિષ્ય સત્યવિજય પાસે સં. ૧૭૧૯માં દીક્ષા લીધી, સં. ૧૭૬૨માં ચોમાસું દક્ષિણના અવરંગાબાદમાં કર્યું ને ત્યાં કા. વ. ૭ શનિ પુષ્ય નક્ષત્ર રવિ યોગે પ્રથમ પ્રહરે સ્વર્ગવાસ. રામવિમલ કૃત સૌભાગ્ય-વિજય નિર્વાણ રાસ ગાથા ૬૩ વીકાનેર બૃહત્ જ્ઞાનભંડાર પત્ર ૬ની

પ્રતિમાંથી સાર આપનાર અગરચંદ નાહટાજી સત્યપ્રકાશ પુ. ૨ અં. ૧૧ પૃ. ૧૨૮)

(૧૮૫૧) સમ્યકત્વ ૬૭ બોલ સ્ત. સં. ૧૭૪૨ ભા. વ. ૧૧ સમાણા

—સં. ૧૭૪૬ ચૈ. શુ. ૧૧ લિ. ગણિ બુદ્ધિવિજયેન પત્ર ૫ નં. ૨૭૨૩ અભય.

(૮૨૮) તીર્થમાલા સ્તવન સં. ૧૭૫૦ (૨-૪૧૮)

—સં. ૧૮૫૯ ચૈત્ર વદિ ૧૧ ભોમે પુણ્યસાગર સૂરિ શિ. પં. રત્નસાગર શિ. પં. ધનસાગર ગ. લ. વટપદ્ર વાસ્તવ્ય પટુઆ કર્મચંદ ધર્મચંદ લિખાપિતં આત્માર્થે શ્રી આદિસર પ્રસાદાત્ ૨૩–૧૧ ખેડા ભં. ૩

---

૮૮૦ ખેતલ-ખેતો (ખ. યતિ)

(૧૮૫૨-૧) ચિતોડ ગઝલ સં. ૧૭૪૮ શ્રા. વ. ૧૨ (હિંદીમાં)

દોહા

ચરણુ **ચતુર્ભુજ** લાઈ ચિત, ઠીક કરે ચિત ઠૌડ
ચ્યારૂ દિશિ ચિહું ચક્રમેં, આવો ગઢ **ચિતોડ.** ૧
ગઢ **ચીત્રોડ** હૈં વંકા કિં, માનું સમંદમેં લંકા કિ
વેડચ્છ પૂર તલ વહતીક, અર ગંભીર ભી રહતીક ૨××
ખરતર જતી કવિ **ખેતાક**, આખૈ મૌજસ્યું એતાક
સંવત **સતરેસૈ અડતાલ**, શ્રાવણ માસ ઋતુ વરસાલ
વિધિ પખ બારમી તેરીક, કીની ગજલ પઢીયો ઠીકિ. ૬૧

રેખતા

પઢૌ ઠીક બારીક સ્યુ પંડિતા રે, જિન્હા રીત યે ગીતકી ઠીક પાઇ
ચ્યારૂં કુટ માલુમ **ચિતોડ** ચાવા, જહાં ચંડિકા પીઠ **ચામુંડ** માઈ. ૬૨
કાંલી વાવસૈ ઝુકત ઝરણારે ઝંગી, ઝુડ દરખત જોર જાઇ
કહૈ કવિ **ખેતલ** સુકવિતા રે **ગજલ ચિતોડકી** ખૂબ ગાઇ. ૬૩

–(૧) સં. ૧૭૬૦ ચૈ. શુ. ૧૩ પં. **નેમમૂર્ત્તિ** લિ. **પત્રિકા**

નગરે (૨) સં. ૧૭૮૮ માહ સુદિ ૧ લિ. રિણી નગર મધ્યે પં. ભાગ્યસમુદ્રેણ (નાહટાજીની ઉતારેલી નકલ પરથી) (૩) પત્ર ૨ પો. ૫૨ નં. ૧૦૩૪ કૃપા.

(૧૮૫૨-૨) **ઉદેપુર ગઝલ** ૮૦ કડી સં. ૧૭૫૭ મિ. વ. (હિંદીમાં)

જપું આદિ ઈકલિંગજી, **નાથદુવારે** નાથ
ગુણ **ઉદીયાપુર** ગાવતાં, સંતા કરો સનાથ. ૧
સમરૂં દેવતા સગલાંક, ગણપતિ આદિ દસ અગલાક
હાજર માત હરસિંદ્ધીક, સારદ માત વર સિદ્ધીક. ૪ xxx
ખરતર જતી કવિ **ખેતાક**, આખૈ મૌજસ્યું એતાક
રાણા **અમર** કાયમ રાજ, કીર્ત્તિ પસરી સમંદા પાજ ૭૮
સંવત **સત્તર સત્તાવન**, મિગસર માસ ધુરિ પખ ધન્ન
કીન્હી ગજલ કૌતુક કાજ, લાયક સુનઉ જસુ મુખ લાજ. ૭૯

કલશ

લાયક જસુ મુખ લાજ સુનત હુ તારીફ સહરકી
ગુનયન સુનિ કૈ ગજલ્લ, નિજર કરિ નેક મહરકી
કૃતે જંઘ હર પૂજઈ રિધૂ, **અમરસિંહજી** રાના
ઉદયાપુર જર્યું અનૂપ, અજબ કાયમ કમઠાના
વાડી તલાવ ગિર બાગ વન, ચાકવત્તિ દુલતે ચમર
અનભંગ જંગ કીરતિ અમર, **અમરસિંહ** જુગજુગ અમર. ૮૦
—પત્ર ૩ નં. ૨૧૬૧ અભય૦

૮૮૧ જિનલબ્ધિ (ખ૦ જિનહર્ષસૂરિ શિ.)

(૧૮૫૩) **નવકાર-મહાત્મ્ય ચોપઇ** સં. ૧૭૫૦ વિજયદશમી જયતારણમાં.

અંતે—

શ્રી **ખરતર** ગચ્છ ગુહિરો ગાજૈ, ચઢતે દિન દિન સાજે એ
શ્રી **જિનદત્તકુશલ** પૂઠિ રાજઇ, અરિ ભાજૈ ઓ ગાજૈ એ

શાખ **આચારજિઆ** તિણમાંહિ **સાકુચંદ** કુલમાંહિ બધાકુ એ
શ્રી **જિનદેવ** સૂરીસર રાયા, 'કલિ કેવલિ' બિરૂદ કહાયા એ
તસ પટ **જિણસિદ્ધ સૂરિ** જણાયા, શ્રી **જિનચંદ** સૂરિરાયા એ
કરપટહેટક પાટ પ્રભાવી, પતિસાત(હ)ઇ અગાર પલાવી એ
બાજા **મરૂધર**માંહિ બજાવી, ચિહું ખંડ કીરતિ કી ચાવી એ.
તસ પટ્ટ શ્રી **જિનહરષ** તવેસર, વંદે ઓહિ નર જહાંગીર એ
આગલિ વાદ સુ કરિવર હે, લૈહરાયો મિસર એ.
તાસ સીસ **જિનલબ્ધિ** મુનીંદા, આતમક જિન ધરિંદા એ
હેજૈ ગાવે શ્રી પદ હદા, ઇણ પરિ ગુણ–ગણવૃંદા એ.
સંવત **સતર પંચાસા વરસઇ**, વિજયદસમિ દિન દરસઇ એ
સુગુરૂ વાર વિરાજઇ સરસઇ હી, ચૌમાસ ભલ ચરસૈ એ.
સહર **જયતારણિ** માહે સુખદાઇ, **વિમલનાથ** વરદાઇ એ
સુનિજ ગ્રાઇ તાસ સવાઈ, ચોવીર ચીત્ત લાઈ એ.
અદસકેન પંચ પ્રાજે ભાવૈ, સુણ નવકાર મલ્હાવે એ
અલિય વિઘન તસ દૂરિ પુલાવૈ, સુખ સંપતિ સવિ પાવૈ એ
શ્રી **જિનલબ્ધિ** કહૈ ચિત્ત લાઇ, સાખ **ષડાવશ્યક**ની પાઇ એ,
એણે ગુણે જે સુણઈ સુણાવે, ચિર દોલિતિ થિયાં થાવે એ.
શ્રી નવકાર તણા ગુણગાયા.

—સં. ૧૯૦૭ શાકે ૧૭૭૨ ભાદ્રવા વદી ૩ ભોમે લિ. **જાલનાપુર** મધ્યે. (મુંબઈ એ. સોસાયટી ડા. ત્રિભોવનદાસની (પ્રશસ્તિ સંગ્રહમાંથી)

---

૪૦૭ જિનવિજય (૨) (ત. જશવિજય શિ.) (૨–૪૨૦)

(૮૨૯) **ગુણાવલી રાસ** સં. ૧૭૫૧ (૨–૪૨૦)

—સર્વગાથા ૪૮૭, ૧૮–૧૫ દા. ૬ નં. ૪૯ ખેડા ભં.

---

૪૦૯ વિનયચંદ્ર (ખ. સમયસુંદર–મેઘવિજય–હર્ષકુશલ–હર્ષનિધાન–જ્ઞાનતિલક–પુણ્યતિલક અને હર્ષસાગર શિ.) (૨–૪૨૩)

(૮૩૪) ઉત્તમકુમાર રાસ સં. ૧૭૫૨ ફા. શુ. ૫ ગુરૂ પાટણમાં
(૨–૪૨૩)

આદિ—

ૐ અક્ષર અતુલબલ, ચિદાનંદ ચિદ્રૂપ
સકલ તત્ત્વ સંપેખતાં, અવિચલ અકલ અનૂપ ૧
અજર અમર અવિકાર નિત, જોતિ તણુઉ જે ઠામ,
સત્ત્વ રૂપ આરાહિયઇ, વંછિતપૂરણુ કામ ૨
જેહનઇ નામ સ્મરણથી, ફીટઈ સઘલા ફંદ
મંદમતિ પંડિત હુવઈ, દૂરિ ટલઈ દુખદંદ ૩
યોગી ધ્યાવે યુકિતસું, ભકિત કરી ભરપૂર
સંપઇ તેહનઇ વ્યકિત ગુણુ, શક્તિ સહિત સનૂર ૪
મંત્ર મુખ્ય બીજક કહ્યો, સાર સહિત સુવિલાસ
અરિહંતાદિક પંચનો, અંતર જાસ નિવાસ ૫
અભ્રમાંહિ જિમ ધ્રૂ અડગ, શેષનાગ પાતાલ
મૃત્યુલોકમાં મેરૂ જિમ, તિમ એ વરણુ વિલાસ ૬
તે અક્ષર તો છે વલૂ, મન પિણુ આગે વાણુ
સરસતિ માતા આપજે, મુઝને અમૃતવાણિ ૭
શ્રી જિનકુશલ સૂરીંદ ગુરૂ, પૂરો મુઝ મન આસ
અંતરજામી જાણિને, કરીયે નિજ અરદાસ ૮
જોડિ તણીકા સુદ્ધિ નહિ, હું અતિ મૂઢ અજાણુ
તુમ્હ સુપસાયે' જે કહું, ચાઢો તેહ પ્રમાણુ ૯
દાન સુપાત્ર સમો ન કો, મુક્તિ તણો દાતાર
ઊલટિ ધરિ દ્યે તે તજે, સલિલનિધિ સંસાર ૧૦
શાલિભદ્ર આદિક ઉપરિ, દાન તણે અધિકાર
જિનશાસનમાં જોવતાં, વરિ તે નાવે પાર ૧૧
તો પિણુ **ઉત્તમકુમારનો**, ચરિત સુણો મનરંગ
સાધુ પ્રસંશિત દાન જિણુ, દીધોજી આણિ ઉમંગ. ૧૨

વાત ચિત કો મત કરો, છોડો કુમતિ ક્લેશ
વાંચતાં કવિતા તણો, મન જિમ થાય વિશેષ. ૧૩

× × × ×

નિજમતિ વિસ્તરિવા ભણી, મેં કીધારે એ **પ્રથમ અભ્યાસ**
વિનયચંદ્ર કહે દાખીસ્યું, આગે પિણ હે એ પ્રથમ પ્રકાસ.

અંતે ઢાલ ૧૪ ગૂજરી રાગે

વસ્ત્રદાંને ઊપરે રે, **ઉત્તમચરિત્ર** કુમાર
સુણ સંપતિ લહી સુખ પામ્યા શ્રીકાર
ઇમ જાણીને દાન દ્યો રે, મન ધરિ હરખ અપાર. સુ. ૧
ગુણ ગાયા મુનિરાયના રે ધન્ય દિવસ મુઝ આજ સુ.
રાસ કીયો મન રંગસું રે, સીધાં વંછિત કાજ. સુ. ૨
ચારૂચંદ્ર મુનિવર કીયો રે, **ઉત્તમકુમર ચરિત્ર**
તે સંબંધ નિહાલિને રે, જોડ્યો રાસ વિચિત્ર. સુ. ૩
ઉછો અધિકો જે કહ્યો રે, કવિ ચતુરાઇ હોઇ
મિથ્યા દુષ્કૃત વલિ કહું રે, તે સુણિજ્યો સહુ કોઇ. ૪
વચન પ્રમાણે જાણિને રે, મનથી ટાલી રેખ
ઢાલ ભલી દેશી ભલીરે, કહિજ્યો ચતુર વિશેષ. ૫
શ્રી **ખરતર** ગચ્છ જગત્માંરે, પ્રતપે જાણિ દિણંદ
સહુ ગચ્છ માહે સિરતિલો રે, ગ્રહ ગણમાં જિમ ચંદ. ૬
ગુણ ગિરૂઓ તિહાં ગચ્છપતિ રે, શ્રી **જિણચંદ** સૂરીંદ
મહિમા મોટી જેહની રે, માને વડા નરિંદ ૭
જ્ઞાન-પયોધિ પ્રબોધિવા રે, અભિનવ સસિહર પ્રાય
કુમુદચંદ્ર ઉપમા વહે રે, **સમયસુંદર** કવિરાય. ૮
તત્પર શાસ્ત્ર સમર્થવારે, સાર અનેક વિચાર,
વલિ કલંદિકા કમલિનીરે ઉલ્લાસન દિનકર. ૯
તસુ પ્રશિષ્ય પાઠક ભલારે, ગુણનિધિ **હર્ષનિધાન,**
પરમ અધ્યાતમ ધારિવારે, જે યોગીંદ્ર સમાન. ૧૦

તીન શિષ્ય તસુ જાણિયેરે, પંડિત ચતુર સુજાણ,
સાહિત્યાદિક ગ્રંથનારે, નિર્વાહક ગુણજાણ. ૧૧
પ્રથમ **હર્ષસાગર** સુધીરે, **જ્ઞાનતિલક** ગુણવંત,
પુણ્યતિલક સુવખાંણુતાંરે, હીયડઉ હેજઇ ઉલ્હસંત. ૧૨
તાસ ચરણ-સેવક સદારે, મધુકર પંકજ જેમ,
પ્રમુદિત ચિતની ચુંપસુંરે, રાસ રચ્યો મેં એમ. ૧૩
સંવત **સતરહ બાવનેરે**, શ્રી **પાટણ** પુરમાંહિ,
ફાગણ સુદિ પાંચિમ દિનેરે, ગુરૂવારે ઉચ્છાહિ. ૧૪
ઢાલ બયાલીસ અતિ ભલીરે, નવનવ રાગ પ્રધાન,
અડતાલીસ ને આઠસેંરે, ગાથાનો છે માન. ૧૫
એહ ચરિત સુણતાં સદારે, વાધે મહીયલ મામ,
સુખ સંપતિ બહુ પામીયેરે, અનુક્રમિ મનવિશ્રામ. ૧૬
ઢાલ ચવદમી મન ગમીરે, સહુ રીઝયા ઠામઠામ,
જ્ઞાનતિલક ગુરૂ સાંનિધેંરે, **વિનયચંદ્ર** કહે આમ. ૧૭

—(૧) સર્વ ઢાલ ૪૨, સર્વ ગાથા ૮૪૮ ગ્રંથાગ્ર સંખ્યા ૧૨૬૦ સં. ૧૭૫૩ આશ્વિન વદિ ૧૦ સાહીશ્રી **માંગજી** ભાંડાગારે ૩૪-૧૩ પોથી નં. ૬૧ તિલકવિજય ભં. મહુવા. (૨) સં. ૧૮૧૦ ચૈ. શુદિ ૧૧ શુક્રે મહો૦ પુણ્યચંદ્ર શિ. પુણ્યવિલાસ ગણિ શિ૦ વા૦ પુણ્યશીલ ગણિ લિ૦ **બાકરોદ** ગામે ચુનીજી ભં. કાશી નયાઘાટ. [આ ઉત્તમકુમાર રાસનું નામ મહારાજકુમાર ચરિત્ર અપાયું છે. (જુઓ અનેકાર્થ-રત્નમંજૂષાની પ્રસ્તાવના) તે બરાબર નથી.]

(૧૮૫૪) વીશી સં. ૧૭૫૪ વિજયાદશમી રાજનગરે.

સતરેસે ચૌપન વર્ષે, રાજનગરમેં રંગેજી,
વીસી ગીત વિજયદશમી દિન, કિયા ઉલટ ધરી અંગેજી. ૪
ગચ્છપતિ શ્રી **જિનચંદ** સૂરીન્દા, **હર્ષનિધાન** ઉવઝાયાજી,
જ્ઞાનતિલક ગુરૂને સુપસાયે, **વિનયચંદ્ર** ગુણ ગાવેજી. ૫

—વીકા૦ ભં.

(૮૩૭) ૧૧ અંગ સ૦ સં. ૧૭૫૫ (૨-૪૨૩)
—૮-૧૬ મુનિસુખસાગર.

(૧૮૫૫) ચોવીશી સં. ૧૭૫૫ વિજ્યાદશમી રાજનગરે.

આદિ— ઋષભ ગીત. ઢાલ મહિદી રંગ લાગઉ.

આજ જનમ સુકિયારથોરે, ભેટ્યા શ્રી જિનરાય,
પ્રભુસું મન લાગો.
ખિણ છક દૂરિ ન થાય, પ્રભુસું મન લાગો. ૧××
મીઠી અમૃતની પરેરે, **રિષભ** જિણેસર સંગ પ્રભુ૦
વિનયચંદ પામી કરીરે, રાખો રસ ભરિ રંગ. પ્રભુ૦ ૭

અંતે—

સંવત **સતરે પંચાવન** (પા. સત્તાવન) વર્ષે, વિજયાદશમી મન હર્ષે,
રાજનગરમાં નિજ ઉત્કર્ષે, રચી ભક્તિ અમરષેજી,
શ્રી **ખરતર** ગણ સુગુણ વિરાજૈ, અંબર ઉપમા છાજૈજી;
તિહાં **જિનચંદ** સૂરિશ્વર ગાજૈ, ગચ્છપતિ ચંદ દિવાજૈજી,
પાઠક **હર્ષનિધાન** સવાઇ, **જ્ઞાનતિલક** સુખદાઇજી,
વિનયચંદ તસુ પ્રતિમા પાઇ, એ **ચૌવીસી** ગાઇજી.

—(૧) પત્ર ૮ અંતે કલશ અપૂર્ણ પો. ૧૦ નં. ૯૩૬ અભય૦ (૨) પત્ર ૭ ડબ્બા ૨૭ પો. ૫૭ હોશીયારપુર ભં.

(૧૮૫૬) રોહા કથા ચોપઈ

આદિ—

સકલ સુરાસુર જેહને, ચરણ નમાવે સીસ,
વંદુ શ્રી **સીમંધરૂ**, જયવંતા જગદીસ. ૧
સર્વ કલામાંહિ ધર્મકલા, પ્રગટપણે પ્રધાંન,
સર્વકથામાંહિ ધર્મકથા, ભાખી શ્રી વર્દ્ધમાન. ૨
પિતા સમઝે એહમેં સુગુણ, જે હોવે બુદ્ધિનિધાન,
વિના પાસં કહો કિમ ચઢૈં, વસ્ત્ર ઉપર વાંન. ૩
ચિહુ ભેદે બુધિ વરણવી, આપ મુખે જિનરાય,
નંદીસૂત્રમાંહી કહી, ન્યારા અરથ લગાય. ૪

બુધિ ઉત્પાતિકી વિનયકી, કમ્મિયાં કરતાં કાજ,
વાધૈ જત્ર પરિણામી, વાવય વાપ્યાં કે સાજ.　　૫
પિણ ચિહુંમેં ઉત્પાતકી, બુદ્ધિ શિરે કહીવાય,
ઇણ પુઠલ તિનું ભલી, સહજે ઉપજે આય.　　૬
સરાહૈ તેહને સહૂ, બુદ્ધ-બલ જેહ કરંત,
તિણ ઊપર ભવિ સો ભણો, રોહાનો દૃષ્ટાંત.　　૭

અંતે—　　ઢાલ ૬

એ રોહાની કથા ભલી, સહુ નંદી સૂત્રમાહિ ચાલી એ,
સુણતાં પૂગે મન રલીએ, અવર હી કથા છે કેતલી એ.　　૧૪
વિનયચંદ કહે એમ એ, સાંભલજ્યો ચિત ધરિ પ્રેમ એ,
વિપરીત ભણ્યો પદ જેમ એ, મુઝ મિથ્યાદુકૃત તેમ એ.　　૧૫
—(૧-૨) પત્ર ૪ નં ૧૦૬૮; પત્ર ૪ નં. ૧૦૯૫ અભય.

(૧૮૫૬ક)+નેમિરાજુલ બારહ માસા-હિંદીમાં.

રાગ હીંડોલા.

આવઉ હો ઇસ રિતિ-હિસૈં યાદવકુલચંદ દ્યઉ મોહિ પરમાનંદ.
આવઉ૦

રસ રીતિ રાજુલ વદન પ્રમુદિત, સુનૌં યાદવરાય,
છોરિ કૈં પ્રીતિ પ્રતીતિ, પ્રિયુ તુમ ક્યું ચલે રીસાય;
ચિહું ઓર ઘોર ઘટા...............ત ગૈંન,
ધરિ અધિક ગાઢ અસાઢ ઉમહ્યૌ ધહ્યૌ ચિતસૈં ચૈન. આ૦ ૧××
ઇમ ભાંતિ મનકી ખાંતિ, બારહ માસ વિરહ વિલાસ,
કરિ કે પ્રિયા પ્રિય પાસ, ચારિત ગ્રહ્યૌ અતિ ઉલ્હાસ;
દોઉ મિલે સુંદર મુગતિ મંદિર, ભદ્ર જહાં અતિ નંદ,
મૃદુ વચન તાકૌ રચહી ભાખત, વિનયચંદ કવીન્દ. ૧૩ આ૦
(-પ્ર૦ જૈન જ્યોતિ જ્યેષ્ઠ ૧૯૮૮. પૃ. ૨૯૨-૩)

પ્રકીર્ણ નાની કૃતિઓ-૩૦ પત્રની પ્રત વીકાનેર જ્ઞાનભંડારમાં છે. તેમાં ઉપરની વીસી, ચોવીસી, બાર માસ છે.)+રાજુલ રહનેમી સઝાય (શિવાદેવીનંદન ચરણ. પ્ર૦ શ્વે૦ જૈન ૧૩-૬-૨૯ નો અંક.)

૪૧૦ પ્રીતિસાગર (ખ૦ નયસુંદર-દયાસેન-પ્રીતિવિજય -પ્રીતિસુંદર અને પ્રીતિલાભ શિ.) (૨-૪૨૪)

(૮૩૮) ઋષિદત્તા ચોપઈ-સં. ૧૭૫૨ જેઠ શુદ ૨ રવિ રાજનગરમાં.

આદિ— (૨-૪૨૪)

પાસ જિનેસર પય નમી, મનમૈં ધરી આણંદ,
નામ લીયંતા જેહનો, થાયઇ પરમાનંદ. ૧
અવર દેવનઇ સેવતાં, સુખ વંછિત થઇ સાર,
એ પ્રભુનો અતિશય વડો, નામથકી નિસ્તાર. ૨

અંતે—

ઋષિદત્તા રાય શિવ સુખ પામીયારે, સીલ તણૈ પરમાણ,
સીલ પ્રભાવૈ નિકલંક હુઇ સતીરે, સતીયાં સિરોમણિ જાંણિ. ૧
સુધર્મ સ્વામિ પરંપરારે, જાણીયેરે, **ચંદ્ર** કુલ શાખા **વયરી** જાંણ,
કોટિક ગણ ગચ્છ **ખરતર** વડોરે, જાણૈ સહૂ રાયરાંણ. ૨
વર્ત્તમાન ગુરૂ ચિરજીવી હોજ્યોરે, યુગપ્રધાન પદ ધાર,
ભટ્ટારક શ્રી **જિનરંગ** સૂરીશ્વરજી, **ખરતર** ગણધાર. ૩
બૃહત **જિનરાજ** સૂરિ શાખા માંહઇજી, વાચક પદવી ધાર,
સદગુરૂ શ્રી **નયસુંદર** ગુણનિલાજી, દુખીયાના આધાર. ૪
તસુ પાટઇ શ્રી **દયાસેન** વાચક ભલાજી, ગંભીર ગુણભંડાર,
તસુ શિષ્ય પાઠક પદવી ધારક વડારે, શ્રી **પ્રીતિવિજય** સુખકાર. ૫
તસુ શિષ્ય ઉવઝાય **પ્રીતિસુંદર** તણાજી, બાંધવ **પ્રતિલાભ** નાંમ,
તસુ અન્તેવાસી **પ્રીતિસાગર** રચ્યોજી, સંબંધ **ઋષિદત્તા** નામ. ૬
સંવત **સતરઇ બાવન** સમઇજી, જેઠ સિત પક્ષ જાંણ,
તિથિ બીજી રવિવાર શુભ અતિ ભલોજી, શુભ ચંદ્ર હુંતો સુખ ઠાંણ. ૭
સીલ સંબંધઇ અધિકાર રચ્યોજી, સુણતાં હોવૈ ઉલ્લાસ,
ઓછા અધિકો તિણમાંહઇ કહ્યોજી, મિછા દુકડ તાસ. ૮
એ સંબંધ રચ્યો અતિ હરષસ્યુંજી, શ્રી **રાજનગર** મઝાર,
સુખીયા શ્રાવક જિહાં વસૈ ઘણાજી, પર ઉપગારી સાર. ૯

એ સંબંધ ભણતાં ગુણતાં ભલાંજી, સાંભલતાં સુખ થાય,
ઋધિ સિધિ નવનિધિ ઘર હોવૈ સદાજી, રોગ બ્યથા સહુ જાય. ૧૦
ઋષિદત્તા ચોપઇ કીધી રંગસ્યુંજી, સુણતાં હુવૈ સુખકાર,
પ્રીતિસાગર મુનિવર ગુણ ગાવતાંજી, આણંદ જયજયકાર. ૧૧

—લિ. ઋ૦ નેણચંદ અજીમગંજ મધ્યે સં. ૧૮૭૮ શ્રા૦ સુદી ૭ રવિ. ૩૨–૧૪ નં. ૧૩–૧ ગુ૦

---

૪૧૧ ગોડીદાસ (ત૦ શ્રાવક) (૨–૪૨૪)

(૮૩૯) (નવકાર પર) રાજસિંહ રાસ સં. ૧૭૫૫ (૨–૪૨૪)

—(૧) સં. ૧૭૭૮ ચૈ. શુ. ૧૧ શનિ લ૦ પાટણ મધ્યે ૨૮–૧૩ દા. ૭૮ નં. ૮ હા૦ (૨) સં. ૧૭૯૫ આસો શુ. ૧૦ ગઢગ્રાંમ મધ્યે પં. કલ્યાણસૌભાગ્ય શિ. કીર્ત્તિસૌભાગ્ય લિ. ૨૮–૧૩ નં. ૧૬૧ ઇડર ભં. (૩) પં. વિમલવિજય શિ૦ પં. વીરવિજય શિ૦ અમીવિજય વાંચનાર્થે સં. ૧૮૦૪ જેઠ શુ. ૧૪ સોમે પેસુઆ નગરે પં. વીરવિજય લિ૦ બ્યાહર મધ્યે ૧૪–૧૮ નં. ૩૩૨૧ જૈનાનંદ૦ (૪) સં. ૧૮૨૮ ભા૦ વ૦ ૫ રવિ લિ૦ પાર્શ્વનાથ પ્રસાદાત્ અમરાપુર ગ્રામે ચાતુર્માસ ૩૬–૧૩ નં. ૧૫૨ ઇડર ભં. (૫) સં. ૧૮૪૦ કા. શુ. ૧૦ પન્યાસ સુબુદ્ધિવિજય શિ. રૂપવિજય શિ. વિદ્યાવિજય લ૦ પેઢામલીમાં ૨૮–૧૬ નં. ૧૬૧ ઇડર ભં. (૬) ૨૩–૧૭ દા. ૩૬ ડા૦ પાલણપુર (૭) ૪૪–૧૦ નં. ૨૪૬૦ મુક્તિ૦ (૮) સં. ૧૭૭૪ પ્રીતિવિમલ શિ. કનકવિમલ શિ. હર્ષવિમલ લિ. સં. ૧૭૭૪ થિરપુરે પત્ર ૨૭ સં. લા.

---

૪૧૨ મોહનવિજય (ત. રૂપવિજય શિ) (૨–૪૨૮)

(૮૪૦)+નર્મદાસુંદરીનો રાસ સુધારોઃ–સં. ૧૭૬૪ (૨–૪૨૮)

–(૧) સં. ૧૭૮૭ કા. વ. ૨ રવિ ૫૫–૧૭ નં. ૧૪૩ ઇડર ભં. (૨) પં. દેવવિજય ગણ શિ. દર્શનવિજય લિ૦ રાજનગરે

૩૮-૧૮ નં. ૧૩૧ ઈડર ભં. (૩) સં. ૧૭૯૪ શાકે ૧૬૫૯ ફા.વ. ૧ ભૃગુવારે રાજનગરે તપાગચ્છે રાજવિજય સૂરિ નામ્ને ભ. ભાવરત્નસૂરિ શિ. પં. શાંતિરત્ન શિ. પં. હસ્તિરત્ન શિ. ગણિ કનકરત્નેન પં. લાલવિજય શિ. પં. માણુકવિજય અર્થે ૪૯-૧૪ ખેડા ભં. ૩ (૪) સં. અભ્રપૂર્ણ સિદ્ધિ શશાંક વર્ષે (૧૮૦૦) લ. ૫૨-૧૫ દા. ૨૨ નં. ૨૭ સીમંધર. (૫) સં. ૧૮૧૮ આશ્વિન શુ. ભોમે લિ. ચિરં. સામદાસેન માંડવ્યાં ૫૪-૧૫ રાજકોટ મોટા સંઘ ભં. (૬) ભ. વિજયધર્મસૂરિ શિ. પં. હેમવિજય ગણિ શિ. શુભવિજય લિ૦ મનાવર નગરે અમીઝરા પાર્શ્વપ્રસાદાત્ નીમાડ દેશે રાવજી શ્રી સવાઈસીધજી રાજ્યે ૮૮-૧૩ ખેડા ભં. ૩ (૭) સં. ૧૮૩૧ ચૈ. વ. ૧ રવૌ પં. જશવિજયગણિ શિ. પં. મોહનવિજય લિ૦ ફેરવાડા ગ્રામે ૪૬-૧૬ નં. ૩૩૦૧ જૈનાનંદ. (૮) ગ્રં. ૨૦૮૬ સં. ૧૮૮૦ શ્રા. શુ. ૪ રવિ ૬૧-૧૬ ખેડા ભં. ૩ (૯) ગ્રં. ૧૪૫૪ લ. વકીલ વરજલાલ વેણીદાસ ખેડા સં. ૧૯૨૯ અસાડ વ. ૧૦ શનિ ૩૯-૨૦ દા. ૮ નં. ૯૨ ખેડા ભં. (૧૦) ગ્રં. ૧૩૦૭ લ. એજ સં. ૧૯૩૩ માગસર શુ. ૧ ગુરૂ ૩૮-૧૭ દા. ૮ નં. ૧૧૫ ખેડા ભં. (૧૧) ૩૦-૧૩ દા. ૩૬ ડા૦ પાલણપુર (૧૨) લિ. સં. ૧૭૮૩ ભા. વ. ૭ બુધે મુનિ હસ્તિસાગરેણ શેખપુરે સુમતિનાથ પ્રસાદાત્ વિ. ની. અમદાવાદ એટલે વી. ઉ.

(૮૪૧) હરિવાહન રાજાનો રાસ સં. ૧૭૫૫ (૨-૪૩૦)

-(૧) સં. ૧૭૬૪ ફા. વ. ૬ લ. પં. રંગવિજય ભુજનગરે આદિનાથ પ્રસાદાત્ ૨૫-૧૩ અશુદ્ધ પ્રત નં. ૪૫૮ મ. જૈ. વિ. (૨) સં. ૧૮૫૬ શાકે ૧૭૨૨ પોષ શુ. ૯ રાત્રૌ લિ. પં. ઉમેદવિજયેન પં. દીપસતકેન ૨૩-૧૫ નં. ૧૩૩ ઈડર ભં. (૩) પત્ર ૩૦ પો. ૬૬ જય૦.

(૮૪૨)+રત્નપાલનો રાસ સં. ૧૭૬૦ (૨-૪૩૨)

-(૧) હીરવિજય સૂરિ શિ. મહો૦ કનકવિજય શિ. મહો૦

કૃષ્ણવિજય શિ. પં. ગુણવિજય શિ. પં. હર્ષવિજય શિ. પં. માનવિજય શિ. પં. વિમલવિજય શિ. પં. વીરવિજય લિ. વાંકુલી મધ્યે સં. ૧૭૮૬ પો. શુ. ૫ શુક્રે ૩૮-૧૮ નં. ૩૩૨૬ જૈનાનંદ. (૨) વા. તેજશ્ચંદ્ર ગણિ શિ. પં. તારાચંદ્ર પં. તત્વચંદ્ર શિ૦ કેસરચંદ્ર પ્રેમચંદ્રાભ્યાં લિં૦ સં. ૧૭૮૮ આશ્વિન શુ. ૨ બુધે લાશિ નગરે ૫૪-૧૫ નં. ૩૩૦૬ જૈનાનંદ. (૩) સં. ૧૮૧૮ જ્યે. શુ. ૧૩ ગુરૂ ગેરીતા ગ્રામે નેમિનાથ પ્રસાદાત્ ૫૦-૧૩ નં. ૧૪૮ ઈડર ભં. (૪) સં. ૧૮૨૩ ચૈ. વ. ૮ સોમ વિક્રમપુર મધ્યે પત્ર ૩૩ પો. ૮૧ નં. ૨૦૫૩ જિ. ચા. (૫) સં. ૧૮૪૫ મૃગશિર વ. ૬ સોમે સ્થંભતીર્થે મુ. પ્રેમસાગર લ. ૭૮-૧૩ દા. ૨૨ નં. ૨૦ સીમંધર. (૬) પં. ભાણવિજય ગણિ શિ. પં. ભીમવિજય લ. ૪૯-૧૫ પો. ૧૨૪ મો૦ સુરત. (૭) ગ્રં. ૧૮૮૪ સં. ૧૮૨૩ શ્રા. શુ. ૫ રવિ લિ. પં. મોહનરત્નેન ૫૩-૧૪ (છેલ્લું પાનું બીજાં પાનાં ત્રુટક પાનામાં હશે) ખેડા ભં. ૩ (૮) સં. ૧૮૬૬ શાકે ૧૭૩૧ ફા. વ. ૩ ગુરૂ નિશાસમયે ચિત્રા નક્ષત્રે લ. હંસવિજય હરષવિજય શ્રી આણંદ સૂરિ ગચ્છે જાંમ ગામ મધ્યે ૫૨-૧૯ રાજકોટ મોટા સંઘ ભં. (૯) લિ. પં. શિવલાભ બૃ૦ આચાર્ય ખરતર ગચ્છે હરિદુર્ગ મધ્યે સં. ૧૮૭૦ મૃગસિર શુ. ૩ પત્ર ૨૩ થી ૧૬૮ નાનો ગુટકો પો. ૨૬ યશોવૃદ્ધિ. (૧૦) સં. ૧૮૭૫ આ. શુ. ૧૨ વીકાનેર મધ્યે લિ. પત્ર ૫૫ પો. ૩૬ મહિમા. (૧૧) વડતપગચ્છે રાજવિજયસૂરિ પરંપરા કીર્ત્તિરત્નસૂરિ શિ૦ મયારત્ન-સોભાગ્યરત્ન રાજેંદ્રરત્ન તેજરત્ન-ગુણરત્ન સં. ૧૮૯૪ શ્રા. શુ. ૨ લ૦ ભાજક પ્રેમચંદ-જેઠા સુર્યપુર (=ઝીંઝુવાડા) મધ્યે પાટડીના રેવાસી ૫૩-૧૩ પો. ૪૦ નં. ૧૯૮ ઝીં. (૧૨) લિ. પં. પ્રમોદસાગર શિ. સુવિધસાગર શિ. ભાંણસાગર ગણિ લિ. સં. ૧૭૯૨ વૈ. ક. ૫ ભોમે જશોલનગરે હુકમ મુ. ભં. સુરત. (૧૩) સં. ૧૮૯૯ આષાઢ શુદિ ૧૧ ચંદ્રજ દિને લિ. અણહિલ્લપુર પત્તને પં. કેસરીસિંઘ લ૦ ૮૪-૧૪ નં. ૪૧૨ ગોડીજી મુંબઈ.

(૮૪૩)+માનતુંગ માનવતી રાસ સં. ૧૭૬૦ (૨-૪૩૫)

-(૧) ૪૯-૧૫ દા. ૬ નં. ૧૫ ખેડા ભં. (કવિની હસ્તલિખિત લાગે છે) (૨) પં. કાંતિવિમલ સતીર્થ્ય પં. મોહનવિમલ શિ. ગણિ કૃષ્ણવિમલેન લિ. સં. ૧૭૮૫ ચૈ. વ. ૧૦ અણહિલ્લપુર પત્તને પંચાસરા પાર્શ્વ પ્રસાદાત્ ૨૯-૧૭ પો. ૧૨૬ મો૦ સુરત (૩) ભ૦ હીરવિજયસૂરિ મહો૦ કીર્ત્તિવિજય શિ. પં. અમૃતવિજય ગ. શિ. પં. રત્નવિજય શિ. પં. રવિવિજય શિ. પં. ચતુરવિજય ભાઈ કેસરવિજય ભાઇ હરિતવિજય લિ૦ સં. ૧૭૮૮ કા. વ. ૨ બુધે ૩૧-૧૬ નં. ૩૩૧૦ જૈનાનંદ. (૪) સં. ૧૭૯૯ વૈ. વ. ૨ શુક્રે ભ૦ વિજયસિંહ સૂરિ શિ૦ મહો૦ ઉદયવિજય ગણિ શિ. પં. નયવિજય શિ. પં. ભાણુવિજય શિ. પં. કલ્યાણવિજય શિ. પં. જીવણવિજય લ૦ સાબલી નગરે ૪૪-૧૩ ડા૦ પાલણપુર (૫-૬) ૩૨-૧૯ દા. ૩૮ નં. ૧૯. ૧૦-૧૫ દા. ૩૧ નં. ૨૬ એજ ભં. (૭) પં. ભીમવિજય ગણિ શિ. વીરવિજય ગ. શિ. વૃદ્ધવિજય લિ૦ સં. ૧૮૦૩ મૃગશિર શુ. ૫ ગુરૂ સંતપુર સ્થાને ૩૭-૧૫ દા. ૧૯ પો. ૪ વી. ઉ. (૮) સં. ૧૮૧૩ આ. શુ. ૯ આજમ નગરે સીરીચંદ શિ. ભાગચંદ્ર નાગોરી લિ. પત્ર ૪૮ પો. ૩૭ મહિમા. (૯) સં. ૧૮૧૭ પોષ પત્ર ૬૨ નં. ૨૯૮ ક્ષમા. (૧૦) સં. ૧૮૧૭ માહા શુ. ૮ ગુરૂ માહા વડસામાત્ લ.મુ.લબ્ધિચંદ્ર પ્રથમ પ્ર.૨૭-૧૯ પો.૩૭ નં.૧૭૨ ઝીં.(૧૧) સં. ૧૮૨૩ કા.વ.૧૦ ભામે ભ. તપાગચ્છે વિજયદયાસૂરિ શિ.પં. મુક્તિવિજય શિ. ડુંગરવિજયેન લ. બાટરડા નગરે ૩૮-૧૪ પો. ૭ તિલક૦ (૧૨) સં. ૧૮૨૪ ચૈ. વ. ૫ ગુરૂ લિ. ઉંચોશણ મધ્યે પં. રવિવિજય (છેકી સુધારેલ) પં. લબ્ધિ (સુધારેલ) સત્કે લિ૦ પન્યાસ સુરસાગર વાંચનાર્થં ૪૧-૧૫ ખેડા ભં. ૩ (૧૨ક) સં. ૧૮૨૭ જે. શુ. ૧૨ લિ. કનકધર્મેન પત્ર ૫૭ પો. ૮૦ નં. ૧૯૮૩ જિ. ચા. (૧૩) લ. પં. મોહનવિજય ગણિ શિ. પં. માણિક્યવિજય ગણિ લ૦ સં. ૧૮૩૦ આસો વ. ૨ શનૌ વલાસણા નગરે ૩૦-૧૬ નં. ૧૪૭

ફડર ભં. (૧૪) સં. ૧૮૩૫ આસો શુ. ૧૪ લિ. ઋ. ગંગારામ સિરયારી ગ્રામે ૩૩-૧૬ નં. ૫૫-૧૧ ગુ. (૧૫) પં. વિનયવિમલ પટ્ટે નિત્યવિમલ શિ૦ કલ્યાણવિમલ શિ૦ ચેલા પરસોતમ લ૦ સં. ૧૮૪૪ આસાઢ વ. ૫ ગુરૂ ૫૨-૧૧ દા. ૬ નં. ૧૪ ખેડા ભં. (૧૬) સં. ૧૮૪૫ પો. શુ. ૫ ગુરૂ ડાવલમધ્યે ચિરં. દલીચંદ લિ. ૪૩-૧૫ દા. ૧૯ પો. ૪ વી. ઉ. (૧૭) સં. ૧૮૪૫ જ્યે. વ. ૩, ૪૭-૧૩ ખેડા ભં. ૩ (૧૮) સં. ૧૮૪૭ વૈ. શુ. ૩ ભૃગુવારે સાચોર મધ્યે પં. દૌલત લિ. ચિ. ઉદૈભાણ પઠનાર્થં પત્ર ૩૪ પો. ૮૦ નં. ૧૯૮૨ જિ. ચા. (૧૯) સં. ૧૮૫૦ આશ્વિન શુ. ૧ રવિ ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. પં. મયારત્નેન લિ. ચૂડા ગ્રામે ૩૬-૧૪ પો. ૩૭ નં. ૧૭૧ ઝીં. (૨૦) સં. ૧૮૫૩ કા. શુ. ૫ પં. જસવિજય શિ. નાયકવિજય લિ૦ ધનારી મધ્યે ૩૧-૧૫ ખેડા ભં. ૩ (૨૧) લિ. મુ. ભોજવિજય સં. ૧૮૬૫ પો. વ. ૧૨, ૩૨-૧૭ નં. ૩૩૧૧ જૈનાનંદ. (૨૨) સં. ૧૮૬૯ પો. વ. ૩ આદિતવાર મુનિ ખરતર જતી માણકચંદ લિ. (પછી ઉમેરેલ છે કેઃ—સં. ૧૮૭૩ ફા. વ. ૫ ગુરૂ રાત્રે પોહર ૧॥ રજની જતાં લિ. દીપહંસ વડલી મધ્યે રીષભદેવ પ્રસાદાત્ ઠાં. રાજશ્રી સાલમસિંઘજી રાજ્યમેં ૩૨-૧૯ પુ. મં. (૨૩) સં. ૧૮૮૭ વૈ. શુ. ૩ રવિ નાલ મધ્યે ગુણકલ્યાણ શિ. યુક્તિધર્મ લિ. પત્ર ૨૬ પો. ૩૯ નં. ૬૩૧ કૃપા. (૨૪) સં. ૧૮૮૯ શ્રા. શુ. ૧ થાવરવારે પં. જીવકુસલ શાંતિકુસલ શિ. દોલતકુસલ વાચનાર્થં સોરઠ ૮૦-૧૨ નં. ૨૪૬૨ મુક્તિ. (૨૫) સં. ૧૯૦૫ જ્યે. વ. ૧૦ દક્ષણ દેશે હમઢેરીયા તલે ગ્રામે લ. પં. નેમવિમલ અર્થે ચંદ્રપ્રભુ પ્ર૦ રેવાસી લુણાવાડાના વિજયરાજસૂરિ ગચ્છે ભ૦ અમૃતરત્ન સૂરિ રાજ્યે ૪૪-૧૩ દા. ૨ નં. ૧૫ ભાગ્યરત્નમુનિ ખેડા. (૨૬) સં. ૧૯૧૧ મહા ફાગણ વ. ૩ ગુરૂ રાજ્યદંગે પં. મયાસાગર શિ. પ્રેમસાગર લિ. ૪૮-૧૪ દા. ૨૦ નં. ૯ સીમંધર. (૨૭) વરસાલ બંદરે મહાવીર સ્વામી પ્રાસાદે લ. પં. લખમીવિજય

સં. ૧૯૨૮ આ. શુ. ૧૦ બુધ સોમાચી વરસાલના રેવાસી ૭૦–૧૦ દા. ૪૫ નં. ૧ પાલણપુર ભં. (૨૮) સં. ૧૯૩૨ આસો વ. ભુતિષ્ઠા તિથૌ ભ. જિનહંસસૂરિ રાજ્યે બૃ. ખ. મહો૦ નોમસુંદર શિ. લોકવલ્લભ શિ. જીવણુ શિ. રામચંદ્ર શિ. સુખરામ શિ. સુમતિશેખર શિ. હીરાચંદ શિ. ચતુર્ભુજ શિ. ઉદયચંદ લાલચંદ પઠનાર્થ દેશણોક મધ્યે પત્ર ૧૪ નં. ૩૦૧૬ અભય. (૨૯) પત્ર ૪૩ પો. ૩૪ મહિમા૦ (૩૦) પં. ઉદેરત્ન ગણિ પં. રૂપરત્ન ગણિ પઠનાર્થં ૨૯–૧૪ દા. ૧૬ નં. ૧૬ ઘોઘા ભં. (૩૧) સં. ૧૭૬૮ ફા. શુ. ૬ રવૌ ગણિ લાલવિજયેન લિ૦ મહાડિનગરે ૩૨–૧૩ પો. ૧૨૭ મો૦ સુરત. (૩૨) સં. ૧૭૬૬ પો. શુ. ૧ ગણિ જય (?) લ૦૪૬–૧૪ દા. ૭૯ નં. ૧૮ હા૦

(૮૪) પુણ્યપાલ ગુણસુંદરી રાસ સં. ૧૭૬૩ (૨–૪૩૮)

આદિ—

સકલ સિદ્ધિદાયક સદા, ગુણનિધિ ગોડી પાસ
અશ્વસેન કુલ હિનમણિ, નિત્યાનંદ પ્રકાસ ૧
વાહન હંસ સભા તજિ (?), વીણ પુસ્તક હાથિં,
તે વરદાઈ પ્રણમીઈ, આપે વિદ્યા આથિ. ૨
અક્ષર છે ચાલિસ ઇહ, તેહની અદ્‌ભૂતિ શકિત
અવિચ્છિન્ન રચના થકો, તોહિ નહિ અવ્યકત ૩
સદ્‌ગુરૂ ગુણ કુણ ગણિ સકે, જ્ઞાન–નેત્ર દાતાર,
ગજણ (!) તણો ગયવર કરેં, એ મોટો ઉપકાર ૪
રચના આદિ ચરિત્રથી, કથા મંગલચ્યાર
ઋદ્ધિ વૃદ્ધિ લહે સદા, ધર્મતણો અધિકાર. ૫
ચ્યાર ભેદ જિન ધર્મના, દાંન શિયલ તપ ભાવ
સિલ સમાંન નહી કેહાં, સીલ ભવોદધિ નાવ ૬
ગુણસુંદરિ પુરવભવે, પાલૂં સિયલ વિશેષ
તેહથિ નૃપપુત્રી થઇ, પામી સુખ અસેષ ૭

કિધા કર્મ પ્રસંસના, અવગૂણિઓ નિજ તાત,
કર્મથકિ લછિ વરિ, થઈ વલિ વિખ્યાત. ૮
કહસૂ ગુણસુંદરિ કથા, સીલ મીશ્રિત વલિ જેમ
કર્મ ઉપરિ અધિકાર અથ, શ્રોતા બૂઝે તેમ. ૯

અંતે—

શીલ તરંગણી ગ્રંથ થકી એ, ચરિત્ર રચ્યું સુવિશાલજી
ભવિજન શ્રોતા જનને હેતે, એહ સંબંધ રસાલજી ૧૦ x x
(પછી પૃ. ૪૩૮માં છપાયેલ છે ને ત્યાર પછી)
શ્રોતાજન સાંભલિને (સહજે) સરવ સંપતિ તે સરસ્યજી
કીધો રાસ સંબંધ સલૂણો, શિલતણો વલિ ખપ કરશે. ૧૬
જે કોઇ ભણશે ગુણશે સુણશે, લહસે સુખ વિશાલજી.
ચઉવિહ સંઘ ભણી તે હોજ્યો, ઘણુ કણુ મંગલમાલ, ૧૭

—(૧) સં. ૧૮૩૮ પૂનવસૂ માસે વદ ૧૧ સૂર ગુરૂવારે પં. રૂપવિજયગણિ શિ. પં. મેઘવિજયગણિ શિ. મુનિ હંસવિજય લ૦ ચોબારી મધ્યે શ્રી ગોડિજી પ્રસાદાત્ ૫૫ થી ૭૩ માં આખી પ્રત ૧૮ પંક્તિ ડાહ્યાભાઈ શેઠ ખેડામાં. (૨) સર્વ ગાથા ૭૫૭ શ્લોક સંખ્યા ૧૦૨૦ સં. ૧૮૮૪ વૈ. શુ. ૮ ભોમે માંડવી બંદરે અંચલગછે લિષાવતં ચેલા દેવચંદ ગુણચંદ લિખતં ચેલા મેઘજી શ્રી ભૂજની પોસારવારા શ્રી માંડવી બંદરે શ્રી શાંતિનાથ પ્રસાદાત્ ૩૫–૧૩ નં. ૪૪૮ મ. જૈ. વિ.

(૮૪૫) +ચંદરાજાનો રાસ સં. ૧૭૮૩ રાજનગર (૨–૪૩૮)

—(૧) મહો૦ ધર્મચંદ્રગણિ શિ. પં. ભક્તિચંદ્ર શિ. મયાચંદ શિ. પં. રંગચંદ્રેણ લિ. સં. ૧૭૯૧ માઘ શુ. ૧૪ રવિ ૫૫–૧૯ નં. ૧૨૫ ઈડર ભં. (૨) પં. દેવવિજયગણિ શિ. પં. દર્શનવિજયગણિ લિ. સં. ૧૭૯૫ કા. વ. ૭ પાર્શ્વનાથ પ્રસાદાત્ નંદાસણ સ્થાને ૬૦–૨૩ નં. ૧૨૬ ઈડર ભં. (૩) ભ. વિજયરત્નસૂરિ શિ. નિત્યવિજય શિ. પં. જિનવિજય શિ. પ્રમોદવિજયેન લિ. સં. ૧૭૯૯

આસો શુ. ૧૩ આડીસર નગરે શ્રેયાંસનાથ પ્રસાદાત્ મુનિ જીવણ-વિજય વાચનાર્થે પત્ર ૭૩ નં. ૧૦ પાદરા. (૪) સં. ૧૮૦૦ મહા શુ. ૨, ૭૫-૧૫ દા. ૪૪ નં. ૨ સંઘ ભં. પાલણપુર (૫) સં. ૧૮૦૨ કા. શુ. ૧૩ માર્ત્તંડવાર સણુવા મધ્યે આદિનાથ પ્રસાદાત્ ભ. વિજયપ્રભસૂરિ શિ. લબ્ધિવિજય શિ. દીપવિજય શિ. માનવિજય લિ. ૧૧૦-૧૩ તિલક. (૬) સં. ૧૮૦૪ પો. શુ. ૧૨ શુક્રે અંકલેશર ગ્રામે મુનિ રાજેંદ્રવિજયેન લ. ૧૧૨-૧૩ સુ. લા. ખેડા. (૭) સં. ૧૮૧૭ ચૈ. શુ. ૩ ગ્રાવાસરે ભ. વિજયરત્નસૂરિ શિ. પં. સીહવિજય શિ. પં. અમૃતવિજય શિ. પં. જયવિજય ભ્રાતા પં. દેવેંદ્રવિજય શિ. સંઘજી લિ. સાંડેરીનગરે ૮૭-૧૫ નં. ૩૩૦૪ જૈનાનંદ. (૮) ભ. હીરવિજયસૂરિ શિ. પં. શુભવિજય શિ. પં. ભાવવિજય શિ. ઋદ્ધિવિજયગણિ શિ. પં. ચતુરવિજય શિ. પં. વિવેકવિજય શિ. પં. પ્રમોદવિજય શિ. પં. ન્યાંનવિજય લિ. શિષ્યાર્થે શિ. પં. રવિ-વિજય ભ્રાતૃ ગણિ દર્શનવિજય શિ. પં. ખુશ્યાલવિજય શિ. ખેમ-વિજયગણિએ અધુરો પૂરો કર્યો છે ભાઇબંધાઇએ કરીને સં. ૧૮૧૮ લખવા માંડયો હતો સં. ૧૮૨૪ પૂરો કર્યો છે નંદાસણમાં લખવા માંડયો કડીમાં પૂર્ણ કર્યો છે ૮૮-૧૫ દા. ૪૪ નં. ૩ સંઘ ભં. પાલણપુર (૯) લ. મુનિ અમરવિજે સં. ૧૮૨૦ માર્ગશિર શુ. ૫ શુક્રે પંન્યાસ દેવાવજય શિ. પં. કુશલવિજય પઠનાર્થે ૧૧૪-૧૪ પો. ૧૨ વડાચૌટા ઉ. (૧૦) પં. કૃષ્ણરૂચિ શિ. પં. રૂપરૂચિ શિ. પં. શાંતિરૂચિ વાચનાર્થં સં. ૧૮૨૪ શાકે ૧૬૮૯ આસાઢ વ. ૪ બુધે ભાણુવડ નગરે શાંતિનાથ પ્રસાદાત્ ૯૮-૧૨ દા. ૨૨ નં. ૪ સીમંધર. (૧૧) કતપુરા ગચ્છે ઉપા. ધીરવિમલ શિ. પંન્યાસ આણંદવિમલ શિ. ગણિ હર્ષવિજેન સં. ૧૮૨૫ આશ્વિન શુ. ૧૪ સોમે રામપૂરા મધ્યે ૯૩-૧૬ સંઘ ભં. વીરમગામ (૧૨) ભ. વિજયપ્રભસૂરિ શિ. પં. સુમતિવિજય શિ. પં. ગજવિજય શિ. પં. કુંઅરવિજય શિ. પં. ગુલાલવિજય લ. સં. ૧૮૨૫ આસો વદિ ૭ મંગલવારે ૧૬૦-

૧૮ પો. ૧૨ વડાચૌટા ઉ૦ (૧૩) સં. ૧૮૩૧ વૈ. વ. ૫ ચંદ્રવારે ઉત્તરા નક્ષત્રે મહો. રામવિજય શિ. પં. મહિમાવિજય શિ. પં. હર્ષ-વિજયેન લિ. રાધનપુરે આદિશ્વર પ્રસાદાત્ ૧૧૨-૧૫ ખેડા ભં. ૩ (૧૪) સં. ૧૮૩૧ વૈ. શુ. ૨ વીકાનેરે પત્ર ૬૬ પો. ૭૯ નં. ૧૯૫૭ જિ. ચા. (૧૫) સકલવાચક-ચક્રચૂડામણિ મહો૦ શ્રી ૧૦૮ ભાનુચંદ્ર ગણિ શિ. પં. દેવચંદ્રગણિ સતીર્થ પં. વિવેકચંદ્રગણિ શિ. પં. તેજચંદ્ર ભ્રાતૃ પં. જિનચંદ્ર શિ. જીવણચંદ્ર સતીર્થ પં. દાનચંદ્ર શિ. પં. દોલતચંદ્ર સતીર્થ પં. પ્રતાપચંદ્ર શિ. પં. ભાવચંદ્ર ભ્રાતૃ પં. વિદ્યાચંદ્ર શિ. મુનિ મુક્તિચંદ્ર ભ્રાતૃ વખતચંદ્ર ભ્રાતૃ તારચંદ્ર પઠનાર્થં સં. ૧૮૪૪ વૈ. અક્ષયતૃતીયા જીવવાસરે તૃતીય પ્રહરે લિ. પં. ભાવચંદ્ર વાચનાર્થે શાંતિનાથ પ્રસાદાત્ ૧૪૦-૧૨ પો. ૧૨ યશોવૃદ્ધિ. (૧૬) પં. કલ્યાણવર્ધન શિ. મેઘવર્દ્ધન શિ. વિવેકવર્દ્ધન શિ. ધનવર્દ્ધન ચેલા ખુશાલ લિ. સં. (૧૮) ૪૫ વૈ. બુધે ૧૩૫-૧૨ દા. ૪૪ નં. ૧ સંઘ ભં. પાલણપુર. (૧૭) સં. ૧૮૪૫ ભા. શુ. ૯ સોમે ઋ. શિવચંદ લિ. પત્ર ૮૧ પો. ૭૯ નં. ૧૯૫૦ જિ. ચા. (૧૮) સં. ૧૮૪૭ શાકે ૧૭૭૨ આસાઢ વ. ૫ ગુરૂ ઈડુવા ગ્રામે પં. અમીચંદ શિ. ચાંપસી લ. ૧૨૪-૧૪ ખેડા ભં. ૩ (૧૯) સં. ૧૮૫૦ કા. શુ. ૭ રવિ સોમસમુદ્ર લિ. પત્ર ૧૬૬ પો. ૯ અબીર. (૨૦) સં. ૧૮૫૦ વૈ. વ. ૨ ચંદ્રવારે ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. પં. મયારત્નેન લ. ચુડા ગ્રામે ભ. મુક્તિરત્નજી ચોમાસું રહ્યા તારેં ૮૦-૧૫ દા. ૩૦ નં. ૧૪૯ ઝીં (૨૧) સં. ૧૮૫૩ માઘ શુ. ૧૩ ગુરૂ લ. પં. કુંઅરસાગર શિ. દીપસાગર વાંટુ મધ્યે સંભવનાથ પ્રસાદાત્ સાગરગચ્છે ૮૫-૧૫ નં. ૯ પાદરા. (૨૨) સં. ૧૮૬૦ શાકે ૧૭૨૫ માઘ શુ. ૬ ભાનુવાસરે ત્રતીય પ્રહરે મેષ લગ્ને નડીયાદ પાર્શ્વપ્ર-સાદાત્ ૧૦૯-૧૪ ખેડા ભં. ૩ (૨૩) સં. ૧૮૬૦ ચૈ. શુ. ૩ ગુરૂ વીકાનેરે અમૃતવર્દ્ધન લિ. પત્ર ૧૨૯ પો. ૧૩ નં. ૨૩૯ દાન. (૨૪) પત્ર ૧૨૮ પો. ૧૩ નં. ૨૪૬ દાન૦ (૨૫) સં. ૧૮૬૧ જ્યે. વ.

૧૩ સૂર્યવાર ભ. કીર્ત્તિરત્નસૂરિ શિ. પં. બુદ્ધિરત્નેન લિ. મુનિ કાંતિરત્નને વાંચવા સારૂ ૫૫-૨૨ દા. ૨ નં. ૧૮ ભાગ્યરત્ન મુનિ ખેડા. (૨૬) સં. ૧૮૬૬ અસાઢ શુ. ૪ લિ. કૃષ્ણગઢ મધ્યે ૧૨૬-૧૪ પો. ૪૦ યશોવૃદ્ધિ (૨૭) સં. ૧૮૬૮ કૃ. ૧૩ રવિ ઘટી ૭ ચડતા લ. સાંડેરાગચ્છે જશચંદ જોદરાજ પરતાપગઢ મધ્યે લિખાવીતં માણિકબાઇ પઠનાર્થં પોરવાડ કોઠારી ૧૧૭-૧૬ દા. ૬ નં. ૫ ખેડા ભં. (૨૮) સં. ૧૮૭૨ પો. મેચક પક્ષે ૭ ક્ષેમ શાખા મેરૂકુશલ શિ. ભવાનભક્તિ ભોજરાજ લિ. પત્ર ૧૨૪ પો. ૧૨ ભુવન. (૨૯) સં. ૧૮૭૨ પ્ર. ભાદ્ર વ. ૭ રવિ લિ. પં. રૂપસૌભાગ્યેન મકસુદાબાદે અજીમગંજે તથા મહાજન ટોલી મધ્યે ૧૨૦-૧૩ નં. ૫૪-૪ ગુ. (૩૦) સં. ૧૮૮૪ કા. વ. ૧૩ જાંગલૂ મધ્યે દાનવિશાલ લિ. પત્ર ૭૩ પો. ૪૪ નં. ૭૭૨ કૃપા. (૩૧) સં. ૧૮૮૪ ચૈ. શુ. ૮ આદીત લ. પં. દેવરત્ન ઉમરેઠ મધ્યે શાંતિનાથ પ્રસાદાત્ ૭૦-૧૬ દા. ૮ નં. ૧૦૮ ખેડા ભં. (૩૨) સં. ૧૮૮૮ વૈ. શુ. ૧ ભોમે સર પાલપણુ મધ્યે બાદરગંજ મધ્યે ૧૪૨-૧૧ દા. ૩૦ નં. ૧૪૮ ઝા. (૩૩) સં. ૧૮૮૯ પત્ર ૧૧૬ નં. ૧૧-૨ ગુ. (૩૪) સં. ૧૯૧૦ કા. શુ. ૧૪ વીકાનેર મધ્યે પં. સદાભંડણ લિ. પત્ર ૧૫૭ પો. ૭૯ નં. ૧૯૫૧ જિ .ચા. (૩૫) સં. ૧૯૧૨ કા. વ. ૨ રવિ ભ. કીર્ત્તિરત્ન સૂરિ શિ. પં. મયારત્ન શિ. સૌભાગ્યરત્ન શિ. રાજેંદ્રરત્ન શિ. તેજરત્ન લ. શિ. ગુણરત્ન શિ૦ માનરત્ન અર્થે શિ. મુ. જયરત્ન વાચનાર્થે સૂર્યપૂર (ઝીંઝુવાડા) મધ્યે શાંતિ જિનપ્રસાદે શ્રી મકવાણા રાજ્યે ઠા. સાંમતાજી કરસનજી ૧૧૮-૧૪ દા. ૩૦ નં. ૧૫૦ ઝીં. (૩૬) સં. ૧૯૩૫ શાકે ૧૮૦૦ આષાઢ વ. ૫ ગુરૂ ૧૪૬-૧૧ નં. ૩૩૦૩ જૈનાનંદ. (૩૭) પત્ર ૧૧૫ પો. ૧૨ નં. ૧૦૮ અભય. (૩૮) પત્ર ૫૩ પો. ૬૬ જય. (૩૯) પત્ર ૧૬૪ પો. ૬૭ જય. (૪૦) પત્ર ૯૯ નં. ૨૯૧ ક્ષમા. (૪૧) પત્ર ૪૫ નં. ૩૮૬ ગોડીજી મુંબઇ.

(આ કવિના હાથથી લખેલ પ્રશ્નોત્તર સમુચ્ચય–હીરપ્રશ્નની સં. ૧૭૮૨ વૈ. શુ. ૧૫ ની પ્રત અનંત ભં. માં છે. તેના શિ. પં. હેમવિજય શિ. તિલકવિજય શિ. પં. ભાણુવિજયની સણુનાનગરે સં. ૧૮૪૨ ચૈ. શુ. ૫ ચંદ્રવાસરે લખેલી વંદારૂ વૃત્તિની પ્રત તે અનંત. ભં. માં છે.)

---

૪૧૩ કેશરવિમલ (ત. શાંતિવિમલ શિ.) (૨–૪૪૨)

(૮૪૭) + સૂક્તિમાલા–સૂક્તમુક્તાવલિ સં. ૧૭૫૪ (૨–૪૪૨)

—(૧) પં. ઉમેદવિજે પં. રવિસતક ૧૨–૧૪ દા. ૪૭ નં. ૧૬ સંઘ ભં. પાલણપુર (૨) લિ. મુ. લાલવિજય ગ. અમરરાયપુર મધ્યે સં. ૧૮૮૮ જ્યે. શુ. ૫, ૧૨–૧૫ પુ. મં. (૩) મુ. દેવચંદ પઠનાર્થં મુ. વિજયહર્ષેણ ગોધરા ગ્રામે લિ. રો. એ. સા. મુંબઈ (૪–૫) સં. ૧૮૦૫ વૈ. વ. ૯ લિ. પં. સુખહેમગણિના પત્ર ૭ નં. ૨૪૫૧; તથા સં. ૧૮૪૭ પો. શુ. ૧૨ પં. હેમવિજય શિ. રૂપચંદ લિ. વાસાનગરે સાધ્વી જ્ઞાનશ્રી પઠનાર્થે પત્ર ૧૭ નં. ૩૭૫૮ અભય. (૬) નં. ૩૧૯ સને ૧૮૭૦–૧ ભાં. ઇ. (૭) લિ. સૌભાગ્યરત્નેન ગ્રામ બોલાડા ઝીં.

(૮૪૮)+વંકચૂલ રાસ સં. ૧૭૫૬

—લિ. વિવેકસાગરેણ જાવાલપુરે સં. ૧૭૯૨ શ્રા. વ. ૧૫, ૬–૧૨ દા. ૪૬ નં. ૧૧ સંઘ ભં. પાલણપુર.

(આ કવિના શિષ્ય દાનવિમલે એક પ્રત સં. ૧૭૬૦માં લખેલી છે તેમાં સ્વગુરૂપરંપરા આપી છે કેઃ–ત. આનંદવિમલસૂરિ–વિજયવિમલ (વાનરષિ) ગણિ–આનંદવિજયગણિ–હર્ષવિમલ–શાંતિવિમલ કેશરવિમલ શિ. ડા. અ. સંઘ ભં. ભાવનગર)

---

૪૧૪ દાનવિજય (ત. વિજયરાજ સૂરિ–વિજયદાનસૂરિ –તેજવિજય શિ.) (૨–૪૪૫)

(૧૮૫૭) પડિકમણ ચોપઇ, સં. ૧૭૩૦

આદિ—

શ્રી **તેજવિજય** કવિપદ અણુસુરી, પડિકમણાની સહી ખપ કરી,
નામ થાપના દ્રવ્ય નિં ભાવ, અનુપઉગ ઉપયોગી ભાવ
ક્ષેત્ર થકી ભરતહ ઐરવત્ત, કાલથકી બિંસંઝ પવિત્ત,
પાસત્થાદિક સંગતિ ટાલ, ધર્મ .વના ભવ જાઇ આલ. ૧

અંતે—

તપગછ–ગયણુ–ાવભાસણ ભાણુ, શ્રી **વિજયરાજ** સૂરીશ્વર જાણુ.
તાસ રાજિ મઇં એહ વિચાર, કીધો ભવિજનનિં ઉપગાર. ૯૧
સંવત ૧૭ **સંજમ મોહનીયઠાય** ૩૦, શ્રી **વિજયદાન**સૂરીસરરાય
પંડિત **તેજવિજય**નો સીસ, **દાનવિજય** કવિયણ સુજગીસ ૯૨
શાસ્ત્ર પંચાંગી વિરૂઉ જેહ, મિછામિ દુકડ હોજ્યો તેહ,
સુશ્રુત ગીતારથ શોધજ્યો, આભિનિવેશ મછર ટાલજ્યો. ૯૩

—સં. ૧૭૪૭ ફા. વ. ૬ રવા. ટબા સહિતની પ્રત પાનાં ૧૩ જૈનાનંદ પુ. સુરત નં. ૩૩૭૮

(૧૮૫૮) ૧૪ ગુણસ્થાન સ્વાધ્યાય. સં. ૧૭૪૪ ધનતેરસ રવિ

આદિસ— દૂહા.

ચંદ્રકલા જિલ નિર્મલી, ભગવતી જિનમુખવાસ
પ્રણમી **સરસતિ** સામિણી, દેજ્યો વચન વિલાસ. ૧
ગુણઠાણાં ચૌદસતણો, વિવરી કહિસ વિચાર
સાવધાંન થઇ સાંભલો, ભવિઅણનિં ઉપગાર. ૨
બુદ્ધિ થોડી નિં મત ઘણા, થોડાં શાસ્ત્ર અભ્યાસ
સુશ્રુત સુમતિ પંડિત લહી, ગુરૂથી બુદ્ધિ વિલાસ. ૩
પરમ **તેજવિજયો** ગુરૂ, અંતરજામી વાસ
અમલ વિમલ કેવલ સદા, અરિહંત આતમ ભાસ. ૪

જીવશક્તિ પરસું મિલી, પરણુતિ સોઇ વિભાવ
પુદ્ગલ કર્મવિપાકથી, અનેક અનિત્ય સંભાવ. ૫
જીવશક્તિ નિશ્ચલ યદા, આતમમાહિં સભાવ
પરમ સંયોગ વિયોગથી, સિદ્ધ જ્યોતિ સમભાવ. ૬
દ્રવ્યાર્થિક એકજ ગુણી, વવહારિં વિવહાર
જીવશક્તિ પરણુતિપણિં, શુદ્ધાશુદ્ધ વિચાર. ૭

અંતે— રાગ ધન્યાસી

ગુણ તણી વેલડી એમ વધારવી, જીવનિં કાજ ફલ એહ આવિં
સર્વ સંસારની ભૂમિથી ઊપની, અંકુરી કાર્ય મંડલ લગાવેં. ગુ. ૧
મૂલ છક જ્ઞાન શાખા વ્રત સાંભલો, પાનડા બહુલ કષાય જીપિં
આશ્રવી સુભમતી કુસુમભર ગંધમાં, થિત પરિપાક ફલપાક દીપિં. ગુ. ૨
નાણ દંસણ ચરિઅ આરાહણા બીજમાં,
તેહમાં અમર ગુણ સુપ પ્રવાદો
બીજ તે નવનવી ભાંતિ આસ્વાદીઇ,
સ્વાદનાં અમૃતમય સવાદો. ગુ. ૩
સંવત **સતર ચોમાલીસ** અશ્વિનિં, ધનતેરસ દિનેં સૂર્યવારિં
ચઊદ ગુણઠાણુની વેલડી નીપની, કાઉસગ ધ્યાનમિં એ સંભારી. ગુ. ૪
શ્રી **વિજયદાનસૂરી** શિષ્યમાં ચંદ્રમા, શ્રી **તેજવિજય** સુધી વિબુધરાયા
તાસ પદ સેવકો **દાનવિજયા**.ભણો,
હર્ષધરી ઋદ્ધિ બહુ સિધિ પાયા. ગુણ. ૫

—ખંભાયતિ બંદરે લિ૦ સં. ૧૭૬૫ દ્વિ. વૈ. સુદિ ૨ શનૌ ૮-૧૨ તિલકવિજય ભં. મહુવા પોથી નં. ૧૧

(૮૪૯) લલિતાંગ રાસ સં. ૧૭૬૧ માગશર વદ ૧૦ રવિ જંબૂસરમાં (૨-૪૪૫)

આદિ— દૂહા

સકલ કુશલ કમલા સદન, વદન કાંતિ જિનચંદ
ઈંદ્રનીલ સમ રૂચિર તનુ, પ્રણમું **પાસ** જિણંદ ૧

કલ્પલતા કવિ લોકનેં, કરૂણા કોમલ ચિત્ત
સુખદાતા શ્રુતદેવતા, નમીઇ **સરસતિ** નિત્ત ૨
શ્રી **વિજયરાજ સૂરિ** વંદીઈ, મુઝ ગુરૂ મહિમનિધાન,
અધિક સરસ અમૃત થકી, જસ ગુણ-કથા-વિધાન ૩
પુરૂષારથ જગમાં ત્રિવિધ, ધર્મ અર્થ નેં કામ,
પિણ અધિકે તિહાં ધર્મ છે, જેહનું સાર્થક નામ. ૪
ઉપાદાન દધિ ઘૃતતણું, દૂધ યથા કહે સંત,
તથા અર્થ નેં કામનું, હેતુ ધર્મ અત્યંત. ૫
ધર્મઈ સુખ સંપતિ મિલેં, ટલે દુરિત દુખદંદ,
પ્રભુતા પટુતા દેહની, ઉચ્છવ નિત આણંદ ૬
ધર્મ પ્રસંસેં પંડિતા, તે તો શાસ્ત્ર પ્રમાણ,
મૂરખ પિણ મુખ ઇમ કહેં, તરેં ધર્મ નિરવાણ ૭
ધર્મ કર્મે સુખ પામીઈ, તેહમાં કિસ્યું વખાણ,
ધર્મ પક્ષ થાપ્યા થકી, લહીઇ કોડિ કલ્યાણ ૮
ધર્મ પક્ષપાતેં સુખી, થયો **લલિતાંગ** કુમાર
ધર્મ ઉથાપી દુખ લહ્યો, સજ્જન તસ અનુચાર. ૯
સ્વસ્થ ચિત્ત શ્રોતા પખેં, કિમ થાઇ રસ પોષ,
સાકર તેહને સ્યું કરે, જિહ્વા જાસ સદોષ ૧૦

અંતે—

ભાવદેવ સૂરિશ્વર નિર્મિત શ્રી જિન **પાર્શ્વ**ચરિત્ર રે
તેહ તણેં છે પહિલેં સર્ગે, એ સંબંધ પવિત્ર રે. ધ. ૧૨
તેહ વિલોકી રાસ રચ્યો એ, ધર્મ પક્ષનો વારૂ રે
સરસી એહ કથા છેં સહિજેં, રચના તો મતિ સારૂ રે. ધ. ૧૩
જે હોઈ કહિવાંણું ન્યૂનાધિક, મિચ્છા દુક્કડ તાસ રેં
પંડિત તેહ કરેયો સૂધાં, માહરી એ અરદાસ રે. ધ. ૧૪
શ્રી **તપગછ** પાથોનિધિ શશધર, શ્રી **વિજયાનંદ** સૂરિંદ રે,
જેહના ગુણ ગાઇ છેં ગેલિં, નરનારીના વૃંદ રે. ધ. ૧૫

તાસ પદ્ ઉદયાચલ દિનકર, શ્રી **વિજયરાજ** સુરિરાય રે
તાસ પ્રસાદેં એ તસ શિષ્યઈ, રાસ રચ્યો સુખદાયરે. ધ. ૧૬
સત્તરસેં ઇકસઠિં મગશિર, વદ્દિ દશમી રવિવાર રે
શ્રી **વિજયમાંન** સૂરીશ્વર રાજ્યે, રચ્યો એ જયકાર રે. ધ. ૧૭
શ્રી **જંબૂસર** નગર અનોપમ, જિહાં **પદ્મપ્રભ** દેવરે
શ્રાવક બહુ તિહાં સમકિત-વાસિ, કરેં દેવગુરૂ સેવરે. ધ. ૧૮
તે પુરમાંહિં રાસ રચ્યો એ, પર ઉપગાર નિમિત્તેરે
સાંભલતાં શ્રાવક પિણ સમજ્યા, થયા ધર્મદૃઢ ચિત્તે રે ધ. ૧૯
દાનવિજય કહેં એ થઈ પૂરણ, સત્તાવીસમી ઢાલ રે
ભણતાં ગુણતાં સાંભલતાં નેં, હોજ્યો મંગલમાલરે. ધ. ૨૦
જિહાં લગિં મેરૂ મહીધર શશધર, પુહવી રવિ પરકાશ રે
તિહાં લગિં જગ જયવંતો વરતો, ધર્મપક્ષનો રાસરે. ધ. ૨૧

--(૧) ગાથા ૬૮૯ ઢાલ ૨૭ સં. ૧૭૭૩ વર્ષે શ્રા. સુદિ ૫ ગુરૂ લિ. ૨૯-૧૫ ખેડા ભં. ૩ (૨) સં. ૧૭૯૧ કા. શુ. ૩ ભૃગુવાસરે પં. **ભાણવિજય** શિ. પં. **સમૃદ્ધિવિજય** શિ. મુનિ **કેસરવિજય** ગ. ચેલા ખુશાલ વાંચનાર્થે **પાર્શ્વનાથે** પ્રસાદાત્ **સીરોડી** ગ્રામે ૨૪-૧૪ પો. ૬૭ યશોવૃદ્ધિ.

(૧૮૫૮ ક) કલ્યાણક સ્ત. સં. ૧૭૬૨ સુરત ચોમાસું.

આદિ—

નિંજ ગુરૂ પય પ્રણમીનેં કહિસ્યું, કલ્યાણક તિથિ જેહ,
ચ્યવન જનમ વ્રત ગ્યાન મુગતિ ગતિ, પંચકલ્યાણક એહ. ૧

અંતે—

સંવત **સતર બાસિઠા** વરસિં, **સૂરત** રહિ ચોમાસરે
કલ્યાણક તિથિ તવન રચ્યું એ, આણી મન ઉલ્લાસરે
શ્રી **વિજયરાજ** ગુરૂ ચરણ નિવાસી, **દાનવિજય** ઉવઝાયરે.
ઇમ કહે કલ્યાણક તપ કરતાં, ઋદ્ધિ વૃદ્ધિ સુખ થાયરે

—ભ૦ વિજયમાન સૂાર શિ. પં. મહિમાવિજય શિ. રૂપવિજય ગણિ શિ. પં. જીતવિજય લ. સં. ૧૭૯૨ વૈ. વદિ ૩ સનૌ લ૦ બાઇ સેજ બાઇપઠનાર્થં. શાંણગ્રામે અમીઝરા પાર્શ્વનાથાય નમઃ–૩–૧૩ દા. ૮૨ નં. ૧૭૦ હા.

(૧૮૫૯) ચોવીસી

અકલ પુરૂષ આદીસરૂ, જે જંગમ સુરતરૂ સાર, વાલ્હા × ×
દાનવિજય પ્રભુ વીરજી રે સમરૂં ઊગત સૂર,

—લિ. ગ. ધીરવિજયેન ૧૦–૯ પો. ૧૨૭ મો. સુરત.

(૧૮૬૦) મૌનએકાદશી દેવવંદન

આદિ—

સકવ નયર સિણગાર ગજપુર વર નયર
રાય સુદર્શન તાસ નારિં દેવી જિસિ અપછર,
તસ કુખિં અવતાર લીધ, ત્રિહું ભુવન વદીતા
કુમરપણેં એકવીસ સહસ સુખેં વરસ વતીતા
તેતા વરસ મંડલિકપણું, પાલે અખંડિત આંણ,
તે અર જિનવર નામથી, દાન લહેં કલ્યાણ. ૧

અંતે—

શ્રી ન્યાંન કલ્યાંણ ઇણિ પર કરતાં, ભવભય સંકટ ભાજે
તે નમિ જિનવર પ્રણમો પ્રેમેં, દાંન સકલ સુખ કાજેં. ૭

—સંવત ૧૭૮૨ વૈ. વદિ ૧૩ ગુરૌ અહિમ્મદાવાદ નગર મધ્યે લિ. ઝવેરી પાટક ઉપાશ્રયે ૬–૧૫ દા. ૮૨ નં. ૧૨૦ હા.

(આ દાનવિજયે સં. માં કલ્પસૂત્ર ટીકા (દાનદીપિકા) સ્વશિષ્ય દર્શનવિજય માટે માટે રચી તેમજ શબ્દભૂષણ (નં. ૪૫૭ સને ૧૮૮૨–૮૬ ભાં. ઇ) ની રચના કરી.)

૮૮૨ દીપચંદ (૧) (ગુજરાતી લોંકાગચ્છ ધનરાજ-ક્ષેમકર્ણ-વર્ધમાન શિ.

(૧૮૬૧) ગુણકરંડ ગુણાવલી ચોપઇ સં. ૧૭૫૭ દશરા-વિજયાદશમી.

આદિ—

સંપતિ સુખદાયક સરસ, પ્રણમું શ્રી જિણ પાસ
તીર્થંકર તેવીસમો, અવિચલ પૂરણ આસ. ૧
વલે સરસ્વતી વીનવું, વાંણિ અરથ વરદાય
કહિસ્યૂં પુંન્ય ઉપર કથા, સાંભલતાં સુખ થાય. ૨ ××
ગુણવંત નારિ ગુંણાવલી, ઇધિકે પુન્ય અખ્યાત
કિણ વિધ સિધ કારજ કરી, વસુધા હુઈ વિખ્યાત. ૬
ગુણ તિણુરા દાખું ગહિર, વચને સરસ વણાય
બુદ્ધિ કલ બલ છજ એ બહુ, ચતુર સુણો ચિત લાઈ. ૭

અંતે

પુન્ય કીયાંથી દુખ નવિ પામે, ક્રમ હૈ મોખ્ય ધુરંદાજી
અવિચલ મોખ્ય જિહાં આણુંદા, જંપે એમ જિણુંદાજી. ગું ૮
સંવત સત્રે સતાવનૈં વરસૈ, દુસરા હારૈ દીવસૈજી
સરસ સમંધ કહ્યૌ મન સરસૈ, સુંણિયાં ભવિજન હરસૈજી ગું ૯
ગિરૂઓ ગચ્છ ગુજરાતી ગાજૈ, વસુધા પીઠ વિરાજૈજી
ધર સગલી જાંણૈ ધનરાજ, ઇધિકી જસ આવાજજી. ગું ૧૦
તસ પાટે શ્રી પૂજ્ય ચિંતામણ, દીપે જેહો દિનમણજી
આચારજ ઉદેવંત ખેમકર્ણ, દોલત હવૈ તસ દરસણજી ગું ૧૧
સાખા તાંમ તણી તિહાં સુંદર, વડ શાખા જિમ વિસ્તારજી
મોટા ગુણ આગર બહુ મુનિવર, થિરચિત નાંનગ સૈવરજી ગું ૧૨
નિરમલ ગુણ ભરીયા બહુ ન્યાંની, મુનીવર શ્રી વ્રધમાનજી
શિષ તેહના ઋષ દીપ સુગ્યાંની, ધરૈ સદા ગુણ ધ્યાનજી. ગું ૧૩
ગુણ ગિરૂઆ રાજૈ ઇમ ગાવૈ, પગ પગ નવનિધ પાવૈજી
અવિરલ બુધ ત્યાં ઘટમેં આવૈ, થિર સંપતિ જસ થાવૈજી. ગું ૧૪

—(૧) સં. ૧૮૭૭ કા. વ. ૧૧ બરડીયા મધ્યે લિ. ઋ પુનાચંદ સ્વાત્માર્થે. ૧૬-૧૬ શેઠીઆ. (૨) પત્ર ૨૨ બાલોત્તરા.

(૧૮૬૨) પાંચમ ચોપઈ

આદિ—

કરણ સકલ મંગલ કવ્યા, ધરણ સુજસ જગધીર
ગ્યાંન દિવાકર ગુણ ગહર, વાંદુ શ્રી જિન વીર. ૧
કરૂં વલે કરજોડિ કૈ, પ્રવચન-માત પ્રણાંમ
તપ મહિમા પંચમી તણો, કહું ભવિ હિત કાંમ. ૨

અંતે—

ગછ લુંકે ગછનાયક ગાજે, છતા બિરૂદ અંગ છાજે
જીવિ વિમ શ્રી ક્રરમસિંઘ ગુરૂ રાજે તેજ-પુંજ જસ તાજે. ૭
મુનિવર બિરધમાન સુખકારી, સિષ તેહના સુવિચારાજી
કહે દીપ ભવિ જન હિતકારી, વચને જસ વિસ્તારાજી. ૮
પુન્યવંત નરનારી કરે પંચમી એહ કથા સુણસી ઇમજી
જગકીરત વિસાલા લ્હા જિમ તરસી ભવસાગર તિમ. ૯

—લિ. ન્યાયવિસાલેન સોઝત મધ્યે સં. ૧૮૪૬ જે. સુ. ૧૨ પત્ર ૧૦ નં. ૨૬૯૮ અભય.

૪૧૪ક જશવંતસાગર (ત. જશસાગર શિ.) (૨-૪૪૭)

(આ કવિએ સં. ૧૭૪૦ માં ભાવસપ્તતિકા, સં. ૧૭૫૭ માં જૈન સપ્તપદાર્થી (કે જેની સં. ૧૭૫૮ ની પ્રત વિવેકવિજય ભં. માં છે), સં. ૧૭૫૮ માં પ્રમાણવાદાર્થ, વાદાર્થનિરૂપણ (રત્નાવતારિકા પંજિકામાંથી), સં. ૧૭૫૯ માં જૈન તર્કભાષા, સં. ૧૭૬૦ માં ગણેશના ગ્રહલાઘવ પર વાર્તિક, સં. ૧૭૮૨માં યશોરાજી રાજ્યપદ્ધતિ (જન્મપત્રિકા પર) રચેલ છે; તેમના હાથની સં. ૧૭૧૨માં વિચારષટ્ત્રિંશિકાવચૂરિ, સં. ૧૭૨૯માં ભાષાપરિચ્છેદની લખેલી પ્રત મળે છે. વિવેકવિજય ભં. ઉદયપુરમાં આ સર્વે છે.) જુઓ મારો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પારા ૯૬૨.

૪૧૪ખ કાહાનજી (તેજસિંઘ નં. ૩૭૪ શિ.)

તેમની કરેલ નાની કૃતિઓ (૧) અર્જુનમાલી સ્વા. કડી ૧૬ સં. ૧૭૪૮ રાણપુર, (૨) ગજસુકુમાર સ્વા. કડી ૯ સં. ૧૭૫૩ પોસ (૩) શાંતિ સ્ત. કડી ૭ સં. ૧૭૫૬ સુરત ચોમાસું અને (૪) સુદર્શન શેઠ સ્વા. કડી ૧૮ સં. ૧૭૫૬ સુરત ચોમાસું. (૫) નેમનાથ સ્ત. કડી ૬ સં. ૧૭૬૭ ફા. જંબૂસર (૬) મેઘમુનિ સ્વા. કડી ૭ સં. ૧૭૭૦ કાલાવડ—મળે છે.

---

૮૮૩ મોહનવિમલ (ત. માનવિમલ—રામવિમલ—જ્ઞાનવિમલ શિ.)

(૧૮૬૩) વૈરસિંહકુમાર (ભાવના ચંદન) ચોપઈ સં. ૧૭૫૮ કાર્તિક સુદ ૫ શનિ, દેવગઢમાં

આદિ—

પ્રણમું સારદ સામની, હંસાસન કવિમાત,
વીણા પુસ્તક ધારણી, તિહું ભુવને વિખ્યાત. ૧
તુઝનેં માનેં તિહૂં ભુવન, સુર નર નાગકુમાર,
મૂરખને પંડિત કરે, જ્ઞાન તણી દાતાર. ૨

અંત—

રાવત શ્રી પ્રતાપસીરે, તેહના રાજ મઝાર,
કુંઅર પ્રથ્વીસીંધ વચનથી રે, એ સંબંધ રચ્યો સારો રે ૧૭ ભ.
સંવત્ સતરે અઠ્ઠાવને રે, કાતી સુદી શનીવાર
પંચમી તિથ કહી એ ભલીરે, દેવગઢ નગર મઝારો રે. ૧૮ ભ.
ચોરાસી ગચ્છ—સેહરો રે, શ્રી તપ ગચ્છ દિનકાર,
શ્રી વિજયપ્રભ શોભતા રે, ઓશ વંશ જયકારો રે. ૧૯ ભ.
તાસ પ્રગટ દિનમણી સમા રે, શ્રી વિજયરત્ન સૂરીંદ,
તેજ પ્રતાપે દીપતા રે, અભિનવ જાણેં ઇંદારે. ૨૦ ભ.

પંડિત **માનવિમલ** તણા રે, પંડિત **રામ** જગીસ
પ્રાગવાટ સિરસેહરો રે, પંડિત **જ્ઞાન** તસુ સીસો રે. ૨૧ ભ.
તાસ સીસ સુપ્રસિદ્ધ છે રે, પંડિત પદ ગુરૂ દીધ,
મોહનવિમલ આખ્યાત જે રે, એવો થઇ તિણેં કીધો રે. ૨૨ ભ.
.... વીનતી રે, સુણુ જ્યૌ કવિ જે અબાધ
અધિકો ઓછો જે કહ્યૌ રે, તે ખમજ્યૌ અપરાધો રે. ૨૩ ભ.
મુઝ મતિ સારૂ મેં કરી રે, ચોપઇ એહ રસાલ,
વૈરીસિંહ કુમારની રે, ભાવના ચંદન બાલો રે. ૨૪ ભ.

—(૧) સં. ૧૮૬૦ આસો વદ ૧૧ વાર અદિત પં. દેવચંદ લિ૦ મહમાપુર મધ્યે ૩૧-૧૪ નં. ૬૬-૬ ગુ. (૨) સં. ઈંદુ વસુ ચંદ્રગજ (૧૮૧૮) ચૈ. વ. ૫ લિ. કિરપારામ પત્ર ૩૦ પો. નં. ૧૩ જય (૩) સં. ૧૮૭૬ ભા. વ. ૯ પત્ર ૨૬ પો. ૧૧ નં. ૧૦૦૭ અભય૦

---

૪૧૬ નેમવિજય (ત૦ તિલકવિજય શિ.) (૨-૪૪૯)

(૧૮૬૪) ચોવીશી સં. ૧૭૪૬

—પત્ર ૫ નં. ૨૭૯૧ લી.

(૮૫૧)+શીલવતી-શીલરક્ષાપ્રકાશ રાસ સં. ૧૭૫૦ (૨-૪૪૯)

—(૧) સં. ૧૭૬૯ આ. સુદિ ૧૦ પં. કેસર વિજયગણિભિ લિ૦ મુ. લબ્ધીવિજય વાચનાર્થે. વિજાપૂરે શ્રી ગોડી પાર્શ્વ પ્રસાદાત્ ૪૫-૧૬ નં. ૨૩. પાદરા (૨) સં. ૧૮૨૫ જે. વ. ૨ જસવિજય લિ. ગા. ૨૦૬૧ શ્લો. ૩૦૩૫ પત્ર ૭૦ પો. ૮૨ નં. ૨૦૫૭ જિ. ચા. (૩) સં. ૧૮૬૬ શાકે ૧૭૩૨ જ્યે. વ. ૭ શનિ ભ૦ **ભાવરત્નસૂરિ** શિ. પં. **સુમતિરત્ન** પં. **માનરત્ન** શિ. પં. **માણુક્યરત્ન** શિ. પં. **પ્રેમરત્ન** શિ. લબ્ધિરત્ન શિ. રૂપરત્નેન લિ. ખેટકપુરે **ભીડભંજન પાર્શ્વ** પ્રસાદાત્ મુનિ જિનેંદ્રરત્ન વાચનાર્થે ૯૨-૧૩ તિલક.

(૧૮૯૫) સુમિત્ર રાસ-રાજરાજેશ્વર રાસ ચરિત્ર. સં. ૧૭૫૫
માહ શુદ ૮ શનિ.

આદિ—

સકલ મનોરથ પુરવે, ત્રેવિસમો જિનચંદ
ભગતવછલ ભગવંત, પ્રગટ પાસ જિણંદ ૧
આદિનાથજિન આદિકર, શાંતિ સુધારસમેહ
નેમિનાથ નિરંજનો, વર્દ્ધમાન ગુણગેહ. ૨
એ પાંચે જિનવર નમી, આણી અધિક સનેહ
વિઘ્ન-વિડારણ સુખકરણ, પ્રસિદ્ધ જગમાં એહ ૩
બ્રહ્માણિ બ્રહ્માસુતા, શારદ નામ અનેક
સરસ્વતિ ભગવતી ભારતી, જપું નામ સુવિવેક ૪
જે સમર્યાં નિર્મલ હોએ, વારૂ બુદ્ધિ પ્રકાશ
હું માગું માતાભણી, આપે વચન વિલાસ ૫
મોટાના ગુણ ગાયવા, મેં મન ધર્યો ઉમેદ
શારદ માતા આપજે, અનંત બુદ્ધિનો ભેદ. ૬
નામ તે સદ્દગુરૂનું સદા જે સમરે દિનરાત
બુદ્ધિ હોવે તસ નિર્મલી, મહિયલમાંહ વિખ્યાત ૭
જ્ઞાન-દષ્ટિ મુજ દાયકો, શ્રી તિલકવિજય મુનિરાજ
તાસ પદપંકજ નમી, ચરિત્ર પ્રકાસું આજ. ૮
નવ સરસ જે રસ શ્રુત કહ્યા, તે કવિતાના મુખમાંહ્ય
ત્રિણખંડે જે વર્ણવું, શારદ કેરે પસાય. ૯
ખીર ખાંડ ઘૃત ઉપમા, જિમ તિને સ્વાદ લહંત
તિમ ત્રિણ ખંડે કહેતાં થકાં, ત્રિકરણ સુખ વહંત. ૧૦
ત્રિણ ખંડે તે વર્ણતાં, ચરિત્ર સુમિત્રરતન
બાવન ઢાલ સુણતાં સહિ, મનડું હોય તે પ્રસન. ૧૧

અંતે— ઢાલ ૧૭ ધન્યાસી

માયા ગિરૂઆ ગુણ સાધુના, ઉલટ આણી અંગેજી
ચરિત્ર સુણતાં કર્ણ પવિત્ર હોએ, ચારીત્રીયા ગુણ સંગેજી. ૧××

તાસ સીસ કોટિવર પંડિત, **તિલકવિજય** કવિરાયાજી
તાસ ચરણ-રજરેણુ-સેવાકર, **નેમિવિજય** ગુણ ગાયાજી. ૧૨
શ્રી વસુદેવની હિંડે ભાખ્યો, દાનતણો અધિકારજી
પંડિત તુમે વાચિનેં જોજ્યો, સુંદર અર્થ વિચારજી. ૧૩
પ્રથમ અભ્યાસ મેં કીધો, આગમનેં અનુસારેંજી
હું મુરખમતિ કાંઈ ન જાણું, રચિઓ ગુરૂ ઉપગારેજી ૧૪
જે પણ છે ચરિતાદિકમાં, વાત ઘણા ગ્રંથમાંહેજી
તે સંખેપેં મેં કહિઓ વિસ્તારેં, સીવરમણિ ઉમાહેજી ૧૫
સંવત્ **સતર પંચાવના માંહે,** કીધો કવિત સુજગીસજી
જિહાં લગેં શશિધર સૂરજ પ્રતપો, વંચક કોડિ વરીસજી ૧૬
માહા સુદ આઠમ વાર શનિસર, ભરણી નક્ષત્ર સિદ્ધ જોગાજી
ઉદય થયો તદા કાલ તે બુધનો, દૂર ગયા સવિ સે [illegible]જી. ૧૭
ઓછું અધિકું જે મેં ભાખ્યું, મિચ્છામિ દુકડ દિયેજી
પંડિત તુમે શુદ્ધિ કરેજ્યો, શિરનામી કહું એહજી ૧૮
ગામ શ્રી **ભ(ન)ડીયાદજ** માંહે, **વોરા નાથા**- ઉપદેસેંજી
વલિ નિજ આતમનેં ઉપદેશેં, પરમ પ્રબંધ વિશેષેજી ૧૯
ભણે ગણે જે એહિજ રાસો, તે ઘર મંગલ-માલાજી
જન્મ પવિત્ર હોવે શ્રવણે સુણતાં, અતિ ઘણિ લચ્છિ વિસાલાજી. ૨૦

—સં. ૧૮૭૮ માગસીર સુદ ૯ ચંદ્રવારે સીદ્ધી જોગેં પં. જતનકુસલ ગ. શિ. પં. પ્રિતકુસલ ગ. શિ. પં. મોહનકુસલ ગ. લ. સીહોરનગરે ૩૬-૧૯ નં. ૪૪૫ જશ.

(૮૫૩) વચ્છરાજ ચોપાઈ સં. ૧૭૫૮ વેરાવળ (૨-૪૫૧)

—સં. ૧૭૬૨ વૈ. શુ. ૪ સોમે પત્ર ૩૮ પો. ૩૬ મ[illegible]હિમા.

(૮૫૪) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ રાસ. સં. ૧૭૬૮ (૨-[illegible]૪૫૩)

આદિ—

પરમ જ્યોતિ પ્રકાસકર, પરમેસર શ્રી **પાસ**
પરતા પ્રભુતા પૂરવેં, સકલ મનોરથ ખાસ. ૧

ભગવઇ અંગે ભગવતી, કવિજન કેરી માય
ગણધર પ્રણમી જેહનેં, હું પણિ પ્રણમું પાય. ૨
ગુરૂ ગ્રાતા માતા પિતા, ગુરુ બંધવ ગુરુ મિત્ત
તિલકવિજય ગુરુરાજના, ચરણ નમું શુભ ચિત્ત. ૩
દાન શીલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર
પામે પુણ્યવંત પ્રાણીયા, ગિરુઆ ગુણભંડાર. ૪
ધર્મ થકી સુખ સંપદા, ધર્મ થકી ધનવૃદ્ધિ
ધર્મથકી અફલ્યાં ફલે, પામે ગ્રાન ને સિદ્ધિ. ૫
શિવ સંગતિ સંતતિ તદા, સઘલાં વંછિત આય,
ગ્રાની ધ્યાની ધર્મથી, ફલે અતુલ સુખ હોય. ૬
કથા સરસ જિન ધર્મની, ભાષી વીર જિણંદ,
સહુ કોઈ તે સાંભલો, લહિવા મનિ આણંદ. ૭
ધરમબુદ્ધિવર સચિવની, પાપબુદ્ધિ તિમ રાય,
તાસ કથા ગુણ વર્ણના, ભવિ નિસુણો શિવ ભાય ૮

—(૧) સં. ૧૭૭૯ પો. વ. ૯ લ. પટણનયરે પં. શુભવિજયગણિ શિ. પં. સમૃદ્ધિવિજય ભ્રાતૃ ગંગવિજય ભ્રાતૃજ મુનિ લાલવિજય વાચનાર્થં ૨૧–૧૬ પો. ૧૦ નં. ૬ જિનદત્ત. મુંબઈ. (૨) ૧૪–૨૧ ખેડા ભં. ૩.

(૮૫૫) તેજસાર રાજર્ષિ રાસ સં. ૧૭૮૭ (૨–૪૫૪)

આદિ—

પરમ પરમેશ્વર પરમ પ્રભુ, પાસ પરમ સુખકાર,
પરમ લીલાકર પરમ જય, ભયભંજન ભવતાર. ૧
સકલ તીર્થ જિન ગણધરા, સાધુ સયલ જગિ જેહ,
પ્રણમું બે કર જોડિને, ગુણ ગીરૂઆ ગુરૂ તેહ. ૨
મર્મ ભાખ્યો જિનધર્મનો, ભાખી મારગ શુદ્ધ
વંદૂં સીસ નમાવીને, તિલકવિજય ગુરૂ બુદ્ધ. ૩
સરસતીને સુપસાઉલે, રચિઈ કવિત રસાલ,

ભાવેં જે ભવિજન સુણે, પામે મંગલમાલ. ૪
ભાવેં જિનવર પૂજીઈ, ભાવેં દીજેં દાન,
ભાવેં સીયલ તપ આદરી, ભાવે અમર વિમાન. ૫
જિન પૂજાફલ પુણ્યનો, પામે કોઈ ન પાર,
પૂજાથી જે વિરચીયા, તે દોભાગી નરનારિ. ૬
સ્વરગ લોકનાં સુખ જિકેં, લહેં પૂજ્યા જિનરાજ,
જિનપૂજાથી પામીઇ, અવિચલ પદ શિવરાજ. ૭
જિન ભુવનદીપક થકી, ઉત્તમ ભાવ પરવેસ,
લીલા લહેર સંપદ ઘણી, લહે તેજસાર નરેસ. ૮

—(૧) સર્વગાથા ૧૯૫૮ સર્વ ઢાલ ૩૯ સં. ૧૮૮૦ શાકે ૧૭૪૫ શ્રા. વદ ૭ સુર ગુરૂવાસરે પ્રભાત સમયેં શ્રી અણહિલપુર પાટકાખ્યે ચતુર્માસકં સ્થિત. પં. કૃષ્ણવિજયગણી શિ. પં. રંગવિજયગણી શિ૦ લિ. ઋષભવિજય ગણીનાં સી. મું. દયાવિજય ગ. વાંચનાર્થે શ્રી પંચાસર પાસ પ્રસાદેન ૪૨-૧૩ નં. ૧૩૦ જશ. (૨) સર્વ ગાથા ૯૬૫ ઢાલ ૩૯ પં. નયવિજય ગણિ શિ. પં. શુભવિજય શિ. પ્રેમવિજયગણિ શિ. સુબુદ્ધિવિજય આત્માર્થે લિ. સં. ૧૭૯૪ કા. શુ. ૨ શુક્રે ૨૪-૨૦ નં. ૧૬૦ ઈડર ભં.

---

૮૮૪ પ્રેમરાજ

(૧૮૬૬) વૈદર્ભી ચોપઇ લ. સં. ૧૭૫૩ પહેલાં

આદિ—

જિણ ધર્મ માહિ દીપતા, કરી ધરમસ્યું રંગ
રિદઈ સૂરા જાણુઈ બહૂં, ઢાલ ભણું મનરંગ. ૧
રંગ વિણ રસ ન આવસી, કવિતા કરો વિચાર
પઢતાં સવિ સૂખ સંપજઇ, આવઇ સભાનઇ દાઈ. ૨
(પાઠાંતર—રંગવિણ રસ ન આવસી, કવિતા કરો વિચાર
નવરસ આદિ સિંગાર રસ, તે આણું અધિકાર. ૨

પઢતાં સવિ સુખ સંપજઇ, આણંદ અંગિ ન માઇ
કંઠ વિના ગાઇક પ્રતિ, આવઇ સભા ન દાઇ. ૩)

અંતે—

દાન દેઇ ચારિત લીયોજી, હૂવો તસ જયજયકાર
પ્રેમરાજા ગુરૂ ઇમ ભણઇ, મુગત ગયા તતકાલ.
ભણુઇ ગુણુઇ જે સાંભલઇ, વૈદરભી તણો વિવાહ,
ભણુતાં સહૂ સુખ સંપજૈ, પહૂંચઇ મોક્ષ મઝાર.

–(૧) સં. ૧૭૫૩ કા. શુ. ૪ ચંદ્રવાસરે પં. તત્ત્વહંસગણિ શિ. પં. ખિમાહંસ ગણિ લિ૦ વિકાનેરે શ્રાવિકા રૂપાં પઠનાર્થં ૧૦-૧૪ નં. ૪૫૧૭ વિ. ને. (૨–૩) ગ્રં. ૨૫૦ સં. ૧૭૯૪ કા. વ. ૩ પત્ર ૭ નં. ૧૭૭૨, અને પં. સુમતિસૌભાગ્ય શિ. ઋષભસૌભાગ્ય લિ સં. ૧૭૭૧ ફા. શુ. ૧૩ વીકાનેર પત્ર ૬ નં. ૩૨૫૫ અભય. (૪–૫) ૯–૧૩; ૬–૧૫ ગુ. વિ. (૬) ૧૦–૧૩ નં. ૫૫–૯ ગુ. (૭) સં. ૧૭૮૨ ચૈ. વ. ૫ સોમે લ. કોટડી મધ્યે આર્યા સ્યાંમબાઇ સાધ્વી ગાગબાઇ સખરબાઇ રહીબાઇ લ. પઠનાર્થં બાઇ ફુલબાઇ ૯–૧૪ નં. ૨૩૩૫ મુક્તિ. (૮) અનોપસાગર લિ. પં. મેઘવિજય વાંચનાર્થે ૭–૧૪ દા. ૩૬ ડા૦ પાલણપુર (૯) સં. ૧૮૨૭ જે. શુ. ૩ અમરચંદેન લિ. પત્ર ૧૦ પો. ૬૮ ભ૦ (૧૦) સં. ૧૮૩૩ કા. વ. ૧૩ પુનપાલસર મધ્યે પત્ર ૮ પો. ૪૫ દાન. (૧૧) પ્રત ૧૯મી સદીની પ્રેમચંદ શિ. શોભાચંદ લિ. સાધ્વી વીરાં પઠનાર્થં પત્ર ૭ પો. ૮૧ નં. ૨૦૨૫ જિ. ચા. (૧૨) પત્ર ૭ પો. ૫ ચતુ૦ (૧૩) પત્ર ૧૨ પો. ૪૫ નં, ૭૮૭ કૃપા. (૧૪) પત્ર ૯ નં. ૨૯૦ ક્ષમા. (૧૫) સં. ૧૮૬૯ જે. વ. ૮ મંગલ વીકાનેર મધ્યે બાઇ ઉમેદા વાચનાર્થં હરચંદ્રેણ લિ. પત્ર ૧૪ ગ્રં. ૨૫૧ નં. ૧૦૨૨ દાન૦

૮૮૫ જ્ઞાનસાગર (૩) (ખ. જિનરત્નસૂરિ–ક્ષમાલાભ શિ.)

(૧૮૬૭) નલદવદંતી ચરિત્ર ચોપઇ સં. ૧૭૫૮ જે. શુ. ૧૦ બુધ

પ્રણમું પારસનાથના, ચરણ–કમલ સુખકાર
સારદ ને સદગુરૂ વલી, બુદ્ધિ સિદ્ધિ દાતાર. ૧
સતીયાં રે સિરસેહરો, દવદંતી નલ-નાર
તાસુ ચરિત્ર સુણતાં થકાં, સફલ હુવૈ અવતાર. ૨
ચઉપઇ રાસ અનેક છે, તૌ પિણ મુઝ મન રંગ
અતિ સંખેપૈ ગાઇસું, તસુ ગુણ ગંગતરંગ. ૩

અંતે— ઢાલ ઋષભ પ્રભુ પૂજીયૈ એ એહની

ચારિત્ર પાલે ભાવસું એ, દૂષણ સગલા ટાલ
કઠિન તપ જપ કરે એ, જીવદયા પ્રતિપાલ ૧
મહામુનિ વંદીએ એ. × ×
પાંડવનેમ ચરિત થકી એ, ઉધરીયૌ અધિકાર
દમયંતી નલ તણો એ, શ્રી સંઘને જયકાર. મ. ૧૧
શ્રી ખરતર ગછનો ધણીએ, શ્રી જિનરાજ સુરિંદ
પાટેં મહિમા ધણી એ, શ્રી જિનરતન મુનિંદ. મ. ૧૨
તાસુ સીસ પાઠક જયઉ એ, શ્રી ક્ષમાલાભ ગુણ–ખાંનિ
પ્રતપે મહીયલે એ, દિન દિન ચઢતે વાન. મ. ૧૩
તાસુ શિષ્ય વાચક કહે એ, જ્ઞાનસાગર સુપવિત્ત
કરણ નિજ આતમાએ, સતીય તણો સુચરિત્ત. મ. ૧૪
સંવત સતર અઠાવને એ, જેઠ સુદિ બુધવાર
દશમ તિથિ પરગડી એ, કીધો એ અધિકાર. મ. ૧૫
યુગવર શ્રી જિનચંદજી એ, રાજે શ્રી ગછરાજ
સંબંધ નલચરિતનો એ, દીયૈ સુખ સમાજ. મ. ૧૬
સીલ સહી સુરતરૂ જિસો એ, ભાખ્યો શ્રી વીતરાગ
સીલે લીલા વરે એ, સીલ વડો સોભાગ. મ. ૧૭

પુણ્યાઢ્ય પુરૂષ તણી કથા એ, સુણીયે ધરિ ઉમાહ
સદા સંપતિ કરે એ, દિન પ્રતિ હોઇ ઉછાહ.　　મ. ૧૮

—(૧) પં. જ્ઞાનભદ્ર લિ. પત્ર ૫ નં. ૩૦૭૧ અભય. (૨) સં. ૧૭૯૮ જે. શુ. ૯ સોઝત મધ્યે વા. ક્ષમાલાભ શિ. જ્ઞાનસાગર શિ. જયશીલ ભ્રાતૃ યશશીલ શિ. નિત્યભદ્ર લિ. જ્ઞાનભદ્ર ધર્મરંગ સહ પત્ર ૭ પો. ૬૭ જય.

(૧૮૬૮) કયવન્ના ચોપઈ સં. ૧૭૬૪ વિજય દશમી ગુરૂ.

આદિ—　　ૐ નમઃ શ્રીમદિષ્ટદેવાયનમઃ ।

સ્વસ્તિ શ્રી દાયક સદા, પ્રણમું શ્રી વર્દ્ધમાન
આપદ સહુ અલગી ટલૈં, ધરતાં જેહનઉં ધ્યાન.　　૧
સમરી માતા સારદા, માગું નિરમલ બુદ્ધિ,
ચરણ નમું સદગુરૂ તણા, તિણથી હુઇ નવ નિધિ.　　૨
કયવન્નો સુખ ભોગવઈ, તે તો દાંન પસાય,
તાસ ચરિત થુણતાં થકાં, કસમલ દૂરિ પુલાય.　　૩

અંતે—

ઇમ જાણી ફલ દાંનના એ, દીજે દાન ઉદાર,
દીયઈ દુરગતિ ટલઇ એ, પામઈ ઋદ્ધિ વિસ્તાર.　　ઋ. ૯
સંવત સતરઇં ચઉસઠઇં એ, આસૂ સુદિ ગુરૂવાર,
વિજયદશમી દિનૈં એ, એહ રચ્યો અધિકાર.　　ઋ. ૧૦
યુગપ્રધાન જગિ પરગડા એ, શ્રી જિનરાજ યતીસ,
પાટોધર તેહના એ, શ્રી જિનરતન સૂરીસ.　　ઋ. ૧૧
તાસુ શિષ્ય પાઠક ગુણનિધિ સહી એ, પાઠક શ્રી ક્ષમાલાભ,
ઉત્તમ કરણી કરઇ એ, લીયઈ નરભવ-લાભ.　　ઋ. ૧૨
તાસુ સીસ વાચક થુણ્યઉ એ, જ્ઞાનસાગર ગણિ એમ,
કયવન્ના મુનિ ભણ્યો એ, આંણી અધિકો પ્રેમ.　　ઋ. ૧૩
શ્રી ખરતર ગચ્છ રાજીયોએ, શ્રી જિનસુખ સૂરિંદ,
વિજયરાજઈ સદા એ, તેજઇ જાંણિ દિણિંદ.　　ઋ. ૧૪

એહ સંબંધ કૃતપુન્યનો એ, ભવિયનનઇ હિતકાર,
રાસક રળીયામણો એ, સુણતાં જયજયકાર. ઋ. ૧૫
ગુણ ગાવઈ જે સાધુના એ, લછિ વરઈ તસુ આથ,
વિઘન દૂરઇ પુલઇ એ, મનવંછિત સુખ થાય. ઋ. ૧૬
જ્ઞાનસાગર વાચક કહી એ, તેત્રીસમી એ ઢાલ,
ઉત્તમ ગુણ સાંભલી એ, હરખે બાલ-ગોપાલ. ઋ. ૧૭

—લિ૦ **મયારૂચિ તપાગચ્છે સાહિજિહાનાબાદ** નગરે **નવઘરા** મધ્યે લિપીચક્રે ૨૫-૧૩ શેઠીઆ.

---

૮૮૬ કુશલવિનય

(૧૯૬૮ક) નેમિરાજુલ શલોકો સં. ૧૭૫૯ ફા. શુ. ૩

—(૧) સં. ૧૭૭૯ પો. શુ. ૪ રવિ **સાદડી** નયરે. અન્ય કૃતિઓ સહિત પત્ર ૩૭ નાહટા. (૨) પત્ર ૨ પો. ૯ ચતુ.

---

૮૮૭ કીર્તિસુંદર-કાન્હજી (ખ૦ જિનભદ્ર શાખા ધર્મસિંહ (નં. ૩૮૦) શિ.

(૧૮૬૯-૧) અવંતી સુકુમાર ચોઢાલીઉ સં. ૧૭૫૭ મેડતા ચોમાસું.

વંદું શ્રી **મહાવીરના**, પાયકમલ ધરિ પ્રેમ,
જિણરો શાસન જાણીયેં, આગમ ભાખ્યા એમ. ૧ x x
કરણી જિણ મોટી કરી, મુની **અવંતી સુકમાલ**,
સૂત્ર તણે અનુસારસું, સંબંધ કહું રસાલ. ૪ x x
સંવત **સતરે** વરસ **સતાવને**, **મેડતા** નગર મઝાર,
ચૌમાસેં શ્રી **જિણચંદ** સૂરિજી, સહુ ગછમેં સિરદાર. જગમે. ૭
પાઠક શ્રી **ધ્રમસીજી** પરગડા, પંડિત ગુણે પરધાન,
કરી જોડ ત્યારે સિષ **કાંન્હજી**, ધરિવા ધ્રમનો ધ્યાન. જગમેં. ૮

સાધાંરા ગુણ વલિ સમરતાં, સુદ્ધ હુવે સમકિત,
રંગ રલી મંગલીક હુવે ૩ડા, વરે સુગતિ બહુ વિત. જગમે. ૯
—પત્ર ૩ નં. ૨૬૩ અભય.

(૧૮૬૯–૨) માંકડ રાસ સં. ૧૭૫૭ મેડતા.

(૧૮૭૦) અભયકુમારાદિ પંચ સાધુ રાસ સં. ૧૭૫૯ જયતારણમાં.

આદિ— ૭૦ ધર્મ્મવર્દ્ધન ગુરૂભ્યો નમઃ

જગ-ગુરૂ પ્રણમું **વીર** જિન, અધિક ભાવ મન આણિ,
સુપસાયે જિણરે સહૂ, વંછિત ચઢે પ્રમાણ. ૧
ગુણ સાધાંરા ગાવતા, કર્મ-નિર્જરા હોઇ,
સુણતાં સમકિત સુધ હુવે, કહુ કથાનક સોઇ, ૨
સહુ સુબુધી સિરસેહરો, અધિક કીયા ઉપગાર,
કીરતિ **અભયકુમારરી**, સહુ જાણે સંસાર. ૩
તસુ સંબંધ સંખેપસું, અવર ચ્યાર અણગાર,
શિવ સુવ્રત ધન જોનક જુ, એહના કહું અધિકાર. ૪

અંતે— ઢાલ ૧૨ ધન્યાસી.

શ્રી **શ્રેણિક** ને **અભયકુમાર**નો, ચરિત વડો વિસ્તાર.
તિહાં સોધી ચિહું સાધાંની ચોપઇ, કહી વૈરાગ વિચાર. વિધિ. ૬
મનમાન્યાં મેવા પકવાનના, અધિક ભર્યા અંબાર,
સહુ કો રૂચિ સાર જીમી સકે, એ તિણ વિધિ અધિકાર. ૭
સંવત **સતરૈ ગુણસઠે** સમે, **જયતારણ** પુર જાણ,
ચોમાસે શ્રી **જિનચંદ** સૂરિજી, ભટ્ટારક કુલ ભાણ. ૮
ભટ્ટારકીયા ખરતર જસ ભલા, શાખા **જિનભદ્ર** સૂરિ,
સાધુકીરતિ સાધુસુંદર સારિખા, પાઠક વિદ્યાપૂર. ૯
વિમલકીરતિ જગિ વિમ્મલ ચંદ જ્યું, **વિજયહરખ** સુખદાન,
શ્રી **ધર્મ્મવર્દ્ધન** રાજે સદગુરૂ, પાઠક સુગુણ-પ્રધાન. ૧૦

ગુણ સાધાંરા મન સુધ ગાવતાં, સહુ સુખ લહીયેં સાર,
કીરતિસુંદર હવૈ **કાંન્હજી**, સંઘ ઉદય સુખકાર. ૧૧

—(૧) સં. ૧૭૬૯ આ. વ. ૧૪ મુલતાણ મધ્યે હંસહેમ લિ. કુશલસુખ નિમિત્તે પત્ર ૯ પો. ૬૯ જય. (૨) પત્ર ૯ લિ. કુશલ સુખ પો. ૬૯ જય.

(૧૮૭૦ક) કૌતુકપચીસી સં. ૧૭૬૧ અસાડ

(૧૮૭૧) ચોઓલી ચોપઇ સં. ૧૭૬૨ થાણલે નગરમાં.

—(૧) લાભવર્દ્ધનકૃત **લીલાવતી** ચોપઇ સહિત સં. ૧૮૭૯ આ. વ. ૧ સુમતિવિશાલ લિ. પત્ર ૨૬ પો. ૪૨ નં. ૭૩૭ કૃપા. (૨) પત્ર ૮ પો. ૮૦ નં. ૧૯૯૦ જિ. ચા.

(૧૮૭૨) વાગ્વિલાસ કથા સંગ્રહ—

—આ બધી કૃતિઓ રાજસ્થાની ભાષામાં છે.

---

૮૮૮ જગન-જગનાથ (લોંકા ગચ્છ ઋ. સેખા શિ.)

(૧૮૭૩) સુકોશલ ચોપઈ સં. ૧૭૬૧ ભા.

—સં. ૧૭૬૧ ભા. શુ. ૭ કાપ્રેજ મધ્યે પૂજ્ય ઋ. સેખા શિ. **જગન્નાથ** લિ. પત્ર ૯ પો. ૭૯ નં. ૧૯૪૯ જિ. ચા. (સ્વલિખિત)

---

૪૧૭ લક્ષ્મીવિનય (ખ. અભયમાણિક્ય શિ.) (૨-૪૫૬)

(૮૫૬)+ અભયકુમાર રાસ-સુધારો સં. ૧૭૬૦ મરોટ (૨-૪૫૬)

—તેમણે સં. ૧૭૬૭માં ભુવનદીપક પર બાલા૦ રચેલ છે.)

---

૮૮૯ લાવણ્યવિજય (ભાનુવિજય શિ.)

(૧૮૭૪) ચોવીસી સં. ૧૭૬૧ લગભગ.

આદિ— આદિનાથ સ્ત.

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું એ દેશી.

આદિ જિનેસર સાહિબા, જગજન પૂરે આસ, લાલરે.
કરીય કૃપા કરૂણા કરો, મન મંદિર કરો વાસ, લાલરે. આદિ. ૧

વીનતીઈ તૂઠા પ્રભુ, કીધો જ્યોતિપ્રકાસ લાલરે,
પંડિત **ભાનુવિજય** તણો, **લાવણ્ય** મન ઉલ્હાસ લાલરે. ૫

અંતે— મહાવીર સ્ત.

એહવી આવી રે ઇંદ્રાણી પોતઇ એ દેશી.

સંગમ સુર પ્રેરિત સુરસ્યામા, મનમથ સેના આવી,
સન્મુખ પ્રભુ સ્યું છલ વાહે નેં, બોલે નેહ જગાવી.
પ્રીતમ લીજે રે આ યૌવનચો લાહો—આંચલી. ૧ × × ×
દિન દિન પરમાણુંદ બહુ વિલસે, **વીર** જિનેસર રાયા,
કોવિદ **ભાંનુવિજય** પય-સેવી, **લાવણ્ય**કે મન ભાયા. પ્રી. ૮

—ઇતિ મહોપાધ્યાય શ્રી શ્રી ૧૧૯ શ્રી **લાવણ્યવિજય** ગ૦ કૃત ચતુર્વિંશતિ તીર્થંકર સ્તવનં શ્રી મહાવીર જિન ૨૪ સં. ૧૭૬૧ ભા. વદિ ૫ ગુરૌ **સ્તંભતીર્થ** બંદિરે લિ૦ ૯-૧૩ તિલક.

---

૪૧૯ ગંગ-ગાંગજી (લોં. લખમીચંદ શિ.) (૨-૪૫૯)

(૧૮૭૫) જંબૂ સ્વામીની સ્વાધ્યાય. ૪ ઢાલ. સં. ૧૭૬૫ શ્રા. શુ. ૨ રાણપુરમાં.

શ્રી ગુરુપદ પંકજ નમી, સમરિ **સારદ** નાંમ,
જંબૂ કુમર ગુણ ગાવતાં, સીઝે વંછિત કાંમ. ૧
બાલપણેથી જંબૂએ, શિયલ ધર્યો શિરદાર,
સાધુ અને શ્રાવક પ્રતેં, અધિકો શિયલ આચાર. ૨
ચરમ કેવલી જાંણીઇ, સુધર્મ ગણધર શિષ્ય,
તેહ તણા ગુણ જંપીઇ, ભાવ ધરી નિસદિશ. ૩ × ×

ઢાલ ૪

સંવત (સત્તર) **પાંસઠે** માસ શ્રાવણ શુદિ બીજ,
ગુણ ગાયા **રાણપૂર** મીઠા જાંણુ અમીયરે.
શ્રી ગચ્છ **લોંકે** ગાજે શ્રી પૂજ્ય **તેજસિંહજી** પ્રતાપે,
તેહના પટ્ટધારી, કિરત **કાન્હ** જગ-વ્યાપી. ૯

ઉથલો

કિરતકારક વંછિતદાયક વાયક ધ્યાંન મન જે ધરેં,
પાવે શકલ પદારથ પ્રાંણી જે નિશ્ચલ ભવિ આદરેં.
ગુરુ લખમીચંદ ચર્ણ પ્રભાવેં ગંગમૂંની કરજોડ કહે,
જે ભાવે ભણુસેં અથવા સૂણુસેં તે મનવંછિત સુખ લહે. ૧૦

(૧૮૭૫ક)+ ગૌતમ સ્વામી સ્વા૦ કડી ૬ સં. ૧૭૬૮ પ્ર. ભા. વ. ૫ બુધ માંગરોલમાં, સીમંધર વિનતિ કડી ૧૩ સં. ૧૭૭૧ ભા. શુ. ૧૩ કુંતલપુરમાં (પ્ર. લોંકાગચ્છ પ્રતિક્રમણ સૂત્ર)

---

૮૯૦ કર્મસિંહ (પાર્શ્વચંદ ગચ્છ રાજચંદ્રસૂરિ–હીરાનંદ –ઠાકુરસિંહ–ધર્મસિંહ શિ.)

(૧૮૭૬)+અઢાર નાત્રાં ચોપઇ (મોહચરિત્ર ગર્ભિત) સં. ૧૭૬૨ પટણામાં

આદિ— દૂહા

શ્રી ગૌતમ ગણધર નમી, પામી સુગુરૂ પસાઉ
અષ્ટાદશ સગપણ તણી, કથા કહું ધરિ ભાઉ. ૧
ભવિક લોક સહુ સાંભલો, સરસ ચરિત છે એહ
કરમ સંયોગેં જે થયું, કહું યથારથ તેહ. ૨

અંતે— ઢાલ ૯ સમકિતનું મૂલ જાણિયે–દેશી

શ્રી જિનવર જિમ ઉપદિસ્યારે, મોહતણા પરપંચ
ભવિયણ સાચા સદ્દહો રે, નહી કાણમેં ખલખંચ. ૧
પ્રાણી ધર્મ કરો મનરંગ. × ×
નાગોરી વડ તપ ગચ્છા રે, તાસ પરંપરા જાણ
શ્રી પાર્શ્વચંદ્ર સૂરિ ગછપતિ રે, શુદ્ધ ક્રિયા ગુણખાણ રે ૬
પ્રકટ કર્યો જિણે આચરી રે, મુનિનો ધર્મ પ્રધાન
શ્રી સમરચંદ્ર સૂરિ તેહને રે, પાટે અતિહિં સુજાન રે ૭

તાસ પટોધર જાણુજયો રે, રાજચંદ્ર સૂરિંદ્ર
તાસ શિષ્ય ઉવઝાયજી રે, શ્રી હીરાનંદ ચંદરે. ૮
તસુ વિનયી શિષ્ય અતિ ભલારે, ઠાકુરસિંહજી નામ
ધર્મસિંહ શિષ્ય તેહનારે, પંડિત તાસ પ્રણામ રે. ૯
તસુ વિનયી મુનિ કર્મસિંહરે, પટણા નયર મોઝાર
ચરિત્ર રચ્યો એ મોહનો રે, સગપણુ મિસ અવધાર રે. ૧૦
દ્વીપ સસી સંવત સહી રે, વરસ યુગલ રસ જાણિ
પર આપણુ હિત કારણેં રે, એ કહી કથા વખાંણિ રે. પ્રાણી. ૧૧

—સં. ૧૭૬૨ માર્ગશીર્ષ માસે વદિ પક્ષે પંચમી દિને ગુરૂવાસરે સિદ્ધિયોગે મુનિ કર્મસિંહેનાલેખિ. પ્ર. પૃ ૭૯ થી ૯૫ જૈનરાસ સંગ્રહ ભા. ૧ (ભા. અં. પુ. ૩૨ થી ૩૯)

---

૮૯૧ રામવિમલ (ત. સોમવિમલ–કુશલવિમલ શિ)

(૧૮૭૭) સૌભાગ્યવિજય નિર્વાણ રાસ (સાધુ ગુણ રાસ) (ઐ૦)

સં. ૧૭૬૨ અવરંગાબાદમાં.

આદિ— દૂહા

સરસતિ સાંમણિ પાય નમી, પામી સગુરૂ પસાય,
સાધુતણા ગુણ ગાવતાં, પાતિક દૂર પલાય. ૧
સંવેગી સિરસેહરો, સાધુ–શિરોમણિ ધીર,
ગુરૂ ગિરૂઆ સુગુણે ભર્યા, ષિમાવંત વડવીર. ૨

અંતે—

નગર અવરંગાબાદ માંહિં રચ્યોજી,
પંડિત શ્રી સૌભાગ્યવિજય નિરવાણુ હો.
ગાયો મનિ ભાયો ચિહુંવિધિ સંઘનેજી,
થાયો હો દિન દિન કોડિ કલ્યાણુ હો. ૫૯
તારણુ તરણુ ભવોદધિ ભીમનાજી,
મિલિયા હો મુઝનેં એ મુનિરાજ હો.

હું તરિયો ભવદરિયો એ ગુરૂ નામથીજી,
વરિયો મેં નિશ્ચલ અવિ... ૬૦
....................મનોહર શ્રી અંતરીક પ્રભુ પાસ હો,
મન ઉલ્લાસેં હો તે સુપસાયથી,
કીધો કીધો મુનિવરનો ગુણ રાસ હો. ૬૨
તપગચ્છ તેજ તરણી સમ સોભતાજી શ્રી **વિજેરત્ન** પ્રભુ ભૂપાલ હો
વાદી મદભંજન ગંજન કેસરીજી, પટ્ટ પ્રભાકર સુગુરૂ દયાલ હો. ૬૩
તસ પદ–પંકજ ગચ્છમાંહિ સોભતાજી,
પંડિત શ્રી **સોમવિમલ** સુવિસાલ હો.
સેવક **કુશલવિમલ** ગુણ પાગરૂજી,
મુઝ થાયો ગુરૂ ભવિ ભવિ એહ કૃપાલ હો. ૬૪
જે ભવિ ભાવેં ભણેં ગુણેં સુણેંજી,
તસ ઘરિ દિન દિન જયજયકાર હો.
રંગે હો **રામવિમલ** ઇમ વીનવેંજી,
ધ્યાવેં તે પાવેં ભવજલ પાર હો. ૬૫
ધન ધન સોભાગી ગુરૂજી વાંદિયેંજી—

—(૧) પં. શ્રી **સોમવિમલ** ગ. તત્ શિષ્ય **કુશલવિમલ** ગ૦ તત્ શિ. પં. **રામવિમલેન** લિપિકૃતં સંવત ૧૭૬૨ વર્ષે ફાગુણ વદિ ૭ દિને ૬–૧૦ દા. ૨૦ કવિની સ્વલિખિત સીમંધર સ્વામી ભં. સુરત. (૨) પત્ર ૬ બૃહત્ જ્ઞાન ભં. વીકાનેર. આના ટુંકસાર માટે જુઓ નં. ૪૦૬ ના સ.ભાગ્યવિજય પૃ. ૧૩૬૭

---

૯૯૨ પ્રેમવિજય (ધર્મવિજય–શાંતિવિજય શિ.)

(૧૯૭૯) ચોવીસી સં. ૧૭૬૨ માઘ શુદિ ૨ મહિસાણામાં
આદિ— માહાવિદે ક્ષેત્ર સોહામણો એ દેશી
શ્રી **સરસતિ** શુભમતિ વિનવું શ્રી ગુરૂ પ્રણમી પાય લાલરે
મરૂદેવીનંદન ગાવતાં, માહરૂં તનમન નીરમલ થાય લાલરે. ૧

અંતે—

સંવત સતરબાસઠા વરસઇ, માઘ સુદિ બીજ દિન સારી
અહિંસાંણુ ચુમાસ રહીને, જિન-સ્તવના વિસ્તારીરે. ભવિયા. ૬
પંડિત શ્રી ધર્મવિજય વિબુધ વર સેવક, શાંતિવિજય શુભ સીસ,
તસ ચરણ-કમલ પાય પ્રણમતાં, પ્રેમ પાંમી સુજગીસરે. ભવિયા. ૭

—લિ. પ્રેમવિજય શિષ્ય ગણિ વૃદ્ધિવિજય મુની. ૭-૧૩ દા. ૩૯ ડા. પાલણપુર.

---

૨૩૩ વિવેકવિજય (ત. ચતુરવિજય શિ.) (૧-૪૯૨, પૃ. ૯૭૨)

(૪૫૭) રિપુમર્દન રાસ સુધારો સં. ૧૭૬૧ હશે. (૧-૪૯૨ પૃ. ૯૭૨)

(૧૮૭૮ ક) અર્બુદાચલ ચોપઈ સં. ૧૭૬૪ જેઠ વદ ૫ દાંતામાં

આદિ—

સરસ વચન દ્યો સરસ્વતી, ભગવતી ભારતી માય
અર્બુદના ગુણ ગાયવા, મૂઝ મન આણંદ થાય. ૧
જૈન સૈવ પણ ઇમ કહે, અર્બુદ આદ ઉદાર
સોવન સીધ રૂપાતણી, ઇણિ ઠાંમે નરધાર. ૨ x x
ગુજર દેસ જાંણીએરે, દેસ ભલો સાઢસાર
તેહરે દેસમાં રૂયડુ રે, નેર ભલૂ સુખકાર. ૧
સુણો નર દાંતા સેહિર સુસાર x x
એકસો સાઠજ ગામડાંરે, દાંતાના સુખકાર. ૨
રાજ કરે ગુણ રાજીઉરે પ્રથવીસંઘ મહારાજ
તેજે પ્રતાપે દીપતો રે, પૂરે સહુનાં કાજ. x x ૩
સંવત સતર ચોસઠા જેઠ, સુદ સાતમ ભોમવારરે. ગા. ૪
ગાંમોરે ગાંમે વાતજ વાગી, સંઘ જાસે નરધારરે.

અંતે—

જે સુણુસૈ નરનારીઉ એ, તસ ઘરે મંગલ ચ્યાર કે
સંઘ આગ્રહ જોડીઉ એ, હાંતા નેર મઝાર કે. ૧૧
સંવત સતર ચોસઠા તણો એ, અવલજ અનોપમ માસ કે
જેઠ વદની પાંચમે એ, ગાઓ હર્ષ ઉલ્લાસ કે ૧૨
પંડિત પ્રવર શિરોમણીએ, ચતુરવિજય ગુરૂરાય
તાસરે સીસ ઇમ વીનવે એ, હોજ્યો વિવેક સુખદાય. ૧૩

—પત્ર ૬ દા. ૭૬ નં. ૧૧૮ સંઘનો જુનો ભં. પાટણ.

---

૮૯૩ દુર્ગાદાસ (ખ. જિનચંદ્રસૂરિ શાખા વિનયાણંદ શિ.)

(૧૮૭૯–૧) મરોટકી ગઝલ સં. ૧૭૬૫ પો. વ. ૫ (હિંદીમાં)

દૂહા

સંવત સતરે પેસઠે, પોહ વદી પાંચમ
શ્રી ગુરૂ સરસતિ સાંનિધે, ગજલ કરી ગુણ રમ્ય. ૧
ગુણીયણ ગુણગ્રાહક હસી, ખલક હિસી કોઈ ખોટ
દુરસ કહી દુર્ગેસ મુનિ, કિસે કોટ મરોટ. ૨

ગઝલ

કોટ મરોટ હૈ બંકા, વાજે સુજસકા ડંકા
ભુરજ તેતીસ હૈ જાકે, અતિ ગઢ વિષમ હૈવાં કેક × × ૩
આગ્રહ દીપચંદ ઉલ્હાસ, કહિતા યતિ યું દુર્ગાદાસ
સુણકૈ દીજીયો ત્યા વાસ, ગજલ ખૂબ કીની રાસ.

(૧૮૭૯–૨) જંબૂસ્વામી ચોઢાલિયું સં. ૧૭૯૩ શ્રાવણ શુ. ૭ સોમ બાકરોદમાં

આદિ—

પુરસાદાંની પરમ પ્રભુ, પ્રણમું ગોડી પાસ
મહાવીર મહિમાનિલો, ગણધર ગૌતમ જાસ. ૧

શ્રી જિનવાંણી સરસ્વતી, વચન સરસ વિસ્તાર
ગુણનિધ જંબૂ ગાયસું, શાસ્ત્ર શાખ અણુસાર. ૨

અંતે— ઢાલ ૫ મી

જગ જંબૂ ગણધર જયકારી × ×
પરિશિષ્ટ પર્વસું એહ ઉદ્ધારી, સ્તવન કીઓ વિસ્તારજી
સૂરતા શ્રાવક ભણીયા ભારી, શ્રી વાકરોદ મંઝારીજી ૨ જ.
તસુ આગ્રહ સંબંધ તયારી, કીધો એ હિતકારીજી
વીકાનેર તણા વિદધારી, ધરમ કરમ અધિકારીજી. ૩ જ.
સંવત સતરૈ ત્રંચાણવે સારી, સાતમ તિથિ ઉજવારીજી
શ્રાવણ માસ ભલો સુખકારી, શુભ વેલા સોમવારીજી. ૪ જ.
ખરતર અચારિજ ગછ ધારી, યુગપ્રધાન ઉદારીજી
શ્રી જિનચંદ સૂરિ સાખા અમ્હારી, વિનયાણંદ ગુરૂ ગુણકારી. ૫ જ.
દુર્ગદાસ તસુ શિષ્ય સુવિચારી, વાત કહી એ પ્યારી
શિષ્ય પ્રશિષ્ય જગરૂપ થાંનારી, ચૂંપૈ અનુગ્રહ ધારી. ૬ જ.
સુણજ્યૌ ભણજ્યૌ સહુ નરનારી, વિકથા વાણી નિવારીજી
આતમરાંમ સુગ્યાંન સુધારી, આનંદ હોય અપારીજી. ૭ જ.

—(૧) સં. ૧૮૪૦ વૈ. સુદિ ૧૧ વીકાનેર મધ્યે લછીરાંમ મુનિ લિ૦ ૫–૧૩ જશ. (૨) પત્ર ૯ નં ૩૯ ખો. વીકા. (૩) પત્ર ૭ પો. ૬૩ મહિમા.

---

૪૨૨ નેમીદાસ (શ્રાવક) (૨–૪૬૭)

(૮૬૩) અધ્યાત્મસાર માલા સં. ૧૭૬૫ (૨–૪૬૭)

—(૧) સારી પ્રત ૮–૧૩ નં. ૬૨૧ વીજાપુર જ્ઞા. ભં. (આમાં જ્ઞાનવિમલકૃત અધ્યાત્મગર્ભીત સ્તવન પણ છે). (૨) લ. સં. ૧૮૮૦ છેવટે પત્ર ૧૧ દા. ૩૦ નં. ૨૯ ડા. પાલણપુર.

(૮૬૪) ધ્યાનમાલા સં. ૧૭૬૬ (૨–૪૬૮)

—ટબાર્થ સહિત પત્ર ૩૨ દા.૩૧ નં. ૪૭ પાલણપુર ડાયરાનો ભં.

---

૮૯૪ ઉદયચંદ (યતિ)

(૧૮૮૦) વિકાનેર વર્ણનગઝલ (ઐ.) સં. ૧૭૬૫ ચૈત્ર (રાજસ્થાનીમાં)

સારદ મન સમરૂં સદા, પ્રણમું સદગુરૂ પાય
મહીયલમેં મહિમાનિલો, સબ જનકું સુખદાય. ૧
વસુધા માંહે **વીકપુર**, દિનદિન ચઢતૈ દાવ
સર્વ લોક સુખીયા વસે, રાજ કરે હિંદુ રાવ. ૨××
પ્રતપો જાં લગે રવિ ચંદ, કહતા જતી **ઉદયચંદ**
સુનિ કર દેઇજ્યો સાબાસ, ગજલ ખૂબ કીની રાસ.
સંવત **સતરેસેં પૈસઠ** રે માસ ચૈતમેં પૂરી ગજલ કીની
માત **સારદાકે** સુપસાયસું રે મુઝે ખૂબ કરણકી મતિ દીની
વીકાનેર સહર અજબ હે રે ચ્યાર ચકમેં તાકી પ્રસિદ્ધિ લીની
ઉદયચંદ આણંદસું યું કહે રે, ભલે ચાતુર લોક કે ચિત ભીની
ચક ચ્યારે નવ ખંડમેં રે પ્રસિદ્ધ બધાવો **બીકાનેર** તાંઇ
છત્રપતિ **સુજાણ** સાહ જુગ જીવો, જાકે રાજમેં બાજે નોબત યાંઇ
મનરંગસું ખૂબ વણાય કે રે, સુણાયકે લોકમેં સ્યાબાસ પાઇ
કવિચંદ આણંદસું યું કહે રે, ગિગડધૂં ગિગડધૂં ગજલ ખૂબ ગાઇ

—પત્ર ૩ પો. નં. ૩૧૧ અભય. (નાહટાજીએ ઉતારેલી નકલ પરથી)

---

૮૯૫ વરસિંહ (લોંકાગચ્છ તેજસિંહ-કાહ્ન-દામ શિ.)

(૧૮૮૧)+નવતત્ત્વ ચોપઈ સં. ૧૭૬૬ ચોમાસું કાલાવડ

આદિ—

પાસ જિનેસર પ્રણમી પાય, સહગુરૂ **દાંમ** તણો સુપસાય
નવ તત્ત્વનો કહૂ વિચ્યાર, સાંભલયો ચિંત દેઇ નરનાર. ૧
જીવ અજીવ પુન્ય પાપ જોય, આસ્રવ સંવર નિર્જરા હોય
બંધ મોક્ષ નવતત્ત્વ એ સાર, હિવે કહૂં એહનો વિસ્તાર. ૨

અંતે—

બિસે છહોતર બોલજ સાર, આગમથી કીધો વિસ્તાર
નવતત્ત્વની ચોપઈ એહ, ભણે ગુણે સુખ પામે તેહ. ૧૨૯
શ્રી લોંકા ગચ્છ સિણગાર, શ્રીપૂજ્ય શ્રી તેજસિંઘ ગણધાર
તાસ પાટે વિરાજે સાર, કાંહ્ન આચાર્ય જ્યૂં દિનકાર. ૧૩૦
તાસ સાસણ માહિં સોભતા, દાંમ મુનીવર પંડિત હતા
તાસ સિષ્ય ઋષિ વરસિંઘ કહ્યા, એ બોલ સિદ્ધાંત થકી મૈં ગ્રહ્યા. ૧૩૧
સંવત સતર છાસઠૈ ઉલ્લાસ, નગર કાલાવડ રહ્યા ચોમાસ
ગાંધી ગોકલ વીનતી કરી, દાંમ મુની શિક્ષ ચિત મે ધરી

—(૧) લિ. ઋ. ફતેચંદ સં. ૧૮૩૭ ચૈત્ર માસે કૃષ્ણપક્ષે ૪ તિથૌ લિ. સિહોર ગ્રામે ૬–૧૪ ગો.ના. (૨) પ્ર૦લોંકા ગચ્છીય શ્રાવકસ્ય સાર્થ પંચ-પ્રતિક્રમણ સૂત્ર મુંબઈમાં શિલાછાપમાં સં. ૧૯૪૩ માં ભ. કલ્યાણચંદજી જયચંદજીએ છપાવ્યું હતું તેમાં પૃ. ૨૧૯ થી ૨૩૫. આમાં વરસિંઘ ને બદલે સિંઘજી મૂકેલ છે; પણ ખરૂં નામ વરસિંઘ–વરસિંહ લાગે છે.)

૮૯૫ક ભાગવિજય (ત. વિજયપ્રભ સૂરિ–ઉદયવિજય–મણિવિજય શિ.)

(૧૮૮૧૬) નવતત્ત્વ ચોપઇ સં. ૧૭૬૬ પાટણમાં.

આદિ—

પાસ જિનેસર પ્રણમી પાય, સહગુરૂ દાંન (મ) તણો સુપરાય
નવતત્ત્વનો કહૂ વિચ્યાર, સાંભલયો ચિત દેઇ નરનારિ. ૧
જીવ અજીવ પુન્ય પાપ જોય, આસ્રવ સંવર નિર્જરા હોય
બંધ મોક્ષ નવતત્ત્વ એ સાર, હિવે કહૂં એહનો વિસ્તાર. ૨

અંતે—

બસે છોહોતેર બોલજ સાર, આગમથી કહ્યો વિસ્તાર
નવતત્ત્વની ચોપાઇ એહ, ભણે ગણે સુખ પામે તેહ. ૧૬૪

શ્રી તપાગચ્છ શણગાર, શ્રી **વિજયપ્રભ** સુરી ગણધાર
તાસ પાટે વીરાજે સાર, શ્રી **ઉદયવિજય** ઉપાધ્યાય દિનકાર. ૧૬૫
તાસ સાસન માંહી સોભતા, શ્રી **મણીવિજય** પંડીત હતા
તાસ સીસ **ભાગવિજયે** કહ્યા, એ બોલ સિદ્ધાંત થકી સંગ્રહ્યા. ૧૬૬
સંવત **સતર** છાસઠાની સાલ, નગર **પાટણ** રહી ચોમાસ
ભાગવિજયજી યે વીનતી કરી, સંઘ સમક્ષે ચીત ધરી. ૧૬૭

—૭-૧૪ પોથી નં. ૭ વર્ગ ૨ બોટાદ જૈન પાઠશાળા.

(મૂળ ઉપરના વરસિંહ કૃત આ કૃતિ છે અને તેના બદલે ભાગવિજયનું, તેમજ તેના ગુરૂ પ્રગુરૂને બદલે બીજાં નામો મૂકી ફેરફાર કર્યો જણાય છે એ વાત આદિની કડીમાં 'સહગુરૂ દામ' એ શબ્દોથી પકડાય છે, કારણકે વરસિંહ એ દામ મુનિના શિષ્ય છે માટે તેજ આ કૃતિના કર્ત્તા જણાય છે.)

---

૪૨૪ કાંતિવિમલ (ત. કલ્યાણ ને કેશરવિમલ શિ) (૨-૪૬૮)

(૮૬૩) વિક્રમ કનકાવતી રાસ સં. ૧૭૬૭ (૨-૪૬૮)

—ગ્રં. ૧૨૨૧ સં. ૧૮૫૫ શાકે ૧૭૨૦ દ્વીપબિંદરે પૂજ્ય ઋષિ લખમસી શિ० તાર્કિક ભાષાસારઅવિસારદ પૂજ્ય રત્નસિંહ શિ. જૈન માર્ગવિસારદ પૂજ્ય કૃષ્ણજી શિ० દ્વીપબિંદર વાસ્તવ્ય મુમુક્ષુ ચરણરજરેણુ કિંકર લિ० ભવાંન કૃષ્ણજી તત્ પાર્શ્વે રક્ષણીય ઋકાપ કર્મ્મસીહ લિ० ૩૨-૧૮ રાજકોટ મોટા સંઘનો ભં.

---

૪૨૬ ક્રીસન (કૃષ્ણદાસ) (લોંકાગચ્છ સિઘરાજ શિ. (૨-૪૭૨)

(૮૩૯) ઉપદેશ બાવની સુધારોઃ સં. ૧૭૬૭ (૨-૪૭૨)

—(૧) પત્ર ૭ થી ૧૩ ની પ્રતમાં ૭ થી ૯ પત્ર નં. ૫૩૧ મ. જૈ વિ. (૨) સં. ૧૮૧૩ વૈ. વ. ૪ શનૌ **મોહનપુર** મધ્યે **પાર્શ્વદેવ** કૃપાઈ લિ. ૧-૯ દા. ૩ નં. ૧૫૪ ખેડા નં. ૨.

---

૪૨૭ દેવચંદ્ર (૨) (ખ. જિનચંદ્રસૂરિ-પુણ્યપ્રધાન-સુમતિ-સાગર-સાધુરંગ-રાજસાર-જ્ઞાનધર્મ-દીપચંદ શિ.)

(૮૭૧)+દ્રવ્યપ્રકાશ ભાષા સં. ૧૭૬૭ વીકાનેર (૨-૪૮૦) (હીંદીમાં)

-(૧) ૨૮-૧૨ મુંબઇ ગોડી ઉ૦ (૨) લિ. ઋ૦ દયારામ પઠનાર્થં લૂંકા ગચ્છદીપક ભણસાલી હીરાચંદજીકસ્ય વાચનાર્થં વાસ્તવ્ય શ્રી સૂરતિબિંદર મધ્યે સં. ૧૮૨૯ ચૈ. વ. ૯ ગુરૂ પત્ર ૩૩ જયપુર.

(૮૭૧ક)+આગમસાર ગદ્ય સં. ૧૭૭૬ (૨-૪૮૨)

-(૧) ગ્રં. ૧૯૮૨ ભ. દાનરત્નસૂરિ સં. ૧૮૧૪ પ્ર. આશો શુ. ૧૪ ચંદ્રવાસરે લિ. મોહનરત્નેન ધ્રાંગધરા દુર્ગે અજીત પ્રભુ પ્રાસાદાત્ ૪૦-૧૭ સુ. લા ખેડા. (૨) ૩૧-૧૫ દા. ૨ નં. ૩૪ ભાગ્યરત્ન મુનિ ખેડા નં. ૨ (૩) પં. માનવિજય ગ. શિ. પં. શુભવિજય શિ. પં. કનકવિજયેન લિ. સં. ૧૮૧૨ ચૈ. વ. ૪ રાજનગરે ૫૫-૧૭ ખેડા ભં. ૩ (૪) ૧૭-૧૫ કલકત્તા સં. કૅા. કૅટે. વો. ૧૦ નં. ૮૭ પૃ. ૧૮૦ થી ૧૮૫ (૫) નં. ૮૨ સને ૧૮૭૨-૩ ભાં. ઇ.

(૮૭૧ખ) નયચક્રસાર ગદ્ય (૨-૪૭૪)

-સં. ૧૮૩૫ શાકે ૧૭૦૦ કા. શુ. ૨ પં. કાંતિવિજય લ. રાજનગરે નાગોરી સરાયાં માણિભદ્ર પ્રસાદાત્ પત્ર ૯૩ ળુદા. ૧૦ વી.ઉ.

(૮૭૨) +સ્નાત્રપૂજા (૨-૪૮૬)

—સં. ૧૮૮૫ આસો વ. ૧૪ લિ. પં. ઉમેદસાગર (કે જે લેખકની ગુરૂપરંપરા જયરંગકૃત કયવન્ના રાસ નીચે આપેલ છે) ચોપડો જશ.

(૮૭૩)+નવપદ પૂજા-સિદ્ધચક્ર સ્ત૦ (૨-૪૮૭)

—મુ. ઉદયવિજય લિ. ૨-૧૩ દા. ૮૩ નં. ૯૨ હા.

(૮૭૪)+અતીત જિન ચોવીશી (૨-૪૮૭)

—૨૧ સ્ત. પત્ર ૭ પો. ૩૬ મહિમા.

(૮૭૫)+ **અધ્યાત્મ ગીતા** (૨–૪૮૮)

—(૧) સં. ૧૮૭૯ માગસર સુદિ ૧૪ શનિ રાધનપુર મધ્યે લિ. ખુસ્યાલચંદ ૫–૧૩ દા. ૩૯ નં. ૧૨૫ ડા. પાલણપુર (૨) લિ. ન્યાનચંદ્રજી પાલીતાણા મધ્યે પત્ર ૪ જયપુર.

(૮૭૬)+ **વીરજિન નિર્વાણ** (૨–૪૮૮)

—(૧) ૮–૧૩ દા. ૧૩ બં. ૩૫ ઘોઘા ભં. (૨) સં. ૧૮(?)૫ આ. વ. ૪ લિ. ૬–૧૫ દા. ૧૭ વી. ઉ. (૩) લિ. સ્તંભતીર્થે ૧૦–૧૦ જશ.

(૮૭૭)+ **ચોવીશી**

—(૧) ૧૬–૫૦ દા. ૨૦ નં. ૩૭ સીમંધર. (૨) સં. ૧૭૯૮ પો. શુ. ૧૪ શુક્રે રાજનગરે ૧૬–૧૨ ગો. ના. (૩) સં. ૧૮૨૧ માગશિર શુ. ૩ ચંદ્રે લિ. સૂરતિ મધ્યે સા. પ્રેમચંદ સખી પઠનાર્થં ૧૫–૧૩ પો. ૧૩ વડાચૌટા ઉ. (૪) સં. ૧૮૧૪ આસાઢ વદિ ૧૧ સોમે પત્તન મધ્યે ૧૩–૧૩ દા. ૮૩ નં. ૧૫૮ હા. (૫) સં. ૧૯૧૪ વૈ. વ. ૫ આદિત્યવાસરે પાટણ નગરે ચિંતામણી પાર્શ્વ પ્રસાદાત્ કોઠારી દોલા પુત્ર રાઇકુંણ પઠનાર્થં લિ. સાધુ માધવદાસ અજોધ્યાદાસજી (પછી યશોવિજયજી કૃત પદો છે) ૨૨–૧૧ જશ. (૬) પત્ર ૧૧ પો. ૧૫ નં. ૮૦૨ કૃપા. (૭) પત્ર ૭ નં. ૧૦૯૨ જય.

સ્વોપજ્ઞ બાલા૦ સહિત (૧) સં. ૧૭૯૭ આસાઢ વદિ ૨ કામદીવાસરે લિ. (કવિની સ્વહસ્તલિખિત લાગે છે) પત્ર ૧૩૩ દા. ૨૦ નં. ૪૩ સીમંધર. (૨) સં. ૧૮૧૪ આસો શુ. ૫ રવૌ લ. મુનિ ખુશાલ ધ્રાંગધ્રા મધ્યે ત્રુટક પત્ર ૫૧ થી ૬૮ છેલ્લું ૭૭મું પત્ર દા. ૭ પ્રત નં. ૬૯ ખેડા ભં. (૩) સં. ૧૮૨૩ આસો વ. ૪ ભોમે પત્ર ૧૧૨ દા. ૧૭ વી. ઉ. (૪) લિ. કનકચંદ્રેણ સં. ૧૮૬૩ વૈ. શુ. ૨ સાણંદ ગ્રામે અમીઝરા પાર્શ્વ પ્રસાદાત્ પં. ધર્મવિજય પઠનાર્થં પત્ર ૭૯ અનંત. નં. ૨

(૮૭૮)+ **વીશી** (૨–૪૯૧)

—(૧) પત્ર ૧૦ નં. ૧૦૯૩ જય. (૨) પત્ર ૧૪ પો. ૧૭ અભય. (૩) પત્ર ૯ પો. ૬૩ મહિમા. (૪ થી ૬) ૧૫–૯ દા. ૨૦ નં. ૭૦ (કર્ત્તાના જેવા અક્ષરમાં) ૧૪–૯ દા. ૨૦ નં. ૮૫; તથા ૧૬–૧૨ દા. ૨૦ નં. ૮૪ સીમંધર. (૭) સં. ૧૯૧૪ વૈ. વ. ૮ બુધે પાટણ ડોશરી દોલાસુત શાઈકુંણ પઠનાર્થે લિ. સાધુ માધવદાસ ૧૪–૧૧ જશ. (૮) ૧૫–૧૧ અનંત. નં. ૨ (૮) ૧૧–૧૨ દા. ૧૭ વી. ઉ. (૯) ૯–૧૫ દા. ૧૭ વી. ઉ.

પ્રભંજના સઝાય (૨–૪૯૨)

—પત્ર ૩ પો. ૮૩ નં. ૨૧૧૨ જિ. ચા.

+પંચભાવના. (સં. ૧૭૯૧ ચૈ. વ. ૧૧ સોમે રાજદ્રંગે ૬–૧૦ મુનિ સુખસાગર)

(૧૮૮૨)+ સાધુવંદના ૧૩ ઢાલ

અરિહંત સિદ્ધ સાધુ નમો, નમતાં કોડ કલ્યાણ,
સાધુ તણા ગુણ ગાયશું, મનમેં આનંદ આણ. ૧
ગુણ ગાઉં ગુરૂવા તણા, મન મોટે મંડાણ,
ગુરૂઆં સહજે ગુણ કરે, સિઝે વંછિત કામ. ૨ x x

કલશ

ચોવીસ જિણવર પ્રથમ ગણધર ચક્રી હલધર જે હુવા,
સંસાર તારક કેવલી વલી સમણ સમણી સંથુઆ.
સંવેગ શ્રુતધર સાધુ સુખકર આગમવચને જે સુણ્યા,
દીપચંદ્ર ગુરૂ સુપસાયે શ્રી દેવચંદ્રે સંથુણ્યા.

(આ કલશ શ્રીદેવ નં. ૮૭૯ કૃત સાધુવંદનામાં જોવામાં આવે છે. પૃ. ૧૩૪૬.

(૧૮૮૨ક) શત્રુંજય ચૈત્ય પરિપાટી સ્તવન (ઐ૦)

આદિ— ઢાલ સફલ સંસાર અવતાર એ હું ગિણું.

નમવિ અરિહંત પભણુંત ગુણ આગરા,
ખવિય કમ્મટ્ઠગા સિદ્ધ સુહ સાગરા,
તીસ છગ ગુણ જુઆ ધીર સૂરીશ્વરા, વાયગા ઉત્તમા ણાણ વાયણ–ધરા.૧

અંતે— કલશ.

ઇમ સકલ તીર્થનાથ શત્રુંજય સિરવર-મંડણ જિનવરો,
શ્રી નાભિનંદન જગ-આનંદન, વિમલ શિવ સુખ-આગરો.
સુચિ પૂર્ણ ચિદઘન જ્ઞાન દર્શન સિદ્ધ ઉદ્યોત સુભમનેં,
નિજ આતમ સત્તા સુદ્ધ કરવા વીર જિન કેવલ દિને.
શ્રી સુવિહિત ખરતરગચ્છ જિનચંદ્રસૂરિ સાખા ગુણનિલો,
ઉવઝાયવર શ્રી રાજસારહ સીસ પાઠક સિરતિલો,
શ્રી જ્ઞાનધર્મ સુશિષ્ય પાઠક રાજહંસ ગુણે વર્યો,
તસુ ચરણ સેવક દેવચંદ્રે વિનવ્યો જગહિત-કરો.

—નાહટાજીના સંગ્રહમાં-તેમણે ઉતારેલી નકલ પરથી.

ગદ્ય કૃતિ—૨૪ દંડક વિચાર બાલા. સં. ૧૮૦૩ કા. શુ. ૧૧ ભાવનગર

ઇમ જિન વાણી જોઈનેં, જીવ સ્વરૂપ વિચાર,
ભવિક જીવ પ્રતિબોધવા, વાત રૂપ વિસ્તાર. ૧
ધરમ-ધ્યાંન એહ વિધ, કરતાં અરથ સિઝાય,
બોધબીજ નિરમલ ભલી, કરમ-નિર્જરા થાય. ૨
સુવિહિત ખરતર ગછે, વર રાજસાર ઉવઝાય,
ગ્યાંનધર્મ પાઠક પવર, સીસ વરગ સુખદાય. ૩
તાસ સીસ પાઠક નિપુણ, દીપચંદ સુવનીત,
દેવચંદ રચના કરી, બાલાવબોધકી રીત. ૪
સસિ વસુ અવર વહ્નિ મિત, ભાવનગર ચોમાસ,
કાર્તિક સીત એકાદશી, કીધો ગ્રંથ પ્રકાસ. ૫
ભણે ગુણે ધારે ભવિક, તાંકો નિરમલ ગ્યાંન,
દેવચંદ્ર આણા સહિત, સેવો ધરમ નિધાન. ૬

—(૧)૧૩-૧૭ નાહટા. (૨) પત્ર ૧૩ પો. ૧૦ ચતુ.

---

૪૨૮ લાધા શાહ (કડવા ગચ્છે શોભણ શિ.) (૨-૪૯૬)

(૧૮૮૩) ચોવીશી સં. ૧૭૬૦ વિજયાદશમી શુક્રવાર અમદાવાદમાં

અંતે—કલશ. રાગ ધન્યાસી દીઠો દીઠોરે વામાકો નંદન દીઠો-એ દેશી.

ગાયા ગાયારે, મેં ત્રિભુવનપતિ ગુણ ગાયા,
ઉત્તમના ગુણ ભણતાં સુણતાં, પરમાણંદ ચિત પાયારે. મેં. ૧
ઇણીપરેં જિન ચોવીસ મનોહર, ભવિજનનેં સુષદાયા,
ચત્તારિ જિન ધ્યાન ધરંતાં, દિન દિન સુજસ સવાયારે. મેં. ૨
કડુકગચ્છ માંહે અતિ સુંદર, સાહા **કલ્યાણ** કવિરાયા,
તાસ સીસ **થોભણસી** દીપઇ, સીયલવંત સોહાયારે. મેં. ૩
તાસ સિસ **લાધઈ** મનમોદઈ, પુરૂષોતમ ગુણ ગાયા,
જે નરનારી ભણસેં સુણસેં, તસ ભવ-પીડ મટાયારે. મેં. ૪
સંવત **સતર સાઠેં** કવિવારેં, વિજયદસમ મન લાયા,
રાજનગર મધ્યે રહીય ચોમાસું, ચોવીસ ગીત બનાયારે. મેં. ૫
શ્રી **થરાદ** નગરના વાસી, સા **હીરો** મન ભાયા,
સા **કરમણ** આગ્રહથી કીધાં, સરસ સંબંધ રચાયારે. મેં. ૬
અક્ષર ન્યૂન અધિક જે ભાખ્યું, સુદ્ધ કરયો કવિરાયા,
સાહા **લાધો** કહે પૂરણ કીધાં, **સારદ** સુગુરૂ પસાયારે. મેં. ૭

—સં. ૧૭૬૮ શ્રા. શુદિ ૧૩ રવૌ **ખંભાઇતિ** મધ્યે લ. ૮-૧૨ જશ. આમાં ૨, ૬ નં. ૮ એ ત્રણ પત્રજ છે.

(૮૭૯) જંબૂ કુમાર રાસ સં. ૧૭૬૪ (૨-૪૯૭)

—(૧) સં. ૧૮૨૧ કા. વ. ૮ બૃહસ્પતિવારે **વિક્રમપુરે** પૂજ્ય ઋ. ગુલાબચંદ શિ. **નેણચંદ** લિ. પત્ર ૩૨ પો. ૬૭ જય. (૨) પ્રત ૧૯મી સદીની પત્ર ૩૩ પો. ७૯ નં. ૧૯૬૬ જિ. ચા.

(૮૮૦)+ શિવચંદજીનો રાસ (ઐ.) સં. ૧૭૯૫ (૨-૪૯૮)

આદિ— દુહા

સાસન-નાયક સમરીયે, શ્રી **વર્દ્ધમાન** જિનચંદ,
પ્રણમું તેહના પદ-યુગલ, જિમ લહું પરમાણંદ. ૧

શ્રી ગૌતમ પ્રમુખ જે મુનીવરા, શ્રી સોહમ ગણરાય,
જંબૂ પ્રભવ પ્રમુખનેં, પ્રણમું તેહના પાય. ૨
શ્રી વીર પટોધર પરમગુરૂ, યુગપ્રધાન મુનિરાય,
યાવત દુઃપસહ સૂરી લગી, પ્રણમું તેહના પાય. ૩
તાસ પરંપર જાંણીયે, સુવિહિત ગછ સિરદાર,
જિનદત્ત ને જિનકુશલજી, સૂરી હવા સુખકાર. ૪
તસ પદ અનુક્રમે જાંણીયે, જિનવર્દ્ધમાન સુરંદ,
જિનધરમ સૂરિ પટોધર, જિનચંદ સૂરિ મુણિંદ, ૫
સિવચંદસુરિ જાંણીયે, દેશ પ્રસીધ છે નાંમ,
ખરતર ગચ્છ સિરસેહરો, સંવેગી ગુણધાંમ, ૬
તસ ગુણ ગણની વર્ણના, ધુરથી ઉત્પતિ સાર,
નાંમ ઠામ ગુણ કહી દાખવું, તે સુણજો નરનાર. ૭

—(૧) ૫-૧૪ ડા૦ અ. પાલણપુર. (૨) પ્ર. ઐ. જૈન કાવ્ય સંગ્રહ, કે જેમાં આ રાસનો સાર પણ આપ્યો છે. પૃ. ૩૨૧-૩૩૨

---

૮૯૬ ઉદયસિંહ (નાગોરી ગચ્છ સદારંગ શિ.)

(૧૮૮૪) મહાવીર ચોઢાલિઉં સં. ૧૭૬૮ આ. સુ. ૧૦ કિસનગઢ

—પો. ૪૮ નં. ૧૦૭૩ જય૦

---

૮૯૭ હીરાનંદ (પલ્લિવાલ ચંદ્રગચ્છ અજિતદેવ સૂરિ શિ.)

(૧૮૮૫) ચોબોલી ચોપઈ લ. સં. ૧૭૭૦ પહેલાં.

—સં. ૧૭૭૦ કા. શુ. ૭ ગુરૂ બીલાડા મધ્યે પં. લાખણસી લિ. પત્ર ૧૦ પો. ૪૨ નં. ૭૪૪ કૃપા.

---

૧૫ હીરસેવક (હરસેવક?) (૧-૧૭)

(૨૨)+ મયણરેહા રાસ-સઝાય સં. ૧૭૭૪ કુકડીમાં (૧-૧૭)

—રચ્યા સાલ સં. ૧૭૭૪ ભાષા દષ્ટિએ યોગ્ય લાગે છે. સં. ૧૪૬૩ એ અસત્ય લાગે છે. ભાષા રાજસ્થાની છે. કર્ત્તાનું નામ હીરસેવક લાગે છે.–પત્ર ૧૧ સં. ૧૯૦૭ ભા. શુ. ૮ સોમ મુનિસુંદર લિ. પો. ૧૦ ચતુ૦

---

૮૯૮ રાજસુંદર (ખ. હીરકીર્ત્તિ–રાજહર્ષ–રાજલાભ શિ.)

(૧૮૮૬) **ચોવીસી** સં. ૧૭૭૨ માગસર શુ. લ. સં. ૧૭૭૩

આદિ— ઢાલ ઝૂંબખડાની ઋષભદેવ ગીત

સરસ વચન દ્યો **સરસતિ**, ગાયસું શ્રી જિનરાજ, સનેહી સાહિબા
આદે **આદિ** જિનેસરૂ, તારણ તરણ જિહાજ, સનેહી. × ×
સખીય સહેલી સવિ મિલી, પૂજે પ્રથમ જિણંદ સ.
રાજલીલા અવિચલ, સદા, ગાવૌ ગુણ ભાગચંદ. સ. ૫

અંતે— ૨૫ ઢાલ સુણિ બહિની પ્રીઉ પરદેશી એ દેશી

ભાવ ભગતિ ઇણિ પરિ ગુણ ગાયા, મનવંછિત ફલ પાયાજી × ×
શ્રી **ખરતર જિનસુખ** સૂરિંદા, પ્રતપો જિમ રવિ ચંદાજી
વાચક **હીરકીર્ત્તિ** ગુણવૃંદા. **રાજહર્ષ** સુખકંદાજી. ભા. ૩
તાસુ સીસ વાચક પદ–ધારી, **રાજલાભ** હિતકારીજી
તાસુ ચરણ–કમલ અનુચારી, **રાજસુંદર** સુવિચારીજી. ભા. ૪
ગુરૂમુખિ ઢાલ સુણી જે ગાવે, તે પરમારથ પાવેજી.
ભણતાં ગુણતાં વધતે ભાવૈ, આરત દૂરે જાવેજી. ભાવ. ૫

—સં. ૧૭૭૩ ચૈ. સુ. ૨ અહમદાવાદ મધ્યે વા. રાજલાભ ગણિ શિ. પં. ક્ષમાધીર મુનિના લિ. પત્ર ૬ પો. ૬૩ મહિમા.

---

૮૯૯ મહિમાસેન (ખ. શિવનિધાન શિ.)

(૧૮૮૭) **વચ્છરાજ હંસરાજ ચોપઈ** સં. ૧૭૭૫ કોટડા

—પત્ર ૨૦ રામલાલ સંગ્રહ વીકાનેર.

---

૪૨૯ દેવવિજય (૩) (દીપવિજય શિ.)(૨-૫૦૦)

(૧૮૮૮) શંખેશ્વર શલોકો સં. ૧૭૮૪ મહા શુદ ૫ શુક્ર.

આદિ—

દેવી સરસતિ પ્રણમું વરદાઇ, બ્રહ્માનિ બેટી કવિતા નિમાઈ
અજઝારિ આદે કુમારી ભાલ, દેજ્યો વાણી કાસ્મીર વાલી. ૧
પાસ સંખેસર શલોકો કહીઇ, પાપ નિવારી નીરમલ થઇઇ
ચંદ્ર પ્રભુ જિન આઠમા વારે, પ્રતિમા ભરાવી તેહનો વિચાર. ૨

અંતે—

સંવત (સતર) ચોરાસી વરસેં, મહા શુદિ પાંચમ શુક્ર ઉછાહે
દીપ ગુરૂ ચરણ પ્રસંગે, કીધો સલોકો મનને ઉમંગે
ભગવંતાના ગુણ ભાવે જે ગાય, દેવવિજય મંગલીક થાઇ.

—૫-૯ દા. ૩૯ ડા. પાલણ.

---

૪૩૦ ભાવરત્ન (૨)-ભાવપ્રભસૂરિ (પૌ.) (૨-૫૦૩)

(૧૮૮૯) વીસી સં. ૧૭૮૦ માધવ કૃષ્ણપક્ષ ૭ સોમ.

આદિ કાય થકે સવારે એ દેશી

શ્રી સીમંધર સાહિબારે અતિશય ઋદ્ધિ ભંડાર
તીરથંકર પદ ભોગવઇરે વિહરમાન હિતકાર. ૧
આજ દિવસ ધન માહરો રે સાંભર્યો શ્રી જિનરાજ ટેક xx
દૂરથી પણિ મોટા તણીરે સુજન રિજઉ છે રે સાર
તિણિં સેવક લહૈ સાહિબીરે, શ્રી ભાવપ્રભ સુખકાર આજ. ૫

અંતે ઢાલ ઝુંબખડાની

વિહરમાન પ્રભુ વીસ એ, ગાયા શ્રી જિનરાય, મનોરથ મુઝ ફલ્યા
જિનવર ચ્યાર જંબૂ દીપઈ, આઠ ધાતકીઈ કહાઈ, મનોરથ૦ ૧
સંવત્ સત્તર સય આસીઇ, માધવ માસ મહંત મ૦
કૃષ્ણ પક્ષ સપ્તમ સોમઈ એ, મઇ સ્તવ્યા અરિહંત મ૦ ૬

પ્રધાન સાખા પુનિમ ગચ્છ, ઢંઢેર નામઈ તે સાર મ૦
શ્રી વિનયપ્રભ સૂરીસરા, જિનસાસન અણુગાર મ૦ ૭
તસ પાટઈ ગુરૂ દીપતા, શ્રી મહિમાપ્રભ સૂરિ મ૦
જે થયા જંગમ સરસતી, તેજપ્રતાપ પડૂર મ૦ ૮
તે સુગુરૂ સુપ્રસાદથી, વાધ્યો વયણ વિલાસ મ૦
શ્રી ભાવપ્રભસૂરિ કહઇ, જિન ગુણ લીલ વિલાસ મ૦ ૯

—ઇતિ શ્રી સીમંધર જિનપ્રમુખ વીસ જિનવર ગીતાનિ. લિખિ પુણ્યરત્નેન । તેજરત્ન પઠનાય, સં. ૧૭૮૪ માં.

(૧૯૯૦) મહિમાપ્રભ સૂરિ નિર્વાણ કલ્યાણકરાસ સં. ૧૭૮૨ પોશ શુદિ ૧૦

આદિ—

श्रीमत्पार्श्वजिनेश-जन्मदिवसे सौख्यास्य दे संभवं
सूरेः श्री महिमाप्रभाख्य सुगुरो निर्वाणकल्याणकं ।
वक्ष्ये हं गुरुभक्ति तत्परमताः श्रद्धालवः श्रूयतां
पूज्यानां गुणकीर्तनश्रवणतः स्यात् पापनाशो यतः ॥

દૂહા

શ્રી સુખદાયક જગગુરૂ, પાર્શ્વનાથ પ્રસિદ્ધ
વંછિત-પૂરણ સુરતરૂ, નમતાં હુઇ નવનિધિ. ૧
સરસતિના સુપસાયથી, ગાઇસિ હું ગચ્છરાજ
શ્રી મહિમાપ્રભ સૂરિનું, સુંણુઉ નિર્વાણ સમાજ. ૨

(ગૂર્જર દેશમાં ધાણધાર દેશના પાલણપુર પાસેના ગોલા ગામમાં પોરવાડ વંશના શાહ વેલાને ભાર્યા અમરાદેવીથી બે પુત્ર ને એક પુત્રી થયા પછી સં. ૧૭૧૧ આશ્વિન વદિ ૯ મઘા નક્ષત્રમાં એક પુત્ર થયો તે પુત્ર નામે મેઘરાજ ૪ વર્ષનો થતાં માતા દેવંગત થઇ, મોટા પુત્ર જુદા થયા, પુત્રી સાસરે ગઈ અને તેથી આ મા વગરના પુત્રને રાખવાની વેલાસાહને ભારે ચિંતા થઈ તેથી તે ટાળવા નાના પુત્રને લઇ યાત્રાએ નીકળ્યો. પાટણનાં ચૈત્યો જુહાર્યાં ને

ઢંઢેરવાડે આવીને મહાવીર સ્વામીને વાંદ્યા. અપાસરે આવતાં લલિતપ્રભ સૂરિની પાટે વિનયપ્રભસૂરિ હતા. ત્યાં તેમનો ઉપદેશ સાંભળી પોતાના પુત્રને વ્હોરાવ્યો. સં. ૧૭૧૭. તેને ગુરૂએ અભ્યાસ કરાવી સં. ૧૭૧૯ માં દીક્ષા દીધી નામ મેઘરત્ન રાખ્યું. હૈમ પાણિની મહાભાષ્ય આદિ વ્યાકરણ ભણ્યા પછી ભટ્ટાચાર્ય પાસે બુરહાનપુરમાં ચિંતામણિ શિરોમણી આદિ ન્યાય ગ્રંથો, જ્યોતિષના સિદ્ધાંત શિરોમણી યંત્રરાજ આદિ ગ્રંથ, ગણિતવિદ્યા, જૈન ન્યાય વગેરે સર્વનો અભ્યાસ કર્યો. સં. ૧૭૩૧ ફાગણ માસમાં તેને વિનયપ્રભ સૂરિની પાટે સ્થાપ્યા ને નામ મહિમાપ્રભસૂરિ રાખ્યું. આનો ઉત્સવ સાહા શ્રી લાધા સૂરજીએ કર્યો. પછી અનેક પ્રતિષ્ઠા ઉત્સવાદિ કર્યાં. સાહા વચ્છાના પુત્રો ચંદ્રભાણ વિજયસિંઘ સહિત દોસી ઉત્તમ આદએ પ્રતિષ્ઠા તેમને હાથે કરાવી. ઉત્સવ સુંદર સુત કપૂરે કર્યો.

અનેક પ્રકારના ગ્રંથ જે, બહુવિધિ જોઈ ભંડાર,
અભિનવ તેહ લિખાવીયા, ઇમિ કર્યઉ જ્ઞાન આધાર.

અનેક તીર્થોની યાત્રા કરી, અનેક શ્રાવકો કર્યા. લીલાધર આદિ ત્રણ ભાઇઓએ પટણાથી દ્રવ્ય મોકલ્યું તે પુણ્યક્ષેત્રે વપરાયું, સાહ વચ્છા કુલે હરખમદેના ઉદરે થયેલી બાઈ જતન, રંગબાઇ, વાલિમબાઈ, પ્રેમબાઈ વગેરે શ્રાવિકાઓ હતી. સાહ કસ્તૂરે પાંચમ ઉજવી. લાલચંદની ભક્તિ હતી. પજુસણમાં દોસી તેજસી આગળ રહી ઉદ્યમ કરાવતો. ભગવતી સૂત્રમાં ગૌતમ એ નામ જેટલી વખત આવે તેટલાં દામ ગલાલ કુંવરજી પ્રમુખે મૂકયા. સં. ૧૭૭૨ માગશર શુદમાં પ્રવેશ થતાં સૂરિને અસમાધિ થઈ એટલે સર્વને ઉપદેશ આપ્યો ભલામણ કરી, વૃદ્ધશિષ્ય લાલજી પાસે હતો. માગશર વદ નવમીએ રાત્રે દેવંગત થયા.

ઢાલ નિંદરડી વઇરણ હોઈ રહી

દોસી શિવજી કુલતિલઉ, દોસી તેજસી હો પ્રતપઇ જગભાણકિ
ધન ધન શ્રી સંઘ જગિ જયઉ—ટેક
સંઘ સમુખ્ય શિરોમણી જેહની આઢી હો માનઇ દીવાંણ કિ ધ૦ ૧

શ્રી **શ્રીમાલ** વિમલ વંશઈ દોસી **જયતસી** હો કેરો શુભપુત્ર કિ
માતા **રામ** કુખઇ લહઉ, જન્મ સુંદર હો રાખઇ ઘરસૂત્ર કિ ધ० ૨
પરઉપગારી દાનેશ્વરી, ગુણવંતો હો ગંભીર સદાય કિ,
પુનિમ ગચ્છ દીપાવક, રૂપ અનુપમ હો દીઠાં આવઇ દાય, કિ ધ०૩
દોસી **કસ્તૂર હેમો** વલી, દોસી તલકના હો એ દોઈ સુજાત કિ,
વચ્છા સુત સાથ સોહામણા, **કસ્તૂરચંદ** હો **મયાચંદ** ભ્રાત
કિ, ધ०૪
દોસી સાથ વિનયી ઘણું, દોસી **અમીચંદ** હો ચંદ નિરમલ બુદ્ધિ કિ,
પનાઉત સાથ સોભાનિલઉ સહૂ, શ્રાવક હો ગચ્છરાગ વિશુદ્ધ કિ, ધ०૫
ગુડિદાસ ગલાલ કુંયરજી, સામલ સોની હો **સોની**-પરિવાર,
સંઘ સઘલો ભેલો કરી, દોસી **તેજસી** હો કરઇ ઉચ્છવ સાર કિ, ધ०૬
નાણકેં અંગ પૂજા કરી, વિલેપી હો ચઅ ચંદન અંગ કિ, ધ०
મનોહર વસ્ત્ર વેશે ધર્યાં, પધરાવ્યા હો વિમાનમાં રંગિ કિ, ધ०૭××
પ્રાત સમય દશમી દિનઈ, સહુ શ્રાવકે હો વિહરાવ્યું વિમાન કિ ધ.
આગલિ દોસી **તેજસી**, હાકમ નર હો આંણ્યા અસમાન કિ, ધ०૯

શબને અગ્નિદાહ દીધો ને ત્યાં સ્થૂભ બંધાવ્યો, તેનું વર્ણન કરે છે કેઃ—

હિવઇ વિસ્તાર તે થૂભનો, સાંભલજ્યો હો સુગણાં ધરી પ્રીત કિ ધ.
શ્રી **પત્તન** પુરવરભલું, દરવાજૈ હો છંડીયા દિશિં જાંણુ કિ, ધ. ૧૪
પીતાંબરસર પંથમેં, જાતાં જમણું હો હાથઈ ઉચ્ચ ઠાંણુ કિ, ધ. ૧૫
શકના પટિલ પાસિં થકી, દોસી **તેજસી** હો લીધ ઠામનૈં એહ કિ,ધ.
રાજી કરી લીધું લખી, બંધાવ્યા હો પાગ સહૂનેં સનેહ કિ, ધ. ૧૬
દોસી **તેજસીઇ** ઘણો, આદર કરી સંઘથી દ્રવ્ય લીધ કિ, ધ.
પાઇઓ આરોપ્યો શુભ દિનેં, જગિ અખંડિત હો નિરમલ જસ
લીધ કિ, ધ.૧૭
થૂભ કરી તિહાં સુંદરૂ, જલ મીઠું પો કૂપ વાડી સાર કિ, ધ.
છાયા વૃક્ષ સોહાંમણાં, ફૂલ તરૂવર હો મહિકૈ અપાર કિ, ધ.૧૮

શ્રી **મહિમાપ્રભ** સૂરિની, પ્રતિષ્ઠી હો પાદુકા માંહિં કિ, ધ.
જે જન સેવૈ ભાવસ્યું, પૂરૈ તેહના હો મનના ઉચ્છાહ કિ ધ.૧૯×
મગશિર વદિ દશમી દિનેં, વરસગાંઠે હો ઉજ્જમઇ ગુરૂ નેહ કિ, ધ.
થૂભેં ગાજતે વાજતે, કરૈ પૂજા હો પ્રભાવના જેહ કિ ધ.૨૨××
શ્રી **મહિમાપ્રભ** સૂરિના, ગુણ ગાતાં હો થયો હરષ અપાર કિ, ધ.
સુણતાં સહૂનઇ સુષકરૂ, મનવંછિત હો લહઇ જયજયકાર કિ, ધ. ૨૯
સંવત **સત્તર બિહુત્તરિ** પોસ ઉજ્જલ હો દશમીનઈ દિન કિ, ધ.
નિર્વાણ ગાઉ ઇણિ પરિ, ઢાલ નવમી હો **ભાવરત્ન** સુમન કિ, ધ.૩૦
ગુરૂસુપ્રસાદ થકી હુઈ શ્રી સંઘનઇ હો મનવંછિત સિદ્ધિ કિ, ધ.
ઘરિ ઘરિ રંગ વધામણાં, સુખ વિલસઈ હો લહઇ બહુલી ઋદ્ધિ
કિ, ધ.૩૧

અંતે— કલસ

શ્રી **મહિમાપ્રભ** સૂરિ સદગુરા તેહની સ્તવના કરી
ધન ધન શ્રાવક શ્રાવિકા જે સાંભલિ આદર ધરી
તસુ ગેહ સંપતિ સાર સોહઇ સુખ સોભાગ સદા લહઈ
તેજ પ્રતાપ અખંડ કીરતિ પામઇ **ભાવરતન** કહઇ. ૧

—સં. ૧૭૮૪ માઘ વ. ૩ જીવવારે **અણહિલ્લ** પુરપત્તને **પૂર્ણિમા** પક્ષે ઢંઢેર સંજ્ઞકે ઢંઢેર પાટકાલંકાર નિર્દોષ પૌષધશાલાયાં કૃત ચાતુર્માસક ભ. **ભાવપ્રભ** સૂરીશ–ચરણ–સરોજ–રોલંબાયમાન શિશુ **પ્ર**યાગજીકેનેદં પુસ્તકં લિ. પિતૃવ્ય ગુરૂશ્રી **તેજ**રત્ન નામ ધેયાનાં તેજસ્વિનાં વાચનકૃતે ॥ ચોપડો જશ૰

(૧૯૯૧) ચોવીસી સં. ૧૭૮૩ ફાગણ શુદ ૩ સોમ

આદિ— પંથીડા સંદેશો પૂજ્યજીનેં વીનવેરે એ દેશી

આદિ જિનેસર દાસની વિનતી રે, મુજ ચિત્ત આંગણીએ તું પધારિરે
ચરણ-કમલની આશો ચાકરીરે, જીવન કરિ સફલો અવતાર રે આદિ ૧

અંતે— સુણિ બહિની પ્રિયુડો પરદેશી

આજ દિવસ ધન ધન એહ મહારો, **ઋ**ષભ પ્રમુખ જિન ગાયારે
વર્ત્તમાન ચોવીસ તીર્થંકર, ત્રિભુવનના જે રાયારે ૧ આ. ટેક

ચિંતામણિ સમ સયલ જિણેસર, સેવતાં સુખ લહૈ પ્રાણીરે
જિનસ્તવના કરી ઉલ્લટ આંણી, સફલ થઇ મુઝ વાણી રે. ૨ આ.
સંવચ્છર **રત્ન પ્રવચનમાતા, ભેદ સંયમના** ધારો રે
ફાગુણ સુદિ તિથિ ત્રીજ અનપમ, વાર નક્ષત્ર પતિ સારોરે ૩ આ.
પુનિમ ગચ્છ ગુરૂરાજ વિરાજઇ, શ્રી **મહિમાપ્રભ** સૂરીંદા રે
જગમઇ તેહની કીરતિ મોટી, અહનિશિ ગાય રાજેંદારે ૪ આ.
તસુ પાટઈ **ભાવપ્રભ** સૂરીસર, મન હરપઇ ઇમ ભાખઇરે,
જિન ગુણ સાંભલઇ **ભાવ** ઇમ પભણઇ તે અક્ષય સુખ સાખઈ
૫ આ.

—સં. ૧૭૮૪ પોસ સુદિ ૧૦ સોમ લિ. પુણ્યરત્નેન પં. તેજસી પઠનાર્થં ચોપડો જશ.

(૮૮૪) બુદ્ધિવિમલા સતી રાસ. સં. ૧૭૯૯ (૨–૫૦૭)

—સં. ૧૮૨૯ ચૈ. વ. ૭ ભોમે લ. **માનચંદ્ર**, પઠનાર્થં **અભજી** કાનજી ૬૦–૧૧ પો. ૭ તિલક૦

(૮૮૫) અંબડ રાસ સુધારો:–સં. ૧૭૭૫ જે. વ. ૨ રવિ પાટણ (૨–૫૦૯)

આદિ— દૂહા

શ્રી મહિમા જગ વિસ્તરે, નિત જપતાં જસ નામ
તે જિન **પાસ**ને પ્રણમીએ, લહીએ વંછિત કામ ૧
શેપ સકલ જિનવર નમું સિદ્ધ ભગવાન
અનંત-ચતુષ્ટયી અનુભવે, પરમ જ્યોતિ પ્રધાન ૨
સવિ ગણધર મુનિવર નમું, નમું સૂરીસર ઇષ્ટ
જે જિન આણા અણુસરે, ગુણીઇ તેહ ગરિષ્ટ ૩
શ્રી ગુરૂ-ચરણ-યુગલ નમું, ઉપગારી તે આદ
જ્ઞાન ટંકોત્કીર્ણ કરો, સુઘટો ટાલી પ્યાદ. ૪
પ્રણમું **સારદ** પાયલા, ટલે સયલ અંતરાય
વચન સરસ અમૃતલતા, જિણેં 'શક્તિ' કહેવાય ૫

સમકિત દઢ કરવા ભણી, માંડયો એ અનુવાદ
અંબડચરિતને સાભલો, લહસો સરસ સવાદ ૬
સુલસા ઉદ્દેશી જિને, વીરે સભા મઝાર
કરી પરીક્ષા અંબડે, કરી પ્રપંચ અપાર ૭

સમકિતથી ચૂકી નહી, સુલસા તેહ લગાર
સમકિત માંહે દઢ થયો, તદા અંબડ સુવિચાર ૮
પૂતલડી બત્રીસની, જિમ થઇ ઉત્પત્તિ જેહ
તેહ સંબંધ પ્રસંગથી, સરસ કથા છે એહ ૯
ધર્મ-મંદિરમાં પેસવા, સમકિતસું દરબાર
ભવિયણ! ભરમે ભૂલિ મા, સાંભલ એ અધિકાર. ૧૦

અંત— ઢાલ રાગ ધન્યાસી

એ અધિકાર સુણો સવિ ભાઇ, દીપે આતમ-ઠકુરાઇરે
સસનેહી! સમકિતસું લય લાઇએ-આંચલી
અંબડનો સંબંધ મેં ભાખ્યો, સુલસા ધર્મ સગાઇ હે. સસનેહી! ૧
સાંભલતાં સમકિત ઉપરાજે, મોહ સેનાને ભાજે હે સ.
પહિલું જો સમકિત પાકું છે, તો દઢ થાઇ વિરાજે હે. સ. ૨
તેહથી મુગતિ તણાં સુખ પામે, તેણેં મેં રાસ એ કીધો હે
સુલભબોધિ જંતુને જાણો, એ ઉપગાર પ્રસિધો હે. ૩
સજન જગમાંહે ગુણગ્રાહી, દુર્જન ગુણના દ્વેષી હે
માહરે કાર્ય સજ્જન સેંતી, દુર્જન મુકું ઉવેખી હે. ૪
જ્ઞાની નય ઉપનયને જાણે, ગ્રંથ અરથ રસ પીએ હે
મૂર્ખ ગ્રંથનો ભાવ ન જાણે, ઉપર દૂષણ દીએ હે. ૫
ઘણા વરસ ગ્રંથ સજ્જન જ્ઞાની, વિઘ્ન રહિત સુખપાયો હે
સુરગિરિ સમ અવિચલ પદ પાઇ, મનવંછિત ઋદ્ધિ આયો હે. ૬
શ્રી પૂનિમ ગછ સોભાકારી, શ્રી વિનયપ્રભ સૂરીંદા હે
તસુ પટ ઉદયાચલ જાંણો, તેજ તપંત દિણંદા હે. ૭
સકલ સિદ્ધાંતના પારંગામી, સકલ નયના દરિયા હે

વૈયાકરણેં હેમ સરીખા, આચારના ગુણ ભરિયા. હે. ૮
કાવ્ય છંદ અને અલંકારે, પૂર્ણ લક્ષણ વેત્તા હે
સાહિ સભામાંહે ઉપદેસે, નિબીડ મિથ્યાતના ભેત્તા હે. ૯
જ્યોતિષ યંત્રરાજાદિક આદે, શિરોમણી પર્યંતા હે
કુસાગ્ર બુદ્ધિતણા જે ધારી, વિદ્યા વિનોદ વિહરંતા હે. ૧૦
જ્ઞાનના કોસ વધાર્યા જેણે, વિસ્તર્યો જસ જગમાંહે હે
શ્રી પૂજ્યશ્રી **મહિમાપ્રભ**સુરિ, થયા એહવા ઉછાહે હે. ૧૧
તસ પાટે તસ પયકજ-સેવી, શ્રી **ભાવપ્રભ** સૂરીસા હે
ગુરૂ કૃપાએ જ્ઞાન અભ્યાસેં, જન કહે જાસ જગીસા હે. ૧૨
વડગુરૂ ભ્રાતા તેહના કહીએ, **લખમીરતન** ઇણેં નામે હે,
તેણેં શ્રીપૂજને વીનતી કીધી, રાસ રચ્યો એ પ્રકામે હે. ૧૩
ભવિયણને ઉપગારને હેતેં, **અંબડરાય** વિસેસી હે
શ્રી **ભાવપ્રભ** સૂરિએ કીધો, વચન વિલાસ સુદેસી હે. ૧૪
પાટણ માંહે **ઢંઢેરવાડે**, શ્રી **મહાવીર** વિરાજે હે
સામંલો કલિકુંડ **પાસ** જિણંદા, કીરત ત્રિભુવન ગાજે હે. ૧૫
શ્રી જિન તાસુ પસાય થકી એ, રાસ પૂરણ સુખખાણી હે
સરસ સંબંધ સમકિતનો ભાખી, પવિત્ર થઇ મુઝ વાણી હે. ૧૬
કુપદરાય તણી જે પુત્રી, **તસ પતિ** તિમ **ગુરંગા** હે
ભેદ સંયમના ભેલા કીધા, **સંવત** જાણો એ ચંગા હે. ૧૭
માસ જેષ્ટ અને કૃષ્ણપક્ષે, બીજતિથેં રવિવારે હે
સુખ સમાધિપણે એ પૂરો, રાસ થયો એક તારે હે. ૧૮
પભણે વાંચે જે ભવિ પ્રાણી, સાંભલે શ્રોતા જેહો હે
અવિચલ પદ કીરતિ કમલાનું, મનવંછિત લહે તેહો હે. ૧૯

—(૧) સં. ૧૮૦૩ માગશિર વ. ૧૧ ગુરૂ **પાટણ** મધ્યે લિ. ગણિ **નેમવિજય** વાચનાર્થે પ૨-૧૭ દા. ૭૮ નં. ૪ હા. (૨) સં. ૧૮૧૮ શાકે ૧૮૬૩ આશ્વિન કૃષ્ણે પંચમી રવૌ લિ. પં. **ભક્તિવિજય** ગ. પં. કાંતિસત્કેન **પ્રલ્હાદનપુરે**. ૪૭-૧૮ દા. ૪૫ નં. ૩ સંઘ ભં.

પાલણપુર. (૩) સં. ૧૮૧૮ શાકે ૧૬૮૩ કાર્તિક શુ. ૭ ભૃગુવારે પ્રલ્હાદનપુરે ઋ. લાલજી. પૂજ્ય ઋષિ ચાંપસીંહજી શિ. પૂજ્ય ઋ. ગોવર્દ્ધનજી શિષ્ય પૂજ્ય ઋ. રાયચંદજી શિષ્ય પૂજ્ય ઋ. નાથાજી શિ. ઋ. માલજી લિ. ઋ. લાલજી ૪૩-૧૮ સારી પ્રત છે રાજકોટ મોટા સંઘનો ભંડાર.

(૧૮૯૨) પ્રકીર્ણ કૃતિઓ—ગુરૂમહિમા ચોપઇ ૯ કડી, સુશિષ્ય લક્ષણાધિકાર ચોપઈ ૭ કડી, શિષ્ય લક્ષણ ચો. ૭ કડી, કુશિષ્ય લક્ષણ પરિહરણ ચો. ૧૩ કડી, ધન્નાજી સ. ૫ કડી, સ્થૂલભદ્ર મુનિ સ. ૧૬ કડી, રાજીમતિ રહનેમિ સ. ૧૬ કડી સંવાદરૂપે, જંબૂસ્વામી સ. ૭ કડી સંવાદરૂપે, આ સર્વે લિ. પ્રેમરત્ન (કવિનો શિ.) સં. ૧૭૮૨ નો ચોપડો જશ.) આદિ જિન સવૈયા. ૧૫, પ્રકીર્ણ સવૈયા બાહુબલી, ભરતનૃપ, અષ્ટાપદ તીરથ-એમ ત્રણના ત્રણ, ૨૪ જિન સવૈયા તેઇસા ૨૪, શાલિભદ્ર ધના ઋષિ સ. ૨૭ કડી, સ્થૂલિભદ્ર સ. ૧૫ કડી, ૫૦ પડિલેહણ મુહપત્તિકા સ્વા. ૯ કડી (લિ. પુણ્યરત્નેન તેજરત્ન પઠનાય) મેઘકુમાર સ. ૧૧ કડી (૨-૧૦ દા. ૮૩ નં. ૧૩૨ હા.), અષાડભૂતિ સ. ઢાલ ૫ (સં. ૧૭૮૪ નો એક ચોપડો જશ.) પરચુરણ સઝાયોની પ્રત લખ્યા પં. દેવરત્નજી ગામ બેડવા મધે બેડા ભં. ૩ ઉકત સ્થૂલભદ્ર સ. ૧૫ કડી (સં. ૧૭૯૫ શાકે ૧૬૬૦ પો. વ. ૫ ગુરૂ પં. સુમતિરત્ન શિ. માણકયરત્નેન લિ. આદીઆણા ગ્રામે ૯ પત્રની નં. ૬૫ ની પ્રતને અંતે દા. ૩૯ ડા. પાલણ.

(ભાવપ્રભસૂરિના સંસ્કૃતાદિ ગ્રંથો માટે જુઓ મારો જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. તેમના હસ્તાક્ષરની મૂળનામ ભાવરત્નના નામે લખેલી પ્રત નં. ૧૮૩૫ પ્ર. કા. વડો. ભં. માં છે અને સં. ૧૭૬૯ માં પોતે દેવધર્મ-પરીક્ષાની પ્રત લખેલી તે આ. કા. પાલીતાણા ભં. માં છે.)

---

૪૩૧ વેણીરામ (૨–૫૧૧)

(૮૮૬) જિનરસ સુધારો:—સં. ૧૭૯૯. (૨–૫૧૨)

પ્રસ્તાવઃ—મેં જૈન ગૂર્જર કવિઓના બીજા ભાગમાં પરિશિષ્ટ ૨ માં પૃ. ૬૬૧ થી ૭૭૯ સુધીમાં જે ગુરૂપટ્ટાવલીઓ આપી છે તે મુખ્ય વિદ્યમાન જીવંત ગચ્છો નામે (૧) ખરતર (૨) તપા (૩) અંચલ તેની શાખા વગેરે સહિતની ગુરૂપટ્ટાવલીઓ છે. તે પ્રકટ થયા પછી એક પુસ્તકાકારે સં. ૧૯૩૩ માં શ્રી પટ્ટાવલી-સમુચ્ચય પ્રથમ ભાગ મુનિશ્રી દર્શનવિજયથી સંપાદિત થઇ વીરમગામ શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાલા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. હવે અત્ર (૪) શ્રી લોંકાશાહથી સ્થાપિત સંપ્રદાય-ગચ્છ કે જે હાલ વિદ્યમાન છે અને જેની અનેક શાખા પ્રશાખા થઇ છે તેની, અને એક કાલે વિદ્યમાન અને હાલ પ્રાયઃ અસ્ત પામેલા કેટલાક ગચ્છોની પટ્ટાવલીઓ ઐતિહાસિક સાધન તરીકે આપવામાં આવે છે. લોંકાગચ્છની પટ્ટાવલી માટે લીધેલા આધારઃ ૧ સ્વ. શ્રી વાડીલાલ મોતીલાલ શાહ લિખિત 'શ્રી સાધુમાર્ગી જૈન ધર્માનુયાયીઓએ જાણવાજોગ 'ઐતિહાસિક નોંધ' સને ૧૯૦૯, ૨ જીવણલાલ કાલીદાસ વોરા પ્રકાશિત 'જૈનધર્મ દર્પણ' (પટ્ટાવલી સાથે) સં. ૧૯૪૨, ૩ સ્થા૦ મુનિશ્રી મણિલાલજી લિખિત 'શ્રી જૈનધર્મનો પ્રાચીન સંક્ષિપ્ત ઇતિહાસ અને પ્રભુવીર પટ્ટાવલી' સં. ૧૯૪૧-એ પ્રકાશિત પુસ્તકોનો, અને ૪ અપ્રકાશિત એવી ખ૦ મુનિશ્રી કાંતિસાગરે પૂરી પાડેલ સ્થા. મુનિ તેજસિંહે રચેલી અને તેના શિષ્ય કાનજીએ પૂરી કરેલી ગુરૂગુણમાલા-૧૧ ભાસ નામની સં. ૧૭૫૧ ની પદ્યકૃતિ, તથા એક લોંકાગચ્છની હસ્તલિખિત પટ્ટાવલી, મેં ઉતારી લીધેલી ઋષિ ભવાંનકૃત ૧૮ કડીની (રૂપ ઋષિથી તે મેઘરાજ સુધીની) 'ચઉદ પાટની ભાસ' પદ્યકૃતિ તથા બીજી કેટલીક નાની ગુરૂભાસો વગેરે છે. આથી જણાશે કે તેને બને તેટલી સાચી અને વિશ્વસનીય કરવામાં કાળજી રાખવામાં આવી છે.

સાથે સાથે 'લોંકા શાહ ક્યારે થયા?' એ મારો લેખ જૈનયુગ પુ. ૫ પૃ. ૩૨૯ માં જોઇ જવા વિનંતિ છે.

(૪) લોંકાશાહના લોંકાગચ્છ—સ્થાનકવાસી (સાધુમાર્ગી) સંપ્રદાયની પટ્ટાવલી.

લોંકાશાહપોરવાડ વણિક સમય સં. ૧૫૦૮, 'લહીયા સં. ૧૫૨૬ વર્ષે કાલુપુર મધ્યે માં. લકા* અને શાહ લખમસી થકી

---

* આ સંપ્રદાયમાં નં. ૧૬મા તેજસિંહે રચેલી અને ૧૭ મા કાનજીએ પૂરી કરેલી ગુરૂગુણમાલા ભાસ ૧૧ ઢાલમાં છે તેની હસ્તપ્રત મુનિ કાંતિસાગરે મને પૂરી પાડી તેમાંથી પ્રથમની બે ઢાલ અત્ર મૂકી છે:—

લકે જિનવચનની લબધ તેં પાઈ
પોરવાડ પ્રસિદ્ધ **પાટણમેં** **લકા** નામે **લુકા** કહાઈ—લકે. ૧
સંવત **પનર અઠયાવીસે**, **વડગચ્છ** સૂત્ર સિદ્ધાંત લિખાઈ
લિખી પરતિ દોઈ એક આપ રાખી, એક દીએ ગુરૂને લે જાઇ. લીં ૨
દોય વરસ સૂત્ર અર્થ સર્વ સમજી, ધર્મ્મ વિધ સંઘને બતાઈ
લકે મૂલ મિથ્યાત ઉથાપી, દેવ ગુરૂ ધર્મ સમઝાઇ. લકે. ૩
ત્રીસે **વીર** રાસી ભસ્મગ્રહ ઉતરતાં, જિમ **વીર** કહ્યો તિમ થાઈ
ઉદે ઉદે પુજ્યા જિનશાસન નીતિ, દયાધર્મ દીપાઈ. લકે. ૪
ઇગત્રીસે **ભાણજી**એ સંજમ લેઇ, **લુંકા**ગચ્છ 'આદિજતિ' થાઈ
લુંકાગચ્છની ઉતપતિ ઇણવિધ, કહે **તેજસંઘ** સમઝાઈ. લકે. ૫

લુંકાગચ્છ આદિ થયા અધિકારી
ભાણા ભીદા નૂન ભીમ જગમાલ, સાથ **સરવા**સું વિચારી **લુંકા** ૧
ભગવંત ભાખ્યો તિણે સરવ રાખ્યો, દયાધરમ ચિત ધારી
કેશી ગોતમની પર મિલિને, વિચાર્યો સુધ આચારી. લુંકા. ૨
વિનયાદિક વિવેકેં સવ વિધસું, કરે જિનવચન વિચારી
દેશદેશન શ્રાવક સમઝાવ્યા, થયા સવે ઉગ્રવિહારી. લુંકા ૩
સંવત **પનર પેસઠે લુંકાથી**, **જજે** કીધી વિધ ન્યારી
વિજામતી તિણેં નામ કહાયો, જાણો સો જાણ વિચારી. લુંકા ૪
સાધ સાધવી સહસ દોય સંખ્યા, શ્રાવક બહુ ધનધારી
અઠત્રીસ વર્ષ ઇણ પરિ વિચર્યા, પછે **રૂપ** ઋષિ થયા ગણધારી—લુંકા. ૫

દયાધર્મ પ્રકટ થયઉ.'—એક લોંકાગચ્છની પટ્ટાવલી. ધર્મસાગરજીની તપાગચ્છ પટ્ટાવલી જણાવે છે કે લુંકા નામના લહીઆથી જિનપ્રતિમાનું ઉત્થાપન કરનાર લુંકામત પ્રવર્ત્યો, તેઓ સં. ૧૫૩૩ માં થયા તેમાં પ્રથમ ઋષિ ભાણા, (જી' એ માનવાચક પ્રત્યય દરેકને લગાડાય છે.)

૧ **ભાણાજી**—શિરોહીના ગામ અરહટવાડા (હાલનું અટવાવાડા) પોરવાડ, સ્વયમેવ દીક્ષા સં. ૧૫૩૧ અમદાવાદમાં. તે લુંકા ગચ્છના આદિ સાધુ. સ્વ. સં. ૧૫૩૭.

૨ **ભીદાજી**—શિરોહીના ઓસવાલ સાથરીઆ ગોત્ર, સં. તોલાના ભાઈ. દીક્ષા સં. ૧૫૪૦ અમદાવાદમાં ૪૫ જણ સાથે ઋષિ ભાણા પાસે.

૩ **નુનાજી**—શિરોહીના ઓસવાલ, દીક્ષા સં. ૧૫૪૬ (પાઠાંતર ૧૫૪૫)

૪ **ભીમાજી**—મારવાડના પાલીના ઓસવાલ લોઢા ગોત્ર, દીક્ષા સં, ૧૫૫૦

૫ **જગમાલજી**—ઉત્તરાધવાસી—ઉત્તરાધમાં સવર—નવરંગ—નાનપુરાના ઓસવાલ સુરાંણા ગોત્ર, દીક્ષા સં. ૧૫૫૦ ઝાંઝર ગામે.

૬ **સરવાજી**—દિલ્હીના શ્રીમાલ ('વીસા ઓસવાલ?') સીધડા ગોત્ર, દીક્ષા સં. ૧૫૫૪. તેના વખતમાં સં. ૧૫૬૫ માં લુંકાગચ્છથી જૂદા પડી **વીજાએ** અન્ય પક્ષ સ્થાપ્યો—તે **વીજામતી (વિજયગચ્છ)** કહેવાણો.

૭ **રૂપજી**—અણહિલપુર પાટણના વેદ ગોત્રી ઓસવાલ, પિતા દેવો માતા મરઘાબાઇ, જન્મ સં. ૧૫૪૩, દીક્ષા સ્વયમેવ સં. ૧૫૬૮ માહ શુદ ૧૫, તેણે 'પાટણગચ્છ' સ્થાપ્યો. (**ગુજરાતી લોંકાગચ્છ** કહેવાયો) સં. ૧૫૭૮ માં જીવજી સંજમપદ દઇ સ્વપાટે સ્થાપ્યા. ૭ વર્ષ ગુરૂશિષ્ય સાથે વિચર્યા. સ્વ. સં. ૧૫૮૫ પાટણ. ગૃહ ૨૫, સંજમ ૧૭ વર્ષ.

સં. ૧૫૮૦ માં નાગોરમાં **હીરા** આચાર્યે ચૌદશને પાખી માની **લુંકા નાગોરી** ગચ્છ કાઢ્યો. વળી તેના સમયમાં '**લાહોરી** ઉત્તરાધ

લોંકાગચ્છ'+ પ્રકટયો. જ્યારે સાધુ સરવાના પરિવારે 'લુંકા ગચ્છ'નું બિરૂદ કાયમ રાખ્યું.

૮ **જીવજી**—સુરતના ઓસવાલ દેસલહરા ગોત્રી પિતા તેજલ તેજપાલ માતા કપૂરાંબાઈ, જન્મ સં. ૧૫૫૦, દીક્ષા અને પટધર પદ સં. ૧૫૭૮ મહા શુદ ૫ ગુરૂવારે સુરતમાં રૂપજીએ આપ્યાં. (સં. ૧૫૯૭માં જિનમતિગચ્છ ઘણો દીપાવ્યો) સં. ૧૬૧૨ વૈ. શુ. ૭ દિને વરસિંહને પટ્ટધર કર્યા. સ્વ. સં. ૧૬૧૩ જેઠ શુદ ૬ સોમે અણુશણુ લીધું. ગૃહ ૨૮, સંજમ ૩૫ વર્ષ પાળી ૫ દિન ચોવીહાર અણુશણુ કરી ૬૩ વર્ષનું આયુષ્ય ભોગવી સ્વ. એમનાથી **'ગુજરાતી લોંકાગચ્છ'** ઓળખાયો ને તેની આઠ પાટ સુધી અમદાવાદમાં ગાદી રહી. (સ્થાપના ગાદી સૂરતની, ગુજરાતી લોંકા કહેવાયા. તેના શિષ્ય રૂપિશ્રી **હાનો** પ્રત્યનીક થઈ હેમવિમલસૂરિને ઉપાદીને **ઋષિમતિ** ગચ્છ સં. ૧૫૮૨ માં કાઢયો. ને તપા એવું નામ તપસ્યા કરતાં રાણા ઉદેપુરનાએ તપાબિરૂદ આપ્યું. મહાત્મા પોસાલ વીઝોવાની વરકાણા પાર્શ્વનાથ પાસે ગોઢવાડ દેશે.–એક પટ્ટાવલી.) આ જીવજી–જીવરાજના શિષ્ય નારાયણે સં. ૧૬૧૪ (૧૬૮૪?) માં રચ્યો. (પૃ. ૧૦૦૦).

૯ વડા **વરસિંહજી**—સોરઠના દેવકાપાટણના ઓસવાલ નાહટા ગોત્રના પિતા સુમીયા (સમયો), માતા કસ્તુરાંબાઈ, જન્મ સં. ૧૫૬૪, દીક્ષા સં. ૧૫૮૭ ચૈત્ર વદિ ૫, પદધર સં. ૧૬૧૨ વૈ. શુ. ૬, જીવજી સાથે સવાવર્ષ વિહાર, સ્વ. સં. ૧૬૪૪ કા. શુ. ૩ ખંભાતમાં.

+ ઉત્તરાધ ગચ્છના સરવર શિષ્ય અર્જુન શિષ્ય દુર્ગદાસે સં. ૧૬૩૫ માં ખંધક ચો. રચી. પૃ. ૭૪૦. ડા. કુમારસ્વામી પાસેના 'સમવસરણ' ના ચિત્રમાં 'સંવત ૧૬૮૦ વર્ષે ભાદ્રવ શુદિ ૨ શ્રીમદુત્તરાધ ગચ્છે આચાર્ય કૃષ્ણચંદ વિદ્યમાને લિ. ઋષિ તારાચંદ શુભે ભૂયાત્ ચકલાણમસ્તુ' એમ છે. નાહર. ૧ નં. ૩૯૭.

સં. ૧૬૧૩ જ્યેષ્ઠ વદિ ૧૦ દિને વડોદરાના ભાવસારોએ શ્રીપૂજ્યની પદવી આપી. ત્યારથી '**ગુજરાતી લોંકાગચ્છ મોટી પક્ષ**' એ નામ તેમના પક્ષનું પડયું.

સં. ૧૬૧૬ માં અવિધિ કરી 'સિસુધન' એ નામ ધારીને સિસુનો મત નીકળ્યો ને તે અને બીજા અગ્યાર મળી બારે વરસિંગજી વિરૂદ્ધ પ્રરૂપણા કરી—તેનાં નામ લકો, સીવો, પાસો, વિજો, સરવો, કડુઓ, ધરમો, બ્રહ્મો, કોથલીઓ, સાકરીઓ, ટાકરીઓ, અને સિસુ. આ બાર 'શિશુમતિ' માં સીવાએ ચૌદશ, પાશાએ બે પડિકમણાં, વજાએ હીરપુલને આકાર માન્યો. સરવાએ દેશથી, કડુઆએ ગૃહવેષથી, ધર્માએ નામાર્થથી ધર્મ માન્યો, કોથલીએ કોથલીમાં પોજો કરવામાં, બ્રહ્માએ નમસ્કારમાં, સાકરીએ વ્રતમાં, ટોકરીએ સમકીતમાં, સિસુએ સૂત્ર વ્યવહારમાં માન્યતા પ્રરૂપી.

આમ મતમાં છિદ્રો પડયાં. કુંવરજીએ અલગ પક્ષ કાઢયો.

બીજા–નાના વરસિંઘજીને સં. ૧૬૨૭ નાં ગચ્છભાર આપી ગુરૂશિષ્ય ૧૭ વર્ષ સાથે વિચરી ખંભાત આવ્યા ને ત્યાં ગુરૂએ કાળ કર્યો. આના શિષ્ય મૂળ ભાવસાર અને પછી મુનિ થયેલ ભીમજીએ શ્રેણિક રાસ ખંડ ૨ સં. ૧૬૩૨ માં અને ખંડ ૩ સં. ૧૬૩૬ માં રચ્યા પૃ. ૭૦૫.

૧૦ **લઘુ વરસિંઘજી**—સાદડીના ઓસવાલ વોરા સાહિલાયા ગોત્ર પિતા ઝાંઝણ, માતા સુંદરબાઇ, જન્મ સં. ૧૫૮૯, દીક્ષા લાલજી પાસે સોળમે વર્ષે સં. ૧૬૦૬ (સીરોહીમાં), પદધર–ગણિ પદ સં. ૧૬૨૭ અહમદપુરમાં વડા વરસિંહે આપ્યું. પોતે ૬૦ વર્ષની ઉમર થતાં પદ પર જશવંતજીને દીક્ષા દઇ સ્થાપ્યા સં. ૧૬૪૯. ૧૨ વર્ષથી અધિક ગુરૂશિષ્ય સાથે વિચર્યાં. સં. ૧૬૬૨ માહ શુદ ૧૫ ને દિને અણુશણ કરી ગૃહવાસ ૧૬, સંયમ ૫૬ માં ૩૫ વર્ષ પદ

ધારીને ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવી (ઉસમાપુર, સોઝત કે દિલ્હીમાં) સં. ૧૬૬૨ માં કાળ કર્યો.

૧૧ **જશવંતજી**–સોઝતના ઓસવાલ લઉકડ–લૂકડ ગોત્રી પિતા પરબત, માતા સહોદરા, જન્મ સં. ૧૬૩૪, દીક્ષા અને પદવી સં. ૧૬૪૯ મહા શુદિ ૧૩ ગુરૂ સોઝતમાં, પદધર સં. ૧૬૮૩ વૈ. શુ. ૬ સીરોહીમાં, સં. ૧૬૮૮ માગશર શુદ ૧૫ દિને રૂપસિંહજીને પદ આપ્યું ને પછી માગશર વદ ૨ બુધે અણશણ કરી કાળ કર્યો. ગૃહ૦ ૧૬, સંયમ ૩૮ ને કુલ આયુષ્ય ૫૪ વર્ષ. આ જસવંત મુનિનો રાસ સં. ૧૬૫૨ માં હાલાર–ખંઢેરામાં બૂરા–શામલજી ને જીવરાજના શિષ્ય ધર્મદાસે રચ્યો. (પૃ. ૮૧૯). તેના શિષ્ય પકરાજ શિષ્ય કૃષ્ણદાસ શિષ્ય કલ્યાણે નેમિનાથ સ્ત૦ સં. ૧૬૭૩ માં સિદ્ધપુરમાં રચ્યું (૧–૫૧૧).

૧૨ **રૂપસિંહજી**—વીંઝવા–વીજેવાના ઓસવાલ વોરા સાહિ-લેચા ગોત્રના પિતા પીથલ, માતા કનકાદે, જન્મ સં. ૧૬૫૮, દીક્ષા સં. ૧૬૭૫ માગશર શુદ ૧૩ ગુરૂ, પદધર સં. ૧૬૮૮ માગશર શુદ ૮ અહમદપુરમાં, અને સ્વર્ગવાસ સં. ૧૬૯૭ આષાઢ વદ ૧૦ કૃષ્ણગઢ –કીસનગઢમાં ગૃહ૦ ૧૭, સંયમ ૨૧ જેમાં ૭ વર્ષ પદવીધરનાં કુલ ૨૮ વર્ષની આયુષ્ય ભોગવી કર્યો. તેના ગચ્છમાં કુંરપાલ–હાપા–ઉત્તમ શિષ્ય રામદાસે સં. ૧૬૯૩ માં પુણ્યપાલ રાસ રચ્યો. (પૃ. ૧૦૪૧) તથા શોભા–મોલ્હા–પીથા તથા વીરજી–ધર્મદાસ–ભાઉજીના શિષ્ય ચતુરજીએ સં. ૧૭૭૧માં ચંદનમલયાગિરિ ચો. રચી (જૈન ગૂ. ક. ૨ પૃ. ૫૧૫).

૧૩ **દામોદરજી**—અજમેરના ઓસવાલ લોઢા ગોત્રી પિતા રત્નસિંહ માતા રત્નાદે, જન્મ સં. ૧૬૭૨, દીક્ષા સં. ૧૬૮૯ (જેઠ શુદ ૭), પદધર સં. ૧૬૯૬ (હિંદી ૧૬૯૭ આષાઢ વદ ૬), સ્વ. સં. ૧૬૯૬ (હિંદી ૧૬૯૭) માહ શુદિ ૧૩. ગૃહ. ૧૬, સંયમ ૮ આયુષ્ય ૨૩ વર્ષ. તેના શિષ્ય ખેતાએ ધન્નાનો રાસ સં. ૧૭૩૨ માં મેવાડના વેરાટમાં રચ્યો. (જૈ. ગૂ. ક. ૨ પૃ. ૨૮૬) ને અનાથી ઋષિ ઢાળો સં. ૧૭૪૫ માં રચી (પૃ. ૧૨૮૨).

૧૪ કર્મસિંહ—ઉક્ત દામોદરના મોટા ભાઇ જન્મ સં. ૧૬૬૯, દીક્ષા સં. ૧૬૮૮, પદધર દામોદર પછી સં. ૧૬૯૬ (હિંદી ૧૬૯૭ મહા શુદ ૧૩), સ્વ. સં. ૧૬૯૭ (હિંદી ૧૬૯૮ માહ શુદ ૯) ગૃહ. ૧૭, સંયમ ૧૦, આયુ ૨૭ વર્ષ ભોગવી ખંભાતમાં કાળ કર્યો.

આના સમયમાં યા પછીના કેશવજીના સમયમાં તેના શિષ્ય ધનરાજે જુદો પક્ષ (મારવાડ દેશ મધ્યે જૈતારણ ગામમાં) કાઢ્યો.

૧૫ કેશવજી—છપઇ-છાપીઆના ઓસવાલ ઉસભ ગોત્રી પિતા નેતસી, માતા નવરંગદે, જન્મ સં. ૧૬૭૫, દીક્ષા નવ જણ સાથે સં. ૧૬૮૯ જેઠ શુદ ૭, પદધર સં. ૧૬૯૭ (હિંદી ૧૬૯૮) માહ શુદ ૯ ખંભાતમાં, સ્વર્ગવાસ સં. ૧૭૨૦ જેઠ (હિંદી આષાઢ) વદિ ૯ કોલદેમાં, વોરા વીરજીને લખી ગચ્છનો ભાર ભળાવી કર્યો. ગૃહસ્થ ૧૪ સંયમ ૩૨ કે જેમાં ૨૩ પદધર કુલ આયુ ૪૬ વર્ષ ભોગવી કાળ કર્યો. તેણે મારવાડમાં ખૂબ પ્રચાર કર્યો. તેના શિષ્ય મહિરાજના શિષ્ય ટોડરના શિષ્ય તેજ મુનિએ ચંદરાજાનો રાસ સં. ૧૭૦૭ માં રાણપુરમાં રચ્યો. (જૈ. ગૂ. ક. ૨ પૃ. ૧૩૦)

આના સમયમાં ધનરાજ કે જેનો પક્ષ મારવાડમાં જૈતારણ ગામમાં નીકળ્યો હતો, તે પોતાનો પક્ષ કાઢયા પછી સત્તર વર્ષે ગચ્છ-મેળ કરવા આવ્યો. સં. ૧૭૧૩ માં સુરતનગરમાં વોરા વીરજીએ તેને બોલાવી ગચ્છમેળ કર્યો. ગચ્છમાં ત્રણ સ્થવીરો ભળ્યા. ધનરાજના ક્ષેમકર્ણને તેના સંતાનીય દીપ-દીપચંદે સુદર્શન રાસ અને સં. ૧૭૫૭ માં ગુણકરંડ ચો. રચ્યાં. પૃ. ૧૫૫, ૧૩૯૩.

૧૬ તેજસિંહ—પંચેટીઆ-પાંચટીઆના ઓસવાલ ઉસભ ગોત્રી પિતા લખમણ, માતા લખમાદે, દીક્ષા સં. ૧૭૦૬ આસાઢ શુદ ૧૦ શુક્રે, પદવી સુરતમાં વોરા વીરજીએ સં. ૧૭૨૧ વૈશાખ શુદિ ૭ ને દિને ગુરુના ભળાવવાથી આપી. શિષ્ય કાનજી સાથે ૧૭૪૩ માં સુરતમાં ચોમાસું કર્યું. સ્વ. સં. ૧૭૪૩. તેમણે અનેક

જિનસ્તવનો ગૂજરાતીમાં રચ્યાં છે ને સંસ્કૃત પદ્યમાં દૃષ્ટાંત શતક રચેલ છે. (જૈ. ગૂ. ક. ૨ પૃ. ૩૦૦ ને પૃ. ૧૨૯૧).

તેના શિષ્ય ઇંદ્રજીના શિષ્ય તેજપાલે રત્નપંચવીસી રત્નચૂડ ચો. સં. ૧૭૩૫ માં રચી. (જૈ. ગૂ. ક. ૨ પૃ. ૩૦૫)

૧૭ કાનજી—નડુલાઇના ઓસવાલ વોહરા ગોત્રી પિતા કચરા માતા જગીસા (?), પદધર સુરતમાં સં. ૧૭૪૩ વૈશાખ, સ્વ. સં. ૧૭૭૯ ભા. શુ. ૮ (તેમણે સં. ૧૭૫૧ માં દીવમાં ચોમાસું કરી પોતાના ગુરૂ તેજસિંહે રચેલી ગુરૂગુણમાલાની ૧૧ ભાસ પૂરી કરી કે જેમાંથી શ્રી તેજસિંહ સુધીનો ઉપરનો વૃત્તાંત સાર રૂપે લીધેલ છે.) તેની કૃતિઓ માટે જુઓ ૨-૨૪૭ તથા પૃ. ૧૩૯૫. તેના સમયમાં નાકર ઋષિના શિ. નાકરના શિ. દેવજીના શિ. નરસિંહના શિ. લખમીચંદ —લખમસીના શિષ્ય ગંગ મુનિ–ગાંગજીએ સં. ૧૭૬૧ માં રત્નસાર તેજસાર રાસ તથા સં. ૧૭૬૫ માં રાણપુરમાં જંબૂ સ્વાધ્યાય રચ્યાં. (જૈ. ગૂ. ક. ૨ પૃ. ૪૫૯ તથા પૃ. ૧૪૦૭). તેના શિષ્ય દામ શિષ્ય વરસિંહે સં. ૧૭૬૬ માં નવતત્ત્વ ચો. રચી. પૃ. ૧૪૧૪. આના શિષ્ય ભીમસેન-સુજાણ (જુઓ પૃ. ૧૩૮)–મોટા શિ. મહાનંદે અનેક ગૂજરાતી કૃતિઓ સં. ૧૮૦૫ થી ૧૮૫૯ સુધીમાં રચી છે. પૃ. ૩૪.

૧૮ તુલસી—તુલસીદાસજી—ધુનાડાના ઓસવાલ બાફલા ગોત્રી પિતા ઉદલ-ઉદો, માતા પુરભાવ (? પુરબાઇ), દીક્ષા સં. ૧૭૭૮ ફાગણ, પદવી સં. ૧૭૭૯ ભાદ્ર. વદ ૧, સ્વ. સં. ૧૭૮૮ ફા. શુ. ૭ ભાવનગરમાં.

૨૯ જગરૂપજી—વીકાનેરના ઓસવાલ છજલાણી ગોત્રી પિતા નથમલ માતા જીવાદે, પદવી સં. ૧૮૭૮ ફા. શુદ ૧૨ શનિ, સ્વ. સં. ૧૭૯૮

૨૦ જગજીવનજી—થરાદના ઓસવાલ ચોપડા ગોત્રી પિતા જોઇતા માતા રતના, પાટે સં. ૧૭૯૯, સ્વ. સં. ૧૮૨૭ માહ વદ ૦))

૨૧ **મેઘરાજજી**—દંતારાઇપુરના ઓસવાલ વૃદ્ધ ગોત્રી પિતા દલોસાહ માતા સાંમા, પદવી સં. ૧૮૧૧ પોસ વદી ૧૩, સ્વ. ૧૮૪૩ કા. વ. ૦)) તેમની કૃતિ સંબંધી જુઓ પૃ. ૧૩૩.

૨૨ **સોમચંદજી**—પદવી સં. ૧૮૨૮ ફા. વ. ૬ તેના ગંગ-કલ્યાણ-લવજી શિષ્ય લબ્ધિએ સં. ૧૮૫૨ માં નેમિ-ચંદ્રાવલા રચ્યા. પૃ. ૧૮૮.

૨૩ **હરખચંદજી**—

૨૪ **જયચંદજી**—સં. ૧૮૬૯ ફા. સુદ ૩ ને દિને વડોદરામાં હર્ષચંદ્રજીએ જીવતાં માસ આઠ પહેલાં શ્રીપૂજ્ય સ્થાપી આચાર્ય પદ આપ્યું કે જે હાલ જયવંતા વર્ત્તે છે. [મુનિ કાંતિસાગર પાસેની એક પટ્ટાવલી તેમજ આ જયચંદજીના સમયમાં તેના શિષ્ય ભાગ્યચંદ્રજીએ સં. ૧૮૭૯ માં લખેલા કલ્પસૂત્ર બાલાવબોધમાં અંતે આપેલ આ પટ્ટાવલી (પૃ. ૧૬૯૩) અહીં અટકે છે.]

૨૫ **કલ્યાણચંદજી**—૨૬ **ખૂબચંદજી**—

૨૭ **ન્યાયચંદજી**—તેની ગાદી વડોદરામાં છે.

ગુજરાતી લોંકાગચ્છની બીજીપક્ષ-કુંવરજીપક્ષ.

ઉપરના નં. ૮ મા જીવાજીના શિષ્ય વડા વરસિંગજી ઉપરાંત કુંવરજી અને શ્રીમલ્લજી થયા. કુંવરજીથી બીજી પક્ષ થઈ.

૯ **કુંવરજી**—અમદાવાદના શ્રીમાલી વણિક પિતા લહુવોજી, માતા રૂડીબાઇ, દીક્ષા પિતા આદિ ૭ જણ સહિત સં. ૧૬૦૨ જેઠ શુદ ૫ (પા. ૬) અમદાવાદ, ગુરૂપાટે સં. ૧૬૧૨ (પા. ૧૬૧૭), સ્વ. સં. ૧૬૨૮ દિવાલી. તેમણે સં. ૧૬૨૪માં સાધુવંદના રચી. (પૃ. ૭૦૮).

૧૦ **શ્રીમલ્લજી**—અમદાવાદના પોરવાડ વણિક પિતા થાવર, માતા કુંવરબાઇ, દીક્ષા જીવજી પાસે સં. ૧૬૦૬ માગશર શુદ ૫ અમદાવાદમાં, પાટે સં. ૧૬૨૯ જેઠ વદ ૫, સ્વ. સં. ૧૬૬૬

આસાઢ શુદિ ૧૩. તેના શિષ્ય રતનશીના શિષ્ય નાનજીએ પંચવરણ સ્ત. સં. ૧૬૬૯માં રચ્યું (પૃ. ૯૧૬).

૧૧ **રત્નસિંહજી-રતનાગરજી**—હાલાર નવાનગરના વીસા શ્રીમાળી વણિક સોલાણી ગોત્ર પિતા સુરા, માતા સોહવદે, જન્મ સં. ૧૬૩૨, દીક્ષા સં. ૧૬૪૮ વૈ. વદ ૧૩ અમદાવાદ, પદવી સં. ૧૬૫૪ જેઠ વદિ ૭, સ્વ. સં. ૧૬૮૬. તેમના શિષ્ય કેશવજી, શિવજી, સમરચંદ્ર આદિ થયા. તે સમરચંદ્રના શિષ્યે શ્રેણિકરાસ રચ્યો (પૃ. ૬૦૧).

૧૨ **કેશવજી**—મારવાડ ધુનાડા (દુણાડા) ના ઓશવાલ પિતા વિજા, માતા જવંત-જયવંતી બાઇ, જન્મ સં. ૧૬૭૬ ફા. વદ ૫ આચાર્ય પદે સં. ૧૬૮૬ જેઠ શુદ ૧૩ ગુરૂ, પછી થોડેજ મહિને સ્વર્ગસ્થ (પા. સં. ૧૬૮૮) તેણે લોંકાશાહનો શલોકો શ્રીમલ્લજીના સમયમાં રચ્યો (પૃ. ૧૦૯૪).

૧૩ **શિવજી**—હાલાર નવાનગરના શ્રીમાલી પિતા અમરસી સંઘવી, માતા તેજબાઈ, જન્મ સં. ૧૬૫૪ મહાશુદ ૨, દીક્ષા સં. ૧૬૭૦ (પા. સં. ૧૬૬૯ ફા. શુદ ૨), પદવી સં. ૧૬૮૮ જેઠ શુદ ૫ સોમ પાટણમાં, સ્વ. સં. ૧૭૩૩ માગશર ૨ રવિ. આ આચાર્યનો રાસ ઋષિ નાકર શિષ્ય દેવજી શિષ્ય ધર્મસિંહે સં. ૧૬૯૨માં રચ્યો (૧-૫૮૫ ને પૃ. ૧૦૮૦). તેમના સમયમાં સં. ૧૬૮૫માં તેમના શિષ્ય ધર્મસિંહજીએ લોંકાગચ્છથી જુદા પડી નવો ગચ્છ ચલાવ્યો. બીજા શિષ્યો સંઘરાજજી, જગજીવન, આણંદજી આદિ હતા. તેમની બીજી પાટે ત્રિલોકસિંહજી થયા કે જે ઓસવાલ છાજડ ગોત્રીય હતા—પિતા નેતસી માતા નવરંગ દે, ને બંધુ જીવરાજ, ને જેના શિષ્ય આણંદે સં. ૧૭૩૧માં લાલપુરમાં ગણિત સાર અને સં. ૧૭૩૮ માં રાધનપુરમાં હરિવંશચરિત્ર ગૂ. પદ્યમાં રચ્યાં. (૨-૨૮૩, ૨-૨૮૪).

૧૪ **સંઘરાજજી-સંઘજી**-સિદ્ધપુર પોરવાડ જન્મ સં. ૧૭૦૫ આષાડ શુદ ૧૩, પિતા વાસા, માતા વીરમદે, દીક્ષા પિતા

સાથે સં. ૧૭૧૮ વૈ. વદ ૧૦ ગુરૂ, આચાર્યપદ સં. ૧૭૨૫ માહ સુદિ ૧૪ શુક્ર અમદાવાદમાં, સ્વ. સં. ૧૭૫૫ ફા. શુદ ૧૧ આગ્રામાં. તેમના શિષ્ય કૃષ્ણદાસે સં. ૧૭૬૭માં કિસનબાવની રચી (૨-૪૭૨ પૃ. ૧૪૧૬).

તેમના સમયમાં આનંદ ઋષિએ ખંભાતમાં પોતાના શિષ્ય ત્રિલોકઋષિને પાટે બેસાડી જુદો ગચ્છ સ્થાપ્યો. તેમાં ૧૮ સંઘાડાના યતિ ભળવાથી 'અઢારીયા' કહેવાયા.

૧૫ **સુખમલજી**—મારવાડ જેસલમેર પાસે આસણીકોટના વીશા ઓસવાલ સંખવાલેચા (સકલલેચા) ગોત્ર, પિતા દેવીદાસ, માતા રંભાબાઇ, જન્મ સં. ૧૭૨૭, દીક્ષા સં. ૧૭૩૯ માગશર શુદ ૫, ગુરૂપાટે સં. ૧૭૫૬ (પા. ૧૭૫૫ માહ વદિ ૧) અમદાવાદ, સ્વ. સં. ૧૭૬૩ આસો (પા. મારવાડી કાર્તિક) વદિ ૧૧ ઘોરાજી.

૧૬ **ભાગચંદ્રજી**—જેસલમેર પાસે ભેસડોના ઓસવાલ કુંકડચોપડા ગોત્ર, પિતા તોગા, માતા તેજબાઇ, ઉકત સુખલાલજીના ભાણેજ, દીક્ષા સં. ૧૭૬૦ માગશર શુદિ ૨ કચ્છભુજમાં, પૂજ્યપદવી સં. ૧૭૬૪ (પા. ૧૭૬૩ માગશર શુદ ૭ રવિ) ઘોરાજી, સ્વ. સં. ૧૮૦૫ કા. શુદ ૧ શ્રીસક્તિપુરમાં.

૧૭ **વા(બા)લચંદજી**—મારવાડ ફલોધીના વીસા ઓસવાલ છાજર (છાજેડ) ગોત્ર, પિતા ઉગરા, માતા સુજાણબાઇ, દીક્ષા માતાને ભાઇ રૂપચંદ સાથે સં. ૧૭૭૫, પૂજ્યપદવી સં. ૧૮૦૫ કા. વદ ૧૦ ગુરૂ સાચોર, સ્વ. સં. ૧૮૨૯. તેમના ચાર શિષ્ય-લખમીચંદ, વિજયચંદ, જગનાથ, અને માણેકચંદ પૈકી છેલ્લાને ગણિ પદ મળ્યું (પૃ. ૨૪૭)

૧૭ **માણેકચંદજી**—મારવાડ પાલી પાસે દયાપુર (દરીયાપુર)ના વીસા ઓસવાલ, કટારીઆ ગોત્ર, પિતા રામચંદ, માતા જીવીબાઇ, દીક્ષા સં. ૧૮૧૫ માંડવીમાં, પૂજ્યપદવી સં. ૧૮૨૯ જામનગરમાં, સ્વ, સં. ૧૮૫૪ જેસલમેરમાં.

૧૯ મુલચંદજી-ખુબચંદજી—મારવાડ જાલોર તાબે મોરસીના વીસા ઓસવાલ, સિંહાલ ગોત્ર, પિતા દીપચંદ, માતા અજબાઇ, દીક્ષા સં. ૧૮૪૯ જેઠ શુદ ૧૦, પૂજ્યપદવી સં. ૧૮૫૪ ફા. વદિ ૨ નવાનગરમાં, સ્વ. સં. ૧૮૭૬ જેસલમેરમાં. તેમના સમયમાં ઉપર્યુક્ત બાલચંદજી શિષ્ય લખમીચંદના શિષ્ય રામચંદ્રે નવાનગરમાં સં. ૧૮૬૦માં તેજસાર રાસ રચ્યો (પૃ. ૨૪૭).

૨૦ જગતચંદજી—મારવાડ સકરણી ગામના પિતા જીવ, માતા ચંદાબાઇ, પદવી જેસલઇરમાં સં. ૧૮૭૬, સ્વ. સં. ૧૮૯૯ આસુ સુદ ૧૦ ધ્રાફામાં.

૨૧ રત્નચંદજી—પંજાબ ગામ સરસના વીસા ઓસવાલ, પિતા દેવચંદ સંઘવી, માતા નાંનબાઇ, દીક્ષા નવાનગરમાં, પાટે સં. ૧૮૯૯ ચૈત્ર વદ ૧૩ નવાનગરમાં.

૨૨ નૃપચંદજી—બાલાપુરમાં ગાદી પછી કોઇ પાટે બેઠું જણાયું નથી.

ધર્મસિંહજીની પરંપરા

૧ ધર્મસિંહજી—ઉક્ત ૧૩ મા શિવજી ઋષિના શિષ્ય. તેમણે જુદા પડી દરિયાપરી નામનો નવો ગચ્છ ચલાવ્યો. હાલારના નવાનગરના દશાશ્રીમાળી વણિક પિતા જિનદાસ, માતા શિવા, ૧૫ વર્ષની વયે પિતા સાથે રત્નસિંહના શિષ્ય દેવજી પાસે દીક્ષા, શુદ્ધ મુનિવ્રત પાળવા માટે જુદા પડવા નિશ્ચય કર્યો, અમદાવાદની ઉત્તરે દરિયાખાન પીરની જગાએ જઇ ત્યાં રાત્રિ વાસ કર્યો. ને નિર્બાધ સહિસલામત રહી કાલુપુરના ઉપાશ્રયે આવ્યા. સં. ૧૮૬૫ માં દરિયાપર દરવાજાની બહારના ઉદ્યાનમાં પુનઃ સંયમ સ્વીકાર્યો. આથી તેના ગચ્છનું નામ દરિયાપરી પડયું. તેમણે સૂત્રોના ટબા—બાલાવબોધ પૂર્યા અને કેટલાક ભાષાગ્રંથો ગદ્યમાં રચ્યા. તેમની શિષ્ય પરંપરાઃ—

૨ **સોમજી** ૩ **મેઘજી** ૪ **ઠાકરદાસ** ૫ **મોરારજી** ૬ **નાથાજી** ૭ **જયચંદજી** ૮ **મોરારજી** (બીજા) ૯ **નાથાજી (૨)** ૧૦ **જીવણજી.** ૧૧ **પ્રાગજી**—વીરમગામના ભાવસાર રણછોડદાસના પુત્ર; દીક્ષા વીરમગામમાં સં. ૧૮૩૦, સ્વ. વિસલપુરમાં સં. ૧૮૫૦, ૧૨ **શંકર ઋષિ** ૧૩ **ખુશાલજી** ૧૪ **હર્ષસિંહ (હર્ષચંદ) જી** ૧૫ **મોરારજી** (ત્રીજા) ૧૬ **ઝવેરઋષિ**—વીરમગામના દશાશ્રીમાલી વણિક દીક્ષા સં. ૧૮૬૫ ને સ્વ. વીરમગામે સં. ૧૯૨૩. ૧૭ **પુંજાજી**—કડીના ભાવસાર સ્વ. વઢવાણમાં સં. ૧૯૧૫ શ્રાવણ વદિ ૫ ૧૮ (નાના) **ભગવાનજી** સ્વ. વઢવાણમાં સં. ૧૯૧૯ માગશર.

૧૯ **મલુકચંદજી**—કડીના દશાશ્રીમાલી વણિક તેમના ગુરૂ નાનચંદજીનો સ્વ. કલોલમાં સં. ૧૮૯૦ ના પોષ શુદ પાંચમે થતાં તેની પાટે આવ્યા; સ્વ. કલોલમાં સં. ૧૯૨૯ જેઠ વદ અમાસ.

૨૦ **હીરાચંદજી**—અમદાવાદ પાસે પાલડી ગામના આંજણા કણબી, તેર વર્ષની વયે વિસલપુરમાં દીક્ષા. સ્વ. ત્યાં સં. ૧૯૩૯ આસો શુદ ૧૧. તેમને ૧૩ શિષ્યો હતા.

૨૧ **રઘુનાથજી**—મલુકચંદજીના શિષ્ય. ૨૨ **હાથીજી** ૨૩ **ઉત્તમચંદજી** હાલમાં.

લવજીઋષિની પરંપરા

લવજી ઋષિ—તેમણે મૂળ લોંકા ગચ્છ તજી પોતાનો જુદો ગચ્છ ચલાવ્યો. સુરતના લખપતી દશાશ્રીમાળી શેઠ વીરજી વોરાની પુત્રી ફુલબાઇના પુત્ર, કેશવજી ગચ્છના વજાંગજી પાસે દીક્ષા પ્રથમ લીધી. પછી ભાણોજી અને સુખોજી એમ બે સહિત સ્વયં ખંભાતમાં સાધુ તરીકે દીક્ષા લીધી (સં. ૧૬૯૨ યા ૧૭૦૫ માં); વીરજી વોરાને તેથી આઘાત થયો ને લવજી ઋષિને હેરાન કરવા પ્રયત્ન કર્યાં તેની પાસે સોમજી નામના કાલુપુરના દશા પોરવાડે ૨૩ વર્ષની વયે દીક્ષા લીધી. બુરાનપુરમાં ગુરૂ શિષ્ય જતાં ત્યાં ઘણી અડચણ પડી. આખરે એક બાઇએ વિષમિશ્રિત મોદક ત્યાંના લોંકાગચ્છના યતની પ્રેરણાથી

વહોરાવતાં તેમનું મૃત્યુ થયું. સોમજીના કાનજી નામે એક શિષ્ય થયા ને લાહોરી ઉત્તરાર્ધ લોંકાગચ્છના હરદાસજી ગુજરાતમાં આવી સોમજીને મળ્યા ને ધર્મચર્ચાથી સંતોષ પામી તેની પાસે દીક્ષા લીધી. હરદાસજી પછી પંજાબ ગયા ને તેનો પરિવાર **'પંજાબ સંપ્રદાય'** તરીકે ઓળખાય છે. કાનજી ઋષિનો પરિવાર હાલ માળવા મેવાડ ને દક્ષિણ તરફ વિચરે છે. કાનજીના શિષ્ય તારાચંદજીનો પરિવાર ગુજરાતમાં **'ખંભાત સંઘાડો'** તરીકે ઓળખાય છે, ઉક્ત કાનજી ઋષિના પરિવારમાંના ત્રિલોક ઋષિ માટે જુઓ પૃ. ૩૮૫ તથા પૃ. ૧૫૬૯ અને તે પરિવારમાં દક્ષિણ હૈદ્રાબાદમાં વિચરેલા હમણાં સ્વર્ગસ્થ અમોલખ ઋષિ (પૃ. ૩૩૪) થયેલ હતા.

ધર્મદાસજીની પરંપરા.

૧ **ધર્મદાસજી**—તેમણે પણ સ્વતંત્રપણે કાર્ય લીધું. મૂળ સરખેજના ભાવસાર, પિતા જીવણ કાલીદાસ, માતા ડાહીબાઇ, ૧૬ વર્ષની વયે સં. ૧૭૧૬ આસો શુદિ ૧૧ દિને અમદાવાદમાં સ્વયં દીક્ષા લીધી. ધારાનગરીમાં સં. ૧૭૫૯ આષાઢ શુદ ૫ ને દિને ૫૯ વર્ષની ઉમરે સ્વર્ગસ્થ થયા.

તેમના ૯૯ શિષ્યો પૈકી ૨૨ શિષ્યો ભિન્ન ભિન્ન ૨૨ ભાગમાં વહેંચાયા ને તે '૨૨ ટોળાં' ના નામથી પ્રસિદ્ધ થયા. તેમાં ૧૭ બંધ પડયા ને ૫ અસ્તિત્વ ધરાવે છે. તે પાંચ, ધર્મદાસજીના પાંચ શિષ્ય નામે મૂળચંદજી, ધનાજી, છોટા પૃથ્વીરાજજી, મનોરદાસજી ને રામચંદ્રજીથી ચાલ્યા.

મૂળચંદજી—અમદાવાદના દશા શ્રીમાળી વણિક, ૧૮ વર્ષની વયે દીક્ષા. આચાર્યપદ અમદાવાદમાં સં. ૧૭૬૪ પોશ શુદ ૧૫. તેમના ૭ શિષ્યોઃ–૧ ગુલાબચંદજી ૨ પચાણજી, ૩ વનાજી, ૪ અંદરજી, ૫ વણારસી, ૬ વિઠ્ઠલજી ૭ ઇચ્છાજી. પોતે ૮૧ વર્ષની ઉમરે સં. ૧૮૦૩ માં અમદાવાદ સ્વર્ગવાસ કર્યો.

પચાણજીના શિષ્ય રતનશી તથા તેના શિષ્ય ડુંગરશી ગોંડલ ગયા તે દિવસથી **ગોંડલ સંઘાડો,** વનાજીના શિષ્ય કહાનજી બરવાળા ગયા ત્યાંથી **બરવાળાનો સંઘાડો,** વણારસીના શિષ્ય જેસંગજી તથા ઉદેસંગજી ચુડે ગયા ત્યાંથી **ચુડાનો સંઘાડો,** વિઠલજીના શિષ્ય ભુખણજી મોરબી જઇ રહ્યા અને તેમના શિષ્ય વશરામજી ધાંગધ્રે ગયા ત્યાંથી **ધ્રાંગધ્રાનો સંઘાડો,** અંદરજી-ઇંદ્રજીના છેલ્લા શિષ્ય કરસનજી કચ્છમાં ગયા અને દરીયાપરીની આવશ્યક પ્રત વાંચી 'આઠ કોટી' પ્રરૂપી ત્યાંથી **કચ્છનો સંઘાડો,** અને ઇચ્છાજી કે જે લીંબડીએ હતા તેમના શિષ્ય રામજી ઉદેપુર ગયા ને ત્યાંનો **ઉદેપુરનો સંઘાડો,** અને ઇચ્છાજી લીંબડીમાં સ્વર્ગસ્થ થયા અને તેમના શિષ્ય ગુલાબચંદજીના શિષ્ય વાલજીના શિષ્ય હીરાજીના શિષ્ય કહાનજીના શિષ્ય **અજરામરજીથી લીંબડી સંઘાડો**-એમ જુદા જુદા સંઘાડા થયા. આમાં ગોંડલ અને લીંબડી સંઘાડાનો પરિવાર ઘણો વધ્યો ને હાલ વિચરે છે.

ગોંડલ સંઘાડો

ડુંગરશી—દીવના દશા શ્રીમાળી વણિક બદાણી કુટુંબના પિતા કમળશી, માતા હીરબાઇ, જન્મ સં. ૧૭૯૨, દીક્ષા સં. ૧૮૧૫, લીંબડીથી ગોંડલ સં. ૧૮૪૫ માં ગયા ત્યારથી ગોંડલ સંઘાડો થયો. સ્વ. ગોંડલમાં સં. ૧૮૭૭ વૈ. શુ. ૧૫.

તેમના શિષ્ય **રવજી,** તેમના શિ. **મેઘરાજજી-ડાહ્યાજી-નેણશી-મુલજી-ડોસાજીના** શિષ્ય **ખોડાજી** સ્વામી થયા જેઓ સુકંઠી વ્યાખ્યાનકાર અને કવિ હતા. (જુઓ નં. ૫૯૩ પૃ. ૩૫૫)

બીજી પરંપરા—ડુંગરશી પાટે **ભીમજી**-દશાશ્રીમાળી વણિક પિતા ચાંપશી માતા ઝમકુ, જન્મ સં. ૧૮૪૨, દીક્ષા સં. ૧૮૬૦ માંગરોળ, પટધર સં. ૧૮૭૭, સ્વ. સં. ૧૯૧૫ પોશ શુદ ૫ પોરબંદર. તેની પાટે **નેણશી**-ગોંડલ પાસે અરડોઇ ગામના દશા શ્રીમાળી વણિક, દીક્ષા ભીમજી પાસે ગોંડલમાં સં. ૧૮૬૯, સ્વ. સં. ૧૯૨૨ કા. શુદ ૧૫ ગોંડલ તેની પાટે **જેસંગજી** તે **હેમચંદજીના** શિષ્ય સ્વ. સં.

૧૯૩૬ પોરબંદર. તેની પાટે દેવજી—ગોંડલના લુહાણા પિતા પીતાંબર માતા ધનબાઇ, જન્મ સં. ૧૮૮૪ અશાડ શુદ ૯ સોમ. બાર વર્ષની વયે જૈનધર્મ પર પ્રીતિ, દીક્ષા નેણશી પાસે સં. ૧૮૯૯ મહા વદ ૮ ગુરૂ, પટધર સં. ૧૯૩૬, સ્વ. સં. ૧૯૫૪ માગશર શુદ ૧૩ (૬–૧૨–૯૭) ગોંડલમાં.

લીંબડી સંઘાડો—સ્થાપક **અજરામરજીની** ગુરૂપરંપરા જોઇએઃ—

ઇચ્છાજી—સિદ્ધપુરના પોરવાડ વણિક પિતા જીવરાજ સંઘવી, માતા વાલમબાઇ, દીક્ષા સં. ૧૭૮૨, સ્વ. લીંબડીમાં સં. ૧૮૩૨ (જોઇએ. મુનિ મણિલાલના પુસ્તકમાં સં. ૧૭૮૨ અપાયેલ છે તે છાપદોષ લાગે છે.)

હીરાજી—ગુજરાતના કડવા કણબી દીક્ષા સં. ૧૮૦૪, આચાર્યપદ સં. ૧૮૩૩, સ્વ. ધોરાજીમાં સં. ૧૮૪૧.

નાના કાનજી—વઢવાણના ભાવસાર, દીક્ષા હળવદમાં સં. ૧૮૧૨, આચાર્યપદ સં. ૧૮૪૧, સ્વ. સાયલામાં સં. ૧૮૪૧.

અજરામરજી—જામનગરના પડાણાના વીશા ઓશવાળ વણિક, પિતા માણેકચંદ, માતા કંકુબાઇ જન્મ સં. ૧૮૦૯, માતા સાથે દીક્ષા સં. ૧૮૧૯ મહા શુદિ ૫ ગુરૂ, આચાર્યપદ સં. ૧૮૪૫ ને સ્વ. લીંબડીમાં સં. ૧૮૭૦ શ્રાવણ વદિ ૧

દેવરાજજી—કચ્છના કાંડાકરાના વીસા ઓસવાલ ડોઢીયાગોત્રી દીક્ષા ગોંડલમાં સં. ૧૮૪૧ ફા. શુદિ ૫ ગુરૂ, આચાર્યપદ સં. ૧૮૭૦, સ્વ. લીંબડીમાં સં. ૧૮૭૯ આસો વદિ ૧

ભાણજી—દીક્ષા સં. ૧૮૫૫, પાટપદે સં. ૧૮૮૦ માઘ શુદિ ૫, સ્વ. રામોદમાં સં. ૧૮૮૭ વૈ. શુદિ ૧૩.

કરમશી—સુરતના ભાવસાર દીક્ષા લીંબડીમાં સં. ૧૮૫૬ સ્વ. વઢવાંણમાં સં. ૧૯૦૬ તેઓ કોઇ કારણસર વઢવાણ સં. ૧૮૯૩ (કે ૧૮૯૭)માં જઇ રહ્યા તેથી લીંબડીમાં અવિચલજીને પાટપર બેસાર્યા હતા.

અવિચલજી—વીશા ઓશવાલ દીક્ષા લીંબડીમાં સં. ૧૮૬૯ ફા. વદિ ૧૩, સ્વ. લીંબડીમાં સં. ૧૯૧૧.

દેવજી—કાઠીઆવાડના વાંકાનેરના લોહાણા દીક્ષા દશ વર્ષની ઉમરે રાપરમાં સં. ૧૮૭૦ પો. વદિ ૮, આચાર્યપદ સં. ૧૮૮૬. સ્વ. લીંબડીમાં સં. ૧૯૨૦ જેઠ શુદિ ૮ રવિ. તેનાથી જુદા પડી અવિચલજીના શિષ્ય હેમચંદજીએ જુદો સંઘાડો કાઢયો. (લીંબડીનો નાનો સંઘાડો).

ગોવિંદજી—પાટે બેઠા સં. ૧૯૨૧ અને આચાર્યપદે કાનજી થયા. ગોવિંદજી સં. ૧૯૩૫ માં લીંબડીમાં સ્વર્ગસ્થ થયા.

કાનજી—કચ્છગુંદાલાના વીશા ઓસવાલ પિતા કોરશી માતા મુલીબાઇ, દીક્ષા સં. ૧૮૯૧, આચાર્યપદ સં. ૧૯૨૧, સ્વ. લીંબડીમાં સં. ૧૯૩૬.

નથુજી—પાટે બેઠા સં. ૧૯૩૭ ને આચાર્યપદે દીપચંદજી થયા. નથુજી રાયણના વીસા ઓસવાળ. દીક્ષા માંડવીમાં સં. ૧૮૯૫ ફા. વદ ૭, સ્વ. લીંબડીમાં સં. ૧૯૪૦ આ. વદિ ૮

દીપચંદજી—કચ્છ ગુંદાલાના વીસા ઓસવાલ પિતા ભોજરાજ, માતા ખેતાબાઇ, દીક્ષા અંજારમાં સં. ૧૯૦૧ માઘ વદિ ૧, ગાદીપર સં. ૧૯૪૦, સ્વ. લીંબડીમાં સં. ૧૯૬૧ ચૈત્ર વદિ અમાસ.

લાધાજી—વીસા ઓસવાળ પિતા માલજી, માતા ગંગાબાઇ દીક્ષા વાંકાનેરમાં સં. ૧૯૦૩ વૈ. શુદિ ૮, ગાદીએ સં. ૧૯૬૧, સ્વ. લીંબડીમાં સં. ૧૯૬૪ આ. વ. ૧૦

મેઘરાજજી—પાટે સં. ૧૯૬૪ આ. વદિ ૧૩ ને આચાર્યપદે દેવચંદજી. મેઘરાજજી તે લાધાજીના સગા નાનાભાઇ. દીક્ષા લીંબડીમાં સં. ૧૯૦૪ જેઠ શુદિ ૩, સ્વ. લીંબડીમાં સં. ૧૯૭૧ ફા. શુદિ ૧૩

દેવચંદજી—કચ્છરામાણીના પિતા રંગજી માતા ઇચ્છાબાઇ. દીક્ષા સં. ૧૯૧૩, સ્વ. સં. ૧૯૭૭ કાર્ત્તક.

લવજી—ભાવસાર પાટે સં. ૧૯૭૮, સ્વ. વઢવાણુમાં સં. ૧૯૮૫ કા. શુ. ૨

ગુલાબચંદજી—કચ્છ બોરારાના વીસા ઓસવાળ પિતા શ્રવણ, માતા આસીબાઇ. હાલ વિદ્યમાન છે. તેમના શિષ્ય પ્રસિદ્ધ શતાવધાની રત્નચંદ્રજી છે.

હુકમીચંદજી સંપ્રદાય—

ભાણજીના રૂપજી-જીવરાજજી-તેજરાજજી-કુંવરજી-હર્ષજી-ગોધાજી-પરશુરામજી-લોકપાલજી-મહારાજજીને તેની પાટે **દોલતરામજી** દીક્ષા સં. ૧૮૧૪ લીંબડી સંઘાડાના **અજરામરજીના** સમકાલીન. તેમની પાટે **લાલચંદજી**—તેમની પાટે

હુકમીચંદજી—(રાયસિંહના) ટોડા ગામના ઓસવાળ ચપલોત ગોત્રી, દીક્ષા બુંદીમાં સં. ૧૮૭૯ માગશર, તપસ્વી ને સૂત્રના જાણકાર. તેમના નામથી સંપ્રદાય પ્રસિદ્ધ થયો. સ્વ. જાવદમાં સં. ૧૯૧૬ વૈ. શુદિ ૫ મંગલ.

શિવલાલજી—દીક્ષા સં. ૧૮૯૧, સ્વ. સં. ૧૯૩૩ પોષ શુ. ૬

ઉદયચંદજી—ઉદયસાગરજી-જોધપુરના ઓસવાલ નથમલજીના જીવુબાઇથી જન્મ સં. ૧૮૭૬ પોષ; દીક્ષા સં. ૧૯૦૮ ચૈત્ર શુદ ૧૧. સ્વ૦ રતલામમાં સં. ૧૯૫૪ માહા શુદ ૧૦.

ચોથમલજી—દીક્ષા સં. ૧૯૦૯ ચૈત્ર શુદ ૧૨; યુવરાજપદ રતલામમાં સં. ૧૯૫૩ આશો શુદ ૧૫, પટધર રતલામમાં સં. ૧૯૫૪ મહા વદ ૪, સ્વ. રતલામમાં સં. ૧૯૫૭ કા. શુ. ૮

શ્રીલાલજી—ટોંકના ઓસવાલ ચુનિલાલજી બંબગોત્રી પિતા, ચાંદકુંવર માતા, જન્મ સં. ૧૯૨૫ જ્યેષ્ઠ વદ ૧૨. સ્વયં દીક્ષા સં. ૧૯૪૪ માગશર વદ. પ્રતાપી, વૈરાગ્યવંત અને કડક આચાર પાળનાર સંત હતા. સ્વ. જેતારણમાં સં. ૧૯૭૭ અષાડ શુદ ૨ શુક્રવાર રાત્રિ. (જુઓ 'પૂજ્યશ્રી લાલજી' પ્ર. દુર્લભજી ત્રિભુવન ઝવેરી સં. ૧૯૭૯) તેમની પાટે **જવાહીરલાલજી** હાલ વિરાજે છે.

બરવાળા સંઘાડો—વનાજી-પુરુષોત્તમજી-વણારસી-કાનજી-રામજી -ચુનીલાલ-ઉમેદચંદજી (કવિ)-મોહનલાલજી હાલ વિદ્યમાન.

ચુડાનો સંઘાડો—વણારસી-જેસંગજી-**ઉદેસંગજી** ચુડે ગયા ત્યારથી ચુડા સંઘાડો સ્થપાયો પરંતુ હાલ તેમાં કોઇ સાધુ નથી ને તે બંધ પડયો છે

ધ્રાંગધ્રા સંઘાડો—ધ્રાંગધ્રા સંઘાડાના સ્થાપક **વસરામજી** થયા ને તેની પાટાનુપાટે સામજી અને અમરસી અને તેના ન્યાલચંદજી થયા. પછી તે સંપ્રદાય બંધ પડયો.

બોટાદ સંઘાડો—ઉક્ત વસરામજીના શિષ્ય **જસાજી** બોટાદ ગયા ત્યારથી બોટાદ સંઘાડો કહેવાયો. તેના અમરસિંહજી તેના માણેકચંદજી ને તેના **કાનજી** સ્વામી. તેમણે મુહપત્તિ તજીને, મૂર્ત્તિપૂજા સ્વીકારી, હાલ તેઓ નિશ્ચયમાર્ગના ઉપદેશક થઇ સોનગઢ વિરાજે છે.

---

(૫) કડૂઆ-કડવા ગચ્છની પટ્ટાવલી.

[સંપ્રતિ કાલે ખરા સાધુંઓ છે નહિ ઇત્યાદિ પ્રરૂપણા કરનાર કટુક (કડવા) નામના આગમિક મતથી વાસિત થયેલમાંથી કડૂઆ મત સં. ૧૫૬૨માં તપા હેમવિમલસૂરિના સમયમાં પ્રવર્ત્યો એમ તપાગચ્છ પટ્ટાવલી જણાવે છે. તે કડવાની પરંપરા અત્ર તે ગચ્છની પટ્ટાવલીમાંથી મૂકીએ છીએ.)

૧ કડૂઆ-કડવા નડૂલાઇના વીસા નાગર જ્ઞાતિના પિતા કાહનજી માતા કનકાદે જન્મ સં. ૧૪૯૫, અમદાવાદમાં સં. ૧૫૧૪માં આવ્યા. ત્યાંના રૂપપુરમાં આગમીઆ પન્યાસ હરિકીર્ત્તિ આદિનું નિરીક્ષણ કર્યું. આગમાદિ ભણી સંવરી-ભાવસાધુપણે રહ્યા. પ્રથમ અણહિલ્લ પાટણમાં જાલહિરા જ્ઞાતીય, સુરત્રાણમાન્ય, અશ્વપ્રમુખ ગૃહધારી એવા મહં. લીંબાને સં. ૧૫૨૪માં પ્રતિબોધ્યો. ત્યાં ચોમાસું. ખુહુરા ધનરાજ પરી કીકાના પિતામહ આદિ પ્રતિ બોધ્યા. સં.

૧૫૬૩માં થરા મધ્યે પં. હરિકીર્ત્તિના સ્વર્ગવાસ પછી સં ૧૫૬૪માં પાટણમાં સ્વર્ગવાસ. તેણે લીલાવતી રાસ રચ્યો. (૧-૧૧૦); પૃ૪ ૩૮.

૨ ખીમા—પાટણ રાતિકાવાડે વીસા પ્રાગ્વાટ સા. કર્મચંદ પિતા, કર્માદે માતા. સોળમા વર્ષ પછી સા કડૂઆ પાસે સંવરી થઇ ૨૪ વર્ષ પર્યાય પાળ્યો. પછી ૭ વર્ષ પટ્ટધર ને ૪૭ વર્ષની ઉંમરે સં. ૧૫૭૧માં પત્તનમાં સ્વ. તેના સમયમાં થરાદમાં કડવા ગચ્છની પોશાલ થઇ.

૩ વીરા—નડુલાઇના વૃદ્ધ (વીસા) શ્રીમાલી દોશી કુંરપાલ પિતા, કોડમદે માતા, ૧૪ વર્ષે ગૃહસ્થમાં રહી કડૂઆ પાસે સંવરી. ૨૫ વર્ષ સંવરી, ૩૦ વર્ષ પટોધર ને ૬૯મે વર્ષે સં. ૧૬૦૧માં નડુલાઇમાં સ્વર્ગવાસ.

૪ જીવરાજ—અમદાવાદના શ્રીમાલી પરી જગપાલ પિતા, સોભા માતા, જન્મ સં. ૧૫૭૮. સંવરી વીરા પાસે સં. ૧૫૯૦, પટધર સં. ૧૬૦૧ ને સ્વ. રાજનગરમાં સં. ૧૬૪૪

૫ તેજપાલ—પાટણના શ્રીમાલી દોશી રાયચંદ પિતા, કનકાઇ માતા, તેરમે વર્ષે સંવરી જીવરાજ પાસે, પછી ૨૧ વર્ષે પટધર સં. ૧૬૪૪, પછી બે વર્ષે ૩૬ વર્ષની વયે સં. ૧૬૪૬માં પાટણમાં સ્વર્ગવાસ.

૬ રત્નપાલ—ખંભાત પાસે કંસારી ગામના વીસાશ્રીમાલી દોશી વસ્તા પિતા, રીડી માતા, દશ વર્ષ ગૃહસ્થાવાસ, ૨૧ વર્ષ સંવરી પર્યાય, ૧૫ વર્ષ પટધર, સર્વાયુ ૪૬ સં. ૧૬૬૧ ખંભાતમાં સ્વર્ગવાસ.

૭ જિનદાસ—થરાદના શ્રીમાલી વુહરા જેસંઘ પિતા, જિમણાદે માતા, ૧૭ વર્ષ ગૃહસ્થાવાસ ૩૩ વર્ષ સંવરી પર્યાય, ૯ વર્ષ પટધર, સર્વાયુ ૫૯ સં. ૧૬૭૦માં રાજનગરમાં સ્વર્ગવાસ.

૮ તેજપાલ (૨)—ખંભાતના શ્રીમાલી સો. વસ્તુપાલ પિતા, કીકીબાઇ માતા, ૧૪ વર્ષ ગૃહસ્થાવાસ પછી સં. ૧૬૫૫માં જિનદાસ વચને સંવરી ૧૫ વર્ષ સંવરી, પટધર સં. ૧૬૭૦ છેલ્લાં સં. ૧૬૮૪

ખંભાતમાં ચોમાસું, (જુઓ લેખ સં. ૧૬૮૩ જ્યેષ્ટ શુદિ ૩ નો નં. ૮૦૧ નાહર. ૧; લેખ સં. ૧૬૮૧ ને ૧૬૮૩ બુ. ૨ નં. ૫૨૬ ને ૬૮૭)

—ઇતિ કડુઆ મતીના ગચ્છમાં પટ્ટાવલી અષ્ટમપદે વિરાજમાન આ શ્રી તેજપાલ પ્રસાદાત્ કલ્યાણેન સંવત ૧૬૮૫ પોષ શુદિ ૧૫ પુષ્ય નક્ષત્રે કૃતા આની ૩૬ પત્રની પ્રત મારી પાસે છે.

૯ કલ્યાણ—ખંભાતના દોસી હરખા પિતા, સહિજલદે માતા જન્મ સં. ૧૬૫૨ સા માવજીના વચનથી સં. ૧૬૬૪ માં સંવરી, સં. ૧૬૮૫ સુધી તેજપાલ સાથે વિચરે છે. તેણે ધન્યવિલાસ રાસ સં. ૧૬૮૫માં (૧–૫૨૬) વાસુપૂજ્ય ફાગ સં. ૧૬૯૬માં થરાદમાં ને અમરગુપ્ત ચરિત્ર સં. ૧૬૯૭માં અમદાવાદમાં રચ્યાં. (૧–૫૭૫).

[પ્ર. જૈનસાહિત્ય સંશોધક ૩–૩ પૃ. ૨૭૪ થી ૨૭૭.]

૧૦ લધુજી. ૧૧ થોભણ. ૧૨ લાધો સં. ૧૮૦૭ સુધી અવસ્ય વિદ્યમાન (લાધાશાહની ગૂ. કૃતિઓ માટે જુઓ નં. ૪૨૮ પૃ. ૪૯૬ જૈન ગૂ, ક. ભાગ બીજો તથા આ ગ્રંથ પૃ. ૧૪૨૧)

---

૭ આગમિક ગચ્છની પટ્ટાવલી

श्रीमद् **वीर** जिनेंद्रपट्टकमलालंकारहारः स्फुरन्
सूत्रोद्भूतगुणावलीपरिगतः स्वामी **सुधर्म्मा**जनि ।
तद्वंशे शतसंख्यसूरिमुकुट **चंद्रो** मुनींद्रोऽभवन्–
यस्माद् भूरि गुणा मुनीश्वरगुणाकीर्णा जयंति क्षितौ ॥१॥

વીર પ્રભુના ગણધર **સુધર્માસ્વામી**ની પરંપરામાં વજ્રસેન મુનિના શિષ્ય **ચંદ્ર** મુનિ થયા કે જેનાથી **ચંદ્રકુલ** નીકળ્યું. તેમાંથી અનેક સૂરિઓથી અનેક ગણો નીકળ્યા ને હાલ વર્ત્તે છે. હમણાં આગમિક, આંચલિક, ખરતર, તપાપક્ષ પ્રભતિ અન્ય ચતુર્દશી પૂર્ણિમા પક્ષો પ્રાયઃ ચંદ્રકુલથી ઉત્પન્ન થયેલ છે, એમ શ્રુતિ છે.

चांद्रे कुले सुविमले महिमानिधानः सूरि र्बभूव भुवि **शीलगणा**भिधानः
यो दुःषमा विषम पंकनिमग्नमुच्चै र्जैनागमोक्तविधिरत्नमिहोद्दधार ॥२॥

—તે સુવિમલ ચાંદ્રકુલમાં મહિમાના નિધાન એવા શ્રી શીલગણુ નામના સૂરિ થયા. કે જે પૂર્વે કનૂજ દેશના અધિપ શ્રી શટાનીક રાજાના કુમાર નામના પુત્ર હતા. તે લક્ષણુ સાહિત્ય છંદ અલંકારાદિ અનેક શાસ્ત્રના જ્ઞાતા થઇ પુનઃ એકદા વિધિવશ થઇ અનેક આખેટિક (શિકારી) સહિત મૃગયા રમવા ગયો. ત્યાં અતિ તીક્ષ્ણ બાણુપ્રહાર સગર્ભા હરિણી પર કર્યો કે તે હરિણી પોતાનાં બચ્ચાં-બાલકોને ટલવલતાં મૂકી મરણુ પામી. આ જોઇને રાજકુમાર દુઃખિત થઇ પોતે મહા પાપ કર્યું એમ લાગવાથી તીર્થયાત્રાએ જવાની આજ્ઞા લેવા પિતા પાસે ગયો. આ વાત જાણુતાં પિતાએ સોનાની સગાલા હરિણી પ્રાયશ્ચિત્ત માટે બનાવરાવી, ને તેના કકડા કરી બ્રાહ્મણોમાં વહેંચી આપ્યા. આ પ્રાયશ્ચિત્તથી કુમારને સંતોષ ન થયો, એટલે ગૃહને છોડી એકલો ચાલી નીકળ્યો. સ્થલવતી દેશમાં કોડંધૂટક નામના નગરે આવ્યો ત્યાં શ્રી વીરભવનમાં દેવને વાંદતા એક શ્રાવકને સ્તુતિ કરતો જોઇ તેના અર્થ સમજાવવાનું કહેતાં તે શ્રાવક ગુરૂ સિદ્ધસિંહ સૂરિ પાસે લઇ ગયો. સૂરિ પાસે અર્થ જાણી કુમાર પ્રતિબોધિત થયો ને તેની પાસે દીક્ષા લીધી. આગમાદિ ગ્રંથ જાણી આગમ-રહસ્ય સમજી ગીતાર્થ થયો. પરમ આગમમાં કહેલ અનુષ્ઠાન થતાં ન જોઇને ગુરૂને તેનું કારણુ પૂછયું. ગુરૂએ કહ્યું-સાંપ્રતમાં જેમ ચાલ્યું આવે છે તેમ ક્રિયા થાય છે-આગમોક્ત પ્રમાણે થતી નથી. ત્યારે શિષ્યે પૂછયું કે તેમ નથી થતું તો આજે ક્રિયા કરનાર છે તે આરાધક કે વિરાધક? ગુરૂએ કહ્યું આગમોક્ત ક્રિયા કરનાર તે આરાધક અને તેમ ન કરનાર તે વિરાધક. એટલે શિષ્યે ગુરૂના આદેશથી આગમની આજ્ઞા પ્રમાણે ૧૭ અક્ષરનો પરમેષ્ટિ મંત્ર, 'જીયભયાણું' સુધી શક્રસ્તવ, ત્રણુ સ્તુતિ વડે દેવવંદના, પાક્ષિક ચાતુર્માસિક પર્યુષણા આગમોક્ત પ્રમાણે, શ્રાવક સામાયિક ઇર્યાપથિકા પ્રથમ ઇત્યાદિ શ્રેણિ પ્રતર વર્ગ ધનભદ્ર મહાભદ્ર સર્વતોભદ્રાદિ આગમોક્ત જે વિધાન વગેરે છે તે આગમોક્તાનુષ્ઠાન કરતો કરાવતો સંવિગ્નવિહાર

વડે પૃથિવીમાં વિચર્યો. ભવ્યોને વિધિમાર્ગમાં પ્રવર્ત્તાવતો સર્વત્ર પ્રખ્યાતિ પામ્યો. તેવામાં લાટ દેશમાં ધાહડિ ગામમાં ખડ્ગહસ્ત નામના વિપુલ વંશના ઉત્તમ શ્રાવક વીરદેવ શ્રેષ્ઠિને તેની મિણી નામની સ્ત્રીથી ક્રમે ચાર પુત્ર થયા. ૧ મુનિચંદ્ર ૨ પ્રદ્યુમ્ન ૩ નેમિ ૪ યશોદેવ. અહીંતહીં વિહાર કરતાં પૂર્ણિમા પક્ષના દેવપ્રભ સૂરિ આવતાં તેમની દેશના સાંભળી યશોદેવ પ્રતિબોધ પામ્યો. તેણે માતાપિતાની આજ્ઞા લઇ દીક્ષા સં. ૧૧૯૬ વર્ષે લીધી. ક્રમે શાસ્ત્રાભ્યાસથી સકલ આગમ પારંગત થયો. તેણે પણ કુમારગણિ પેઠે ગુરૂ પાસે આગમ વિપરીત સર્વત્ર અનુષ્ઠાન થતાં જોઇ પ્રશ્ન કર્યો. ગુરૂનો એજ ઉત્તર મળ્યો કે આચરણાશ્રિત બાહુલ્યથી એ પ્રકારે થાય છે. આગમોક્ત પ્રકારે શક્ય નથી. ત્યારે ૧ યશઃકીર્ત્તિ (? યશોદેવ) મુનિએ ગુરૂની આજ્ઞાથી આગમોક્ત અનુષ્ઠાનથી આરાધકપણું છે એવો નિશ્ચય કરી સં. ૧૨૧૨ વર્ષે ગુરૂ પાસેથી આચાર્યપદ લઇ સર્વશાસ્ત્રો ગીતાર્થ પાસેથી સારી રીતે જાણી સં. **૧૨૧૪ વર્ષે આગમપક્ષ** પ્રકટ કર્યો.

પછી કુમાર ગણિ સાથે એકસંમતિ કરી કુમાર ગણિને આચાર્યપદે સ્થાપી પર્યાયે જ્યેષ્ઠ હોઇ તેને શ્રી **૨. શીલગણસૂરિ** એ નામ પ્રતિષ્ઠિત કરી તે સૂરિ સાથે અનેક ભવ્યોને આગમ વિધિમાં સ્થાપી ગચ્છ સંઘસ્થાપના કરી.

એકદા શ્રી દેવભદ્રસૂરિ અણહિલપત્તન પુરે દેવ વાંદવા શ્રી અરિષ્ટનેમિ પ્રાસાદે ગયા. ત્યારે ત્યાં શ્રી હેમસૂરિ સાથે શ્રી કુમારપાલ ભૂપાલ પણ આવ્યા હતા. તે રાજાએ દેવભદ્રસૂરિને ત્રણ સ્તુતિથી દેવવંદના કરતા જોયા એટલે હેમસૂરિને તેણે પૂછ્યું કે 'પ્રભો! આ કઇ જાતની દેવવંદના? તે વિધિપૂર્વક જણાય છે?' ત્યારે શ્રી હેમસૂરિએ જણાવ્યું 'રાજન્! આ વિધિ આગમિક છે, તેથી દેવભદ્રસૂરિની ખ્યાતિ આગમિક તરીકે થઇ. આમ તેમનો વૃત્તાંત કહેવાય છે કે કુમારપાલભૂપાલ સમક્ષ હેમસૂરિથી આગમિક એ

નામથી શ્રી દેવભદ્રસૂરિ પ્રતિષ્ઠિત થયા. શ્રી શીલગણસૂરિ ચિરકાલ સંયમ પાળી સ્વર્ગસ્થ થયા.

૩. તેમના પટ્ટે દેવભદ્રસૂરિ થયા.

श्री आगमोक्त विधिवर्त्मनि दुर्गमेऽत्र, यस्यैककस्य चलतोऽजनि यः सहायी सारागमार्थविधिवत् घटना पटीयान्, श्री देवभद्रगुरुरभ्युदियाय तस्मात् ॥३॥

૪. દેવભદ્રસૂરિ પટ્ટે ધર્મઘોષસૂરિ.

ततः श्रुतांभोनिधि शीतभानु र्गोभिर्विभिंदन् नितमां तमांसि ।
निरस्तदोषः कृतपुण्यपोषः श्री धर्म्मघोषः स्वगणं पुपोष ॥४॥

—ત્યારપછી શ્રુતરૂપી સાગરને ઉછાળનાર ચંદ્ર, ગો એટલે વાણીથી તમાંસિ એટલે પાપ નિતમ–અતિશય તોડી નાંખનાર, રાગાદિ દોષો જેણે ટાળ્યા છે એવા અને પુણ્યની પુષ્ટિ જેણે કરી છે એવા શ્રી ધર્મ્મઘોષસૂરિએ સ્વગચ્છને પોષ્યો. કેવી રીતે ? તે દેખાડે છે.

તેઓ આંતરઉલી ગામમાં રાત્રિએ સંસ્તારકે સુતા હતા ત્યાં કાળા સાપે દંશ માર્યો એટલે તેમણે સૂરિમંત્રના સ્મરણથી દુઃસહ વિષનો આવેગ નિવાર્યો, સવારે વારાહિકથી આવેલ લોકો દેવીના મઠમાં વિષાપહાર માટે ગયા ને તેના અધિપતિ પાસે ગુરૂને નિર્વિષ કરવા આવવા કહ્યું પણ તેણે કહ્યું વિષ ઉતારવું હોય તો ગુરૂ અહીં આવે તોજ થાય. આ વખતે દેવભદ્રસૂરિ આવી પહોંચ્યા. તેમણે સહસા ગરૂડ પક્ષિરાજના આગમનથી થાય તેવી રીતે ધર્મઘોષ સૂરિનું વિષ દૂર કર્યું. આથી જિનશાસનની મોટી ધર્મપ્રભાવના થઇ.

૫. યશોભદ્રસૂરિ.

तस्माद्यशोराशिविभासिताशः श्रीमान् यशोभद्रमुनींद्र आसीत् ।
रत्नत्रयीमूर्त्तिमतीव सम्यक् सूरित्रयी यस्य बभूव पट्टे ॥५॥

—તે શ્રી ધર્મ્મઘોષ સૂરિથી જેણે આશા એટલે દિશાઓ યશોરાશિથી ઉદ્યોતિત કરી છે એવા યશોભદ્રસૂરિ થયા કે જે સૂરિએ સ્થલવર્તી મંડલના ભૂષણરૂપ કોડંબિક નામના મહાનગરમાં શ્રી ભીમદેવ રાજાએ જેને 'રાણક'પદ આપ્યું છે એવા રાણક શ્રી રામ-

દેવ શાખાના સલખણુ જસા ગેલા પ્રમુખ દંડનાયકને પોતાના ઉપદેશથી પ્રતિબોધી આગમિક પક્ષના મુખ્ય શ્રાવક કર્યા. તેઓએ મહાવીરપ્રાસાદ સ્થાપ્યો ને તેમાં શ્રી મહાવીર મૂલનાયક વગેરે ચોવીસ બિંબો સ્થાપ્યાં તેમાં શ્રી યશોભદ્રસૂરિએ શ્રી સર્વાનંદસૂરિ, શ્રી અભદેવસૂરિ, શ્રી વયરસેન સૂરિને આચાર્યપદે સ્થાપ્યા. તે ત્રણ સૂરિઓ સાક્ષાત્ રત્નત્રયી (જ્ઞાન દર્શનને ચારિત્રરૂપી ત્રણ રત્ન) હોય નહિ એવા યશોભદ્રસૂરિની પાટે થયા.

૬. સર્વાનંદસૂરિ, અભયદેવસુરિ ને વજ્રસેનસૂરિ.

આ પૈકી અભયદેવસૂરિ વિહાર કરતાં આરાસણ નગર આવ્યા. તેમણે તે ક્ષેત્રની અધિષ્ઠાત્રી શ્રી અંબાવિ દેવીને પ્રતિબોધી–જીવહિંસા ત્યજાવી. તેનાથી તુષ્ટ થઇને ગુરૂને સુવર્ણ રૂપું વગેરેની ખાણો બતાવી ને વિજ્ઞપ્તિ કરી કે પ્રભુ! સ્વીકારો સુવર્ણરૂપાની ખાણોને. ગુરૂએ કહ્યું અમે નિર્ગ્રન્થ છીએ તેથી અમારે તેનું કામ છે નહિ, તું સમ્યગ્દષ્ટિ અહિંસક થા એટલે તેનાથી અમે સંતુષ્ટ રહીશું. ત્યારથી તે દેવી જૈનભક્તા થઈ. સર્વાનદ અને વજ્રસેન માટે નીચેના શ્લોક છે.

आद्यस्तत्र प्रोच्यदानंदकंदः श्रीमान् सर्वानंदसूरि र्विरेजे ।
यः सार्व्वीयं वाक्य सर्वस्वमुर्व्या माझारूपं सर्वदा विश्रुकारं ॥६॥
तदनु मनुजदेवैर्वंद्य पादारविंदे विदलितकुमतौघश्चारुचारित्रपात्रं ।
सुगुरुरभयदेवो गौतमाकारधारी गुणगणमणिखानिः सत्तपाब्रह्मचारी ॥७॥
श्री वज्रसेनसूरि स्तार्तीयीकस्ततस्त्रिरत्नाढ्यः ।
श्री सिद्धांतविचारं निकषा निकषायितं येन ॥८॥

૭ જિનચંદ્રસૂરિ

श्री सर्वानंद गुरूणां पट्टांबरभूषणे नभोरत्नं ।
षट्तर्क्के सार्वभौमस्ततोऽभवत् सूरि जिनचंद्रः ॥९॥

શ્રી આગમગચ્છના મૂલક્રમે સર્વાનંદસૂરિ પટ્ટરૂપી નભોમંડલના ભૂષણુ–સૂર્ય સમાન સકલતાર્કિકચક્રવર્તી ષડ્ભાષા કવિસાર્વભૌમ

વાગ્મીંદ્ર મુદ્રાવધિ શ્રી જિનચંદ્રસૂરિ થયા. તેમને અનેક નરેંદ્ર માન આપતા. એક વખત ગુહિલવાડિ દેશની રાજધાની લોલીયાણક નગરમાં બારસોની સંખ્યામાં વિંશોપક (વીશા) શ્રીમાલી શ્રાવક વણિકવાળા સંઘના આગ્રહથી ચાતુર્માસ રહ્યા ત્યારે શ્રી નેમિચરિત વ્યાખ્યાનમાં વાંચતા હતા ત્યારે શ્રીકૃષ્ણ ને જરાસંધનું યુદ્ધ વર્ણવતાં વીર રસ થોડો પ્રગટાવ્યો. મોખરા ગુહિલ નામનો રાજા સો સુભટ સહિત 'મારમાર' એમ બોલતો ઉગામેલી તરવાર સહિત એકદમ ઉભો થઈ ગયો, સર્વ પરિષદ્ ભયમાં પડી ગઇ-એટલે ગુરૂએ વળી શાંતરસાત્મક વચનથી તેમને શાંત પાડયા. પછી બીજી વખત પોતાના વ્યાખ્યાનમાં શાંતરસ પ્રગટાવ્યો એટલે ઘણા સભ્યો સહિત મોખરા ગુહિલ રોઈ પડયો. પુનઃ હાસ્ય રસનું અવતારણ કરતાં સર્વે હસી પડયા. આવી વ્યાખ્યાનલબ્ધિ જાણી મોખરા ગુહિલે ગુરૂની વાણીને 'નવરસાવતાર તરંગિણી' એ બિરૂદ આપ્યું. હમેશાં ગુરૂના સિંહાસન નીચે સોનાનાં કચોલાં મંડાવી તે વ્યાખ્યાન અવસરે આવી બેસતો. આમ સરસ્વતીએ જેને વરની કૃપા કરી છે એવા જિનચંદ્રસૂરિ ત્યાં લાંબો કાળ રહ્યા. એકદા લોલીયાણકમાં આઠ પંડિતો સહિત દામોદર નામનો પંડિત અનેક યાજ્ઞિક લોકો સહિત એક લક્ષ કરતાં વધુ દ્રવ્યના વ્યયથી હોમવાળો વાજપેય નામનો યજ્ઞ કરવા ઉદ્યત થયો. ત્યાં બત્રીશ બકરીઓ હોમ માટે લાવવામાં આવી. જિનચંદ્ર સૂરિને પૂર્ણિમા પક્ષના કનકાચાર્યે સંઘસહિત આવીને (અને) કમલશૈલ બૌદ્ધ પ્રમાણ ભાણકે વિજ્ઞપ્તિ કરી કે 'આપ શાસનપ્રભાવક વાદી પૂજ્ય અહીં હો ને આ લોકો જીવતાં બકરાંનો નિર્દયપણે હોમ કરે?' એટલે ગુરૂએ સંઘ સહિત કનકાચાર્ય નામના પોતાના શિષ્યને મોકલી યજ્ઞવાડે રાજાજ્ઞા અપાવી કે અમને વાદમાં જીત્યા પછી બકરાનો હોમ કરવો. વાદ થયો. તે મોખિર ગુહલ અને બીજા સભ્યોની સમક્ષ અઢાર દિવસ સુધી ચાલ્યો. ગુરૂએ આઠ પંડિત સહિત દામોદર પંડિતને હરાવી નિરૂત્તર કર્યો અને એ રીતે બત્રીશ બકરાને

વધથી મુક્ત કર્યાં. સંઘમાં મુખ્ય મુખ્યને એક એક આપી જીવાડયા. તે પછી કનકાચાર્યે શ્રી ગુરૂની સ્તુતિ સભાસમક્ષ કહી સંભળાવી.

साहित्ये सुहितः पदे परिणताभ्यासः प्रमायां पटु--
निष्णातो गणितागमेष्वपि भृशं सिद्धांतशुद्धांतरः ।
छंदोभेदविशारदः कविकुलाकेलीगृहं सद्यशाः
श्री सूरिर्जिनचंद्र एष जयतात् भूभृत्सभाभूषणं ॥१०॥

૮. આ જિનચંદ્રસૂરિનાં અવદાત છે. પછી **વિજયસિંહસૂરિ**

तत्पदे विनयसिंहसूरयो विश्रुता श्रुतविचारभूरयः ।
वाग्मिनो विजयिनो ऽथ तत्पदे भेजिरे ऽभयसिंह सूरयः ॥११॥

—શ્રી જિનચંદ્ર સુરિ પટ્ટે શ્રી **વિજયસિંહ સૂરિ** સિદ્ધાંતમાં કુશલ થયા.

૯. તેના પટ્ટે અતિ વાગ્મી નૃપસભારંજક વિજયી એવા શ્રી **અભયસિંહસૂરિ** વિરાજતા હતા.

श्रीमदागमिक मुख्यवंशजाः सूरयः समभवन्निमे सने ।
संति तत्पदकृपोपजीविनः श्रीयुता अमरसिंहसूरयः ॥ १२ ॥

૧૦. પછી **અમરસિંહ સૂરિ** થયા.

श्री अभयदेव सूरेः श्री सूरेर्वज्रसेन नाम्नोपि ।
कलिविलसितेन संप्रति जाते शाखे असत्प्राये ॥ १३॥

એટલે કે શ્રી **અભયદેવ** સૂરિ તેમજ શ્રી વજ્રસેન સૂરિની શાખા કલિપ્રભાવે હાલ પ્રાયઃ અવિદ્યમાન થઈ. (આ રીતે સંસ્કૃતભાષામાં સટીક શ્લોકમાં ગુર્વાવલી સમાપ્ત થાય છે. તે પ્ર૦ કાન્તિવિજયજીના ભંડારની પત્ર ત્રણની શ્રી જિનવિજયજી પાસેથી પ્રાપ્ત થઇ તે માટે તેમનો ઉપકાર છે.)

પ્રતિમાલેખો પરથી અને ગ્રંથની પુષ્પિકા પરથી **અમરસિંહ** સૂરિ અને ત્યાર પછી થયેલા સૂરિઓ સંબંધી જે પ્રાપ્ત થાય છે તે અત્રે નોંધવામાં આવે છેઃ—

અમરસિંહસૂરિના પ્રતિમાલેખો સં. ૧૪૫૧ ને સં. ૧૪૭૮ વિ., સં. ૧૪૬૫ નં. ૪૨૨ ને સં. ૧૪૭૦ નં. ૮૨૬ બુ. ૧, સં. ૧૪૬૨ અને સં. ૧૪૭૫ બુ. ૨.

૧૧. **હેમરત્નસૂરિ**—તેના પ્રતિમાલેખો બુ. ૧ માં સં. ૧૪૮૪ નં. ૯૦૦ ને ૧૨૩૧, સં. ૧૪૮૫ નં. ૪૨૩, સં. ૧૪૮૭ નં. ૧૨૨૬, સં. ૧૪૮૯ નં. ૪૪૦ ને ૧૩૪૬, સં. ૧૪૯૧ નં. ૧૨૬૯, સં. ૧૫૦૩ પૃ. ૧૩૨, ૧૫૦૪ નં. ૧૩૧૨, સં. ૧૫૧૨ નં. ૯૪, ૯૫, ૯૫૯ ને ૧૩૨૧, સં. ૧૫૧૫ નં. ૧૧૬૩ ને ૧૨૧૨ ને સં. ૧૫૨૧ નં. ૮૪૭ છે; બુ. ૨માં સં. ૧૫૦૩, સં. ૧૫૦૭, સં. ૧૫૧૨, સં. ૧૫૧૫, સં. ૧૫૧૬ ને સં. ૧૫૧૯ ના છે. વિ. માં સં. ૧૪૮૫, સં. ૧૫૦૫, સં. ૧૫૦૭ ને સં. ૧૫૧૯ના છે. નાoમાં સં. ૧૫૦૬, સં. ૧૫૧૨, સં. ૧૫૧૭, સં. ૧૫૧૯ ના છે. સં. ૧૫૦૦નો આત્માનંદ પ્રકાશ ૮ પૃ. ૧૮૫માં શ્રીસંડેસરાના પ્રકટ લેખમાં છે. સં. ૧૫૦૯નો જૈન યુગ ૫ પૃષ્ઠ ૧૧૦ માં છે. આ રીતે સં. ૧૪૮૫ થી ૧૫૨૧ તે વિદ્યમાન હતા એમ જણાય છે. તેના શિષ્ય **સાધુમેરૂએ** સં. ૧૫૦૧ માં પુણ્યસાર રાસ રચ્યો. (પૃ. ૪૫૨.) તેજ **સાધુમેરૂ** માટે સં. ૧૫૦૫ માં નૈષધ કાવ્યની પ્રત લખાઇ (જૈ. એ. ઈ. નં. ૧૨૦૫).

તેના સમયમાં તે ગચ્છના **સાધુરત્નસૂરિ** પટ્ટે **સિંહદત્તસૂરિ** કે જેના પ્રતિમાલેખ વિ. માં સં. ૧૫૧૦, ને સં. ૧૫૩૬, બુ. ૧માં સં. ૧૫૧૨ ને સં. ૧૫૨૩ના અને સં. ૧૫૧૨નો જૈ. સ. પ્ર. ૫ પૃ. ૧૬૨માં મળે છે અને જેણે સ્થૂલિભદ્રરાસ ગૂ. માં રચ્યો. (પૃ. ૧૪૯૪) તે, અને **જયાનંદસૂરિ** કે જેના લેખ બુ. ૧માં સં. ૧૪૭૨, બુ. ૨માં સં. ૧૪૭૬-૮૨-૯૬,ના. માં સં. ૧૪૮૮, વિ. માં સં. ૧૪૯૪ ના મળે છે, તે થયા. વળી જિનરાજસૂરિ પટ્ટે **જિનચંદ્ર** સૂરિનો સં. ૧૫૪૨ નો લેખ ઝઘડીયા મંદિરમાં મળે છે. સિંહદત્તસૂરિના શિષ્ય **સોમદેવસૂરિ** એ સં. ૧૫૭૩ માં સમ્યકત્વ કૌમુદી રચી, તેમજ બીજા શિષ્ય નામે **શિવકુમારસૂરિ** હતા કે જેના લેખ સં. ૧૫૭૮-૯-૮૦-૪-૭ના મળે છે. તે જયાનંદસૂરિના શિષ્ય **દેવરત્નસૂરિ** થયા તેનું વૃત્તાંત એ છે કેઃ—અણુહિલ્લપત્તનના પ્રાગ્વાટ વણિક અહોરા કરણિગને ત્યાં ભાર્યા કુતિગદેથી જન્મ, લગભગ પાંચ વર્ષની વયે જયાનંદસૂરિએ સં.

૧૪૬૭ માહ શુદ ૫ દિને માતાપતા સહિત પાટણમાં દીક્ષા આપી ને સં. ૧૪૯૩ વૈ. શુદ ૫ બુધે પાટણમાં સૂરિપદ આપ્યું. ને પોતાની ગાદીએ સ્થાપ્યા. (જુઓ દેવરત્નસૂરિ ફાગ). દેવરત્નસૂરિના લેખ વિ.માં સં. ૧૫૧૩-૨૩-૨૫-૨૭-૩૧; બુ. ૧માં સં. ૧૫૧૧, ૧૫૬૧; બુ. ૨માં સં.૧૫૦૮-૯-૧૩-૧૫-૧૬-૧૮-૨૫-૨૭-૨૯-૩૦-૩૧-૩૩; ના૦માં સં. ૧૫૧૭-૨૫-૩૧ તથા સં. ૧૫૨૩નો જૈન યુગ પુ. ૫ પૃ. ૩૭૬ ઉપલબ્ધ છે. અને તેના શિષ્ય **શીલસિંહે કોષ્ટક** ચિંતામણી (પ્રા) જ્યોતિષ પર સ્વોપજ્ઞ ટીકા રચી, અને બીજા એક શિષ્યે સં. ૧૫૭૬માં એક પ્રત લખી. ધોઘા ભંડાર. આ દેવરત્નસુરિના સમયમાં તેજ ગચ્છના **આણંદપ્રભસૂરિ**નો સં. ૧૫૧૩ નો (જૈન યુગ ૫ પૃ. ૧૧૧) તથા સં. ૧૫૨૦નો લેખ (આત્માનંદ પ્રકાશ ૮ પૃ. ૧૮૩) સાંપડે છે.

જયાનંદસૂરિના બીજા પટ્ટધર **વિવેકરત્નસૂરિ** થયા તેના લેખો બુ. ૧માં સં. ૧૫૪૪, બુ. ૨માં સં. ૧૫૪૬-૭-૯-૫૪-૫૯-૭૮ મળે છે. તેમના સૂરિપદનો ઉત્સવ સાંડેરાના વાસી પ્રાગ્વાટ જ્ઞાતિના પર્વત અને કાન્હા-કાકાભત્રિજાએ કર્યો કે જેમણે તે સૂરિના ઉપદેશથી આગમો લખાવરાવ્યાં કે જે પૈકી નિશીથચૂર્ણની નકલ સં. ૧૫૭૧માં થઇ હતી. (પુરાતત્ત્વ ૧-૧ પૃ. ૬૧)-તે સૂરિના શિષ્ય **સંયમરત્નસૂરિ** થયા કે જેના માટે સં. ૧૫૮૦માં લખાયેલી પ્રત. અને જેમના ઉપદેશથી સં. ૧૬૧૩માં લખાયેલી પ્રત ઉપલબ્ધ છે. (આ. ક) તેમજ સં. ૧૬૧૬માં લખેલા વિપાકસૂત્રની પ્રત રાધનપુર ભંડારમાં છે. (પ્ર. સં. પૃ. ૧૧૨) જેમના લેખ સં. ૧૫૯૯ બુ. ૧ નં. ૮૬૦, અને સં. ૧૫૯૧ બુ. ૨માં નોંધાયેલ છે. આ સૂરિના શિષ્ય જયરત્ન ગણિ શિષ્ય દેવરત્નગણિ શિષ્ય વિનયરત્ને સં. ૧૬૭૩ માઘ શુક્લ ૧૩ ભૃગુવાસરે લખેલી અભયદેવસૂરિ કૃત ભગવતી સૂત્ર ટીકા પત્ર ૪૧૮ની સચિત્ર લખી (મુનિ પ્રીતિવિજય પાસે).

આગમગચ્છની એક શાખા **ધંધૂકપક્ષીય-ધંધૂકીયા** થઇ. તેના સ્થાપક પ્રાયઃ **અમરરત્નસૂરિ** હતા કે જે ધંધૂકામાં રહેતા.

તેના લેખ સં. ૧૫૨૫થી ૧૫૪૭ સુધીના પ્રાપ્ત થાય છે-તેમના **સોમરત્નસૂરિ**-તેમના લેખો સં. ૧૫૪૮થી ૧૫૭૧ સુધીના મળે છે-તેમના **ગુણનિધાનસૂરિ**-તેમના **ઉદયરત્નસૂરિ** કે જેના સમયમાં ગુણમેરૂ શિષ્ય **મતિસાગરે** લઘુ ક્ષેત્રસમાસ ગૂ. પદ્યમાં સં. ૧૫૯૪માં રચ્યો (૧-૪૯૬ ને પૃ. ૬૧૫)-તેમના **સૌભાગ્યસુંદરસૂરિ** કે જેના સમયમાં તેજ **મતિસાગરે** સંગ્રહણી ઢાલ બંધ ગૂ. માં સં. ૧૬૦૫માં રચી. (પૃ. ૬૧૫) અને જેનો મુનિપરિવાર જ. નં.૧૯૪ સં.૧૬૧૦ના લેખમાં જણાવેલ છે.-તેમના **ધર્મરત્નસૂરિ** કે જેમના હસ્તાક્ષરમાં સં. ૧૬૨૬માં લખેલ જૂના રાસોનો ચોપડો (દે. લા.), ને જેની સં. ૧૬૪૦ની (પ્ર સં. પૃ.૧૩૩) તથા સં. ૧૬૪૪માં લખેલી પ્રત (પ્ર. સં. પૃ. ૬૭૧) ઉપલબ્ધ છે-તેમના **મેઘરત્નસૂરિ** થયા કે જેના સમયમાં વિમલપ્રબંધની પ્રત સં. ૧૬૭૮માં લખાઇ (પૃ. ૫૧૦)

આ ધંધૂકીઆ ઉપરાંત **બિડાલંબીયા** શાખા હતી. તેમાં **મુનિરત્નસૂરિ**-પછી **આનંદરત્નસૂરિ** કે જેના લેખ સં. ૧૫૭૧-૫-૬ના લેખ મળે છે-તેના **જ્ઞાનરત્નસૂરિ** થયા. તેના શિષ્ય હેમરત્નના શિષ્ય **ધર્મહંસે** નવવાડ ઢાલબંધ રચી સં. ૧૬૨૦ આસ. (પૃ. ૭૦૨) અને બીજા શિષ્ય ઉદયસાગર પરિવારમાં ભાનુભટ્ટ શિષ્ય **મંગલમાણિકયે** સં. ૧૬૩૮માં શરૂ કરી સં. ૧૬૩૯માં અંબડ રાસ ગૂ. માં રચી પૂરો કર્યો. (૧-૨૪૭).

આગમગચ્છના **માણિકયસુંદર** સૂરિના શિષ્ય **જયવલ્લભની** કૃતિઓ માટે જુઓ નં. ૬૫૬ પૃ. ૫૧૭ ને ૧૪૯૧.

---

૮ પૌર્ણમિક-પૂર્ણિમા ગચ્છની પટ્ટાવલી. (૧)

ચંદ્રપ્રભસૂરિ—સ્થાપક. મૂલ ચંદ્ર ગચ્છ. વિધિપક્ષનું મંડન કર્યું. અણહિલ્લપુર પાટણમાં ૮૪ વાદી આચાર્યોને જીત્યા. શ્રાવકોમાં પૂર્ણિમાની પાખી કરવાની પ્રરૂપણા પ્રતિષ્ઠા પામી. ઉન્માર્ગને દૂર કર્યો. ચૌદશીઆ એટલે ચૌદશને દિને પાખી કરવાની માન્યતાવાળા

પાંચ સૂરિને પોતાના મતમાં દીક્ષિત કર્યો. છત્રીસ સૂરિના સિદ્ધાંતનો સાર કાઢ્યો.

ધર્મઘોષસૂરિ—તેમને સિદ્ધરાજ નમતો હતો. તેમણે અન્યનાં મંદિરોને જિનમંદિરો પાંચસેં કરાવ્યા–ત્રણ લાખ દ્રમ્મ ખરચાવ્યા. ૫૧ વર્ષ મુનિપદ પાળ્યું. (જુઓ જૈ. સા. ઇ. પારા ૩૨૯)

દેવભદ્રસૂરિ, જિનદત્તસૂરિ, શાંતિભદ્રસૂરિ કે જેના પદ મહોત્સવ વખતે **પાદ્ર** ગામમાં મેઘ વરસ્યો હતો. (દેવભદ્રસૂરિ તથા શાંતિભદ્ર સંબંધી જુઓ પારા ૪૦૨ જૈ. સા. ઈ.)

ભુવનતિલકસૂરિ, રત્નપ્રભસૂરિ આગમના જ્ઞાતા, **હેમતિલકસૂરિ** કે જેણે કંથુદુર્ગ–કંથકોટમાં ગોધણ યક્ષને જિનમાર્ગમાં આણ્યો. **સમરસિંહ** રાજાને પ્રતિબોધ્યો.

હેમરત્નસૂરિ, હેમપ્રભસૂરિ, રત્નશેખરસૂરિ કે જેનો લેખ સં. ૧૪૩૨ બુ. ૨ નં. ૫૯૯ મળે છે.

રત્નસાગરસૂરિ—લેખ સં. ૧૪૦૫ વિ. નં. ૭૧, સં. ૧૪૫૦ જૈન યુગ ૫ પૃ. ૧૧૦. (તેમના એક પટ્ટધર **નરસિંહસૂરિ**નો સં. ૧૪૦૫નો લેખ વિ. નં. ૭૧ છે).

ગુણસાગરસૂરિ કે જેના લેખ સં. ૧૪૮૩ બુ. ૧ નં. ૧૧૭૮, બુ. ૨ નં. ૪૬૫ ને ૧૦૧૪, સં. ૧૪૮૬ બુ. ૨ નં. ૧૦૬૭, સં. ૧૫૦૪ બુ. ૧ નં. ૭૩૮. તેમની પાટે.

ગુણસમુદ્રસૂરિ—લેખ સં. ૧૪૯૨ વિ. નં. ૧૫૮, સં. ૧૫૦૧ બુ. ૧ નં. ૨૨૫, ના. ૨ નં. ૧૫૬૫, સં. ૧૫૦૪ વિ. નં. ૨૦૫, સં. ૧૫૦૫ જૈનયુગ ૫ પૃ. ૬૭૭, સં. ૧૫૦૬ બુ. ૧ નં. ૭૩૮–બુ. ૨ નં. ૧૦૭૯ વિ. ૨૨૨, સં. ૧૫૦૭ બુ. ૧ નં. ૪૨૫–બુ. ૨ નં. ૪૪૧, સં. ૧૫૦૮ બુ. ૧ નં. ૧૦૧૭–બુ. ૨ નં. ૯૫૭–ના. ૩ નં. ૨૩૨૬, સં. ૧૫૦૯ બુ. ૨ નં. ૧૦૩૪, સં. ૧૫૧૦ બુ. ૨ નં. ૯૬૪, સં. ૧૫૧૧ બુ. ૨ નં. ૧૩૮–૩૭૭–૪૬૨–વિ. ૨૬૭, સં. ૧૫૧૨ ના. ૩ નં. ૨૧૩૬. વળી જુઓ જૈ. સા. ઇ. પારા ૬૮૪. તેમના શિષ્ય

સત્યરાજ ગણિએ સં. ૧૫૧૪માં સંસ્કૃત શ્રીપાલ ચરિત્ર રચ્યું. (જૈન એ. ઈ. નં. ૧૩૧૮)

સુમતિપ્રભ સૂરિ—તેના પછી તેના ભાઇના પુત્ર

પુણ્યરત્નસૂરિએ બાલપણે ગચ્છનો ભાર સંભાળ્યો અને તે **પુણ્યરત્નસૂરિના** લેખો-સં. ૧૫૧૫ બુ. ૧ નં. ૧૦૬, સં. ૧૫૧૭ ના. ૨ નં. ૨૦૮૫, સં. ૧૫૧૮ બુ. ૨ નં. ૧૭૦, સં. ૧૫૧૯ બુ. ૧ નં. ૨૮૭ ના. ૨ નં. ૧૫૬૭, સં. ૧૫૨૨ બુ. ૨ નં. ૫૩૩, સં. ૧૫૨૪ બુ. ૧ નં. ૧૧૭૦–બુ. ૨ નં. ૧૦૮૧–ના. ૩ નં. ૨૫૮૪, સં. ૧૫૨૮ બુ. ૧ નં. ૮૮૭ સં. ૧૫૩૧ બુ. ૨ નં. ૪૪૦ ને ૪૪૯–વિ. નં. ૪૩૮ થી ૪૪૧ જેમાં તેને ગુણસમુદ્રસૂરિના પટ્ટે એમ સ્પષ્ટ જણાવ્યું છે.–ના. ૧ નં. ૬૬, સં. ૧૫૩૨ ના. ૨ નં. ૧૧૯૮, સં. ૧૫૫૩ બુ નં. ૧૨૦૦, સં. ૧૫૬૦ બુ. ૨ નં. ૭૭૪, સં. ૧૫૬૧ બુ. ૨ નં. ૧૦૧૬ તથા સં. ૧૫૪૭નો જૈનયુગ ૫ પૃ. ૩૭૭માં નોંધાયેલ છે.

સુમતિરત્નસૂરિ—શ્રીવંશ (શ્રીમાલી વંશ) પિતા મુંગાધર માતા પૂગી, પંદર વર્ષની વયે સં. ૧૫૪૭ વૈ. શુદ ૫ ગુરૂવારે સૂરિ પદ મળ્યું. તેનો ઉત્સવ **માંડવગઢના** સાહ દેવાના પુત્રે કર્યો. તેમના લેખો–સં. ૧૫૬૫ માંડવગઢનો જૈ. સ. પ્ર. ૪ પૃ. ૫૯૮ માં; સં. ૧૫૬૮ બુ. ૨ નં. ૪૧૯, સં. ૧૫૭૬ બુ. ૨ નં. ૩૦૫, સં. ૧૫૮૦ બુ. ૨ નં. ૨૭ અને સં. ૧૫૮૭ બુ. ૧ નં. ૧૨૩૪–ઉપલબ્ધ થાય છે.

(જુઓ જૈનયુગ પુ. ૫ પૃ. ૧૬૭ પર આપેલ પૂર્ણિમા ગચ્છની પટ્ટાવલી).

નીચેના **ગ્રંથકર્ત્તા** જે પ્રશસ્તિ સ્વગ્રંથમાં આપે છે તે પરથી:—

(૧) ઉક્ત **ધર્મઘોષથી** સૂરિપદ પામેલ **યશોઘોષસૂરિ** શિષ્ય **હેમપ્રભસૂરિએ** સં. ૧૨૪૩ માં **પ્રશ્નોત્તરમાલા** વૃત્તિ રચી (જૈન સા. ઇ. પારા ૪૮૭. (૨) **ધર્મઘોષના** શિષ્ય **ચક્રેશ્વરસૂરિના** શિષ્ય **શિવપ્રભસૂરિના** શિષ્ય **તિલકાચાર્ય** થયા. તેમણે સં. ૧૨૬૧ માં **પ્રત્યેકબુદ્ધચરિત**, સં. ૧૨૭૪ માં **જીતકલ્પ** પર વૃત્તિની રચના કરી

અને સં. ૧૨૭૭ માં ચંદ્રપ્રભસૂરિકૃત પ્રા. દર્શનશુદ્ધિ પર **ચક્રેશ્વર** સૂરિએ અધૂરી ટીકા મૂકી સ્વર્ગે જતાં તે પૂરી કરી. (જૈ. સા ઇ. પારા ૪૯૫, ૪૯૭ ને ૫૬૨.) (૩) **ચંદ્રસૂરિ–ત્રિદશપ્રભ–તિલક–ધર્મપ્રભ–અભયપ્રભ–રત્નપ્રભ**સૂરિ શિ. **કમલપ્રભે** સં. ૧૩૭૨ માં પુંડરીક ચરિત રચ્યું (જૈ. સા. ઇ. પારા ૫૮૮) આ કમલપ્રભ અને જેનો લેખ સં. ૧૩૮૭ ના બુ. ૨માં મળે છે તે **કમલપ્રભ**સૂરિ બંને એક હોઇ શકે.) (૪)**ગુણચંદ્ર**સૂરિ શિ. **જ્ઞાનચંદ્રે** રત્નાવતારિકા ટિપ્પન રચ્યું. સં. ૧૪૦૦ લગભગ.

વળી તે **ધર્મઘોષ**સૂરિની બીજી પરંપરા છેઃ—**ધર્મઘોષ–ભદ્રેશ્વર–મુનિપ્રભ–સોમપ્રભ–રત્નપ્રભ ચંદ્રસિંહ–દેવસિંહ–પદ્મતિલક શ્રીતિલક–દેવચંદ્ર પદ્મપ્રભ**સૂરિના શિષ્ય દેવાનંદ અપરનામ દેવમૂર્ત્તિએ સં. ૧૪૫૫ માં ક્ષેત્રસમાસ ને તે પર સ્વોપજ્ઞ વૃત્તિ રચી. (જૈ. સા. ઇ. પારા ૬૫૩.)

વિશેષમાં નીચેના સૂરિઓના પ્રતિમાલેખો સાંપડે છેઃ—

સોમતિલક સં. ૧૩૮૧ ના. ૨; **વિજયસેન** સં. ૧૩૮૪ જ. **વિદ્યાનંદ** સં. ૧૪૦૪ બુ. ૨ **ઉદયાનંદ** સં. ૧૪૦૬ બુ. ૧ નં. ૩૩૪ ને ૧૪૨૨; બુ. ૨ **વિદ્યાધર** સં. ૧૪૧૮ બુ. ૨ **ધર્મચંદ્ર** સં. ૧૪૨૦ જ. નં. ૫૭૬. **સુમતિસિંહ** સં. ૧૪૨૩ બુ. ૨, સં. ૧૪૫૯ બુ. ૧ નં. ૧૨૧૧ **લલિતપ્રભ** સં. ૧૪૧૫ બુ. ૧ નં. ૩૩૯ **ગુણભદ્ર** સં. ૧૪૨૯ બુ. ૨ (ગુણચંદ્રસૂરિ–ગુણપ્રભસૂરિ–ગુણભદ્રસૂરિના ગુરૂબંધુ **મતિપ્રભ**ને સં. ૧૪૨૭ માં તાડપત્રપર કલ્પસૂત્ર લખાવીને પ્રાગ્વાટ **સાંગા** ને **ગાંગા** નામના ભાઇઓએ ભેટ કર્યું. પ્ર. સં. પૃ ૪) **સોમપ્રભ** સં. ૧૪૩૨ બુ. ૧ નં. ૬૪૮ (**ધર્મઘોષ–ભદ્રેશ્વર–મુનિપ્રભ–સર્વદેવના** શિષ્ય **સોમપ્રભ** આ હોઇ શકે.) **હેમચંદ્રસૂરિ** પટ્ટે **લક્ષ્મીચંદ્ર** સં. ૧૪૪૪ બુ. ૧ નં. ૧૪૬૩. **શીતલચંદ્ર** સં. ૧૪૫૮ બુ. ૧ નં. ૭૮૪, **દેવચંદ્રસૂરિ** પટ્ટે **પાસચંદ્ર** સં. ૧૪૫૯ બુ. ૧ નં. ૧૧૮૯, તથા બુ. ૨; સં. ૧૪૭૪ જ.

નં. ૬૧૩ (આ ભીમપલ્લીય જયચંદ્રસૂરિના ગુરૂ હોઇ શકે.) **મુનિતિલક** સં. ૧૪૬૨ બુ. ૧ નં. ૪૮૫; સં. ૧૪૭૩ જ. નં. ૬૧૨ **સર્વાનંદ** સં. ૧૪૬૪ બુ. ૧ નં. ૧૪૮૫, ના. ૨ **વિદ્યાશેખર** સં. ૧૪૬૫ બુ. ૨, સં. ૧૪૬૮ બુ. ૧ નં. ૧૩૭૩, સં. ૧૪૮૯ના. ૨ **જયસિંહ** સં. ૧૪૬૮ બુ. ૧ નં. ૩૬૭ **જયતિલક** સં. ૧૪૭૨ બુ. ૨, સં. ૧૪૭૩ બુ. ૧ નં. ૧૨૨૫, સં. ૧૪૮૫ વિ. **પદ્માકર** સં. ૧૪૭૭ વિ. **જિનવલ્લભ** સં. ૧૪૭૯ વિ. **દેવેન્દ્રસૂરિ** પટ્ટે **જયપ્રભ** સં. ૧૪૬૫ જ., સં. ૧૪૮૧-૬-૭ ના. ૨ **વિમલચંદ્ર** સં. ૧૪૮૫ બુ. ૧ નં. ૬૮૧. **ગુણદેવ** સં. ૧૪૮૫ આત્માનંદ પ્રકાશ ૮ પૃ. ૧૮૪ **મુનિશેખરસૂરિ** પટ્ટે **સાધુરત્ન** સં. ૧૪૮૬ બુ. ૧ નં. ૩૬૭, સં. ૧૫૮૭-૯-૧૫૨૨ ના. ૨, સં. ૧૪૮૯-૧૫૧૩ -૧૫ બુ. ૨; સં. ૧૮૮૯-૧૫૦૩-૧૫ વિ., સં. ૧૫૦૬ બુ. ૧ નં. ૧૧૩૦, સં. ૧૫૧૩ બુ. ૧ નં. ૧૨૩૨. તેના શિષ્ય **મલયચંદ્ર** કે જે નીચેના મલયચંદ્રસૂરિ હોવા ઘટે તેણે સં. ૧૫૧૯ માં ત્રણ ગૂ. પદ્યકૃતિઓ રચી (નં. ૬૫૦ પૃ. ૪૭૪). **મલયચંદ્ર** સં. ૧૪૯૨ વિ. **જયપ્રભસૂરિ** પટ્ટે **જયભદ્ર** સં. ૧૫૦૦-૦૩ ના. ૩, સં. ૧૫૧૮ બુ. ૨ **વીરપ્રભ** સં. ૧૫૦૧ વિ; સં. ૧૫૦૬ ના. ૩, બુ. ૧ નં. ૧૪૮૧ ને સં. ૧૫૦૭ બુ. ૧ નં. ૨૩૧ **ગુણસુંદર** સં. ૧૫૦૪-૧૨-૨૩ વિ., સં. ૧૫૦૬-૭ બુ. ૨ **દેવાણંદસૂરિ** શિ. **દયાસાગર** સં. ૧૫૦૫ બુ. ૧ નં. ૧૦૫૧ **સાધુરત્નસૂરિ** પટ્ટે **સાધુસુંદર** સં. ૧૫૦૧-૧૭-૧૮-૧૯-૨૫-૨૬-૨૭-૩૧ બુ, ૧ નં. ૧૦૦૪, ૩૪૫ ને ૮૮૫, ૮૭૪, ૮૮૩, ૪૫, ૨૭, ૮૦૭, ૪૭; સં. ૧૫૧૯-૨૭-૩૦-૩૧ વિ., સં. ૧૫૧૭-૨૧-૨૫-૩૨ બુ. ૨; સં. ૧૫૨૧ ના. ૨, ના. ૩, અને વિ; સં. ૧૫૨૩-૨૯ ના. ૨; સં. ૧૫૨૭-૩૨ ના. ૧, સં. ૧૫૨૮-૩૬ જૈનયુગ ૫ પૃ. ૪૭૧ તથા ૩૭૬; સં. ૧૫૧૫-૧૫૨૩ જૈન સત્યપ્રકાશ ૫ પૃ. ૧૬૩ ને ૧૬૨ માં ને સં. ૧૫૧૮ નો તેજ માસિક ૪ પૃ. ૫૯૮ માં **મુનિતિલકસૂરિ** પટ્ટે

રાજતિલક સં. ૧૫૦૬ ને ૧૫૨૩ બુ. ૨, સં. ૧૫૧૧ જૈન યુગ ૫ પૃ. ૧૧૦, સં. ૧૫૧૧-૧૭-૧૯ ના. ૨, સં. ૧૫૧૨-૧૯-૨૪-૨૯ બુ. ૧ નં. ૨૭૫, ૩૦૧ ને ૯૨૪, ૭૬, ૩૩; સં. ૧૫૧૨-૧૯ વિ. સં. ૧૫૨૪ જૈ. સ. પ્ર. ૫ પૃ. ૧૬૩ રાજતિલક શિ. **વિનય-તિલકસૂરિ**ના શિ. ઉદયભાણુ-ઉદયભાનુએ સં. ૧૫૬૫ માં વિક્રમસેન રાસ રચ્યો (૧-૧૧૩) **રાજતિલકસૂરિ** પટ્ટે **ગુણતિલક** સં. ૧૫૦૬-૭-૧૮-૨૦-૨૩-૨૪-૪૮ બુ. ૨; સં. ૧૫૨૪ વિ. તથા બુ. ૧ નં. ૧૫૧૦; **વીરપ્રભસૂરિ** પટ્ટે **કમલપ્રભ** સં. ૧૫૧૦ ના. ૨; સં. ૧૫૧૩-૧૫-૨૫ વિ., સં. ૧૫૩૦ બુ. ૨ **જયચંદ્ર** સં. ૧૫૧૧-૧૫ ના. ૧; **મુનિસુંદર** સં. ૧૫૧૩ બુ. ૧; **જયશેખર** સં. ૧૫૧૫ બુ. ૨ **મુનિસિંહ** સં. ૧૫૧૫ ના. ૩; સં. ૧૫૩૧ જૈનયુગ ૫ પૃ. ૩૭૫; સં. ૧૫૫૯ ના. ૨. **મહિતિલક** સં. ૧૫૧૫ ના. ૧ **ગુણસમુદ્રસૂરિ** પટ્ટે **ગુણધીર** સં. ૧૫૧૬-૧૮-૩૨ ના. ૩; સં. ૧૫૧૬-૧૮-૧૯-૩૮ બુ. ૧ નં. ૧૦૯ ને ૯૬૦, ૧૬૬, ૧૯ ને ૧૦૨૨, ૧૬૬, ૩૪૬; સં. ૧૫૩૧ બુ. ૨ તથા જૈન સત્ય-પ્રકાશ ૫ પૃ. ૧૬૪ (૧-૧૧૦).

સાગરતિલક—સં. ૧૫૧૮ ના. ૧. **જિનભદ્રસૂરિ** પટ્ટે **ધર્મશેખર** સં. ૧૫૨૦ બુ. ૧ નં. ૧૧૧૨. **વિજયચંદ્ર** સં. ૧૫૨૨-૨૬ ના. ૧. **રાજતિલકસૂરિ** પટ્ટે **ગુણતિલક** સં. ૧૫૨૪ બુ. ૧ નં. ૭૬, સં. ૧૫૩૨ ના. ૨, સં. ૧૫૫૭ બુ. ૨. **જયશેખરસૂરિ** પટ્ટે **વિશાલરાજ** સં. ૧૫૨૫ વિ. **દેવેન્દ્ર** સં. ૧૫૩૦-૭૩ બુ. ૨. **વિદ્યાસુંદર** સં. ૧૫૩૨ વિ. **સાવચંદ્ર** સં. ૧૫૩૩ બુ. ૧ નં. ૬૬૫. **સિદ્ધ** સં. ૧૫૩૪ બુ. ૧ નં. ૧૯૫. **લક્ષ્મીપ્રભ** સં. ૧૫૪૩ બુ. ૨ **સોમચંદ્ર** સં. ૧૫૨૫ જૈ. સ. પ્ર. ૫ પૃ. ૧૬૩, સં. ૧૫૮૪ બુ. ૧ નં. ૮૮૬. **ગુણરત્ન** સં. ૧૫૪૭ વિ., સં. ૧૫૪૯ બુ. ૨. **જયચંદ્રસૂરિ** પટ્ટે **જયરત્ન** સં. ૧૫૪૭ ના. ૨. **સૌભાગ્યરત્ન** (ગુણધીરસૂરિના પટ્ટધર) સં. ૧૫૪૮ ના. ૨. તેમના શિષ્ય ધર્મદેવની ગૂજ-

રાતી કૃતિઓ સં. ૧૫૫૪ થી ૧૫૬૩ ની માટે જુઓ (૧-૧૦૮) **પુણ્યરત્નસૂરિ** પટ્ટે **મુનિરત્ન** સં. ૧૫૮૦ શુ. ૧ નં. ૯૫૪, સં. ૧૬૦૦ ના. ૧ **સૌભાગ્યરત્નસૂરિ** પટ્ટે **ગુણમેરૂ** સં. ૧૫૮૮ શુ. ૧ નં. ૧૦૭૦; સં. ૧૫૯૧ શુ. ૨ (જુઓ ૧-૧૧૦) ગુણમેરૂસૂરિના શિષ્ય **રત્નસુંદરસૂરિએ** સં. ૧૬૨માં પંચોપાખ્યાન ચો., સં. ૧૬૩૪ માં રત્નવતી ચો., સં. ૧૬૩૮ માં શુકબહોતરી, સં. ૧૬૪૧ માં સપ્તવ્યસન ચો. ની ગૂ૦ પદ્યમાં રચના કરી (૧-૨૩૦, પૃ. ૭૨૦ ને પૃ. ૧૫૧૩).

પૂર્ણિમા ગચ્છ પટ્ટાવલી (પ્રધાનશાખા-ઢંઢેરીયા શાખા) (૨)

[તપાગચ્છ પટ્ટાવલીમાં ૩૯ પટ્ટધર આપી ૪૦મા મુનિચંદ્ર સૂરિ બતાવેલ છે. તેમાં જણાવ્યું છે કે તે મુનિચંદ્રસૂરિના ગુરૂભ્રાતા ચંદ્રપ્રભાચાર્યે શ્રાદ્ધ-પ્રતિષ્ઠા સ્થાપી પૂર્ણિમા દિને પાખી કરવાની પ્રરૂપણા કરી તેથી સં. ૧૧૫૯ માં પૌર્ણિમીયક મતની ઉત્પત્તિ થઇ. તેના પ્રતિબોધ અર્થે મુનિચંદ્રસૂરિએ પાક્ષિક સપ્તતિકા ગ્રંથ રચ્યો. જુઓ જૈ. ગૂ કવિઓ ભાગ ૨. પૃ. ૭૧૨. મેં છાણીમાં પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજીના ભંડારમાં દાબડો ૨૧ નં. ૨૬૫ ની પ્રતમાંથી ઉતારેલ પટ્ટધર સૂરિઓની નોંધ અત્ર મૂકું છું અને તેમાં પ્રતિમા લેખોનો ઉલ્લેખ કૌંસમાં મૂકી ઉમેર્યો છે.]

૩૯ ચંદ્રપ્રભ. વિ. સં. ૧૧૧૪ જન્મ, સં. ૧૧૨૪ દીક્ષા, સં. ૧૧૩૫ પદસ્થાપના. કોઇક દિવસે ચંદ્રપ્રભના ગુરૂભાઇ મુનિપ્રભાચાર્યે ચઉદશીયાને ચૈત્યે......**પુનિમિયા** એમ છઠું નામ પાડયું. યતઃ

जयंति चंद्रप्रभसूरयस्ते दूरीकृतांहः प्रसरा नराणां ।

ये पूर्णिमासीं कलिपंकमग्नां समुद्धरंति स्म चिरेण गोवत् ॥१॥

સં. ૧૧૫૯ (? ૧૧૪૯) પુનમ ઉદ્ધરી તે પંચશાખામાંહિ વડી **ઢંઢેરીયા પુનિમિયાની** શાખા, યતઃ

चिरं स जीयादिह कल्पवृक्षः श्री पूर्णिमापक्ष इति प्रसिद्धः ।

शाखास्वशेषास्वपि यस्य शाखा सा पंचमी नंदतु सातिरेका ॥१॥

વડુદ્રિયા પુનિમ શાખા.

સર્વાયુ ૫૨ વર્ષ સં. ૧૧૬૬ માં સ્વર્ગસ્થ. (જુઓ જૈ. સા. ઇ. પારા ૨૯૯).

૪૦ **ધર્મઘોષ.** ૫૦ વર્ષ સુધી આંબિલ તપ કીધું.

૪૧ **સમુદ્રઘોષ.** થિરાપદ્રીય દેશમાં કોઈ ગ્રામે ચૈત્યમાં જિનબિંબ પ્રતિષ્ઠા માંડી, ત્યાં દિનદિન પ્રતિ અમારિ ઢંઢેરો ફેરવાવ્યો, તદા લોકે તે કુટુંબનું નામ ઢંઢેર એહવું પાડયું. તે ઢંઢેર કુટુંબના ખોના, ઝાંઝણ, પ્રમુખે અણુહિલ્લપુર પાટણમાં વાસ પૂર્યો-પાટક વસાવ્યું, ને તે ઢંઢેરવાડક કહિવરાવ્યો. મહાવીર પ્રાસાદ નવો કરાવી થાપ્યો આગલ પૌષધશાળા કરાવી. ગુરૂ ચોમાસું રહ્યા. **ઢંઢેરીયા પુનિમિયા** લોકે કહ્યા. (જુઓ જૈ. સા. ઇ. પારા ૩૨૯ ને તેમના શિષ્ય **મુનિરત્ન**સૂરિ માટે જુઓ તેનો પારા ૪૦૪).

૪૨ **સુરપ્રભ.** ૪૩ **જિનેશ્વર**—બહુ ચરિત્ર પ્રકરણ કર્ત્તા.

૪૪ **ભદ્રપ્રભ**—તેણે કુટિલ જટાધારી જીત્યો ૪૫ **મુનિચંદ્ર**—બહુ પ્રકરણ વૃત્તિ કર્ત્તા. ૪૬ **પુરૂષોત્તમ**—જિનબિંબ ભરાવ્યાં.

૪૭ **દેવતિલક**—ચક્રેશ્વરી આરાધી શત્રુંજયે છઠ અઠમ તપ વાળી ૯૯ યાત્રા કરી.

૪૮ **રત્નપ્રભ**—છ વિગયત્યાગી ૪૯ **તિલકપ્રભ**-અનેક સમ્મેત શિખરાદિ તીર્થયાત્રા કરનાર. ૫૦ **લલિતપ્રભ.** ૫૧ **હરિપ્રભ**—પાર્શ્વનાથાદિ જિનચરિત્ર કર્ત્તા. ૫૨ **જયસિંહ.**

૫૩ **જયપ્રભ** (લેખ સં. ૧૫૧૨ ને સં. ૧૫૧૯ નં. ૯૬૩ ને ૭૪૩ બુ. ૨, સં. ૧૫૧૭ ને સં. ૧૫૧૯ વિ. નં. ૩૧૪ ને ૩૨૯, સં. ૧૫૨૫ નં. ૧૪૯૨ બુ. ૧, સં. ૧૫૨૮ નં. ૨૩૪૬ ના. સં. ૧૫૪૭ નં. ૪૯૪ વિ.

૫૪ **ભુવનપ્રભ** (લેખ સં. ૧૫૫૧ નં. ૨૨૦૨ ના.)

૫૫ **કમલપ્રભ.** ૫૬ **પુણ્યપ્રભ** લેખ સં. ૧૬૦૦ જૈનયુગ ૫ પૃ. ૪૬૮, સં. ૧૬૦૮ નં. ૧૨૪ બુ. ૧. ૫૭ **વિદ્યાપ્રભ.**

૫૮ **લલિતપ્રભ**--(લેખ સં. ૧૬૫૪ નં. ૧૦૧ બુ. ૧ સં. ૧૬૫૫ માં ચંદરાજા રાસ પાટણમાં રચ્યો, ઉપરાંત સં. ૧૬૫૮ માં પાટણચૈત્યપરિપાટી અને ધંધાણી તીર્થ સ્ત૦ સં. ૧૬૬૯ માં રચ્યાં (૧-૩૨૦, પૃ. ૮૨૬). ૫૯ **વિનયપ્રભ.**

૬૦ **મહિમાપ્રભ**—(પાલણપુર પાસે ગોલા નામના પોરવાડ શાહ વેલા પિતા, અમરાદેવી માતા, જન્મ સં. ૧૭૧૧ આશ્વિન વદિ ૯, નામ મેઘરાજ, દીક્ષા સં. ૧૭૧૯, દીક્ષાનામ મેઘરત્ન, સૂરિપદ સં. ૧૭૩૧ ફા., નામ મહિમાપ્રભસૂરિ, સ્વ. સં. ૧૭૭૨ માગશર વદ ૯. જુઓ પૃ. ૧૪૨૫. લેખ સં. ૧૭૬૮ નં. ૩૩૨ બુ. ૧.)

૬૧ **ભાવપ્રભ** સૂરિ. (પિતા માંડણ, માતા બાદલા, દીક્ષા નામ ભાવરત્ન. સં. ૧૭૬૯ માં હરિબલમચ્છી રાસ, સં. ૧૭૭૫ માં અંબડ રાસ, સં. ૧૭૯૭ સુભદ્રા સતી રાસ, સં. ૧૭૯૯ માં બુદ્ધિ વિમલા રાસ આદિ અનેક ગૂ૦ પદ્ય કૃતિઓ રચી. (૨-૫૦૩, પૃ. ૧૪૨૪) પ્રતિમા લેખ સં. ૧૭૭૪ જૈનયુગ ૫ પૃ. ૪૭૦. જ્યોતિર્વિદા-ભરણ પર સંસ્કૃત ટીકા તેમજ સં. ૧૭૯૩ માં યશોવિજય ઉ૦ કૃત પ્રતિમા શતક પર લઘુટીકા રચી. તેમના હાથની સં. ૧૭૬૯ ની દેવધર્મપરીક્ષાની પ્રત આ. ક. માં છે. (જુઓ જૈ. સા. ઇ. પારા ૯૬૮) તેના શિષ્ય પુણ્યરત્ને તપાગચ્છના ન્યાયસાગર ગણિ પર ગૂ૦ રાસ સં. ૧૭૯૭ માં રચ્યો (૨-૫૮૫)

સાધુ પૂર્ણિમાગચ્છ પટ્ટાવલી (૩)

(નીચેની નં. ૩ થી ૯ની પટ્ટાવલીઓ લેખાદિપરથી મેં ઉપસ્થિત કરી છે.)

૧ **જિનસિંહ**—સં. ૧૪૦૬-૨૧ જ. નં. ૫૬૯ ને ૫૭૭. સં. ૧૪૫૪ (?) બુ. ૧ નં. ૧૧૯૭.

૨ **ધર્મચંદ્ર**—સં. ૧૪૨૦-૨૧ જ. નં. ૫૭૬ ને ૫૭૯.

૩ **ધર્મતિલક**—લેખ સં. ૧૪૩૩ બુ. ૧ નં. ૧૧૨૭, સં. ૧૪૩૯-૫૩ જ. નં. ૪૨૫, નં. ૬૦૬, સં. ૧૪૫૭ બુ. ૧ નં. ૧૧૭,

૪ **ધનતિલક** લેખ સં. ૧૪૩૫ બુ. ૧ નં. ૧૩૭૪, અને **હીરાણંદ** સં. ૧૪૯૧ જ. નં. ૬૨૫. ૫ **અભયચંદ્ર**.

૬ **રામચંદ્ર** લેખ સં. ૧૪૭૭ બુ. ૧ નં. ૧૩૦૧, સં. ૧૫૦૪ બુ. ૨ (અભયચંદ્રસૂરિ શિ. રામચંદ્રસૂરિએ વિક્રમચરિત્ર સં. ૧૪૯૦માં સંસ્કૃતમાં રચ્યું.) તેના મુનિપરિવાર માટે જુઓ સં. ૧૪૮૬નો લેખ જ. નં. ૩૪૨.

૭ **પૂણ્યચંદ્ર** લેખ સં. ૧૫૦૫ જૈનયુગ ૫ પૃ. ૪૭૧; સં. ૧૫૦૬-૦૯ બુ. ૨ સં. ૧૫૦૮-૦૯-૨૪ બુ. ૧ નં. ૮૪૦, ૧૪૯ ને ૩૨૩, ૮૪૩. (તેમના સમયમાં **સાગરચંદ્ર** સૂરિ પટ્ટધર **સોમચંદ્ર** સૂરિનો સં. ૧૫૦૯ બુ. ૧ નં. ૭ લેખ મળે છે).

૮ **વિજયચંદ્ર** લેખ સં. ૧૫૧૩ બુ. ૧. ૯ **ઉદયચંદ્ર** લેખ સં. ૧૫૫૦ બુ. ૧ નં. ૧૦૯૮, સં. ૧૫૬૧ બુ. ૨.

૧૦ **મુનિચંદ્ર-મુનિરાજ** સં. ૧૫૭૨ બુ. ૧ નં. ૪૨૯.

૧૧**વિદ્યાચંદ્ર** સં. ૧૫૯૬ બુ. ૧ નં. ૧૧૨૮.

આ વિદ્યાચંદ્ર સૂરિના શિષ્ય લબ્ધિરાજના શિષ્ય હર્ષરાજે સુરસેન રાસ સં. ૧૬૧૩માં અમદાવાદમાં રચ્યો (૧-૨૦૪, પૃ. ૬૭૫)

ભીમપલ્લીય પૂર્ણિમા ગચ્છ પટ્ટાવલી (૪)

ભીમપલ્લી એટલે ભીલડી, એ ડીસા કેંપથી આઠ ગાઉ પશ્ચિમ દિશાએ આવેલું ગામ છે. ત્યાંથી ઉત્પન્ન થયેલ માટે ભીમપલ્લીય નામ પડયું. તે સંબંધી જુઓ ઇતિહાસરસિક મુનિવર કલ્યાણવિજયનો 'જૈનતીર્થ ભીમપલ્લી ને રામસૈન્ય' નામનો લેખ જૈનયુગ ૫ પૃ. ૬૦.

ચંદ્રપ્રભ-ધર્મઘોષ-સુમતિભદ્રના વંશે (**પાસચંદ્રસૂરિના** પટ્ટધર)

૧ **જયચંદ્રસૂરિ** ભીમપાલ્લિય કુલના ભૂષણ રૂપ થયા. લેખ સં. ૧૪૯૨-૧૫૦૨-૬-૭-૮-૯-૧૬-૨૦-૨૩ બુ. ૧ નં. ૯૦૨ ને ૧૨૪૦, ૨૩૦, ૩૦૯, ૧૧૩, ૮૨૭, ૯૩૧, ૨૧૬, ૨૯૯ ને ૩૦૫,

૨૯૯/૩-સં. ૧૫૦૩-૪-૧૬-૧૮-૨૪-૨૬ બુ. ૨; સં. ૧૪૯૪ આત્માનંદપ્રકાશ ૮ પૃ. ૧૮૩.

૨ **ભાવચંદ્ર** તેણે સં. ૧૫૩૫ માં **શાંતિનાથચરિત્ર** સંસ્કૃત ગદ્યમાં રચ્યું. ૩ **ચારિત્રચંદ્ર** લેખ સં. ૧૫૩૬ બુ. ૧ નં. ૩૪૪.

૪ **મુનિચંદ્ર** લેખ સં. ૧૫૫૮-૯૧ બુ. ૨; સં. ૧૫૬૦-૭૮ બુ. ૧ નં. ૬૫, ૩૮૫; સં. ૧૫૭૮-૯ જૈનયુગ ૫ પૃ. ૪૬૮; સં. ૧૫૭૫ ના. નં. ૨૪૬૯; સં. ૧૫૭૬ ના. નં. ૧૩૦૨; સં. ૧૫૭૭ ના. નં. ૧૩૨. તેના શિષ્ય વિદ્યારત્ને કુર્માપુત્રચરિત્ર સંસ્કૃતમાં સં. ૧૫૭૭માં રચ્યું (જૈ. સા. ઇ. પારા ૭૫૮) તથા બીજા શિષ્ય જયરાજે ગૂ૦ માં મત્સ્યોદર રાસ સં. ૧૫૫૩ માં રચ્યો (૧-૯૫) જુઓ (૧-૧૩૯ પૃ. ૫૮૫).

૫ **વિનયચંદ્ર**-લેખ સં. ૧૫૭૮ બુ. ૧ નં. ૩૮૩, સં. ૧૫૯૮ જૈનયુગ ૫ પૃ. ૬૬.

ભટ્ટારક લક્ષ્મિચંદ્રસૂરિ-**વીરવિમલ** ને લબ્ધિવિજય પૈકી લબ્ધિવિજયે સં. ૧૭૬૧ માં સુમંગલાચાર્ય ચો. રચી (૨-૪૫૮) ને લબ્ધિવિજયશિષ્ય **સૌભાગ્યવિજયે** સં. ૧૬૮૪ (? ૧૭૮૪)માં ગંગદાસકૃત વંકચૂલરાસની પ્રત લખી (૧-૪૮૪).

પૂર્ણિમા ગચ્છ-ચતુર્થશાખા (૫)

ધર્મશેખર પટ્ટે **વિશાલરાજ** લેખ સં. ૧૫૨૫-૩૦ બુ. ૨; ૨; સં. ૧૫૩૦ બુ. ૧ નં. ૪૫૭, ૪૬૬, ૪૮૮, ૫૮૯, ૧૩૫૩.

પદ્મશેખરપટ્ટે જિનહર્ષ લેખ સં. ૧૫૭૨ બુ. ૧ નં. ૬૬૭; સં. ૧૫૭૭ બુ. ૨.

પૂર્ણિમા ગચ્છ-વટપદ્રીય શાખા (૬)

દેવસુંદર લેખ સં. ૧૫૪૭ વિ. નં. ૪૯૫; સં. ૧૫૫૩ ના. ૩

લબ્ધિસુંદર લેખ સં. ૧૫૬૯ બુ. ૧ નં. ૧૫૬૯; સં. ૧૫૭૫ બુ. ૨

(વટપદ્રીય એટલે વડોદરાની શાખામાં ઉક્ત લબ્ધિસુંદરસૂરિના પરિવારમાં કરૂણાસાગર શિ૦–ભાનુમેરૂના શિષ્ય લક્ષ્મીચંદ, ભોજકુમાર ને સારંગ થયા કે જે સારંગે સં. ૧૬૧૨ માં પૌર્ણમિક મુનિચંદ્ર સૂરિકૃત પ્રાકૃતમાં રસાઉલોની પ્રત લખી (૧–૧૩૯ ને પૃ. ૫૮૫)

પૂર્ણિમા ગચ્છ–બોરસિદ્ધીય શાખા (૭)

ઉદયસુંદર સૂરિ પટ્ટે જ્ઞાનસાગરનો લેખ સં. ૧૬૦૧ બોરસિદ્ધ–બોરસદનો જૈ. સ. પ્ર. ૪ પૃ. ૫૯૯

પૂર્ણિમા ગચ્છ–ભૃગુકચ્છીય શાખા (૮)

સાગરદત્ત લેખ સં. ૧૫૭૫ બુ. ૨.

પૂર્ણિમા ગચ્છ–છાપરીયા શાખા (૯)

હર્ષરત્ન લેખ સં. ૧૬૧૦ બુ. ૨

---

૯ પલ્લીવાલ ગચ્છ પટ્ટાવલી. (૧)

(શ્રી અગરચંદ નાહટાએ લખી મોકલેલ પટ્ટાવલી શ્રી આત્માનંદ જન્મશતાબ્દી સ્મારક અંકના હિન્દી વિભાગ પૃ. ૧૮૨ માં પ્રકટ થઇ છે તેમાંથી અત્ર મૂકવામાં આવે છે.)

શ્રી મહાવીરની ૮ મી પાટે સ્થૂલિભદ્ર પછી ૯ સુહસ્તિ ૧૦ ઇંદ્રદિન ૧૧ આર્યદિન્ન ૧૨ સિંહગિરિ ૧૩ વજ્રસ્વામી ૧૪ વજ્રસેન ૧૫ ચંદ્રસૂરિ ચંદ્રગચ્છના સ્થાપક સં. ૧૩૦. ૧૬ શાંતિ સં. ૧૯૧(૧૬૧) સ્વ. સં. ૧૮૦ તેના આઠ આચાર્ય શિષ્ય (૧) મહેંદ્રથી મથુરાવાલગચ્છ (૨) શાલિગથી શ્રીપુરવાલ ગચ્છ (૩) દેવેન્દ્રથી ખંડેલવાલ ગચ્છ (૪) આદિત્યથી સોઝિતવાલ ગચ્છ (૫) હરિભદ્રથી મંડાવરા ગચ્છ (૬) વિમલથી પત્તનવાલ ગચ્છ (૭) વર્દ્ધમાનથી ભરવછેવાલ ગચ્છ ને (૮)

જસોદેવથી પલ્લિવાલ ગચ્છ ૧૭ **જસોદેવ**—સં. ૩૨૯ વૈ. સુદિ ૫ પ્રલ્હાદે પ્રતિબોધિત **પલ્લિવાલ** ગચ્છની સ્થાપના. સ્વ. સં. ૩૯૦ (?) ૧૮ **નન્ન** સ્વ. સં. ૩૫૬ ૧૯ **ઉદ્યોતન** સ્વ. સં. ૪૦૦. ૨૦ **મહેશ્વર** સ્વ. સં. ૪૨૪. ૨૧ **અભયદેવ** સ્વ. સં. ૪૫૦. ૨૨ **આમદેવ** સ્વ. સં. ૪૫૬ ૨૩ **શાંતિ** સ્વ. સં. ૪૫(૯?)૫ ૨૪ **યશોદેવ** સ્વ. સં. ૫૩૪ ૨૫ **નન્ન** સ્વ. સં. ૫૭૦ ૨૬ **ઉદ્યોતન** સ્વ. સં. ૬૧૬ ૨૭ **મહેશ્વર** સ્વ. સં. ૬૪૦ ૨૮ **અભયદેવ** સ્વ. સં. ૬૮૧ ૨૯ **આમદેવ** સ્વ. સં. ૭૩૨ ૩૦ **શાંતિ** સ્વ. સં. ૭૬૮ ૩૧ **યશોદેવ** સ્વ. સં. ૭૯૫ ૩૨ **નન્ન** સ્વ. સં. ૮૩૧ ૩૩ **ઉદ્યોતન** સ્વ. સં. ૮૭૨ ૩૪ **મહેશ્વર** સ્વ. સં. ૯૨૧ ૩૫ **અભયદેવ** સ્વ. સં. ૯૭૨ ૩૬ **આમદેવ** સ્વ. સં. ૯૯૯ ૩૭ **શાંતિ** સ્વ. સં. ૧૦૩૧ ૩૮ **યશોદેવ** સ્વ. સં. ૧૦૭૦ ૩૯ **નન્ન** સ્વ. સં. ૧૦૯૮ ૪૦ **ઉદ્યોતન** સ્વ. સં. ૧૧૨૩ ૪૧ **મહેશ્વર** સ્વ. સં. ૧૧૪૫ ૪૨ **અભયદેવ**. મલધારી અભયદેવસૂરિ આવી મળ્યા, ત્યાર પછી અજિતદેવ બદલે **અભયદેવ** કહેવાણા. (?) સ્વ. સં. ૧૧૬૯ ૪૩ **આમદેવ**, સ્વ. સં. ૧૧૯૯ ૪૪ **શાંતિ** સ્વ. સં. ૧૨૨૪ ૪૫ **યશોદેવ** સ્વ. સં. ૧૨૩૪ ૪૬ **નન્ન** સ્વ. સં. ૧૨૩૯ ૪૭ **ઉદ્યોતન** સ્વ. સં. ૧૨૪૩, ૪૮ **મહેશ્વર** સ્વ. સં. ૧૨૭૪, ૪૯ **અભયદેવ** સ્વ. સં. ૧૩૨૧ ૫૦ **આમદેવ** સ્વ. સં. ૧૩૭૪ ૫૧ **શાંતિ** સ્વ. સં. ૧૪૪૮ ૫૨ **યશોદેવ** સ્વ. સં. ૧૪૮૮ ૫૩ **નન્ન** સ્વ. સં. ૧૫૩૨ ૫૪ **ઉદ્યોતન** સ્વ. સં. ૧૫૭૨ ૫૫ **મહેશ્વર** સ્વ. સં. ૧૫૯૯ ૫૬ **અભયદેવ** નવા ગચ્છની સ્થાપના કરી, ગુરૂ સાથે ક્લેશ કીધો, ક્રિયા ઉદ્ધાર કર્યો. સ્વ. સં. ૧૫૯૫ (?)

૫૭ **આમદેવ**. સ્વ. સં. ૧૬૩૪ ૫૮ **શાંતિ** સ્વ. સં. ૧૬૬૧ ૫૯ **યશોદેવ**. સ્વ. સં. ૧૬૯૨. ૬૦ **નન્ન**—સ્વ. સં. ૧૭૧૮ ૬૧ **ઉદ્યોતન** વિદ્યમાન ભટ્ટારક વાચકપદ સં. ૧૬૮૭ ને સૂરિપદ સં. ૧૭૨૮ જ્યેષ્ટ સુદિ ૧૨ શનિ દિને. (સ્વ. સં. ૧૭૩૭)

[—સં. ૧૭૨૮ શાકે ૧૫૯૩ ભા૦ શુ. ૯ શનિ પલ્લિકીય ગચ્છે ભ૦ શાંતિસૂરિ પટ્ટે ભ૦ જસ્યોદેવસૂરિ સંતાને ઉ૦ મહેન્દ્રસાગર શિષ્ય મુનિ જયસાગર શિષ્ય પરમસાગર વાચનાર્થે શ્રી ગુરાં રી પટ્ટાવલી લિખ્યતં. એક ગુટકો. બૃહત્જ્ઞાન ભંડાર બડા ઉપાશ્રય બીકાનેર.]

પલ્લીવાલ જ્ઞાતિ પલ્લી એટલે પાલી કે જે જોધપુર રાજ્યમાં આવેલું ગામ છે ત્યાંથી ઉત્પન્ન થયેલ લાગે છે. પલ્લીવાલ ગચ્છની ઉત્પત્તિ પલ્લીવાલો તેના વિશેષ અનુયાયીઓ હતા તેથી થઈ કે બીજી રીતે અને તે ક્યાં થઈ તે શોધનો વિષય છે.

આ ગચ્છના મહેશ્વર સૂરિ કૃત કાલિકાચાર્ય કથા–પ્રાકૃતની–સં. ૧૩૬૫ ની તાડપત્રની પ્રત મળે છે; અન્ય મહેશ્વરસૂરિ શ્રીમહાવીરથી ૬૦ મી પાટે આ ગચ્છમાં થયા તેના પટ્ટધર અજિતદેવસૂરિએ સં. ૧૩૨૨ માં કલ્પસૂત્ર દીપિકા, સં. ૧૬૨૭ માં પિંડવિશુદ્ધિ દીપિકા, સં. ૧૬૨૯ માં ઉત્તરાધ્યયન ટીકા, તથા આચારાંગ દીપિકા અને આરાધના રચ્યાં (જૈ. સા. ઈ. પારા ૮૫૧.) અને તેની ગૂ. પદ્યકૃતિ માટે જુઓ પૃ. ૬૭૫. અને તે અજિતદેવના શિષ્ય હીરાનંદે ચોબોલી ચોપઈ ગૂ. માં રચી. (પૃ. ૧૪૨૨)

પલ્લીવાલ—પલ્લિકીય-પલ્લિ ગચ્છના આચાર્યોના ઉપલબ્ધ પ્રતિમાલેખો નીચે પ્રમાણે છે ને તે જોતાં પટ્ટાવલીના સંવતો ક્યાંક બેસે છે ને ક્યાંક બેસતા નથી.

અભયદેવ સં. ૧૩૮૩ બુ. ૨ (આ ઉક્ત ૪૯ મા સં. ૧૩-૨૧ માં સ્વર્ગસ્થ બતાવેલા અભયદેવ હોઈ શકે?)

શાંતિ–સં. ૧૪૫૬ (બીકાનેર મંદિર), સં. ૧૪૫૮ (ના. ૨, પટ્ટાવલી સમુચ્ચય પૃ. ૨૦૫) ને સં. ૧૪૬૨ ના. ૩ (આ ઉક્ત ૫૧ મા સં. ૧૪૪૮ માં સ્વર્ગસ્થ બતાવેલા શાંતિ હોઈ શકે?)

યશોદેવ–સં. ૧૪૭૬–૮૮–૧૫૧૩ ના. ૨. ૧૪૯૨–૧૫૧૦–૧ બુ. ૧ નં. ૧૦૬૭, ૮૩૭ ને ૪૭૧; સં. ૧૪૯૯ જૈન ગચ્છમતપ્રબંધ

પૃ. ૧૦૮, સં. ૧૫૦૧ બુ. ૨, સં. ૧૫૦૩ જ., સં. ૧૫૦૭ વિ; પ. સ. પૃ. ૨૦૫ તથા જૈનયુગ ૫ પૃ. ૪૬૯, સં. ૧૫૧૧ બુ. ૧ નં. ૪૭૧, સં. ૧૫૧૩ પ. સ. પૃ. ૨૦૬. (આ ઉક્ત ૫૨ મા સં. ૧૪૮૮ માં સ્વર્ગસ્થ બતાવેલા યશોદેવ હોઈ શકે?)

નન્ન–સં. ૧૫૨૮ ના. ૧ તથા ના. ૨; યશોદેવસૂરિ પટ્ટે બુ. ૨ નં. ૨૨૮ (આ ૫૩ મા સં. ૧૫૩૨ માં સ્વર્ગસ્થ થયેલા નન્ન હોઈ શકે.)

ઉદ્યોતન–સં. ૧૫૨૮ પ. સ. પૃ. ૨૦૬. નન્નસૂરિપટ્ટે સં. ૧૫૩૬ ના. ૨. સં. ૧૫૫૬ વીકાનેર મંદિર, સં. ૧૫૫૮ ના. ૧, સં. ૧૫૬૬ બુ. ૨ નં. ૪૪ (આ ઉક્ત ૫૪ મા સં. ૧૫૭૨ માં સ્વર્ગસ્થ જણાવેલા હોઈ શકે.)

મહેશ્વર–સં. ૧૫૯૩ વીકાનેર મંદિર. (આ ઉક્ત ૫૫ મા સાથે બેસે છે.)

યશોદેવ–સં. ૧૬૩૭, ૧૬૭૮ ને ૧૬૮૧, પ. સ. પૃ. ૨૦૬. (આ ૫૯ મા સાથે બેસે છે).

પલ્લિવાલ ગચ્છની પટ્ટાવલી (૨)

૧ **શ્રીમહાવીર** ૨ **સુધર્મ** ૩ **જંબૂ** ૪ **પ્રભવ** ૬ **સય્યંભવ** ૭ **યશોભદ્ર** ૮ **સંભૂતિવિજય** ને **ભદ્રબાહુ** ૯ **સ્થૂલિભદ્ર** ૧૦ **મહાગિરિ** અને **સુહસ્તી**, સુહસ્તિ સ્વ. વીરાત્ ૨૯૧, આર્ય મહાગિરિ સ્વ. વીરાત્ ૨૯૩ ૧૧ **બહુલ**–દશ પૂર્વી. વેદ-પારંગત **સ્વાતિ** નામના વિપ્રને પ્રતિબોધી સ્વ૦ વીરાત્ ૩૨૫ ૧૨ **સ્વાતિસૂરિ** રાજસભામાં ઉમાનો પક્ષ લઇ વિપ્રોને વાદમાં હરાવ્યા તેથી તે લોકમાં **ઉમાસ્વાતિ** પ્રસિદ્ધ થયા. દશ અધ્યાયનું તત્ત્વાર્થ ભાષ્ય રચ્યું ને બીજા ગ્રંથો રચ્યા. સ્વ. વીરાત્ ૩૬૧. ૧૩ **શ્યામાર્ય** અંગોમાંથી પન્નવણા ઉપાંગ ઉદ્ધર્યું. વીરરાજપુત્ર શાંડિલ્યને પ્રતિબોધી તેમજ ઘણા ક્ષત્રિઓને પ્રતિબોધી સ્વ. વીરાત્ ૩૭૬ ૧૪

શાંડિલ્યસૂરિ-તેમણે સુભોજ રાજપુત્ર ગુપ્તને પ્રતિબોધી દીક્ષા આપી કે જે ગુપ્ત પંડિત પરંતુ સરલ હોવાથી આર્ય ગુપ્ત તરીકે પ્રસિદ્ધ થયા. સ્વ. વીરાત્ ૩૯૯ ૧૫ **આર્ય ગુપ્ત**-તેણે વૃદ્ધ શ્રેષ્ઠિને દીક્ષા આપી કે જેને વ્યાકરણ ભણતાં જોઇને લોકો કહે 'આ વાદી છે' આ સાંભળી લજ્જા પામી જ્યાં સુધી વિદ્યા ન પ્રાપ્ત થાય ત્યાંસુધી આંબીલ કરીશ, એવો દૃઢ અભિગ્રહ તે વૃદ્ધશિષ્યે લીધો. નવકારના જપપ્રભાવથી અસ્ખલિત વાદશક્તિ તેનામાં ઉદ્ભવી ને તેને ભરૂચ મોકલ્યો ૧૬ એ **વૃદ્ધવાદી**-તેણે **સિદ્ધસેનદિવાકર**ને જીત્યા, કે જેણે વિક્રમરાજાને પ્રતિબોધી કલ્યાણમંદિર સ્તોત્રથી મહાકાલ ચૈત્યસ્થિત ઇશ્વરલિંગમાંથી પાર્શ્વપ્રતિમા પ્રકટાવી. અનેક રાજપુત્ર તેમજ મરૂદત્તના પુત્ર નાગદિન્નને પ્રતિબોધી પંચપૂર્વી કરી પોતાના પટ્ટે સ્થાપી **સોમદેવસૂરિ** સ્વ૦ વીરાત્ ૫૦૭ ૧૭ **નાગદિન્નસૂરિ**-સોરઠમાં વિહાર કરતાં દ્વારામતીમાં ધરાવઇ રાજપુત્ર કર્ણસેનને પ્રતિબોધી દીક્ષા આપી. આથી ઘણા રાજપુત્રો પ્રતિબોધિત થયા. તેનો મામો નરદેવ પણ શિષ્ય થયો. તે પંચપૂર્વી થયા. તેણે જીર્ણગઢ રાજાને પ્રતિબોધ્યો. નાગદિન્નસૂરિ વિ. સં. ૮૭ માં સ્વ.

૧૮ **નરદેવસૂરિ**—વિહાર કરતાં હસ્તિનાપુર આવ્યા. ત્યાંના એક શ્રેષ્ઠિના ચાર પુત્રો પૈકી સુરસેનને સંસાર પર ઇચ્છા ન હોવાથી દીક્ષા આપી. તેણે તે રાષ્ટ્રમાં અન્યધર્મીને પ્રતિબોધ્યા. પછી તે સૂરિ ઉગ્ર વિહાર કરી મેદનીપુર (મેડતા) માં પાદોપગમન જેવો સંથારો કર્યો. ત્યાં ધિગ્ જાતીયને જીત્યા. સ્વ. વિ. સં. ૧૨૫ નિકટવર્ત્તી દેવોએ મહિમા કર્યો. ૧૯ **સૂરસેનસૂરિ**-વિહાર કરતાં (ચિતોડ) આવી ત્યાં રહી ચંડીદેવીને પ્રતિબોધી હિંસાને વર્જિત કરી ત્યાંથી મંદસોરમાં કૃષ્ણ શ્રેષ્ઠિના પુત્ર ધર્મકીર્ત્તિએ સૂરિને જોઇને સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, ને તેની વિનતિથી ચાતુર્માસ સૂરિએ ત્યાં કર્યું. લોક જિનધર્મરક્ત થયા. ધર્મકીર્ત્તિએ દીક્ષા લીધી, ને ચાર પૂર્વી થયા. સૂરિ ચિત્રકૂટમાં અણુશણ કરી વિ. સં. ૧૬૭માં દેવ-

શ્લોક સધાવ્યા. ૨૦ **ધર્મકીર્તિસૂરિ** વિહાર કરતાં ઉજ્જયિની આવ્યા ત્યાં સુરપ્રિય નામનો પ્રસિદ્ધ વિપ્ર ચારવિદ્યામાં પારંગત રહેતો હતો. તેણે સૂરિને પૂછ્યું 'કયા અનુષ્ઠાનથી મોક્ષ સધાય? ધર્મનું મૂલ શું છે?' સૂરિએ ઉત્તર દીધો 'નિરવદ્ય અધ્યવસાયવાળા અનુષ્ઠાનથી જીવ શિવને સાધે; અહિંસા એ ધર્મનું મૂલ છે–સર્વે ધર્મો તેમાં પ્રતિષ્ઠિત છે એમ કેવલીએ કહ્યું છે.' તેણે પૂછ્યું 'કેવલી કેવા હોય તે કોઇ જાણે છે?' સૂરિએ જણાવ્યું 'હમણાં કેવલી આ ક્ષેત્રમાં નથી, તથાપિ તેનાં વચન છે તેની પરીક્ષા કરવી વગેરે' આથી પ્રતિબોધ પામી તે વિપ્રે દીક્ષા લીધી. સૂરિ સં. ૨૨૦ માં દેવલોક ગયા. ૨૧ **સુરપ્રિયસૂરિ** ૨૨ **ધર્મઘોષસૂરિ** ૨૩ **નિવૃત્તસૂરિ** ૨૪ **ઉદિતસૂરિ** ૨૫ **ચંદ્રશેખરસૂરિ** ૨૬ **સુઘોષસૂરિ** તેણે અજયગઢમાં નરશેખર રાસંતિ (રાજા)ના પુત્ર મહિશ્વરને પ્રતિબોધી દીક્ષા આપી. રાજાએ આથી કોપાયમાન થઇ દેશમાં દેશવટો આપ્યો, સૂરિએ સં. ૩૯૭ માં સ્વર્ગવાસ કર્યો. ૨૭ **મહિશ્વરસૂરિ**–વિહાર કરતાં અજયગઢમાં કનકસિંહરાયને પ્રતિબોધી મરૂભૂમિમાં જઇ ત્યાં ઘણા શ્રાવકો કર્યાં. ત્યાંથી વડનગરવાસી કોલ્લગ શ્રેષ્ઠિના પુત્ર દાનપ્રિયને પ્રતિબોધ્યો ને દીક્ષા આપી. તે થોડો ઓછો પૂર્વધર થયો તેને પોતાની પાટે સ્થાપી સૂરિ સં. ૪૩૫ માં પરલોકે ગયા.

૨૮ **દાનપ્રિયસૂરિ** ૨૯ **મુનિચંદ્રસૂરિ** ૩૦ **દયાનન્દસૂરિ**–તેણે રાજગૃહનગરમાં દેવદત્ત ક્ષત્રિપુત્ર ધનમિત્રને દીક્ષા આપી, પછી પોતે સં. ૪૭૦ માં સ્વર્ગસ્થ. ૩૧ **ધનમિત્રસૂરિ**–મથુરામાં જઇ ત્યાં નરવર્મા પુરોહિતના પુત્ર સોમદેવને દીક્ષા આપી, પછી સં. ૫૧૨ માં સ્વ૦ ૩૨ **સોમદેવસૂરિ**–વિહાર કરતાં મથુરા આવ્યા ત્યાં અન્ય પંચશતસૂરિ સંઘ મળેલો તેમાં દેવર્દ્ધિગણી કિંચિત્ ઓછા પૂર્વધર સમભાવી આત્મા બોલ્યા 'અલ્પવિદ્યા રહી છે તે હવે પછી કેવી રહેશે? તેથી તમારી અનુજ્ઞા હોય તો સર્વે સૂત્રો પુસ્તકમાં લખીએ.' પછી સૂત્રો પુસ્તકમાં લખાયાં ને એથી પુસ્તકસ્થિત વિદ્યા થઇ. આખ

થતાં ભંડારોમાં પુસ્તકો સ્થાપિત થયાં. સોમદેવસૂરિ સં. ૫૭૫ માં સ્વસ્થ થયા ને પૂર્વો વિચ્છિન્ન થયાં,

૩૩ ગુણંધરસૂરિ ૩૪ મહાનંદસૂરિ–તેણે દિગંબર વિદ્યાનંદને વાદવડે જીત્યો. પોતે દક્ષિણમાં ગયા. તર્કમંજરી નામનો ગ્રંથ રચ્યો. સં. ૬૦૫ માં સ્વ. ૪૫ સમઇ–સમયસૂરિ–તેના સમયમાં આચાર્યોમાં મતભેદ અનેકવિધ ઉદ્‌ભવ્યો. સામાચારી પણ વિષમ થઇ, અનેકગ્રંથો નિર્માયા. આર્યસુહસ્તિ પરંપરાઓના સાધુઓનો શિથિલાચાર અને ચૈત્યવાસીઓનું ઘણું બલ જામ્યું. સુધર્મા પરંપરાના પાલક થોડા રહ્યા. આ સૂરિ વિહાર કરતાં ભિન્નમાલ નગરે ગયા–ત્યાં સોમદેવબલિપુત્ર ઇંદ્રદેવને પ્રતિબોધી દીક્ષા આપીને વિદ્યામાં પારંગત કર્યો. પછી પોતે સં. ૬૭૦ માં સ્વર્ગસ્થ. ૩૬ ઇંદ્રદેવસૂરિ ૩૭ ભદ્રસ્વામી ૩૮ જિનપ્રભાચાર્ય–તેણે કોરંટ ગામમાં મહાવીર ચૈત્યમાં પ્રતિષ્ઠા કરી, પછી દેવાપુરના ચૈત્યમાં કરી. સં. ૭૫૦ માં સ્વ૦ ૩૯ માનદેવાચાર્ય–ઉગ્રવિહાર કરતાં નડુલપત્તને તે નિવૃત્તિમાર્ગ વિશેષ કરી પ્રરૂપતા, તેથી લોકમાં નિવૃત્તિ આચાર્ય મનાયા. જ્યાં વિહરે છે ત્યાં રોગો થતા નથી એમ કહી લોકો કહેતા 'આ યુગમાં પ્રધાન છે.' એથી શ્રીમાલ બ્રાહ્મણો જિનધર્મમાં શ્રદ્ધાવાન થયા. એક પલ્લિવાલ બ્રાહ્મણ શ્રવણ નામનો વેદપાઠક હતો તેણે આચાર્યના મહિમાને જાણી પ્રવ્રજ્યા લીધી. તે સમયે તર્કશાસ્ત્ર રચ્યું. એ નિવૃત્તિ આચાર્ય સં. ૭૫૦ માં સ્વર્ગસ્થ થયા. ૪૦ શ્રવણાચાર્ય–નિવૃત્તિ આચાર્યના શિષ્ય હોવાથી પ્રસિદ્ધ થયેલ નિવૃત્તિકુલ અલ્પસાધુવર્ગવાળું વિહરતું હતું. એક રાત્રિએ શૂલરોગથી તે કાલ ધર્મ પામ્યા. બાકીના શિષ્ય આચાર્યો વિચારતા હતા કે હવે કોણ પટ્ટધર સૂરિ થશે; ત્યાં કોટિગણના યશાનંદ–જયાનંદસૂરિ આવ્યા ને તેમણે શાસન કર્યું કે તમારી વચ્ચે સૂર યોગ્ય છે. તેઓએ કહ્યું 'તમે તેને સ્થાપો.' તેમણે સૂરાચાર્યને સ્થાપ્યા. ૪૧ સૂરાચાર્ય–તેને સાધુઓએ માન્યા, ગચ્છવૃદ્ધિ થઇ. બંને આચાર્યો સાથે પરમ

પ્રીતિવાળા રહી વિચરતા હતા એકદા દુકાલ પડયો એટલે બંને માલવદેશમાં જુદા સમુદાયમાં વિહાર કરતા થયા. સૂરાચાર્ય મહિંદનગરે ચાતુર્માસ રહ્યા જયાનંદ સુરિએ ઉજ્જયિની કાલ કર્યો એ સાંભળી સૂરાચાર્ય શોકાકુલ થયા તેના શિષ્ય દેલમહત્તરે કહ્યું 'આ યુક્ત નથી.' આચાર્યે દેલમહત્તરને પાટે સ્થાપી અઠ્ઠમ અઠ્ઠમના પારણાંતે આયંબિલ કરતા સર્વ અનિત્ય છે એમ ધ્યાન ધરતા ઉજ્જયિનીમાં અણશણ કરી દેવલોક સધાવ્યા. ૩૨ **દેલમહત્તર** આચાર્ય–વિહરતાં **ભિન્નમાલ**પુરમાં આવ્યા, ત્યાં સર્વભૂ નામના વેદપારંગત વિપ્રનો પુત્ર દુર્ગ લોકાયતિક હોઇ પરલોકને પ્રમાણતો નહોતો તેને તેણે પ્રતિબોધી દીક્ષા આપી. પછી વિહાર કરતાં **સાણ**પુરમાં એક શુભપતિ નામના ક્ષત્રિને ઘેલો પુત્ર (ગર્ગ) હતો તેણે આચાર્યને કહ્યું 'પુત્રનું ગાંડપણ દૂર જે કરે તેની આજ્ઞા શિરે ચડાવું' આચાર્યે કહ્યું 'તેને દીક્ષિત કરશો ?' તેણે હા પાડી એટલે વિદ્યાના ઉપયોગથી શુદ્ધ બુદ્ધિ વાળો કરી દીક્ષા આપીને શાસ્ત્રપારંગત કર્યો. દેલમમહત્તરે દુર્ગ અને આ એમ બંનેને આચાર્યપદે સ્થાપી કાલ કર્યો ૪૩ **દુર્ગસ્વામી** અને **ગર્ગાચાર્ય**– એકદા **શ્રી**માલપુરે ગયા ત્યાં ધની નામનો શ્રેષ્ઠિ જિનશ્રાવક હતો તેના ઘેર **સિદ્ધ** નામનો રાજપુત્ર હતો, તેને ગર્ગઋષિએ દીક્ષા આપી. અતીવ તર્કબુદ્ધિવાળા તેણે એકદા પૂછયું ' આથી કંઈ વધુ તર્ક છે કે નહિ ?' દુર્ગાચાર્યે કહ્યુ 'બુદ્ધધર્મમાં છે' એટલે ત્યાં જવા ઉદ્યુક્ત થયો એટલે ગર્ગઋષિએ કહ્યું 'ન જતો, શ્રદ્ધાભંગ થશે' તેણે કહ્યુ ' હું અહીં પાછો આવીશ' એમ કહી ગયો ને સમ્યક્ત્વહીન થઇ આવ્યો. દુર્ગાચાર્યે બોધ આપ્યો છતાં પુનઃ ગયો. આમ ગમણાગમણ થતાં ગર્ગાચાર્યે વિજયાનંદસૂરિ પરંપરાશિષ્ય હરિભદ્રાચાર્ય મહત્તર બુદ્ધિમાન બૌદ્ધમતજ્ઞાતા હોઇ તેને વિનતિ કરી કે સિદ્ધને ઠેકાણે લાવો. હરિભદ્રાચાર્યે કહ્યું 'ગમે તે ઉપાય કરીશ'. તે આવ્યો, બોધ આપ્યો પણ રહ્યો નહિ. એટલે હરિભદ્રસૂરિએ તેના બોધઅર્થે લલિતવિસ્તરા વૃત્તિ રચી. તર્કમંથર હરિભદ્રે પોતાનો કાલ નજીક

જાણી ગર્ગાચાર્યને તે વૃત્તિ સમર્પિત કરી પોતે અણુસણથી દેવલોક ગયા. કાલાંતરે આવેલા **સિદ્ધને** ગર્ગાચાર્યે તે વૃત્તિ આપી. તેના અર્થ સમજીને બોલી ઉઠયો 'અહો ! અતિ પંડિત હરિભદ્રગુરૂ' આથી સમ્યકત્વ પામી જિનવચને ભાવિતાત્મા થઇ ઉગ્ર તપ આચરતા વિહાર કરે છે. દુર્ગસ્વામી સં. ૯૦૨ માં સ્વર્ગસ્થ થયા. તેના શિષ્ય શ્રીષેણને આચાર્યપદે સ્થાપ્યા. ગર્ગાચાર્યે સં. ૯૧૨ માં કાલ કર્યો, ને તેમની પાટે **સિદ્ધાચાર્ય-સિદ્ધર્ષિ** થયા. ૪૪ **શ્રીષેણ અને સિદ્ધાચાર્ય** એમ બંને આચાર્યો વિહરતા હતા. **શ્રીષેણ** માલવા જઇ ત્યાં **તોલાઇમાં ધર્મદાસ** શ્રેષ્ઠિના પુત્રને દીક્ષા આપી, નગરના સંઘે કરાવેલ ચૈત્યમાં પ્રતિષ્ઠા કરી. સિદ્ધર્ષિ આચાર્ય સં. ૯૬૮ માં દેવલોક પામ્યા. ૪૫ **ધર્મ્મમતિ** આચાર્ય ૪૬ **નેમસૂરિ** ૪૭ **સુવ્રતિસૂરિ**-તે સમયે બહુ ગણભેદો થયા. આચાર્યોમાં વિવાદો જાગ્યા. નિજનિજ શ્રાવક શ્રાવિકાનો સંગ્રહ થવા લાગ્યો. સુવ્રતિસૂરિના શિષ્યો જલવિહારી થયા. તેમાં એક **દિનશેખર** અતિવ પંડિત હતો. સુવ્રતિસૂરિ સ્વ. ૧૧૦૧ ૪૮ **દિનશેખર-દિનેશ્વરસૂરિ**-ઉગ્રવિહારી મહાત્મા વિચરતાં **પટ્ટણમાં** ગયા ત્યાં **મહેશ્વર** જાતિના વણિકોને પ્રતિબોધ્યા ૪૯ **મહેશ્વરસૂરિ-નડુલાઇ** ગયા. ત્યાં **પલ્લિવાલ** વિપ્રો-બ્રાહ્મણોને શ્રદ્ધાવાળા શ્રાવકો કરવામાં આવ્યા. લોકમાં તેથી **પલ્લિવાલ ગચ્છ** એ નામ પડયું. તે સૂરિ સં. ૧૧૫૦ માં દેવલોકે ગયા.

૫૦ **દેવસૂરિ**-તેણે સુવર્ણગઢમાં **પાર્શ્વ**નાથ ચૈત્યની પ્રતિષ્ઠા કરી. વળી મહાવીર ચૈત્યપર સુવર્ણકલશ સ્થાપ્યા. તે અવસરે પુનમીયા આદિ ગચ્છ પ્રકટયા. દેવસૂરિ સં. ૧૨૨૫માં સ્વર્ગસ્થ. ૫૧ **(મા)ણુદેવ સૂરિ**-તેમણે જ્યોતિષશાસ્ત્ર રચ્યું; સોનગરાને પ્રતિબોધ્યા. જાલંધર તળાવ સમીપે ચૈત્યની પ્રતિષ્ઠા કરી; સં. ૧૨૭૨માં સ્વર્ગસ્થ. ૫૨ **કર્ણસૂરિ** ૫૩ **વિષ્ણુસૂરિ** ૫૪ **આમ્રદેવસૂરિ**-કથાકોષ આદિ ગ્રંથોના કર્ત્તા ૫૫ **સોમતિલકસૂરિ** ૫૬ **ભીમદેવસૂરિ-કોરંટ** ગામમાં ચૈત્યપ્રતિષ્ઠા

કરી સં. ૧૪૦૨ વર્ષે. ૫૭ **વિમલસૂરિ**-મેદપાટદેશમાં ઉદયસાગરની પાળપરના ચૈત્યમાં જિનબિંબ સ્થાપ્યું. ૫૮ **નરોત્તમસૂરિ**-સં. ૧૪૯૧ માં સ્વ. ૫૯ **સ્વાતિ-સાઈસૂરિ** ૬૦ **હેમસૂરિ**-તેણે ચિંતામણિ પાર્શ્વનાથના સ્મરણ કરવાથી '**ચિંતામણિય**' એ નામ તેનું પ્રસિદ્ધ થયું સં. ૧૫૧૫.

૬૧ **હર્ષસૂરિ**-પોશાળે રહેતા ૬૨ ભટ્ટારક **કમલચંદ્ર** ૬૩ **ગુણમાણિક**, ૬૪ ભ૦ **સુંદરચંદ્ર** સં. ૧૬૭૫ ૬૫ ભ. **પ્રભુચંદ્ર** વિદ્યમાન વર્ત્તે છે-ઇતિ ગુરૂપટ્ટાવલી ચિંતામણીયા પાડાવલ ગચ્છીયસ્ય શ્રીરસ્તુ-જાહડાનગરે-સરલ પ્રાકૃતમાં લખેલી તાજી ૭ પત્રની પ્રત પ્ર૦ કાન્તિવિજય ભંડાર. કે જે શ્રી જિનવિજયજી પાસેથી મને પ્રાપ્ત થયેલી તે માટે તેમનો ઉપકાર છે.

[**નોંધ**—(૧) ૫૪ મા આમ્રદેવસૂરિ કથાકોપ આદિના કર્ત્તા ગણાવ્યા છે. સં. ૧૧૯૦ માં જે આમ્રદેવસૂરિએ આખ્યાનકમણિ કોશની વૃત્તિ રચી તે આમ્રદેવસૂરિ બૃહદ્‌ગચ્છના જિનચંદ્રસુરિના શિષ્ય હતા. એને અહીં મુકી દીધા લાગે છે. (૨) આમાં જણાવેલા સૂરિઓ પૈકી કોઇનો પ્રતિમાલેખ કે ગ્રંથ ઉપલબ્ધ થતો નથી. (૩) ૫૭ મા વિમલસૂરિએ ઉદયસાગર તળાવ પરના ચૈત્યમાં બિંબપ્રતિષ્ઠા કરી તો તે તળાવનો સંવત્ વિચારણીય છે. કારણકે ઉદયપુર પોતે સં. ૧૫૦૦ માં સ્થપાયું. (૪) પલ્લિવાલ ગચ્છના જે સૂરિઓના લેખો મળે છે તે આમાં દેખાતા નથી. પલ્લીવાલ ગચ્છના મહેશ્વરસૂરિ કૃત કાલકાચાર્ય કથા કે જેની તાડપત્રની પ્રતિ સં. ૧૩૬૫ માં લખાયેલ મળે છે તે અને શ્રીમહાવીરથી ૬૦મી પાટે થયેલા પલ્લીવાલ ગચ્છના જે મહેશ્વરસૂરિ સં. ૧૬૨૨ ને ૧૬૨૯ અને તે આસપાસ ગ્રંથો રચનાર અજિતદેવસૂરિના ગુરૂ છે તેનો અને જે મહેશ્વરસૂરિના લેખો મળે છે તેનો અને આમાં જણાવેલ સં. સં. ૧૧૫૦ માં સ્વર્ગસ્થ થયેલ મહેશ્વરસૂરિનો સમય મળતો નથી. (૫) નિવૃત્તિ કુળના લાટ દેશમાં થયેલ સુર્યાચાર્ય-સુરાચાર્ય, તેમના

શિષ્ય દેલ્લ મહત્તર ને તેમના શિષ્ય દુર્ગસ્વામી ને તેમના શિષ્ય સિદ્ધર્ષિને આમાં નં. ૪૧ થી ૪૪ માં ભેળવી દીધા છે. આ સર્વ-પરથી પટ્ટાવલી કેટલી વિશ્વસનીય છે તે વિચારવા યોગ્ય છે. મેં તો જેવી મળી તેવી સાર રૂપે અત્ર મૂકી છે.]

---

૧૦ ઉપકેશ ગચ્છની પટ્ટાવલી (૧)

[કક્કસૂરિએ ઉપકેશ ગચ્છ પ્રબંધ સંસ્કૃતમાં શ્લોકબદ્ધ સં. ૧૩૯૩ની શરદ ઋતુમાં રચેલો કે જેની પ્રત મને શ્રીમાન્ જિનવિજય પાસેથી ઉપકારાર્થે મળેલી તે પરથી તેમજ તેજ આચાર્યના તેજ વર્ષમાં રચેલા નાભિનંદનોદ્ધાર પ્રબંધ પરથી સાર લઈ ઉપકેશ-ઊકેશ ગચ્છની પટ્ટાવલી સાર રૂપે અત્ર રજુ કરી છે તે આ પછીની જૈન સાહિત્ય સંશોધક ૨, અંક ૧માં પ્રકટ થયેલી સં. ૧૯૩૫ પછી લખાયેલી પટ્ટાવલી કરતાં વધુ વિશ્વસનીય ગણાય.]

૨૩મા તીર્થંકર શ્રી **પાર્શ્વનાથ**ના શિષ્ય **શુભદત્ત** નામના ગણધરના **કેશી** નામના શિષ્યે **પ્રદેશી** રાજાને પ્રતિબોધ્યો. તેમના શિષ્ય **સ્વયંપ્રભ** સૂરિ એકદા **શ્રી**માલ નગરે હતા ત્યાં **મણિરત્ન** નામનો વિદ્યાધરોનો રાજા તેમની પાસે આવી દેશના સાંભળતાં વૈરાગ્યવાન્ થયો ને પાંચસો વિદ્યાધરો સાથે તેણે દીક્ષા લીધી. ગુરૂએ આચાર્યપદે વીરાત્ પર મે વર્ષે સ્થાપતાં તે **રત્નપ્રભ**સૂરિ પોતાના પાંચસો મુનિ સાથે વિહાર કરી **ઊ**કેશ નગરમાં આવ્યા. તે નગરની ઉત્પત્તિ એમ છે કે શ્રી **શ્રી**માલપુરમાં પૂર્વે શ્રીપુંજ (પુંજ) નામના રાજાને સુરસુંદર નામનો કુમાર હતો તેણે અભિમાનથી નગરમાંથી નિકળી કોઈ નવી ભૂમિ સ્થાપવાની ઇચ્છાથી અઢાર હજાર વણિક અને તેથી અર્ધા બ્રાહ્મણો અને બીજા અસંખ્ય માણસને લઇ તે **ઊ**કેશનગરની ભૂમિમાં આવી નવયોજન વિસ્તારનું ને બાર યોજન લાંબું નગર વસાવ્યું. ત્યાં પાદરની દેવી ને લોકોની કુલેશ્વરી ચામુંડા હતી. અહીં

ઉક્તસૂરિ ઉદ્યાનમાં રહ્યા પણ કોઇએ વંદનાદિક કર્યું નહિ. શાસન-દેવીએ તેનો ઉપાય કર્યો.

અહીં ઊહડ નામનો શ્રેષ્ઠિ કૃષ્ણુમંદિર બંધાવતો હતો તેમાં સ્થાપવા માટે શાસનદેવીએ **વીર**પ્રભુની નવી પ્રતિમાની તેજ શેઠની ગાયના દૂધ વડે તૈયારી કરવા માંડી. સાંજે તે ગાય **લાવણ્યહ્રદ** નામના પર્વત પર પોતાનું દૂધ રેડતી. આનો સંશય ટાળવા ઊહડ સૂરિ પાસે આવ્યો. સૂરિએ કહ્યું કે ત્યાં **વીર**પ્રભુની પ્રતિમા તૈયાર થાય છે અને અમુક વખતે તૈયાર થશે. શેઠની ધીરજ ન રહેતાં કહેલા વખત પહેલાં ત્યાં ખોદતાં **વીર**પ્રભુની પ્રતિમા નીકળી પણ તેના હૃદયસ્થાને લીંબુ જેવી બે ગાંઠો હતી. તેની સ્થાપનાનું મુહૂર્ત લગ્ન માઘ શુકલ પંચમી ગુરૂવારનું નક્કી થયું. તેવામાં કોરંટક નગરના **વીર** પ્રભુના નવા મંદિરમાં પ્રતિમાની પ્રતિષ્ઠા માટે સૂરિ પાસે વિનતિ કરવા ત્યાંના શ્રાવકો આવ્યા ને ત્યાં પણ એજ લગ્ન આવ્યું. સૂરિએ એજ લગ્ન દિવસે ઊકેશ નગરમાં **વીર**પ્રતિમાની પ્રતિષ્ઠા કરી ને તુરતજ આકાશ માર્ગે જઈ કોરંટક નગરમાં તેજ લગ્નની અંદર **વીર** બિંબને સ્થાપિત કર્યું. વીરાત્ ૭૦ વર્ષે. લોકને સ્નાત્રક્રિયા ને પૂજનક્રિયા સમજાવી. આથી તે ઊહડ સહપરિવાર જિનધર્મી થયો. (૮૪)

સૂરિને દ્વિજાતિ–બ્રાહ્મણો માન નહોતા આપતા એટલું જ નહિ પણ અનાદર બતાવતા હતા. એવામાં બ્રાહ્મણ ધનકોટીપતિના પુત્રને કાળા નાગથી દંશ થતાં તે મૃતકલ્પ થયો. અનેક ઉપાયે સાપ ન ઉતરતાં સૂરિએ પિતા પાસે જઈ તે વિષમુક્ત થઈ જીવતો રહે તો તે શું કરે? એમ પૂછ્યું એટલે પોતે સેવક થઈ રહેશે એમ કહ્યું. આચાર્યે પોતાના પગ પખાળી તે જળથી છાંટતાં પુત્ર વિષમુક્ત થયો. વિપ્રે અન્ય વિપ્રોને લઈ ગુરૂને વંદના કરી ને શ્રાવકો સાથેનો સુમેળ કર્યો; વણિકોના તે ગુરૂ છે એમ સ્વીકાર્યું. આચાર્યે ત્યાં રહી અઢાર હજાર વણિકોને જૈનધર્મી કર્યા. (૧૦૨)

એકદા આચાર્યે શ્રાવકોને ચંડિકા દેવીનું પૂજન કરવું યોગ્ય

નથી કારણકે તેની પ્રસન્નતા માટે પ્રાણીઓનો વધ થાય છે એમ જણાવ્યું, ત્યારે તેમણે કહ્યું કે તેમ ન કરીએ તો કુટુંબાદિનો નાશ થશે. આચાર્યે રક્ષા કરવાની ખાત્રી આપી. દેવીએ કુપિત થઈ નેત્ર પીડા કરી એટલે ગુરૂએ તેને જકડી બાંધી લીધી, એટલે તેણીએ કહ્યું મને કડડા મડડા એટલે માંસ પ્રિય છે ત્યારે સૂરિએ જણાવ્યું કે તે કડડા મડડા શબ્દોવાળું અપાવીશ. શ્રાવકોને ભેગા કરી સુગંધાદિ દ્રવ્યો સાથે પકવાન લઈ દેવી મંદિરે ગયા ને તે લેવા દેવીને સમજાવ્યા. જીવદયાનો ધર્મ સમજાવ્યો. તે પ્રતિબોધિત થઇ બોલ્યાં 'હું આપની સેવા કરવા તત્પર છું, યોગ્ય સમયે આપે મારૂં સ્મરણ કરવું અને દેવતાવસર સમયે મને ધર્મલાભ આપવો; વળી કંકુ, નૈવેદ્ય તથા પુષ્પ વગેરેથી શ્રાવકોદ્વારા તમારે મારી સાધર્મિકની પેઠે પૂજા કરાવવી.' સૂરિએ તે વાક્ય સ્વીકાર્યાં; અને એ દેવીનું 'સત્યકા' (સચ્ચિકા) એવું નામ પ્રસિદ્ધ થયું. ત્યાંથી વિહાર કર્યો. સવા લાખ શ્રાવકો કર્યા. છેવટે યક્ષદેવસૂરિને પોતાને પટ્ટે સ્થાપી ૮૪ વર્ષનું આયુષ્ય ગાળી સ્વર્ગસ્થ થયા. (૧૩૩)

યક્ષદેવસૂરિ—કોરંટકપુરે જતાં ત્યાં **માણિભદ્રયક્ષના** મંદિરમાં વાસો કર્યો. તેના એક લઘુ શિષ્યે યક્ષના મસ્તકે પાતરાનું પાણી નાંખવાથી યક્ષે તેને ગાંડો કર્યો. આ સૂરિએ તે વાત જાણી તે યક્ષને વશ કર્યો ને પોતાનું નામ સાર્થક કર્યું. (૧૩૮) તેના પટ્ટે

કક્કસૂરિ—પછી **સિદ્ધસૂરિ**—પછી **દેવગુપ્તસૂરિ** આ પાંચ પ્રસિદ્ધ સૂરિઓનાં નામ અનુક્રમે સૂરિઓનાં અપાતાં ગયાં-એવો સંપ્રદાય ચાલ્યો ને એ રીતે **રત્નપ્રભ, યક્ષદેવ**, કક્ક, **સિદ્ધ** ને **દેવગુપ્ત** નામના સૂરિઓ અનુક્રમે અનેક થયા-પછી કક્કસૂરિ થયા. (૧૪૩) તેમના સમયમાં કેટલાક નવા શ્રાવકોને **વીરપ્રભુની** મૂર્ત્તિના હૃદયસ્થાને બે ગાંઠને દૂર કરવાનું સૂઝ્યું ને તેથી શિલ્પીઓને બોલાવી ટાંકણું મરાવતાં તેમાંથી રક્તધારા નીકળી. કક્કસૂરિને **માંડવ્યપુરથી** બોલાવ્યા. આચાર્યે અઠ્ઠમતપ કરી શાસનદેવતાને બોલાવી તેમની પાસેથી

જાણ્યું કે આ ખોટું થયું. મૂલપ્રતિષ્ઠાનો ભંગ થયો તેથી શ્રાવકોમાં પરસ્પર વિરોધ થશે, લોકો દારિદ્રયથી પીડિત થઇ દશે દિશાએ ચાલ્યા જશે, નગરનો ભંગ થશે. મૂર્ત્તિની રક્તધારા અટકાવવાનો વિધિ ચતુર્વિધ સંઘ ને ૧૮ ગોત્રના મુખ્ય પુરૂષોએ મળીને અઠ્ઠમ તપથી બલિ માટે બાકળાનો એક દ્રોણ અને દહીં દૂધ આજ્ય તેમજ સર્વાષધિથી ભરેલા ઘડાઓથી મૂર્તિનું સ્નાત્ર કરવાની બતાવી, મૂર્તિના દક્ષિણ હાથે નવ અને ડાબા હાથે નવ એમ ૧૮ ગોત્રના મુખ્ય પુરૂષને રાખી એ વિધિ કરવામાં આવી. તે ૧૮ ગોત્રનાં નામ (૧) તપ્તભટ, (૨) બપ્પનાગ, (૩) કર્ણાટ, (૪) બાલભ્ય, (૫) શ્રીપાલ, (૬) કુલભદ્ર, (૭) મોરિષ, (૮) ભિરિહિદ્ય, (૯) શ્રેષ્ઠિ જમણી બાજુનાં; ડાબી બાજુનાં (૧૦) સુચિન્તિત, (૧૧) આદિત્યનાગ, (૧૨) ભોરો (૧૩) ભાદ્ર, (૧૪) ચિંચિટિ, (૧૫) કુંભટ, (૧૬) કન્યકુબ્જ, (૧૭) ડિંડુભ, (૧૮) બીજા (લઘુ) શ્રેષ્ઠિ. આ ૧૮ ગોત્રના મુખ્ય પુરૂષોથી પંચામૃત મહોત્સવ થયો ને રક્તધારા અટકી. વીર પ્રતિષ્ઠા (વીરાત્ ૭૦)થી ત્રણુસો ત્રણ વર્ષે આ રીતે ગાંઠ કઢાવવાનો બનાવ બન્યો. (૧૭૩) તેના પછી તેના શિષ્ય

સિદ્ધસૂરિ—વિહાર કરતાં વલભી નગરે આવતાં ત્યાંના શિલાદિત્ય રાજાએ પ્રતિબોધ પામી શત્રુંજયના ઘણા ઉદ્ધાર કરાવ્યા. રાજા પ્રતિવર્ષ પર્યુષણમાં તેમજ ત્રણ ચાતુર્માસ શત્રુંજયની તીર્થયાત્રા કરતો. ત્યાંના નગરવાસીઓમાં કેટલાયને સત્પંથે સ્થાપ્યા. (૧૭૭) તેના વંશમાં—

યક્ષદેવસૂરિ—થયા કે જ્યારે દશ પૂર્વધર વજ્રસ્વામી થયા. તેમના સમયમાં બાર વર્ષનો ભયંકર દુકાળ પડતાં અનેક સાધુઓ એકદા મળ્યા ત્યારે યક્ષદેવાચાર્ય ચંદ્ર ગણમાં ભળ્યા. ત્યારથી ચંદ્રગચ્છના શિષ્યોને દીક્ષા વખતે શ્રાવકો વાસક્ષેપ નાંખે ત્યારે ચંદ્રગચ્છનું નામ લેવાય છે. વળી ત્યારથી કોટિક ગણ તેની વજ્ર નામની શાખા અને ચાંદ્રકુલ અત્યારે આ ગચ્છમાં કહેવાય છે. ફરી ગચ્છના પાંચસો સાધુઓ, સાતસો સાધ્વીઓ, સાત ઉપાધ્યાય, બાર

વાચનાચાર્યો, ચાર આચાર્યો, બે પ્રવર્ત્તક, બે મહત્તર, બાર પ્રવર્ત્તિની, બે મહત્તરા એકઠાં થયાં. (૧૮૫) તેના વંશમાં;-

દેવગુપ્તસૂરિ થયા—તેણે કન્યકુબ્જ (કનોજ)ના રાજા ચિત્રાંગદને પ્રતિબોધ્યો કે જેણે પોતાની રાજધાનીમાં સુવર્ણબિંબવાળું જિનગૃહ બંધાવ્યું ને તેમાં સૂરિએ પ્રતિષ્ઠા કરી. (૧૮૭) ત્યારપછી પુનઃ કોઈ

યક્ષદેવસૂરિ થયા—તેઓ વિહાર કરતાં શ્રીમુગ્ધપુરમાં આવ્યા, ત્યાં મ્લેચ્છોનો ભય થતાં તેના ખબર જાણવા શાસનદેવીને બોલાવ્યા, કે જેણીએ જણાવ્યું કે મ્લેચ્છો આવી પહોંચ્યા. સૂરિએ દેવગૃહે જઈ દેવતાવસર દઈ બે સાધુને મોકલ્યા ને પોતે પાંચસો સાધુ સહિત કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. કેટલાક સાધુને ધરવામાં-પકડવામાં આવ્યા ને કેટલાકને મારી નાંખ્યા. સૂરિને બંદિવાન કર્યાં પણ તેને મ્લેચ્છ થયેલ શ્રાવકે છોડાવી પોતાના માણસો સાથે ષટ્કૂપ નગરે સહીસલામત પહોંચાડ્યા. ત્યાં સૂરિએ ૧૧ શ્રાવકપુત્રોને દીક્ષા આપી, મોકલેલા બે સાધુ પાછા આવી મળ્યા પછી આઘાટ નગરે સૂરિ ગયા ને ત્યાં પણ શ્રાવકોએ ગચ્છના ઉદ્ધાર અર્થે પોતાના પુત્રો આપીને દીક્ષા અપાવી ને કેટલાકે વૈરાગ્યથી દીક્ષા લીધી. આ સૂરિ આમ વિક્રમ સંવત્ એકસોથી કંઈક વધારે કાલ ગયો ત્યારે થયા, કે જેમણે સ્તંભતીર્થ (ખંભાત) નગરમાં સંઘે કરાવેલી પિત્તળની પાર્શ્વપ્રભુની મૂર્તિ સ્થાપિત કરી. પરિવાર વધતાં કક્કસૂરિને સ્વપદે સ્થાપી સ્વર્ગસ્થ થયા, ને કક્કસૂરિની પાટે સિદ્ધસૂરિ થયા (૨૦૨) તેના યક્ષ નામના શિષ્યને મહત્તરપદે સ્થાપ્યો. તે પ્રાયઃ ષટ્કૂપમાં રહેતો. પછી પોતાના પદે કોઇને સ્થાપ્યા વગર સિદ્ધસૂરિ સ્વર્ગે સંચર્યા. આથી ગચ્છનો ભાર યક્ષ મહત્તર પર આવ્યો. (૨૦૫)

હવે આ બાજુ મથુરાપુરીમાં એક નાના નામનો વિદ્વાન્ હતો તેણે કોઈ આરણ્યક ગુરૂ પાસે દીક્ષા લઈ સર્વ સિદ્ધાંત શીખી નગરી પાસેના વનમાં વ્રત પાલતો હતો તેને યક્ષદેવસૂરિએ આચાર્યપદ આપી નન્નસૂરિ પૂર્વે કરેલા હતા, તેની પાસે કૃષ્ણ નામના બ્રાહ્મણે દીક્ષા

લીધી હતી. હવે નન્નસૂરિએ બીજા કેટલાકને દીક્ષા આપી અલ્પ આયુ ભોગવી સ્વર્ગવાસ કર્યો એટલે કૃષ્ણ સાધુ પટ્ટકૂપપુરે જઈ યક્ષ મહત્તરપાસે વીર મંદિરમાં ઉપસંપદ લઈ શિક્ષા દ્વિવિધ લીધી તથાપિ ગચ્છનો ભાર કૃષ્ણર્ષિને સોંપી યક્ષમહત્તર સ્વર્ગસ્થ થયા. પછી કૃષ્ણર્ષિએ એક વખત દેવી ચક્રેશ્વરીની વાણીથી ચિત્રકૂટ (ચિતોડ)માં જઈ કોઇને શિષ્ય કરી તેને ભણાવ્યો ને તેને સર્વવિદ્યા પ્રાપ્ત થતાં દેવગુપ્ત નામ રાખી ગુરૂ તરીકે સ્થાપિત કર્યા. પોતે ગચ્છભાર રાખ્યો પણ પછી તે શિષ્યને સોંપી કૃષ્ણર્ષિ નાગપુર ગયા ને ત્યાંના શ્રેષ્ઠિ નામે નારાયણે પ્રતિબોધિત થઇ ગુરૂની સંમતિ લઇ ત્યાં કોટની જગ્યાપર જૈનમંદિર કરાવ્યું, ને કૃષ્ણર્ષિને પ્રતિષ્ઠા કરવા વિનંતિ કરી, પણ તેમણે દેવગુપ્તસૂરિ પૂજ્ય હોઇ તેની પાસે કરાવવા કહ્યું. એટલે તે સૂરિને ગૂર્જર મેદિનીમાંથી બોલાવી માન આપી તેની પાસે પ્રતિષ્ઠા કરાવીને ત્યાં ૭૨ ગોઠી ગોષ્ઠિક રાખ્યા. આથી નાગપુરમાં જૈનધર્મનું સામ્રાજ્ય થયું. (૨૨૬) પછી કૃષ્ણર્ષિએ સપાદલક્ષ (સાંભર)માં ઉત્કૃષ્ટ તપ આદર્યું. નાગપુરથી રૈવતગિરિ જઇ નેમિજિનને વંદી મથુરામાં આવી પારણું કર્યું. આ કૃષ્ણર્ષિએ દેવગુપ્તસૂરિને વિનતિ કરી કે કોઇ અનુયોગધર સૂરિ ગચ્છ માટે નીમવો ઘટે કારણકે સિદ્ધ સૂરિ ગયા પછી ગુરૂશૂન્ય ગચ્છ ઘણાં વર્ષ રહ્યો અને તેથી બીજા ગચ્છના સૂરિને કહેવાથી મેં આપને સૂરિ કર્યા. આથી દેવગુપ્તસૂરિએ જયસિંહ નામના વિદ્વાનને મંત્રાધાર ગુરૂ કર્યા. તેની પટ્ટે વીરદેવ ને વીરદેવની પાટે વાસુદેવ એમ ત્રણ મંત્રાધાર ગુરૂઓ કેટલાંક વર્ષ સુધીમાં થયા. વળી પૂર્વે યક્ષદેવસૂરિએ નન્નસૂરિને સૂરિ કરેલા હતા ને નન્ન-સૂરિ સ્વર્ગસ્થ થતાં તેના શિષ્યો મૂલ આચાર્યપદે રહેલા દેવગુપ્તસૂરિ પાસે ઉપસંપદ લેવા લાગ્યા; તે પૈકી સાવદેવ નામના એક સાધુને યક્ષ મહત્તરનું પદ આપ્યું હતું. તેની પાટે ઉપાધ્યાય ને પછી મહત્તર એમ બે પદ પ્રાપ્ત કરનાર થયા તેને કેટલોક કાલ થયો. (૨૩૮)

હવે બીજી બાજુ મૂલગુરૂની આજ્ઞામાં વીરદેવસૂરિ આવ્યા નહિ તેમ

તેને બોલાવવામાં ન આવ્યા એટલે રૂઠયા. મહત્તરપદવાળા સાવદેવના વંશમાંના ઉપાધ્યાયને સ્વર્ગસ્થ કૃષ્ણર્ષિના વચનથી ગુરૂ થએલા એવા આ દેવગુપ્તસૂરિએ સૂરિપદ આપી નન્નસૂરિ નામ રાખ્યું તે નન્નસૂરિ મંત્રાચાર અને ગુરૂના આદેશ માનનાર થયા. તેની પાટે સર્વદેવાચાર્ય થયા. તેપણ ગુરૂના મંત્રધારી–આજ્ઞાધારી થયા. આવા સમૃદ્ધિસંપન્ન ગણમાં દેવગુપ્તસૂરિ અર્બુદ ગિરિ પાસેની ચંદ્રાવતીપુરિમાં ગયા ને ત્યાં રોગથી શરીર બગડતાં વીર–સદનમાં કક્કસૂરિને ગુરૂ નીમ્યા. પછી દેવગુપ્તસૂરિ નીરોગી થતાં કક્કસૂરિ મંત્રાધારપદે ગયા એટલે પછી દેવગુપ્તસૂરિએ પોતાના આયુષ્યને અંતે બીજા કક્કસૂરિને સ્વપદે સ્થાપી સ્વર્ગવાસ કર્યો. પછી કક્કસૂરિએ સર્વદેવસૂરિનું મંત્રાધાર નામ સ્વીકાર્યું. ચંદ્રાવતી આદિ મુખ્ય બાર સારાં સ્થાનો ગોષ્ટિકોસહિત થયાં. (૨૪૯)

પછી કોરંટકપુરમાં* સ્થિતિ હોવાથી કોરંટક ગચ્છ ઉકેશ ગણમાંથી અનુક્રમે થયેલ ત્રણ સૂરિઓ નામે નન્નસૂરિ, કક્કસૂરિ અને સર્વદેવ સૂરિના અનુક્રમ નામવાળો થયો. પહેલાં મથુરામાં ઉત્પન્ન થયેલ નન્નાચાર્યના દીક્ષિતો થયા તેથી તે માથુર ગચ્છ હવે કોરંટક નામનો થયો. (૨૫૨)

હવે વિ૦ સં ૫૦૦ વર્ષથી કંઇ અધિક વર્ષે (ઉક્ત) કક્કસૂરિ થયા. ત્યારે મરૂકોટ (મરોટ)ની ખાઇ જૂની થયેલી તેને દૃઢ અને પહોળી બનાવવાની ઇચ્છાવાળા જોઇય વંશી કાકુ નામના બલવાન મંડલિક

---

* કોરંટકપુર—કોરંટક નગર તે કોરટા નામનું મારવાડમાં જોધપુર રાજ્યના પરગણામાં એરનપુરા સ્ટેશનથી પશ્ચિમે ૧૩ મૈલ દૂર ગામ છે તે પૂર્વે આબાદ શહેર હતું ને ત્યાંના પ્રાચીન વીરમંદિરથી એક તીર્થ ગણાય છે તે પરથી નીકળેલ 'કોરંટગચ્છ' નીકળ્યો તેના ઉત્પાદક કનકપ્રભસૂરિ ઉપકેશગચ્છ સ્થાપક રત્નપ્રભસૂરિના નાના ગુરૂભાઇ હતા એમ કહેવાય છે. તે ૧૬મી સદી સુધી વિદ્યમાન જોવાય છે. સં. ૧૫૧૫ લગભગ તેમાં 'કોરંટતપા' નામની એક શાખા પણ નીકળી હતી. વિશેષ માટે જુઓ શ્રી યતીન્દ્રવિજયનો 'કોરટાજી તીર્થકા પ્રાચીન ઇતિહાસ' એ નામનો લેખ–'જૈન' રૌપ્યમહોત્સવ અંક પૃ. ૨૨૯

રાજાએ બલમાં વૃદ્ધિ કરવા અર્થે ગર્તાપુર-ખાઇ ઉંડી ને પહોળી ખોદાવતાં તેમાંથી નમિનાથનું બિંબ નીકળ્યું. શ્રાવકોને બોલાવી તેમને સોંપી જિનમંદિર બંધાવી તેમાં સ્થાપિત કરવાનો આદેશ આપ્યો. નવીન પરિકર સહિત તે બિંબને ઉક્ત મંદિર થતાં તેમાં કક્કસૂરિએ પ્રતિષ્ઠા કરી. ત્યાં ઉપકેશગચ્છની સાધુ સાધ્વી માટે પાંચ પોષધશાળા અને ૫૬ શ્રાવકગૃહ થયાં. પછી સૂરિ રાણકદુર્ગે જતાં ત્યાંના રાજા ભુદ્રવંશી સુરદેવે પ્રતિબોધિત થઇ ત્યાં શાંતિજિનમંદિર બંધાવી તેમાં ગુરૂપાસે પ્રતિષ્ઠા કરાવરાવી. વળી ઉચ્ચકોટમાં અને મરૂકોટ્ટમાં શાંતિ અને નેમિ જિનની અષ્ટમી અષ્ટાન્હિકા (અઠાઇ) ત્યાં ત્યાંના ભૂપ સાથે થવાની સ્થિતિ થઇ, તેના શાંતિ નામના શિષ્યે ગુરૂ સાથે વાદ કરતાં ગુરૂએ પૂછ્યું 'ભદ્ર ! કોઇ રાજાને પ્રતિબોધી તેની પાસે જિન મંદિર કરાવી શકીશ?' ત્યારે તેણે કહ્યું 'હા, અને તેની પ્રતિષ્ઠા માટે આપને બોલાવીશ.' પછી તેણે ત્રિભુવનદુર્ગમાં જઇ ત્યાંના રાજાને પ્રતિબોધી તેની પાસે જિનમંદિર કરાવરાવી તે ભૂપદ્વારા ગુરૂને આવવા આમંત્રણ આપ્યું. મરૂકોટ્ટમાંથી ગુરૂ ગયા. રાજાએ પ્રવેશોત્સવ કર્યો અને શુભ લગ્ને કક્કસૂરિએ પ્રતિષ્ઠા કરી, ને જિનના ધર્મની તે દેશમાં પ્રતિષ્ઠા વધી. ત્યાં તે ગુરૂ સ્વર્ગસ્થ થયા ને તેના વંશમાં (પૂર્વોક્ત પાંચ નામોના ક્રમથી થનારા આચાર્યો થવા લાગ્યા). પુનઃ કક્કસૂરિ થયા તેમણે શ્રીમાલપુરના જૈન મંદિરમાં ઋષભપ્રભુનું બિંબ પ્રતિષ્ઠિત કર્યું, શ્રી સત્યદેવી, સર્વાનુભૂતિ (યક્ષ) તથા ચક્રેશ્વરીના કહેવાથી શ્રી રત્નપ્રભસૂરિ તથા યક્ષદેવસૂરિનાં નામ પોતાના ગચ્છમાં અપાતાં બંધ કર્યાં કારણકે તેને લાગ્યું હતું કે એવા સૂરિઓ ગચ્છમાં થશે નહિ. ને તેથી તે સિવાયના પછીના ત્રણ આચાર્યોનાં નામો (કક્ક સિદ્ધ ને દેવગુપ્ત) વર્તમાનથી અપાવાં નક્કી કર્યાં. પછી એ ત્રણ નામના સૂરિઓ થતા ગયા ત્યાં ક્ષત્રિય વંશના દેવગુપ્તસૂરિ થયા. (૨૭૬)

તે વીણાવાદનમાં બહુ આસક્તિવાળા હતા અને તે છોડવા ઘણા સાધુ ને શ્રાવકોએ વાર્યા પણ તે લત છોડે નહિ. આખરે તેણે

જિનધર્મથી વિરૂદ્ધ હોવા છતાં વ્યસન તજી નથી શકાતું એવો એકરાર કરી બીજાને પોતાના પદે સ્થાપી પોતે દેશાન્તરગમન કરશે એમ, જણાવ્યું. એ પ્રમાણે કક્કસૂરિને સ્વપદે સ્થાપ્યા ને નક્કી કર્યું કે હવે પછી આ ગણ-ગચ્છમાં જે ઉકેશ (ઓસવાલ) વંશમાં ઉત્પન્ન થયેલ હશે અને પિતૃકુલ અને માતૃકુલ બંને જેનાં શુદ્ધ હશે તેનેજ સૂરિપદે સ્થાપવામાં આવશે. આવી વ્યવસ્થા કરી દેવગુપ્તસૂરિ સૂરિપદને સ્વયં તજી લાટદેશમાં ગયા. આ પરદેશગમન વિ. સં. ૯૯૫ પછી બન્યું. (૨૮૫)

કક્કસૂરિ પટ્ટે તેમના શિષ્ય **સિદ્ધસૂરિ** થયા. તેના બીજા એક શિષ્ય જિનચંદ્ર ગણીએ શ્રાવકોના નવપદનો ગ્રંથ રચ્યો હતો. તે ગુરૂબંધવને પોતાને પટ્ટે નીમી **દેવગુપ્ત** સૂરિ નામ આપ્યું. તે વિદ્વાન્ સૂરિએ **પંચ પ્રમાણી તર્ક** નામના ગ્રંથની તેમજ બીજા **ક્ષેત્રસમાસ** ગ્રંથ સંસ્કૃત વૃત્તિ સહિતની રચના કરી–તેની પછી કક્કસૂરિ થયા.

આ સૂરિ પ્રત્યે વિરોધ હોવાથી સુચિન્તિત કુલના એક કપર્દિ નામનો સાધુ (શાહ) ધનના માનથી સહકુંટુબ **અણહિલ્લપુર** ગયો ને ત્યાં તેણે બહુ દ્રવ્ય કમાઇ નવું દેવગૃહ કરવા ત્યાંના ભૂપ પાસે ભેટણું ધરી જગ્યા માગી ને તે મળતાં દેવમંદિર કરવા શરૂ કર્યું. તે માટે દોરડાં વગેરે આણતાં તે પરનું દાણ રાજના ધણીએ માંગ્યું. દેવગૃહ માટેનું છે તેથી તે માફ થવું ઘટે એમ કહેવા છતાં દાણ લીધું એટલે તેણે ભૂપને સંતોષી દાણ વસુલ કરવાનો અધિકાર હતો તે ઉપરાંત અર્ધો પોતે મેળવી શુલ્કશાળા (દાણના સ્થાન)માં પોતાના ભાઇને રાખી દેવમંદિર પૂરૂં કરવાનું ચાલુ કર્યું. (૨૯૮)

આ વખતે કક્કસૂરિની પાટે **સિદ્ધસૂરિ** થયા કપર્દિનું દેવકુલ પૂર્ણ થતાં મૂલનાયકની મૂર્ત્તિ સુવર્ણમિશ્રિત પિત્તલની કરાવવાનું શરૂ કર્યું. આ મંદિર પાસે અગાઉ બંધાયેલ **ભાવડાર** ગચ્છનું દેવમંદિર હતું. તેના આચાર્ય **વીરસૂરિ**ને આ નવા મંદિરથી પોતાના મંદિરને આડખીલી થાય છે તેથી ખાર ઉત્પન્ન થયો; સૂત્રધાર મદને ૪૩

આંગળની વીરપ્રભુની મૂર્તિનું ખોખું બનાવ્યું ને તેમાં સુવર્ણમિશ્રિત પીત્તલ નાંખવા માટે સોનાને ઉનું કરી દ્રવિત રસ બનાવવાનું થાય ત્યારે વીરસૂરિ મંત્રશક્તિથી વરસાદ વરસાવતા. આમ બન્યા કર્યું એટલે કપર્દિએ સિદ્ધસૂરિ પાસે જઈ આ હકીકત કહી. તે સૂરિએ વરસાદને અટકાવ્યો-મૂર્ત્તિ થઈ-તેમાં બે ચક્ષુ લાખલાખનાં બે નીલમણિનાં મૂક્યાં. શુભલગ્ને સિદ્ધસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી. બાકીનું કામ વપ્પનાગ કુલના બ્રહ્મદેવે પૂરૂં કર્યું. (૩૧૬) સિદ્ધસૂરિ વિહાર કરી ગયા.

તે સૂરિના શિષ્ય જંબૂનાગ ગુરૂપદે રહ્યા. વિહાર કરતાં લુદ્રુયા નામના નગરમાં આવ્યા ત્યાં પરાક્રમી રાજા તણૂ હતો. સંઘે જઈ ગુરૂને કહ્યું કે અહીં બ્રાહ્મણો જિનમંદિર કરવા દેતા નથી, એટલે ફરીવાર રાજા પાસે જઈ મંદિર માટે જગ્યા માગવા કહ્યું, રાજાએ જગ્યા આપી ને તે પર મંદિર બાંધવા આજ્ઞા આપી. પછી વિપ્રો અડચણ ન કરે તે માટે ગુરૂએ તેમને જણાવ્યું, તેઓ અસહિષ્ણુ હોઇ વાદ કરવા તત્પર થયા. ગુરૂએ રાજા પાસે જઈ નિવેદન કર્યું. રાજાએ પોતાનું વર્ષફળ બંને પક્ષને કરવા કહ્યું, ને ગુરૂના અને બ્રાહ્મણોના વર્ષફલમાં જેનું ખરૂં પડશે તે વિજયી ગણાશે. જંબૂનાગે વર્ષફલમાં લખી આપ્યું કે અમુક દિવસે ને ઘડીએ મુમુચિ નામનો યવનાધિપ ૫૦૦૦૦ અશ્વ સહિત યુદ્ધસામગ્રી લઇ રાજ લેવાની ઇચ્છાથી આવશે (૩૩૩) તેને કેમ હરાવી શકાશે તે પણ જણાવ્યું ને તે પ્રમાણે તે આવ્યો ને પરાજય પામ્યો, (૩૪૩) પછી રાજાએ આદેશ માગ્યો ને ગુરૂએ જિનમંદિરનો આપ્યો. રાજાએ બ્રાહ્મણોને અવગણી પોતે તે કરાવી આપ્યું, ને તેમાં વીરપ્રભુના બિંબની જંબૂનાગે પ્રતિષ્ઠા કરી ને બ્રાહ્મણોની પણ પ્રીતિ મેળવી. તેમણે ચંડિકા શતક જેવું જિનશતક રચ્યું. (૩૪૭) તેના શિષ્ય દેવપ્રભ મહત્તર હતા ને તેના શિષ્ય કનકપ્રભ મહત્તર પદે હતા. કનકપ્રભના શિષ્ય જિનભદ્રને ગચ્છનાયકે ઉપાધ્યાય પદ આપ્યું. તે ઉપાધ્યાય અ.જૅર

દેશમાં ગયા ત્યારે તેને ત્યાંના રાજા સિદ્ધરાજના ભાતૃવ્ય (ભત્રીજા)-ને તેની માતાએ આવીને સોંપ્યો કે જેને ગુણવાન ને શાસનોન્નતિ કરનાર જાણીને ઉપાધ્યાયે તત્ક્ષણે દીક્ષા આપી. તે શિષ્ય શાસ્ત્રમાં પારંગત થઈ રાગકલામાં દક્ષ એવો વાચક-ઉપાધ્યાય થયો. શ્રી હેમ સૂરિએ તેનું લોકોત્તર વાચકત્વ સાંભળી તેને સવારમાં વ્યાખ્યાન અવસરે કૌતુકથી બોલાવ્યો. તેણે આવી પોતાના વ્યાખ્યાનથી ભૂપ-મુખ્ય એવી સર્વ પરિષદ્‌ને રંજિત કરી. હેમસૂરિએ તે શિષ્યની ઉપાધ્યાયજી પાસે માગણી કરી, પણ તેણે તેને ઇચ્છાથી ન આપતાં પોતાની પાસેથી બલે કરીને લઈ લેશે એમ જાણી રાત્રેજ પોતાના શિષ્યને લઇ ત્યાંથી પ્રયાણ કર્યું, રસ્તામાં ભૂલા પડી સિનપલ્લી મહાસ્થાને સૈન્યના ભયથી આકુલ થઇ છાના થઇને રહ્યા. (૩૫૭)

કુમારપાલ રાજાએ હેમસૂરિના કહેવાથી સૈન્યને પાછળ મોકલ્યું પણ તે ન મળવાથી પાછું ફર્યું...દેવી ત્રિપુરાને બોલાવતાં દેવીએ કહ્યું કે પદ્મપ્રભ સિતમ્બર બધું સારૂં કરશે; તમારૂં અલ્પાયુ હવે છે, તો તે માટે હોમ કરશો તો હું સહાય કરીશ. તે પદ્મપ્રભ ગુરૂ સહિત સપાદલક્ષ દેશના નાગપુર નગરમાં જઇ શ્રાવકોને હોમ માટે પૂછ્યું પણ તેમણે ના પાડી એટલે સિંધુદેશના ડંભરેલ્લ પુરમાં ગયા. ત્યાં જસાદિત્ય નામનો ગચ્છભક્તિવાળો શ્રેષ્ઠિ હતો તે હમેશ ઉઠીને સુવર્ણદાન કરતો હતો, તેણે પ્રવેશોત્સવ કર્યો. ત્યાંના રાજાને પદ્મપ્રભ ઉપાધ્યાયે ઉપદેશ આપતાં તે પ્રસન્ન થઈ બત્રીશ હજાર દ્રમ, તેટલા ઘોડા ને તેટલા ઉંટ ગુરૂને અર્પણ કરતાં તે અપરિગ્રહી જૈનસાધુ ન લઈ શકે એમ ગુરૂએ જણાવ્યું, એટલે તે સર્વેની કિંમત ૬૪૦૦૦ દ્રમ ધર્મમાં ખર્ચવા શ્રેષ્ઠિએ કહ્યું ને તેણે તેમાંથી જિનમંદિર સામ-રોદીમાં કરાવ્યું ને તેમાં ઉપાધ્યાયે પ્રતિષ્ઠા કરી. પદ્મપ્રભે ત્યાં સમુદ્ર જેવી પંચનદે જઇ શ્રેષ્ઠિની સાંનિધ્યે હોમ ૧૦૮ નાલીયેર સોપારી આદિ ફલથી કર્યો એટલે ત્રિપુરા દેવી પ્રત્યક્ષ થયાં, ને ઇચ્છામાં હોય તે માગવા કહ્યું. વચનસિદ્ધિ માગતાં તે આપી અદશ્ય થયાં. (૩૮૧)

કોઇ શ્રાવક વિદેશથી માલ ભરીને વંદનાર્થે આવ્યો ને પૂછતાં દાનભયથી મરચાંને બદલે માષ લાવ્યો છે એમ જણાવ્યું. ગુરૂએ કહ્યું 'તથાસ્તુ' એટલે તેમ થતાં પોતે ખોટું બોલ્યો તે અપરાધ માટે ક્ષમા કરવા શ્રાવકે વિનતિ કરી એટલે માષને બદલે પાછા મરિચ થઇ ગયાં. એક બ્રાહ્મણને વચનસિદ્ધિનો પરચો આપ્યો.

હવે ભીમદેવની પટ્ટરાણી કોઇપણ દર્શનીને સ્વ આસન તજી માન આપતી ન હતી, કારણકે તે માનતી હતી કે કોઇમાં જ્ઞાન નથી, માત્ર મુંડ મુંડાવવાથી પૂજવાને યોગ્ય ન થવાય. પદ્મપ્રભે જઇ યોગશાસ્ત્રનું જ્ઞાન પૂરક વાયુને પૂરીને દશમદ્વારે પદ્માસનસ્થ થઇ લઇ જઇને બતાવ્યું એટલે તે તેને પગે પડી. ને પોતાના ગુરૂ તરીકે સ્વીકાર્યો. પછી તે સપાદલક્ષ દેશમાં વિહાર કર્યો. ત્યાં ખરતરાચાર્ય જિનપતિસૂરિ સાથે ગુરૂકાવ્યાષ્ટક પર વાદ કરી અજયમેરૂ દુર્ગમાં વીસલ રાજાની સભામાં તેને જીત્યા. આમ જંબૂનાગની સંતતિની કીર્તિ ગાઇ હવે ક્રમાગત (ઊકેશગચ્છના) સૂરિઓ સંબંધી કહેવામાં આવે છે. (૪૦૭)

સં. ૧૧૦૮ જતાં સિદ્ધસૂરિના પદે દેવગુપ્તસૂરિ આવ્યા. સં. ૧૧૫૫ માં દેવગુપ્તસૂરિની પાટે કકકસૂરિ આવ્યા કે જેમણે જીવન પર્યંત એકાંતરા ઉપવાસ ને આંબિલનું પારણું એમ તપ કર્યું. આથી શિથિલાચારી સાધુઓ અને સાધ્વીઓએ તેમને તજી દીધા. તેના શુદ્ધસંયમથી ગચ્છ હવે તેમના સંસ્કૃત નામ પરથી કકુદ નામનો કહેવાયો. સપાદલક્ષથી મરૂકોટ્ટપુરમાં સાર્થ જતો હતો તેને મ્લેચ્છોથી પોતાની શકિતથી આચાર્યે રક્ષિત કર્યો. વળી અર્બુદગિરિ પર જ્યેષ્ઠ માસમાં ચઢતા સંઘને તરસ લાગી ને પાણી મળે નહિ તે વખતે આચાર્યે પદ્મા નીચેના વડ નીચે દર જોઇ તેમાંથી પાણી કાઢી સંઘને તરસથી મરતાં બચાવ્યો. આ પાણીનો કુંડ કર્તા લખે છે કે હજુ પણ વિદ્યમાન છે ને દર વર્ષે ઊકેશગચ્છીય શ્રાવકો ચંદ્રાવતી પાસેની તે વડ નીચેની પદ્માએ જઇને સ્વધર્મવાત્સલ્ય ભોજનાદિથી કરે છે ને નારીરૂપે દેવતાવસરે સચ્ચિકા દેવી પધારે છે. (૪૧૯)

હવે આચાર્ય માંડવ્યપુરમાં (મંડોવરમાં) દેવતાવસરવિધિ કરવા આવ્યા. ત્યાં અન્ય ગ્રામથી આવેલ એક શ્રાવક ઉપાશ્રયે આવ્યો. સાધુ ભિક્ષાર્થે ગયા હતા ને સૂરિ પાસે દેવતાસરવિધિ ચાલતી હતી ને ત્યાં સ્ત્રીરૂપે દેવી હતાં; શ્રાવક સૂરિને એકાંતે સ્ત્રી સાથે જોઇને પાછો ફર્યો ને સૂરિના ચારિત્ર્યમાં શંકા કરી એટલે દેવીએ તેને લોહી વમતો કર્યો. સંઘ અને પછી સૂરિના કહેવાથી તેનું લોહીવમન બંધ કર્યું અને સૂરિએ દેવીએ હવેથી આ વિષમ યુગ હોઇ પ્રત્યક્ષરૂપે ન આવતાં સ્મૃતિ કરાવવી ને દેવતાવસરે ધર્મલાભ તેણીને આપશે—આવી વ્યવસ્થા કરી. ત્યારથી દેવી પ્રત્યક્ષરૂપે આવતા નથી ને કાર્યકાલે સાંનિધ્ય રાખે છે. (૪૩૫)

ત્યાર પછી વિહરતા ગૂર્જરાવનિમાં અણુહિલ્લપુર સંઘના આમંત્રણથી આવ્યા, ત્યારે શ્રી કુમારપાલ રાજ્ય કરતો હતો કે જે શ્રી હેમસૂરિનો 'પદામ્બુજમધુવ્રત' હતો. તેની અભ્યર્થનાથી રાજગુરૂ શ્રી હેમસૂરિએ યોગશાસ્ત્રસૂત્ર સૂત્રિત કર્યું. (૪૩૮) તેમનો ગુણચંદ્ર નામનો સ્વોત્કર્ષથી ગર્વિત શિષ્ય હતો. સૂરિના ઉપાશ્રયમાં રાજાના ભટ્ટપુત્રોને રાજા હુકમ કરી મોકલતો. સર્વેએ કહ્યું કે અમારાપક્ષે કક્ક સૂરિ છે તેથી તેને બોલાવ્યા ને સર્વે સૂરિઓ તેને મળવા ઉપાશ્રયે એકઠા મળ્યા. તેનો એક પ્રસંગ નોંધેલ છે. (૪૬૯)

કક્કસૂરિ પાટણમાં કેટલોક કાલ રહીને દેવગુપ્ત ગુરૂને પોતાની પાટ પર સ્થાપી સ્વર્ગસ્થ થયા. શ્રી હેમસૂરિ લોકવ્યવહારે જઇને બધા દર્શનીઓ પાસે નીચેનો દોહો બોલ્યાઃ—(જુઓ દોહો નં. ૧૩૯ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ પ્રસ્તાવના પૃ. ૧૭૦)

ગયઉ સુકેસરિ પિયહુ જલુ નિશ્ચિંતઇ હરિણાઇં,
જાસુ તણઇ હુંકારડઇ મુહહ પડંતિ ત્રિણાઇ.

—જેના હુંકારથી મોઢામાંથી તરણાં પડી જતાં હતાં એવો કેસરીસિંહ ગયો, હવે હે હરણો! નિશ્ચિતપણે પાણી પીઓ. (૪૭૨)

શ્રી નામની પાંચભાઇવાળી બાલવિધવા શ્રાવિકાએ ગુરૂ—દેવગુપ્તસૂરિને ધર્મબાંધવ સ્વીકાર્યા. તેણીએ પોતાના ભાગના સવા લાખ

દ્રમ્મ ધર્મહેતુએ આપ્યા કે જેમાંથી ઉંચો રંગમંડપ બંધાયો. પછી સૂરિ લાંબો કાળ ગચ્છભાર ધારી કક્કસૂરિને નિજપદે સ્થાપી દેવભૂમિમાં ગયા. (૪૭૮)

સં. ૧૨૩૨ માં મરૂકોટ્ટ જવા આચાર્ય ચાલ્યા, રસ્તે જતાં સ્થલો નિર્જલ આવ્યાં. જ્યેષ્ઠ માસ હતો અને શ્રાવક વર્ગ સાથે હતો તે તરસથી વ્યાકુલ થયો. ગુરૂએ પંખીવાળા વૃક્ષને જોઇને ત્યાં જઇ ધ્યાન ધરી પ્રભાવથી પાણી કાઢી આપ્યું. શ્રાવકનો સાથ તરસથી મરતો બચી ગયો. મરૂકોટ્ટમાં પ્રવેશોત્સવ થયો. ત્યાં જોઇય વંશી સ્વામિ સિંહબલ હતો ને ગુરૂભક્ત હતો. તેની બ્હેન રત્નાદેવી પીયર રહેતી તે ગુરૂના યોગશાસ્ત્રના વ્યાખ્યાનમાં હંમેશ આવતી. તેણીએ યોગશાસ્ત્રનું પુસ્તક લખી આપ્યું. એકાંતરા ઉપવાસ કરી સર્વ વિકૃતિ તજી દુષ્કર તપ ગુરૂએ આદર્યું. સં. ૧૨૩૬ (રસાગ્નિ બાહુ જીવાતૃક વર્ષે) પ્રહ્લાદકૂપ નામના નગરમાં આવેલ નેમિનાથ દેવાલયના શિખરે પ્રતિષ્ઠા કરી. પછી ભયાણા દેશમાં જઇ ત્યાંના દેશનાયકને ધર્મવાસિત કર્યો. પછી સિદ્ધસુરિ થયા. (૪૯૭)

તેના ગુરૂભ્રાતા વીરદેવ ઊકેશપુરમાં રહી શ્રાવકપુત્રોને ભણાવતા ને નભોગમન વિદ્યા આદિ કલામાં સિદ્ધ હતા. એક ગર્વીઇ યોગીએ આવી તેની પાસે પીવા પાણી માંગ્યું એટલે બાલકોને જલ લાવી પાવા કહ્યું. તે બાલકો ઉઠવા જાય પણ જમીનને ચોંટી ગયેલા એટલે ઉઠાય નહિ. એટલે ઉપાશ્રયમાં પડેલા એ પાણાને હુકમ કર્યો કે આ વરાકને ભૂ પાઓ. પાણાએ સજીવ થઇ તે યોગીપર પ્રહાર કરતાં તે પડી ગયો. તેણે પગે લાગી ક્ષમા માગી. હવે વીરદેવ મુનિ ત્યાં હતા એટલામાં સં ૧૨૫૨માં તુરૂષ્કો (તુર્કો) આવ્યા. લોક નાઠા. વીરદેવ તો સ્થિર થઇ રહ્યા, વીરબિંબ પાસે પત્થર આડા દીધા. મ્લેચ્છો પર નભમાંથી તરવારના ઘા થયા. યવનો મંદિરના ગર્ભગૃહમાં જઇ ન શકયા. જ્યારે ઊકેશપુરનો મ્લેચ્છ સૈન્યથી આ રીતે ભંગ થયો ત્યારે સિદ્ધસૂરિ ગૂર્જરમંડલમાં હતા (૫૧૩)

હવે વીરાત્ ૩૦૦માં નિષ્પન્ન થયેલ હોવાથી જીર્ણ થયેલ સિદ્ધ-ચક્રના મંત્રવાળો દેવતાવસરે રાખેલ રૂપાના પટનો ઉદ્ધાર સિદ્ધસૂરિએ સં ૧૨૫૫માં કર્યો (૫૧૬). પછી કોઇને આચાર્ય બનાવ્યા વગર તે સૂરિ સ્વર્ગસ્થ થયા તે વખતે ઉચ્ચ નગરથી ઉપાધ્યાય પદધારી વર્દ્ધમાનને સંઘે બોલાવ્યા ને સં ૧૨૭૮ (નાગર્ષિ બાહુ રજનીકર)માં દેવગુપ્ત નામ આપી કાસહ્રદગણ પાસે તેમને ગુરૂ કર્યા. (૫૧૯). તેણે દેવાનંદને ઉપાધ્યાય બનાવ્યા કે જેણે ગુરૂની આજ્ઞાથી ભયાનક દેશમાં જઇ નઇનગરમાં બાહુલિ શાહે કરાવેલા નવા નેમિભુવનમાં પ્રતિષ્ટા કરી. દેવગુપ્તસૂરિએ સ્વહસ્તે વીરચંદ્ર પંડિતને દીક્ષિત કર્યો કે જે આગમ છંદાદિ કલામાં પ્રવીણ થયા. વિહારમાં જ્યાં જ્યાં દોષ હતા ત્યાં ત્યાં તે નિવાર્યા ને મંત્રશક્તિથી ઘણાને વશ કર્યા. તેણે મરૂકોટ્ટમાં પાર્શ્વ જિન મંદિરમાં ગોઠીઓને ઉપદ્રવ કરતા ક્ષેત્રપાલને મંત્રના ખીલાથી ખોડીને ઉપદ્રવ ટાળ્યો. સિંધુ દેશમાં વિદ્યાથી તે પ્રસિદ્ધ થયા કે જેનું નામ હમણાં પણ ત્યાં લેવાય છે. વળી ષંડેરક સૂરિ પાસે જાવાલિપુરમાં લોક વ્યવહારે (ખરખરે) જતાં ત્યાં ક્રિયા થતી જોઇ તે સૂરિને કહ્યું કે ઓગણત્રીસમે દિને મારી (મારા શબ) પાસે આવી ક્રિયા તમે કરતા હશો ને તેજ પ્રમાણે આઠમે દિને તાવ આવ્યો ને પોતે સ્વર્ગસ્થ થયા. આમ ૨૮ વર્ષની ઉમરનો આઠ શાસ્ત્રમાં પંડિત એવો વિખ્યાત શિષ્ય (વીરચંદ્ર) ગયો. (૫૩૮)

શિષ્યમંડળ—દેવગુપ્તસૂરિનો બીજો શિષ્ય દેવચંદ્ર થયો કે જેને શારદા-સરસ્વતીએ પ્રત્યક્ષ થઇને વર આપ્યો. તે વિદ્યારસ નહી સહન થવાથી અભિમાની થઈ ગચ્છ છોડી મહારાષ્ટ્ર, તિલંગ, કર્ણાટ દેશમાં ગયો. ત્યાં તેણે સાત છત્રવાળો જાપુલીયકવાદી નામે ધર્મરૂચિને જીતી સર્વ છત્ર છોડાવ્યાં. વળી તિલંગે વાદીને જીતનારા એવા દિગંબર ધર્મકીર્તિને જીતીને તેને વનમાં મૂકી દીધો. એમ અનેક વાદીને તે દેશમાં જીતી શ્વેતાંબર દર્શનને અજવાળ્યું. કર્ણાટકવાસી ધનિક વ્યવહારી મહાદેવે સદ્‌ભક્તિથી કરેલી પ્રાર્થનાથી સંસ્કૃતમાં સાહસાંક

નામનું શ્રી ચંદ્રપ્રભચરિત ૨૧ સર્ગવાળું રચ્યું. (૫૪૫)

સ્થિરચંદ્ર નામનો શિષ્ય પ્રમાણ-તર્ક તથા કવિત્વમાં કુશલ થયો. શિષ્ય હરિશ્ચન્દ્ર નામના ઉપાધ્યાયે કચ્છદેશમાં વિહાર કરી ત્યાના રાજાને પ્રતિબોધી ત્યાં બાલિકાને દૂધ પીતી કરી મારી નાંખવામાં આવતી તે પ્રથાને અટકાવી. (૫૪૮)

ચંદ્રપ્રભ ઉપાધ્યાય નિમિત્તકલા જાણતા. હરિશ્ચંદ્ર (બીજા) નામના વાચનાચાર્ય સરસ વ્યાખ્યાન કરવામાં વિખ્યાત હતા, ને તેમણે સુખાસનમાં બેઠેલા સારંગદેવ ભૂપને બે ઘડી રસ્તામાં વ્યાખ્યાનના રસથી સ્થિર કર્યો હતો. બીજા વાચનાચાર્ય નામે પાસમૂર્ત્તિ હતા. તેના શિષ્ય હર્ષચંદ્ર લિગાગોત્રના હતા. જે સામાન્ય હતા તે પણ સૂરિના હસ્તથી દીક્ષિત થઇ અસામાન્ય ગુણવાળા થયા હતા.

આ દેવગુપ્તસૂરિના સમયમાં વામનસ્થલિના સાધુ (શાહ) સમુદ્રે વીરમંદિર કરાવ્યું ને તે તે દેશમાં ઊકેશવંશ નહોતો તે સ્થાપ્યો; અર્જુન ભૂપતિના પ્રસાદપત્રથી કુમારસિંહ બાર હજાર અશ્વવાળો થયો હતો તેણે ગોદ્રહદ (ગોધરા)ના રાજાને રણભૂમિમાં જીત્યો, ને તેથી ભૂપતિએ 'મહારાણક'નું પદ તેને આપ્યું ને તેણે સ્તંભતીર્થમાં વીરજિનમંદિર કરાવ્યું. ઘૃતઘટિ નામની નગરીમાં વીજા સપાલા એ બંનેએ, માલવદેશના જયસિંહપુરે પદધારી સાધુ આભૂએ, પુષ્કરિણીમાં સાધુ તોલીયારે, નવાં જિનમંદિર બંધાવ્યાં: એ સર્વ મંદિરોમાં દેવગુપ્ત સૂરિએ પ્રતિષ્ઠા કરી. કેટલાંક વર્ષો સર્વત્ર વિહાર કરી પ્રલ્હાદનપુર (પાલણપુર) આવી વૃદ્ધવાસમાં રહ્યા, પોતાની ૮૪ વર્ષની ઉમર થઇ ને આયુષ્ય જાણવા સત્યકા દેવીનું ધ્યાન ધર્યું. એક વિકૃતિનો આહાર યાવજ્જીવ રાખી નમસ્કાર મંત્રનો જપ ચાલુ રાખ્યો. દેવીએ પ્રત્યક્ષ થઇ કહ્યું કે ૩૩ દિન પછી મૃત્યુ છે તો કોઇને સૂરિ નીમી જાઓ. કોઇ સૂરિપદ યોગ્ય જણાતો નથી તો શું કરવું? દેવીએ જણાવ્યું કે આ બાલચંદ્ર સૂરિપદને યોગ્ય છે એટલે સં. ૧૩૩૦ (ખ વન્હિ અગ્નિ શશાંક) વર્ષે પોતાના મરણ પહેલાં સ્વહસ્તે તેને સૂરિપદ આપી સિદ્ધસૂરિ નામ રાખ્યું. (૫૭૨)

આ સૂરિએ વિવાહિત લગ્નોત્સુક કન્યાને તથા ત્રણ લાખની સંપત્તિ તજી વીશ વર્ષની વયે દીક્ષા લીધી. તેમના શિષ્ય ઉપાધ્યાય મુનિશેખર થયા કે જેઓ સામાન્યપણે હંમેશાં ૨૪ જિનસ્તવ ૧૦૮ વારે સ્મરતા. બીજા શિષ્યો-મુનિરત્ન ઉપાધ્યાય, નાગેંદ્ર વાચનાચાર્ય, લક્ષ્મીકુમાર વાચનાચાર્ય, સોમચંદ્ર તથા મંગલકુંભ આદિ અસંખ્ય શિષ્ય થયા. આ સિદ્ધસૂરિએ માલવના મુખતિલક રૂપ માંડવ્ય નામના દુર્ગ પર હરદેવ અને વિજયદેવે કરાવેલા ચૈત્યમાં ૨૪ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. આ હરદેવ અને વિજયદેવે શત્રુંજય મુખ્ય તીર્થના સંઘપતિ થઇ યાત્રાસંઘ કાઢયો, તેની સાથે સિદ્ધસૂરિ ગયા. તે એક લાખ શ્રાવકનો સંઘ હતો તેને સર્વ નગરના વાસીઓ જમાડતા. (૫૮૩)

શ્રી દેસલના પુત્રે દેવગિરિ દુર્ગમાં કરાવેલ સુવર્ણકુંભથી ભૂષિત પાર્શ્વમંદિરમાં, તથા જીર્ણદુર્ગમાં મંડલીકે કરાવેલા વીરમંદિરમાં આ સૂરિએ પ્રતિષ્ઠા કરી, વિમલાચલ પર ત્રિભુવનસિંહે કરાવેલા દેવમંદિરમાં વર્ત્તમાન ૨૦ જિનની તથા શત્રુંજય પર દેવ જગતિમાં દેસલે કરાવેલ યુવાગારમાં બે બિંબની પ્રતિષ્ઠા કરી. તેમની કૃપાથી દેસલના સહોદર સાધુ આશાધરે સંઘપતિ બની શત્રુંજય તીર્થાદિની યાત્રા સિદ્ધસૂરિ સાથે સંઘસહિત કરી. વળી તે સૂરિની કૃપાથી સંઘપતિ બની વિમલગિરિ (શત્રુંજય) પર તેણે ઉદ્ધાર કર્યો. (૫૯૨)

અને ચિત્રકૂટનો સોમસિંહ પણ સંઘનાથ બન્યો; તથા ઉક્ત કુમારસિંહના પુત્ર મુંજાલે નૃપહસ્તથી સુરાષ્ટ્ર દેશનો વ્યાપાર મળ્યા પછી-સર્વાધિકારી થયા પછી ઉજ્જયંત (ગિરનાર) પર બે દેવકુલિકા અને વામનસ્થલિમાં મોટા મંડપવાળી દેવકુલિકા કરાવી તથા સ્તંભતીર્થમાં પોતાના પિતાએ કરાવેલા વીરમંદિરમાં બાવન સુંદર કુંભ ને એક દંડ કરાવ્યા. આ સવની પ્રતિષ્ઠા સિદ્ધસૂરિએ દરેક સ્થલે જાતે જઇને કરી. (૫૯૭)

તે સૂરિની કૃપાથી લક્ષપતિ નામના લખોપતિએ મથુરા અને

અને હસ્તિનાગપુરની યાત્રા કરી. તે યાત્રામાં સ્થિરદેવના પુત્ર કાલિયે સ્વપિતાના બંધુ લક્ષપતિને સહાય કરી અને વળી તેણે ભર્તૃપુરમાં નવું જિનમંદિર બંધાવ્યું; તેનો નાનો ભાઇ લુંઢક શત્રુંજય પરના સમરાએ ઉદ્ધાર કરેલા જિનની યાત્રા કરવા મુખ્ય સંઘપતિ થયો. (૬૦૧)

સિદ્ધસૂરિ વિહરતાં અણુહિલ્લપુર આવ્યા. ત્યાં વેસટ વંશના સાધુ ગોસલના પુત્ર દેસલ અને તેનો ભાઈ આશાધર હતા. સં. ૧૩૬૮ પછી એટલે સં. ૧૩૬૯માં શત્રુંજય તીર્થના ઋષભ મંદિરનો ભંગ મ્લેચ્છોએ કર્યો. સર્વ સંઘ દુઃખિત થયો. કેટલાકોએ અમુક દિવસો સુધી શાકવાળું ધાન્ય તજ્યું. દેશલે સૂરિ પાસે જઇ તેનો ઉદ્ધાર કરવાનો મનોરથ જણાવ્યો. સૂરિએ તે સફલ થશે એમ કહ્યું. એટલે પુત્ર સમરસિંહને તીર્થોદ્ધારનું સર્વ કાર્ય સોંપ્યું. અલપખાન પાસેથી તીર્થોદ્ધાર કરવા માટે ફરમાન લીધું. ને સંઘની આજ્ઞા લીધી. આરાસણની ખાણમાંથી બિંબ માટે ફલહિ મંગાવી; અને (સમરસિંહે) બ્રહ્મચર્યાદિ સહિત અભિગ્રહ લીધો. શત્રુંજય પર સૂત્રધારો સાથે ફલિકા મોકલાવી અને તેને તેઓ ઘડવા લાગ્યા. સર્વ સહાયકારી થયા. પ્રતિષ્ઠા સમય જ્યોતિષીઓ પાસે શોધાવી સૂરિમુખ્ય સંઘને ભેગો કરી સંમતિ મેળવી. સમસ્ત દેશના સંઘોને આહ્વાહન આપી ઘણા સૂરિઓ સહિતના મહા સંઘને લઇને દેશલ સંઘપતિ, સિદ્ધસૂરિ સહિત ચાલ્યો. શત્રુંજય જતાં ત્રણ પુત્રો (સહજ, સાહણ ને સમરસિંહ) ધન સાથે મળ્યા, ને (નાનાભાઇ) લાવણ્યસિંહના બે પુત્રો (સામંત ને સાંગણ) પણ આવી ખડા થયા. આ પાંચ પાંડવો તીર્થનો ઉદ્ધાર કરવા જાણે આવ્યા હોય નહિ એમ લોકો બોલતા થયા. સર્વ પ્રતિષ્ઠાસામગ્રી દેસલે રચી ને સં. ૧૩૭૧ (ઉડુપ વાજિ કૃશાનુ સોમ) તપસિ-માઘ માસે શુકલ ચૌદશ સોમવારે વાજિત્ર અને ધવલ ગીત સહિત નાભિનન્દનની સિદ્ધસૂરિએ પ્રતિષ્ઠા કરી. (૬૩૧)

પૂર્વે વજ્રસ્વામિએ પ્રતિષ્ઠા કરેલી અને હમણાં સિદ્ધસૂરિએ કરી. મંદિર આખું મૂલથી યવનોએ પડાવી નાંખ્યું હતું. તેનો ઉદ્ધાર દેસલે કર્યો. પૂર્ણ થયેલ પ્રાસાદના શિખર ઉપર કલશ ચડાવ્યા ને દંડપ્રતિષ્ઠા ગુરૂએ કરી. ત્યાં પહેલાં જાવડિ નાચ્યો હતો તેમ અત્યારે દેસલ સહકુટુંબ નાચતો હતો. અર્થીઓને નાણું સોનું માણિક્ય વસ્ત્ર દેસલે આપ્યાં. મહાપૂજાદિ ક્રિયા કરી વીશ દિવસ રહી તે ગિરિપરથી ઉતર્યો. પદધારી પાચસો ને બે હજાર તપસ્વીઓને બહુમૂલ્ય વસ્ત્રોથી પડિલાભ્યા. સાતસો ચારણો, ત્રણ હજાર બંદિઓ, હજારો ગાયકોને અશ્વ, સુવર્ણ, અને વસ્ત્રનાં દાન કરી સાધુ સમરસિંહે દેસલનું સન્માન કર્યું. (૬૪૧)

હવે સંઘપતિ ઉજ્જયન્ત તીર્થને નમવા ગયો. જીર્ણદુર્ગ (જૂનાગઢ)માં તે વખતે તેનો રાજા મહીપાલદેવ હતો. સમરસિંહના ગુણોથી આકૃષ્ટ થઇ સામો આવ્યો. તેની સમક્ષ તેણે ભેટ ધરી તેને સંતોષ્યો. તે તીર્થમાં પણ દેસલ પૂર્વતીર્થ કરતાં પણ જાણે વધુ પૂજા મહિમા કરીને ગિરિનારથી ઉતર્યો. પછી દેવપત્તન (પ્રભાસ પાટણ) નો અધિપતિ રાજા મુગ્ધરાજ સમરસિંહના દર્શન કરવા ઉત્કંઠિત હતો, તેથી તેની અભ્યર્થનાથી સંઘપતિ સંઘ લઇ દેવપત્તન ગયો ને મુગ્ધરાજ સામો આવ્યો. ત્યાં ચતુર્વિધ સંઘ અને દેવાલય સહિત સંઘપતિ સોમેશ્વર દેવ પાસે આવ્યો. મુગ્ધરાજે ઉત્સવ કર્યો અને એક પ્રહર ત્યાં ગાળ્યો. ત્યાંના મુખ્ય અગ્રેસર જટાધરે (મહંતે) તેમજ ગંડાએ ઘણો ઉત્સવ કર્યો. સંઘપતિએ સંઘને પ્રિયમેલકમાં-પ્રિયના સમાગમમાં-સ્થાપ્યો ને ભવ્ય-સત્યયુગમાં જે ન બન્યું તે આ વેળા બન્યું. કક્કસૂરિએ કહેલું કે 'આ પૃથ્વી પર અનેક સંઘપતિઓ થયા, પણ હે સમર ! તારા માર્ગે કોઇ ગયો નથી. શ્રી નાભેયજિનનો ઉદ્ધાર કરી દરેક નગરમાં જતાં તેના સ્વામીઓ સામા આવ્યા અને સોમેશપુરમાં પ્રવેશ કરી તેં તારી કીર્ત્તિ વધારી.' ત્યાં ઘણું દાન દઇ અષ્ટાન્હિકા ઉત્સવ કરી જિન ચૈત્યમાં જિનપૂજા અને સોમેશ્વરદેવના મંદિરમાં તે દેવની પૂજા કરી. (૬૫૨)

પછી સંઘ દ્વીપ (દીવ) ગયો. ત્યાંનો રાજા મૂલરાજ હતો. તેણે જલમાર્ગમાં હોડીઓની સગવડ કરી અને નાવ પર સાદડીઓ મૂકી તે પર દેવાલય રાખી શહેરમાં સંઘને લઇ ગયો; ત્યાં પણ અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો પછી સંઘપતિ પુનઃ શત્રુંજય આવ્યો. (૬૫૫)

આ બાજુ એમ થયું કે સિદ્ધસૂરિ કિંચિત્ રોગથી બાધા પામતા જીર્ણદુર્ગમાં રહ્યા. સંઘે કહ્યું કે આયુષ્યની ખબર નથી તો કોઇ શિષ્યને સૂરિમંત્ર આપો. ત્યારે ગુરૂએ કહ્યું કે પાંચ વર્ષ એક માસ અને નવ દિન હજુ મારૂં આયુષ્ય છે ને હું સૂરિને કર્યા વગર દેહમુક્તિ નહિ કરૂં. સંઘે ફરીથી વિનતિ કરી કે સ્થાવર તીર્થ સ્થાપ્યું, હવે જંગમતીર્થ કૃપા કરી સ્થાપો. એટલે સિદ્ધસૂરિએ તે વિજ્ઞપ્તિ માન્ય રાખી. મેરૂગિરિ નામના શિષ્યને સૂરિપદ સં. ૧૩૭૧ ના ફાલ્ગુન શુક્લ પંચમીએ આપી તેમનું કકકસૂરિ નામ રાખ્યું. ત્યાં પાંચ દિન ઉત્સવપુરઃસર રહી પછી ત્યાંથી નીકળી દેસલના સંઘને શત્રુંજયે જઇ મળ્યા. (૬૬૫)

શત્રુંજય મહાતીર્થની પુનર્યાત્રા કરી સંઘપતિ દેશલ ગુરૂ સાથે અનુક્રમે શ્રી પત્તન આવ્યા; કુલ ૨૭ લક્ષ ને ૭૦ હજાર તીર્થોદ્ધારમાં સંઘપતિ દેસલે ખર્ચ્યા. ફરીવાર સં. ૧૩૭૫ માં દેસલે સાત સંઘપતિઓ તથા ગુરૂ સાથે મોટાં સર્વતીર્થોની બે વાર યાત્રા કરી. તેમાં બે હજાર માણસો હતાં. (૬૬૯)

સિદ્ધસૂરિએ ત્રણ માસ જેટલું આયુષ્ય બાકી જાણી દેસલને કહ્યું કે 'તારૂં આયુષ્ય પણ હવે એક માસનું છે. તો હું ઊકેશપુર જઇ કક્કસૂરિને મુખ્ય ચતુષ્કિકામાં શાંતિથી સ્થાપીશ. આપને જો ઇચ્છા હોય તો હમણાંજ ચાલો, કારણકે તે દેવ નિર્મિત વીર પ્રભુનું ઉત્તમ તીર્થ છે.' પછી દેસલ સાધુ ને મેલવેલા સંઘ સહિત સિદ્ધસૂરિએ ઊકેશપુર પ્રત્યે પ્રયાણ કર્યું. રસ્તામાં દેસલ સ્વર્ગસ્થ થયા. સિદ્ધસૂરિએ માઘ પૂર્ણિમા દિને મુખ્યસ્થાને સ્વહસ્તે કક્કસૂરિને સ્થાપ્યા.

ત્યારે મુનિરત્નને ઉપાધ્યાયનું, શ્રીકુમાર અને સોમેન્દુને વાચનાચાર્યનું પદ આપ્યું. દેસલના પુત્ર સહજે વીરની મૂર્તિનો સ્નાત્રાભિષેક અઢાર ગોત્રવાળાને સાથે રાખી કર્યો, અખંડ અન્નસત્રો ખોલ્યાં, સાધાર્મિક વાત્સલ્ય કર્યું. ત્યાં અષ્ટાન્હિકા ઉત્સવ કરી સૂરિ ફુલવર્દ્ધિકા (ફલોધી) સહજ સાથે ગયા. ત્યાં પાર્શ્વ પ્રભુને વાંદ્યા. પછી પત્તનપુર (પાટણ) સંઘ સહિત સૂરિજી આવ્યા. પોતાનું એક માસ આયુષ્ય બાકી જાણી સિદ્ધસૂરિએ કક્કસૂરિને બોલાવી તે જણાવ્યું ને કહ્યું કે આઠ દિન બાકી રહે એટલે સંઘને ખમાવી-ક્ષમાપના પૂર્વક મને અનશન આપવું. અનશન આપવા કહેતાં કક્કસૂરિએ અનશન આપ્યું નહિ એટલે ગુરૂએ પોતે બે અપવાસ કર્યા, અને અનશન ગ્રહણ કર્યું. તે ૭ દિન પછી કહેલા દિને સહજ પ્રમુખ ભક્તિમાન શ્રાવકોએ મૃત્યુ મહોત્સવ કર્યો. ચાર વર્ણોના દરેક બાલ યુવા વૃદ્ધ વંદનાર્થે આવ્યાં. આસપાસના પાંચ યોજનમાં આવેલાં ગામોમાં એવું કોઈ નહિ હોય કે જે વંદના કરવા આવ્યું નહિ હોય. મૃત્યુ કોઈ ન જાણે અને આ સૂરએ જાણી જણાવ્યું તેથી લોકોએ મૃત્યુ મહોત્સવ કરવાનું આદર્યું. ૭ દિવસ સુધીમાં એકવીશ મંડપવાળું વિમાન બંધાવી તેમાં સૂરિ-શરીર રાખ્યું. સ્ત્રીઓના હલ્લીસકથી અને સ્થાને સ્થાને દાંડીયા રાસથી વાદિત્ર આદિ સહિત પુરમાં થઇને કાઢવામાં આવ્યું. શ્રાવકો ખાંધ દેતા ગયા. ચંદન અગર કપૂરથી અગ્નિ સંસ્કાર કર્યો. એ રીતે સં. ૧૩૭૬ના ચૈત્ર શુદ ૧૩ ને દિને સૂરિ સ્વર્ગે ગયા. (૬૭)

હવે કક્કસૂરિ સાંપ્રત ગચ્છને પાલતા હવા, કે જે સૂરિએ શ્રી નાભેય જિનના પ્રાસાદમાં મ્લેચ્છોએ આચ્છાદિત લેપ્યમૂર્તિને પુનઃ નિર્મોપિત કરાવી સ્થાપી પછી ગુરૂના કહેવાથી સોપારક અને કુણગમાં સંઘ સહિત જઇને ઉન્નતિ પ્રાપ્ત કરી; જેમની કૃપાથી નરપતિએ સંઘપતિ પદ પોતાના બંધુ સીધર સાથે પ્રાપ્ત કર્યું, તેમજ નરપાલ સાધુ (શાહે) સંઘાધિપત્ય પ્રાપ્ત કર્યું ને તેના બાંધ કાલૂ નામનાએ ભૂપતિઓનાં મન રંજિત કર્યાં; જેના હસ્તસ્પર્શથી સાધુ સ્થિરજૂએ

સંઘાધિપત્યની પ્રાપ્તિ કરી તથા વેસટ ગોત્રના દેવપત્તનમાં રહેલા છાડાએ ઢિલ્લી (દિલ્હી)ના સ્વામીએ પોતાના કામ માટે બોલાવેલા છતાં હસ્તિનાગપુર અને મથુરાનાં તીર્થોમાં યાત્રોત્સવ કર્યો અને જેના આરાધનથી તિલંગ દેશમાં છ લાખ બંદીવાનોને છોડાવી સમરસિંહે દેશમાં પ્રભુતા મેળવી. (૭૦૫)

એવા સર્વે ગચ્છમાં ગૌરવશાલી ગચ્છનાયક કક્કસૂરિ (આ ઉપકેશગચ્છ પ્રબંધના કર્તા) હાલ વિજયવંતા વર્તે છે. તે રત્નપ્રભસૂરિથી યથાક્રમ ૬૭મા સ્થાને થયા. એના ગણમાં પ્રાયઃ અઢારે ગોત્રના શ્રાદ્ધો છે. તે સર્વેની ગોત્રદેવી સચ્ચિકા સ્વીકારાયેલ છે. કોરંટકમાં પ્રબોધેલા બાર ગોત્રો થયા તેની ગોત્રદેવી તરીકે ચક્રેશ્વરી દેવી સદા પૂજાય છે. ગચ્છમાં બીજા પણ શ્રાવકો નામે છુસા, અંબા, રોહિલ, અર્ચક, જીઉ, લાવણગ વગેરે અન્ય ગોત્રના છે. (૭૧૦)

હવે આ ગચ્છની નિશ્રાએ જે પ્રાસાદ (જિન મંદિરો) જ્યાં ત્યાં થયાં તે અસંખ્ય છે, છતાં કેટલાંક સાંભળોઃ—ઊકેશનગરે વીરમંદિર પ્રથમ થયું ને પછી ત્યાં બે ચૈત્ય થયાં, કોરંટકમાં એક, ઘંઘાનદીમાં એક, પ-પયકમાં એક, નવધનમાં એક, રાધામયમાં એક, ધાનાત્રયમાં એક, ઝંબરીમાં એક, નાગપુરમાં એક, કુટિકકૂપમાં એક ને ખટ્ટકૂપપુરમાં એક, ક્ષેમસરમાં એક, સમિયાણકમાં એક, દાનાનકમાં એક, ખેટમાં એક અને શ્રીમાલમાં બે, પાલડી ગામમાં એક, વ્યાધરાજમાં એક, તેમજ પ્રલ્હાદકૂપ, નદ્દુલ, પીંપાડ, કિરાટકૂપ, સિનહદિમાં એક એક, મરૂકોટ્ટપુરમાં એક, ઉચ્ચપુરમાં એક, વિક્રમપુરમાં એક, વાગ્ભટમેરૂ (બાહડમેર)માં એક, લો-દકમાં એક, જેસલમેરૂમાં એક, ફુલવર્દ્ધિકામાં એક, પુષ્કરિણીમાં એક, એક અજયમેરૂમાં, કેસરકોટ્ટમાં એક, ડંભરેલપુરમાં એક, ગજ્જનકમાં એક, મુગ્ધપુરમાં એક, સિંધુદેશથી તે નાગપુર સહિતમાં પાંચસો થયાં. એક નઇય નગરમાં, એક ત્રિભુવનગિરિ પર, એક એક માંડવદુર્ગમાં ને જયસિંહપુરમાં, ધારામાં વીરમંદિર, આઘાટમાં ત્રણ, ઇષાપાલમાં

એક, મજ્જાપદ્રમાં ઋષભ ચૈત્ય, એક વણીમાં, એક વિયાણિકા ગામમાં, એક ઝાટપદ્રમાં, એક પાલાપદ્રમાં, એક ચમવિદિમાં, એક ભદ્રપુરમાં, નાગહ્રદમાં પાર્શ્વમંદિર, બે પ્રહ્લાદનપુરમાં, પુનઃ પત્તનમાં વીરાદિ ત્રણ ચૈત્ય, વિદ્યુત્પુરમાં એક, ગુપ્પહૃગુરૂમાં એક. સરસ્થાન કંથા તથા ઘૃતઘદિમાં એક, સાચરોદિમાં એક, સૌવર્ણિકમાં એક, ધીણ-ઉજમાં એક ને સ્તંભતીર્થમાં ત્રણ, આશાપલ્લી, ભૃગુકચ્છ, વલ્લીપુરી, ખંગારદુર્ગ, વામનસ્થલીમાં એક એક, શત્રુંજયના શિખરે બે ચૈત્ય, ને દેવગિરિમાં એક જિનાલય થયેલ છે. ઊકેશગચ્છની નિશ્રાએ જે ચૈત્યો હાલ છે તે સર્વ મેં કહ્યાં. આ રીતે ઊકેશગચ્છનો સંબંધ પૂરો થયો. સં. ૧૩૯૩ની શરદ ઋતુમાં કક્કસૂરિએ રચના કરી. પાર્શ્વથી ઉત્પન્ન થયેલ રત્નપ્રભ ગુરૂથી થયેલ મૂલ સંબંધ થયો. આ પ્રબંધ ભાવચંદ્ર અને મુનિકલશ ઉપાધ્યાયોએ પ્રથમ લખ્યો. —પંક્તિ ૧૯ વાળી પત્ર ૧૯ની પ્રતિ (કે જે અને જેના પરથી ઉતારેલી નકલ બંને મને શ્રીમાન્ જિનવિજયજી પાસેથી મળી તેમાંથી યોગ્ય બંધબેસતો સાર લઇ અત્રે મૂક્યો છે).

(કક્કસૂરિના આ ઉપકેશ ગચ્છ પ્રબંધના કેટલાક શ્લોકો અને પોતાના નાભિનંદનોદ્ધાર પ્રબંધના પાંચ પ્રસ્તાવના કેટલાક શ્લોકો એક સરખા છે તે જણાવીએ છીએ:—

શ્લોક ૧૦૬ થી ૧૪૩ તે પ્રસ્તાવ ૨ શ્લોક ૧૯૫ થી ૨૩૦, ૧૭૮ થી ૧૮૫ તે પ્ર૦ ૨–૨૩૧ થી ૨૩૮, ૨૭૧ થી ૨૭૫ તે પ્ર૦ ૨–૨૩૯ થી ૨૪૨, ૫૯૦ પ્ર૦ ૨–૨૬૭, ૬૪૭ પ્ર૦ ૨–૨૦૮, ૬૪૮ પ્ર.૫–૨૧૧, ૬૪૯ પ્ર૦ ૫–૨૦૯, ૬૫૦ થી ૬૫૨ પ્ર૦ ૫–૨૧૪ થી ૨૧૬, ૬૫૪ થી ૬૬૪ પ્ર. ૫–૨૨૬ થી ૨૩૭, ૬૬૫ પ્ર. ૫–૨૪૧, ૬૬૮ થી ૬૯૭ તે પ્ર. ૫–૨૮૪ ને ૨૮૫ ને ૨૮૮ થી ૩૧૫)

ઉપકેશ ગચ્છની પટ્ટાવલી (૬)

(ઉપકેશ-ઊકેશમાંથી ઓસવાલ થયેલ છે અને શ્રી **પાર્શ્વ**નાથ સંતાનીય રત્નપ્રભસૂરિએ આ ઉપકેશ ગચ્છ સ્થાપેલ છે. તેનું મૂલસ્થાન ઉપકેશપુર-ઊકેશપુર-**ઓ**સીયા નગરી છે.)

૧ **શ્રી પાર્શ્વનાથ**ના શિષ્ય અને **પ્રથમ** ગણધર **શુભદત્ત** ૨ તેની પાટે **હરિદત્ત** ૩ **આર્યસમુદ્ર** ૪ **કેશી** ગણધર કે જેમણે પરદેશી રાજાને બુઝવ્યો.

૫ **સ્વયંપ્રભ સૂરિ**—તેમણે રત્નચૂડ વિદ્યાધરને પ્રબોધી દીક્ષા આપી, ને વીરાત્ પર વર્ષે આચાર્યપદે સ્થાપ્યા ૬ તે **રત્નપ્રભ સૂરિ**—તે પાંચસો શિષ્ય સાથે **ભી**નમાલ આવ્યા. તે નગરનું પૂર્વ નામ લક્ષ્મી મહાસ્થાન, કૃતયુગ ને ત્રેતાયુગમાં રત્નમાલા, દ્વાપરમાં **વી**રનગરી અને કલિયુગમાં **ભી**નમાલ હતું. ત્યાં રાજા **ભી**મસેનના પુત્ર **શ્રી**પુંજનો પુત્ર ઉત્પલકુમાર યા **શ્રીકુ**માર રાજ્ય કરતો હતો ને તેનો બંધુ સુરસુંદર યુવરાજ હતો. તેના અમાત્યો બે ભાઇ નામે ઊહડ ને ઉદ્ધરણ હતા. એક પાસે ૯૯ લાખને બીજા પાસે ૧૮ કોટિ સુવર્ણ દ્રવ્ય હતું. કોટિપતિ નગરમાં અને લક્ષપતિ નગર બહાર વસતા હતા. ઊહડ બીજા ભાઈ પાસે કોટિપતિ થવા ખૂટતા એક લાખ ઉછીના લેવા ગયો. 'તારા વગર નગર ઉજડ હતું કે તું નગરમાં આવી વાસો કરશે ?' આમ જવાબ મળ્યો, આથી તેણે નગર બહાર નીકળી ઉજડ જમીનપર જુદું નગર ઉપકેશ નગર વસાવ્યું. ત્યાં રત્નપ્રભસૂરિ જતાં કલ્પ્ય આહાર ન મળે. એવામાં ઊહડના પુત્રનું સર્પદંશથી મૃત્યુ થયું. સૂરિએ તેને જીવતો કર્યો. સવા લાખ શ્રાવકો પ્રતિબોધ્યા. ત્યાં લૂણદ્રહ નામની ડુંગરી પર બંધાતા નારાયણપ્રાસાદમાંથી મહાવીર પ્રાસાદ બંધાયો. ગાય દૂધ સિંચતી હતી તે સ્થાનમાંથી સૂરિએ કહેલી અવધિ પહેલાં ખોદવાથી જે મહાવીર બિંબ નીકળ્યું તેના હૃદય પર લીંબુ જેવી બે ગાંઠો હતી.

આ પ્રાસાદમાં અને કોરંટ નગરમાં પણ આ અવસરે થયેલા મહાવીર ચૈત્યમાં મહાવીર બિંબોની પ્રતિષ્ઠા વીરાત્ ૭૦ શુકલ પંચમી ગુરૂવારે નિજરૂપે અને વૈક્રિયરૂપે એકજ સમયે સૂરિએ કરી. ત્યાં સચ્ચિકાદેવીને પાડા બોકડા વગેરેનો વધ કરી બલિદાન અપાતું તે સૂરિએ બંધ કરાવી દેવીને પ્રતિબોધી સમ્યકત્વવાળી કરી. સૂરિએ વીરાત્ ૮૪ માં સ્વર્ગવાસ કર્યો.

૮ **યક્ષદેવ—માણુભદ્ર** યક્ષને પ્રતિબોધી સંઘનું વિઘ્ન નિવાર્યું.

૯ **કક્ક ૧૦ દેવગુપ્ત ૧૧ સિદ્ધ ૧૨ રત્નપ્રભ ૧૩ યક્ષદેવ ૧૪ કક્ક**—મહાવીરબિંબના હૃદયપરની બે ગ્રંથીઓ કાઢી નાંખીએ તો બિંબ સારૂં થઇ રહે એમ ધારી કોઇએ તે કઢાવી એટલે તેમાંથી રક્તધારા છૂટી. સૂરિએ અપવાસ કરી શાસનદેવીની આરાધના કરી. દેવીએ આવી જણાવ્યું કે નગરનો હવે ભ્રંશ થશે, ગચ્છવિરોધ થશે. રકતધારા બંધ થવા માટે તેણીએ અમુક વિધિ સૂચવી ને ૧૮ ગોત્રનો મેલ કરવા કહ્યું. વિધિથી રક્તધારા બંધ થઇ. ૧૮ ગોત્રનો મેલ થયો. તેનાં નામ ૧ તાતહડ, ૨ બાપણા, ૩ કર્ણાટ, ૪ વલ, ૫ મોરાક્ષ, ૬ કુલહટ, ૭ વિરિહટ, ૮ શ્રીમાલ, ૯ શ્રેષ્ટિ, ૧૦ સુચંતી, ૧૧ આઇચણા, ૧૨ ચારવેડીઆ, ૧૩ ભાદ્ર, ૧૪ ચીંચટ (દેશલહરા શાખા) ૧૫ કુંભટ, ૧૬ કનોજીયા, ૧૭ ડિંડભ ૧૮ લઘુ શ્રેષ્ટિ.

૧૫ દેવગુપ્ત ૧૬ સિદ્ધ ૧૭ રત્નપ્રભ ૧૮ યક્ષદેવ—વીરાત્ ૫૮૫ બાર વર્ષના દુકાળમાં વજ્રસ્વામી શિષ્ય વજ્રસેન સ્વર્ગસ્થ થતાં આ સૂરિએ ચાર શાખા સ્થાપી. (૧ નાગેંદ્ર, ૨ ચંદ્ર, ૩ નિવૃત્તિ ૪ વિદ્યાધર)

૧૯ કક્ક ૨૦ દેવગુપ્ત ૨૧ સિદ્ધ ૨૨ રત્નપ્રભ ૨૩ યક્ષદેવ ૨૪ કક્ક ૨૫ દેવગુપ્ત ૨૬ સિદ્ધ ૨૭ રત્નપ્રભ ૨૮ યક્ષદેવ ૨૯ કક્ક ૩૦ દેવગુપ્ત ૩૧ સિદ્ધ.

૩૨ **રત્નપ્રભ** ૩૩ **યક્ષદેવ** ૩૪ **કક્કુદાચાર્ય** તેના પટ્ટે **દેવગુપ્તાચાર્ય** તેના પટ્ટે **સિદ્ધાચાર્ય**—એ પાંચ ઉપકેશ ગચ્છાધિપ આચાર્યનાં મૂલ

નામ છે. તેના પટ્ટે કક્કસૂરિએ બાર વર્ષ સુધી આયંબિલ તપ કર્યું. ઉક્ત પાંચ નામમાંથી રત્નપ્રભ અને યક્ષદેવનાં નામ સચ્ચિકા દેવીના વચનથી બંધ રાખ્યાં ને ત્રણ નામ ઉત્તરોત્તર ચાલુ થયાં. ઉપકેશગણની ૨૨ શાખાનાં નામ અપાયાંઃ—૧ નાગેંદ્ર ૨ ચંદ્ર ૩ નિવૃતિ ૪ વિદ્યાધર—ને સ્થાને ૧ સુંદર, ૨ પ્રભ, ૩ કનક, ૪ મેરૂ, ૫ સાર, ૬ ચંદ્ર, ૭ સાગર, ૮ હંસ, ૯ તિલક, ૧૦ કલસ, ૧૧ રત્ન, ૧૨ સમુદ્ર, ૧૩ કલ્લોલ, ૧૪ રંગ, ૧૫ શેખર, ૧૬ વિશાલ, ૧૭ રાજ, ૧૮ કુમાર, ૧૯ દેવ, ૨૦ આનંદ, ૨૧ આદિત્ય, ૨૨ કુંભ. કક્કસૂરિએ આબુ પર્વત આસપાસ તૃષાથી પીડાતા સંઘને માટે દંડ સ્થાપનથી જલ પ્રકટાવ્યું; ભરૂચમાં સાધર્મિક વાત્સલ્ય–સંઘ જમણમાં જેસલપુરથી ઘી આણ્યું,

૩૫ **દેવગુપ્ત**. તેના પદ મહોત્સવે જયતિલક આદિ પાંચ ઉપાધ્યાય સ્થાપ્યા. ઉક્ત જયતિલકે શાંતિનાથ ચરિત્ર રચ્યું. ૩૬ **સિદ્ધ** ૩૭ **કક્ક** ૩૮ **દેવગુપ્ત** ૩૯ **સિદ્ધ** ૪૦ **કક્ક** ૪૧ **દેવગુપ્ત** સં. ૯૯૫ વર્ષે તે ક્ષત્રિય વંશમાં થયેલ ને વીણા વગાડવામાં તત્પર રહેવાથી ક્રિયાશિથિલ થતાં ચતુર્વિધ સંઘે તેની પાટે વીસ વસાવાળા—વીસા એવા ૪૨ **સિદ્ધસૂરિ** સ્થાપ્યા ૪૩ **કક્ક**—પંચ પ્રમાણ ગ્રંથના કર્ત્તા ૪૪ **દેવગુપ્ત** સં. ૧૦૭૨ ૪૪ **સિદ્ધ**—નવપદ પ્રકરણ ને તે પર સ્વોપજ્ઞ ટીકા રચનાર ૪૬ **કક્ક** ૪૭ **દેવગુપ્ત** ૪૮ **સિદ્ધ** ૪૯ **કક્ક**

૫૦ **દેવગુપ્ત** સં. ૧૧૦૮. ભીનમાલમાં ભેંસા સાહે તેમના પદમહોત્સવમાં સાત લાખ ધન ખર્ચ્યું, કારણકે તે ગુરૂના પાદપ્રક્ષાલનનું જલ વિષાપહાર કરતું એવી લબ્ધિ તેનામાં હતી. પૂર્વે ડિંડુવાણ પુરે ભેંસાશાહની ભાર્યા છાણાં થાપતી તે ગુરૂપદેશે બાળવામાં આવતાં રૂપાનાં થઈ જતાં તેમાંથી ગદહિયા સિક્કા કાઢયા. ભેંસાશાહની માતા શત્રુંજયની યાત્રાએ જતાં ખરચી ખુટતાં પાટણમાં ઇશ્વર શ્રેષ્ઠિની પાસે ખરચની માગણી કરીને પૂછતાં પોતે ભેંસાશાહની માતા છે એમ જણાવ્યું, તેણે મશ્કરી કરી કે અમારે ત્યાં

પાણી લાવે છે તેની માતા! માતા ધન લઈ યાત્રા કરી ઘેર જઈ પુત્રને તે વાત જણાવી. ભેંસાશાહે સામાન્ય વેષે પાટણ જઈ તે શેઠને પૂછ્યું 'રૂપું લેશો?' શેઠે ઉત્તર આપ્યો 'જેટલું લાવ તેટલું લઈશ'. ભેંસાશાહે રૂપાના ગધઈયા પુષ્કળ લાવી ધર્યા. શેઠ એટલા બધાની કિંમત આપી ન શક્યો એટલે પાટણના બધા શ્રેષ્ઠિને ભેગા કરી તે દ્વારા ભેંસાશાહને વચનથી છોડવા વિનતિ કરી તે શેઠ ચરણે પડયો. ગુર્જ્જર ભૂમિમાં મહિષ–ભેંસા પાડાથી પાણી લાવવાનું બંધ કરાવી ભેંસાશાહે તેને વચનથી મુક્ત કર્યો; ને પોતાનું તે ધન સાત ક્ષેત્રમાં વાપર્યું. આથી 'ગાદિયા' એવી શાખા થઈ.

૫૧ **સિદ્ધ** ૫૨ **કક્ક** સં. ૧૧૫૪, કે જેણે હેમસૂરિ કુમારપાલના વચનથી કૃપાહીન મુનિઓને દેશ બહાર કઢાવ્યા. (લેખ સં. ૧૧૭૨ બુ. ૨ નં. ૯૧૭)

૫૩ **દેવગુપ્ત**—તેણે લક્ષ દ્રવ્ય તજી દીક્ષા લીધી હતી ૫૪ **સિદ્ધ**

૫૫ **કક્ક** સં. ૧૨૫૨–તેણે **મરોટ** કોટ પ્રકટ કર્યો (મરૂ કોટ પ્રત્યે જતાં માર્ગમાં તૃષાતુર સંઘ માટે, જલ પ્રકટ કર્યું સં. ૧૨૫૬ માં પ્રલ્હાદકૂપપુરના નેમિનાથ દેવાલયના શિખરે પ્રતિષ્ઠા કરી; (લેખ સં. ૧૨૫૬ ના. ૧)

૫૬ **દેવગુપ્ત** ૫૭ **સિદ્ધ** ૫૮ **કક્ક** ૫૯ **દેવગુપ્ત** ૬૦ **સિદ્ધ** ૬૧ **કક્ક** ૬૨ **દેવગુપ્ત** ૬૩ **સિદ્ધ** ૬૪ **કક્ક** ૬૫ **દેવગુપ્ત** (લેખ સં. ૧૩૫૩ ના. ૧) તથા ૬૬ **સિદ્ધ.** સં. ૧૩૩૦ માં. **ચીચટ** ગોત્રે ઉબરરાગે સ્થાપેલા આબુની તળેટીમાં આવેલા વરણી નામના સુંદર નગરમાંથી શા દેશલે શત્રુંજય આદિ સાત તીર્થમાં ચૌદ કોટિ દ્રવ્યના ખર્ચે ચૌદ યાત્રા ચૌદ વાર કરી. પ્રથમ દેવગુપ્તસૂરિ અને તેના પટ્ટધર સિદ્ધસૂરિ પ્રમુખ સમગ્ર સુવિહિત સૂરિના હસ્તે દેશલને 'સંઘપતિ' તિલક કરાવ્યું. કહ્યું છે કે

श्री देशलः सुकृतपेशलवित्तकोटि
चंचच्चतुर्दश जगज्जनितावदातः ।

शत्रुंजय प्रमुखविश्रुतसप्ततीर्थः
यात्रा चतुर्दश चकार महामहेन ॥

તેના પુત્રો **સમરા** અને **સહજાએ** વિમલવસતિનો ઉદ્ધાર સં. ૧૩૭૧ માં કર્યો તથા બીજી પણ તીર્થયાત્રા કરી સંઘપતિનું પદ લીધું એમ ઉપદેશ રસાલમાં કહ્યું છે. સાહ **દેસલે** પાલ્હણપુરમાં **સિદ્ધસૂરિનો** પદ મહોત્સવ કર્યો. તે સૂરિએ **સમરાના** આગ્રહથી **શત્રુંજય** પર છઠ્ઠો ઉદ્ધાર કરી શ્રી **આદિનાથની** પ્રતિષ્ઠા કરી. [સં. ૧૩૭૧ માઘ શુદ ૧૪ સોમવાર. સ્વ૦ સં. ૧૩૭૬ ચૈત્ર શુદ ૧૪ પાટણ. આ સિદ્ધસૂરિના લેખ સં. ૧૩૪૫-૬ ના. ૩; સં. ૧૩૫૬-૭૩ બુ. ૨)

૬૭ **કક્ક**—જેનો પદ મહોત્સવ સં. ૧૩૭૧ (ફા. શુ. ૫ દિને જુનાગઢ) સાહ **સહજાગરે** (?મંત્રી ધારસિંહે) કર્યો. તેણે ગચ્છપ્રબંધ રચ્યો તેમાં **દેશલના** પુત્રો **સમરા** અને **સહજાનાં** ચરિત્ર છે. (વળી **નાભિનંદનોદ્ધાર** પ્રબંધ સં. ૧૩૯૩ માં કાંજરોટપુરમાં રચ્યો તેમાં દેશલ, સમરા, સહજા આદિનાં વૃત્તાંત છે,) [લેખ સં. ૧૩૭૮ જ. નં. ૧૩૫, ૧૪૩, સં. ૧૩૭૯–૮૦–૮૮ બુ. ૧ નં. ૩૧૨, ૭૧૧ ને ૭૦૬; સં. ૧૩૮૦–૭–૧૪૦૦ બુ. ૨; સં. ૧૩૮૦–૫ ના. ૨; સં. ૧૩૮૬-૯૧ ના. ૩, સં. ૧૪૦૧–૫ ના. ૧.; સં. ૧૪૦૩ જૈ. સ. પ્ર. ૪ પૃ. ૫૯૭.

૬૮ **દેવગુપ્ત**—કવિ, સિદ્ધાંતપારગામી, શાસ્ત્રજ્ઞ. તેનો પદમહોત્સવ ઢિલી–દિલ્હીમાં સં. ૧૪૦૯ માં પાંચ સહસ્ર સુવર્ણ ખર્ચી કર્યો. (લેખ સં. ૧૪૧૪–૫૨ જિ. નં ૨૭ ને ૫૧૬; સં. ૧૪૨૨–૩૨–૩૯–૬૮ બુ. ૨; સં. ૧૪૩૦ ના. ૩; સં. ૧૪૪૬–૬૮–૮૧ વિ.; સં. ૧૪૬૮–૭૦–૮૪–૮૬ ના. ૨; સં. ૧૪૭૧ ના. ૧; સં. ૧૪૮૬ જ. નં. ૬૨૨

૬૯ **સિદ્ધ**—તેનો પદ મહોત્સવ સં. ૧૪૭૫ માં અણહિલ પાટક પત્તને **ચોરવેડીયા** ગોત્રે સાહ **ઝાવા** **નીવાગરે** કર્યો. (લેખ સં. ૧૪૮૦–૫–૯–૯૫ ના. ૧; સં. ૧૪૮૨–૯૧-૩ ના. ૨; સં.

૧૪૮૪-૫-૯-૯૩ બુ. ૧ નં. ૧૦૧૨, ૧૧૭૫, ૧૦૩૦, ૩૫૧; સં. ૧૪૮૫-૯૪ ના. ૩.

૭૦ કક્ક—તેનો પદ મહોત્સવ સં. ૧૪૯૮ માં ચિત્રકૂટ-ચિતોડમાં ચોરવડીયા ગોત્રે સાહ સારંગ અને સોનાગર રાજાએ કર્યો. તેણે ૧૪૪૪થી અધિક કચ્છ મધ્યે 'અમારિ' પ્રવર્ત્તાવી. તેણે વીરભદ્ર (યક્ષ) ને પ્રતિબોધ્યો. તે સંસ્કૃત પ્રાકૃતના ગ્રાતા વિદ્વાન હતા. (તેના લેખ સં. ૧૪૯૮-૧૫૦૭-૧૪ ના. ૩; સં. ૧૪૯૯-૧૫૧૧-૨-૫-૯-૨૪ ના. ૧; સં. ૧૪૯૯-૧૫૦૪-૮-૯-૧૮-૨૦-૨૫ બુ. ૨; સં. ૧૫૦૧-૨-૪-૫-૬-૭-૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૭-૧૯ બુ. ૧ નં. ૧૪૫, ૬૮૫ ને ૮૩૨, ૧૩૩ ને ૭૪૭, ૯૦૪, ૧૩૦૫, ૭૦૦, ૮૫૮, ૧૨૩૯, ૫૫૩, ૮૭૬, ૭૨૭, ૫૦૫; સં. ૧૫૦૩-૫-૬-૭-૮-૯-૧૨-૧૭-૨૦-૨૧-૨૪ ના. ૨; સં. ૧૫૦૪-૭-૯-૧૪-૧૭-૨૦ વિ.; સં. ૧૫૦૬ જ. નં. ૬૩૮; સં. ૧૫૦૭-૧૯ જૈ. સ. પ્ર. ૫ પૃ. ૧૬૧ ને ૧૬૩.

૭૧ દેવગુપ્ત—તેનો પદ મહોત્સવ નવેસરથી જોધપુરમાં શ્રેષ્ઠિ ગોત્રે મંત્રી જયતાગરે સં. ૧૫૨૮ માં કર્યો. પાર્શ્વનાથ પ્રાસાદ અને પૌષધશાલા કરાવ્યાં. શત્રુંજય યાત્રા કરી. પાંચ પાઠક (ઉપાધ્યાય) સ્થાપ્યા તેનાં નામ-૧-ધનસાર ૨, દેવકલ્લોલ, ૩ પદ્મતિલક, ૪ હંસરાજ, ૫ મતિસાગર.

(લેખ સં. ૧૫૦૨-૪-૧૯-૨૧-૭૨ બુ. ૧ નં. ૧૦૬૫, ૫૬૩, ૧૦૯૪, ૭૭૦, પૃ. ૧૩૨; સં. ૧૫૨૮-૩૪-૫-૭-૪૪-૬-૫૮-૯ ના. ૨; સં. ૧૫૨૮-૪૬-૯-૫૬-૮-૯-૬૨-૩ ના. ૧; સં. ૧૫૩૦-૩-૬ બુ. ૨; સં. ૧૫૩૨ જૈનયુગ ૫ પૃ. ૪૬૯; સં. ૧૫૩૮-૪૨ ના. ૩; સં. ૧૫૦૭ જૈ. સ. પ્ર. ૫ પૃ. ૧૬૧.

તેમના સમયમાં ૭૦ મા કક્ક સૂરિ શિષ્ય ધર્મહંસ શિષ્ય ધર્મરુચિએ સં. ૧૫૬૧ માં અજાપુત્ર ચો. રચી જુઓ પૃ. ૫૩૭. તેમના શિષ્ય સિંહકુલે સં. ૧૫૫૦ માં મુનિપતિ ચરિત્ર ગૂ. પદ્યમાં રચ્યું. પૃ. ૫૧૫.)

૭૨ **સિદ્ધ**—તેનો પદ મહોત્સવ સં. ૧૫૬૫ માં મેદિનીપુર-મેડતામાં શ્રેષ્ઠિગોત્રના મંત્રી દશરથના પુત્ર મંત્રી લોલાગરે કર્યો.

(લેખ સં. ૧૫૬૬-૭-૭૧-૨-૪-૮૮-૯૨-૬ ના. ૨; સં. ૧૫૬૮ બુ. ૨; સં. ૧૫૭૯ બુ. ૧ નં. ૧૦૮, સં. ૧૫૭૯-૮૫ ના. ૧

તેમના સમયમાં દેવકુમાર-કર્મસાગર-(ઉક્ત) દેવકલ્લોલ શિષ્ય દેવકલશે સં. ૧૫૬૯ માં ઋષિદત્તા ચો. રચી (૧-૧૨૦), ને રત્નસમુદ્ર ઉ૦ ના શિષ્ય કવિ સહજસુંદરે સં. ૧૫૭૦-૨ ને તે આસપાસ કેટલીક ગૂ૦ પદ્યકૃતિઓ રચી (૧-૧૨૦) આ સિદ્ધસૂરિના શિષ્ય ઉ. હર્ષસમુદ્રના શિષ્ય વિનયસમુદ્રે સં. ૧૫૮૩ થી સં. ૧૬૦૫ માં ગૂ૦ પદ્યકૃતિઓ રચી (૧-૧૬૮ ને પૃ. ૬૨૫)

૭૩ **કક્ક**—જોધપુરમાં સં. ૧૫૯૯ માં ગચ્છનાયક થયા ને તેનો પદમહોત્સવ શ્રેષ્ટિ ગોત્રે મંત્રી જગાના પુત્ર મંત્રી ધર્મસિંહે કર્યો.

૭૪ **દેવગુપ્ત**—તેમનો પદ મહોત્સવ સં. ૧૬૩૧ માં શ્રેષ્ઠિગોત્રે મંત્રી સહસવીરના પુત્ર મંત્રી દેદાગરે કર્યો. (લેખ સં. ૧૬૩૪ના. ૧)

૭૫ **સિદ્ધ**—સં. ૧૬૫૫ ચૈત્ર શુદિ ૧૩. શ્રેષ્ઠિ ગોત્રે મહામંત્રી શ્રી ઠાકુરસિંહે વિક્રમપુર (વીકાનેર) માં તેમનો પદ મહોત્સવ કર્યો.

(લેખ સં. ૧૬૫૯ ના. ૧. તેમના સમયમાં ૭૨મા સિદ્ધસૂરિમાં ઉલ્લેખેલ દેવકલ્લોલ ઉ૦ ના શિષ્ય પદ્મસુંદર-દેવસુંદર-પુન્યદેવ શિષ્ય કર્મસિંહે નર્મદાસુંદરી ચો. સં. ૧૬૭૮ માં દશાડામાં રચી (૧-૫૦૯)

૭૬ **કક્ક**—સં. ૧૬૮૯ ફા. શુ. ૩. શ્રેષ્ઠિ ગોત્રે ઉક્ત મંત્રી ઠાકુરસિંહના પુત્ર મંત્રી સાવલકે તથા તેની પત્ની સાહિબદે એ તેમનો પદ મહોત્સવ કર્યો.

૭૭ **દેવગુપ્ત**—સં. ૧૭૨૭ મૃગશિર શુદ ૧૦. તેમનો પદ મહોત્સવ શ્રેષ્ઠિ ગોત્રે મંત્રી ઇશ્વરદાસે કર્યો.

૭૮ **સિદ્ધ**—શ્રેષ્ઠિ ગોત્રે મંત્રી સગતસિંહે પદાભિષેક સં. ૧૭૬૭ મૃગશિર શુદિ ૧૦ કર્યો.

૭૯ કક્ક—સં ૧૭૮૩ આષાઢ વદિ ૧૩ દિને પદમહોત્સવ મંત્રી દોલતરામે કર્યો.

૮૦ દેવગુપ્ત—સં. ૧૮૦૭. (ઉક્ત) મુહતા દોલતરામજીએ પદ મહોત્સવ કર્યો.

૮૧ સિદ્ધ—સં. ૧૮૪૭ મહા શુદિ ૧૦ પટ્ટાભિષેક. મુહતા શ્રી ખુશાલચંદ્રે પદ મહોત્સવ કર્યો.

૮૨ કક્ક—સં. ૧૮૯૧ ચૈત્ર સુદ ૮ પટ્ટાભિષેક, પદમહોત્સવ વૈદ્ય મુંહતા ઠાકુરસુત મુંહતા સિરદારસિંહના ગૃહે વીકાનેરમાં સમસ્ત સંઘે કર્યો.

૮૩ દેવગુપ્ત—સં. ૧૯૦૫ ભાદરવા શુદિ ૧૩ સોમે પટ્ટાભિષેક, શ્રેષ્ઠિ ગોત્રે વૈદ્ય મુંહતા શાખાના પ્રેમરાજના પરિવારના હઠીસિંધ ઋષભદાસ મેઘરાજનો ઉત્સંગ (ખોળે) લઇને ફલોધીમાં સમસ્ત વૈદ્ય મુહતાએ તેનો ઉત્સવ કર્યો.

૮૪ સિદ્ધ—સં. ૧૯૩૫ માઘ વદિ ૧૧ પટ્ટાભિષેક શ્રેષ્ઠિ ગોત્રે વૈદ્ય મુહતા શાખાના ઠાકુરના પુત્ર મહારાવ હરિસિંધે પદ મહોત્સવ વૃદ્ધ ગૃહ મધ્યે વીકાનેરમાં ધાંસીવાલા સુરજમલ હાથે સંઘ સહિત થયો. તેની કૃપાથી હું કલ્પવાચના કરૂં છું. (લેખ સં. ૧૯૪૦ ના. ૨)

[જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨, અંક ૧ માં છેવટના ૧૧ પૃષ્ઠ ના ભાગમાં સંસ્કૃત ઉપકેશ ગચ્છીય પટ્ટાવલી છપાઇ છે તેના સાર રૂપે તેમના વિદ્વાન્ સંપાદક મુનિશ્રી જિનવિજયજીની રજા લઇને અત્ર આપેલ છે. તે મૂલ પટ્ટાવલીનું ઉદ્ધરણ પટ્ટાવલી સાર સમુચ્ચયમાં અક્ષરશઃ પ્રકટ થયું છે. આ સારમાં લેખાદિની સામગ્રી મેં એકઠી કરી મૂકી છે. વિશેષમાં સંશોધન કરતાં—

[દેવગુપ્ત—કક્કસૂરિ શિષ્ય જિનચંદ્રગણિ અપરનામ કુલચંદ્રગણિ ને પછીથી થયેલ દેવગુપ્તાચાર્યે સં. ૧૦૭૩ માં પત્તનમાં નવપદ લઘુવૃત્તિ અને નવતત્ત્વ પ્રકરણ રચ્યાં (જૈ, સા. ઇ. પારા

૨૮૨) જ્યારે ઉપર ૪૪ મા દેવગુપ્ત ને ૪૫ મા સિદ્ધને નવપદ પ્રકરણ ને તે પર સ્વોપજ્ઞ ટીકા રચનાર જણાવ્યા છે તે બરાબર નથી.

કક્ક—જૈ. સા. ઇ. પારા ૩૭૩ માં ઉલ્લેખેલા તે ઉપરના પર મા કક્ક હોઇ શકે.

યશોદેવ—દેવગુપ્ત-કક્ક-સિદ્ધ-દેવગુપ્તસૂરિના શિષ્ય. પૂર્વનામ ધનદેવ. સં. ૧૧૬૫ માં **દેવગુપ્તસૂરિકૃત નવપદ પ્રકરણ** પર વૃત્તિ પર બૃહદ્‌વૃત્તિ, સં. ૧૧૭૪ માં પાટણમાં **નવતત્ત્વ પ્રકરણ** પર વૃત્તિ, સં. ૧૧૭૯ માં પ્રાકૃતમાં **ચંદ્રપ્રભ** ચરિત્ર રચ્યાં. (જૈ. સા. ઇ. પારા ૩૩૧) આ સૂરિનું ઉક્ત પટ્ટાવલીમાં નામ નથી, તેના ગુરૂભાઇ સિદ્ધસૂરિએ સં. ૧૧૯૨ માં **ક્ષેત્રસમાસવૃત્તિ** રચી. કે જે ઉપરના નં. ૫૪ મા સિદ્ધ હોય.

સિદ્ધ—યક્ષદેવ-કક્ક-સિદ્ધ-દેવગુપ્તસૂરિ શિષ્ય **સિદ્ધસૂરિ** પાસે સમરાશાહે **આદીશ્વરની** પ્રતિષ્ઠા સં. ૧૩૭૧ માં શત્રુંજય પર કરાવી. (જૈ. સા. ઇ. પારા ૬૨૧) આ નં. ૬૬ મા **સિદ્ધસૂરિ** છે. ગુરૂ-પરંપરા ને સમરાશાહની હકીકત સરખાવવા યોગ્ય છે. જુઓ સમરા રાસુ, નાભિનંદનોદ્ધાર પ્રબંધ કે જે પરથી જૈ. સા. ઇ. માં મેં લખેલ છે ને જે પરથી પંડિતશ્રી **લાલચંદ** ભ. ગાંધીએ 'શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધારક સમરસિંહ' એ નામનો વિસ્તૃત નિબંધ-લેખ લખેલો ને જૈનયુગ વર્ષ ૧ પૃ. ૧૦૨, ૧૮૩, ૨૫૫, ૪૦૩ માં પ્રકટ કરાવેલો તેની હકીકત તદ્દન વિશ્વસનીય છે.]

ઉપકેશ-દ્વિવંદનીક ગચ્છ પટ્ટાવલી (૩)

[ઉપકેશ ગચ્છ દ્વિવંદનીક એટલે શ્રી **પાર્શ્વનાથ** અને શ્રી **મહાવીર** બંનેને વંદનાર-માનનાર કહેવાતો-એટલે ખાસ દ્વિવંદનીક-વિવંદનીક-એ વંદણીક એ નામના ગચ્છથી ઓળખાઇને થયેલ આચાર્યોની પટ્ટાવલી તેમના લેખો પરથી તૈયાર કરી અત્ર આપી છે:]

સિદ્ધિ-સિદ્ધ સૂરિ. સં. ૧૩૨૪ નં. ૧૫૧૧ બુ. ૧.

દેવગુપ્ત સં. ૧૪૭૯ નં. ૭૯૬ બુ. ૧

હીરાનંદ—તેની પાટે દેવચંદ્ર સં. ૧૫૦૬ નં. ૨૧૨ બુ. ૧
દેવગુપ્ત સં. ૧૫૦૮ નં. ૭૬૮ બુ. ૧ તેની પાટે.

સિદ્ધિ-સિદ્ધ—(વૃદ્ધ શાખા) સં. ૧૫૧૨ વિ; તથા ના. ૨; સં. ૧૫૧૪-૧૬-૧૭-૩૧-૩૩-૩૭ નં ૪૪૩, ૬૪, ૨૩૨, ૧૦૨-૧૧૧-૧૮૮-૪૭૯, ૧૧૭૩, ૮૪૪ બુ. ૧; સં. ૧૫૨૨-૨૪-૩૧ બુ. ૨; સં. ૧૫૨૧ આત્માનંદપ્રકાશ ૮ પૃ. ૧૮૬.

કક્ક—સિદ્ધાચાર્ય સંતાને-સિદ્ધિસૂરિ પાટે સં. ૧૫૨૪ ના. ૨; સં. ૧૫૫૨ નં. ૧૫૭ બુ. ૧; સં. ૧૫૬૦-૧ બુ. ૨; સં. ૧૫૬૬ ના.૧.

દેવગુપ્ત—સિદ્ધાચાર્ય સંતાને સં. ૧૫૬૭ બુ. ૨; સં. ૧૫૭૦-૭૩-૯૯ નં. ૧૦૭૮, ૧૦૮૫, ૧૧૧૫ બુ. ૧; સં. ૧૫૮૩ ના. ૧

કક્ક—સં. ૧૫૮૯ બુ. ૨;

---

૧૦ કોરંટક ગચ્છની પટ્ટાવલી

[આ ગચ્છનો ઉલ્લેખ ઉપકેશ ગચ્છ પટ્ટાવલીમાં પૃ. ૨૨૪૦ પર થયો છે; તેમાં નન્નાચાર્ય સ્થાપક યા નામપ્રતિષ્ઠ આચાર્ય જણાય છે, કારણકે 'નન્નાચાર્ય સંતાને' એમ જણાવી જૂનામાં જૂના મળતા સં. ૧૨૧૨ના લેખમાં તેમજ પછીના લેખોમાં પ્રતિષ્ઠાચાર્ય પોતાની ઓળખાણ આપે છે. તે ગચ્છના આચાર્યોના ઉપલબ્ધ લેખો પરથી તે ગચ્છની પટ્ટાવલી આ રીતે નિપજાવી છે:—]

નન્નસૂરિ—નન્નાચાર્ય સંતાને થયા. તેની પાટે

કક્ક—સં. ૧૨૧૨ જ. તેની પાટે

સર્વદેવ—સં. ૧૩૧૨-૩૨ બુ. ૨, સં. ૧૩૧૭ ના. ૨; સં. ૧૩૪૦ ના. ૧

વજ્ર—સં. ૧૩૮૪ ના. ૩

નન્ન—સં. ૧૩૮૭-૮૯ જ., સં ૧૩૯૭ નં. ૧૫૪ બુ. ૧ તેની પાટ.

કક્ક—સં. ૧૩૮૯-૯૨ જ; સં. ૧૩૯૪ વિ.; સં. ૧૪૦૮ જ. સં. ૧૪૦૯ ના. ૨; સં. ૧૪૨૭ નં. ૧૫૨ બુ. ૧

સાવદેવ—સં. ૧૪૩૭ ના. ૨

નન્ન—સં. ૧૪૬૬ વિ; સં. ૧૪૫૬ નં. ૩૬૨ બુ. ૧

કક્ક—સં. ૧૪૮૪ ના. ૨ તેની પાટે

સાવદેવ—સં. ૧૪૯૯–૧૫૦૪–૦૯–૧૧–૧૩–૨૦–૨૧–૨૫–૩૦–૩૧ બુ. ૧ નં. ૧૦૨૭, ૧૨૨૪, ૧૦૯૨, ૨૦૧ ને ૧૧૪૮, ૭૩૬, ૧૪૧૮, ૧૪, ૮૨૫ ને ૧૨૦૩, ૮૧૧, ૯૫૫ ને ૧૪૧૭; સં. ૧૪૯૧–૬–૧૫૦૯–૧૫–૩૦–૩૧ બુ. ૨; સં. ૧૪૯૨ ને ૧૫૦૬ ના. ૧; સં. ૧૪૯૧–૯૬–૧૫૦૬–૮–૯–૧૮–૩૨ ના. ૨. તેમના સમયમાં પજૂન (?નન્ન) સૂરિનો લેખ સં. ૧૫૧૯ નં. ૬૯૭ બુ. ૧ મળે છે.

નન્ન—સાવદેવસૂરિની પાટે થયા. સં. ૧૫૪૯–૬૯–૭૩ બુ. ૨; સં. ૧૫૫૨ નં. ૮૬૨ બુ. ૧; સં. ૧૫૫૩ ને ૧૫૬૭ ના. ૨

કક્ક—સં. ૧૫૭૯ ના. ૧; સં. ૧૫૯૫ ના. ૩ ને બુ. ૧ નં. ૪૫૫ ને ૬૦૭

નન્નસૂરિ—સં. ૧૬૧૧–૨ બુ. ૨.

[ઉપર્યુક્ત છેલ્લા સાવદેવ–સર્વદેવ સૂરિ કોરંટા ગચ્છના તપા ગચ્છમાં ભળ્યા હોય. સવદેવ સૂરિનો સં. ૧૫૨૫નો લેખ 'કોરંટા તપા ગચ્છે' એ પ્રમાણે વિ.માં નં. ૩૮૭ ઉપલબ્ધ છે.]

૧૧ તપાગચ્છની રત્નશાખા પટ્ટાવલી

મૂળ ઉપકેશ ગચ્છ કે જે દ્વિવંદણીક–બે વંદણીક ગચ્છ એટલે કે પાર્શ્વનાથ અને શ્રી મહાવીર બંનેને વંદના કરનારો ગચ્છ પણ કહેવાતો તેના સ્થાપક રત્નપ્રભસૂરિ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગણધરની પરંપરામાં થયા, અને તેની ૩૮ મી પાટે દેવગુપ્તસૂરિ થયા ને તેના શિષ્ય કક્કસૂરિએ તે ગચ્છમાંથી નીકળી તપાગચ્છમાં ભળી રાજવિજયસૂરિ નામ સ્વીકાર્યું ને પછી તેના પટ્ટધર રત્નવિજય સૂરિ થયા; અને તેના શિષ્યોનાં નામ રત્નાંતવાળાં અપાયાં. એ રીતે રત્નશાખા થઇ.

રત્નપ્રભસૂરિથી ૩૮ મા દેવગુપ્તસૂરિનાં નામ મને મળેલા એક લેખપત્રમાં આપેલાં છે તે ઉપકેશગચ્છની પટ્ટાવલી પ્રમાણે બરાબર મળતાં નથી. તે પત્રમાં તપાગચ્છની પટ્ટાવલી પ્રમાણે પ્રથમ શ્રી સુધર્મ સ્વામીથી ૩૦ મા રવિપ્રભ સુધી નામો બરાબર આપીને શ્રી વર્દ્ધમાન-મહાવીર પ્રભુને પહેલા ગણી રવિપ્રભને તે રીતે ૩૧ મા ગણી, પછી ઉપકેશગચ્છના રત્નપ્રભસૂરિને ૩૨ મા જણાવી ઉક્ત પટ્ટધર દેવગુપ્તસૂરિને ૬૯ મા ગણાવ્યા છે નીચે જણાવ્યા પ્રમાણે:—

૩૨ **રત્નપ્રભસૂરિ**, ૩૩ **ઉદયવર્દ્ધન**, ૩૪ **ગુણવર્દ્ધન**, ૩૫ **દેવરત્ન**, ૩૬ **આણંદસુંદર**, ૩૭ **શુભવર્દ્ધન**, ૩૮ **જયપ્રભ**, ૩૯ **અજિતપ્રભ**, ૪૦ **ચંદગુપ્ત**, ૪૧ **સુગુણરત્ન**, ૪૨ **વિનયવર્દ્ધન**, ૪૩ **લક્ષ્મીવર્દ્ધન**, ૪૪ **ગુણસુંદર**, ૪૫ **વિનયસુંદર**, ૪૬ **હર્ષપ્રભ**, ૪૭ **સમુદ્રગુપ્ત**, ૪૮ **ભદ્રગુપ્ત**, ૪૯ **ઉદ્યોતરત્ન**, ૫૦ **માણિક્યસુંદર**, ૫૧ **વિમલપ્રભ**, ૫૨ **આનંદવર્દ્ધન**, ૫૩ **શિવસુંદર**, ૫૪ **ધર્મગુપ્ત**, ૫૫ **વિમલરત્ન**, ૫૬ **અમૃતવર્દ્ધન**, ૫૭ **આનંદરત્ન**, ૫૮ **ઇંદ્રગુપ્ત**, ૫૯ **દેવગુપ્ત**, ૬૦ **કક્ક**, ૬૧ **સિદ્ધ**, ૬૨ **દેવગુપ્ત**, ૬૩ **કક્ક**, ૬૪ **સિદ્ધ**, ૬૫ **દેવગુપ્ત**, ૬૬ **કક્ક** ૬૭ **સિદ્ધ.**

(બિવંદણિક ગચ્છના સિદ્ધસૂરિના લેખ સં. ૧૫૧૨ થી ૧૫૩૭ સુધીના મળે છે તે માટે ઉપર પૃ. ૨૨૮૬ જુઓ.)

૬૮ **ધનવર્દ્ધન** (લેખ સં. ૧૫૩૭ નં. ૧૦૧૪ બુ. ૧; સં. ૧૫૪૪ નં. ૮૮૬ બુ. ૧.)

૬૯ **દેવગુપ્ત**—તેણે ગુજરાતના સુલતાન શાહ બહાદરનું સુખાસન (પાલખી) માણસોના ઉપાડ્યા વગર વિદ્યાબળે ચલાવ્યું, બળદ વગર કૂવામાંથી વિદ્યા વડે જલ આણ્યું, કાષ્ઠપંચાલિકા—કાષ્ઠપૂતલીથી વાયુવ્યંજન-વીંઝણો કરાવ્યો એટલે વાયુ ઢોળાવ્યો, વડને સાથે ચલાવ્યો—આ સર્વ પ્રત્યયો-પરચા જોઇ બહાદર રાજાએ તુષ્ટ થઇ

પુર ગ્રામ આદિ દેવા માંડતાં નિર્લોભી ગુરૂએ ન લેવાથી કંબલરત્ન ગુરૂના મસ્તકે નાંખ્યું. ત્યારથી જૈનસૂરિઓ માથે કાંબલ ધારણ કરે છે. બાદશાહે બારેજામાં જૂની પોશાલને ધન ખર્ચી કુવા બાગ સહિત નવી કરાવી આપી, ને ત્યાં બે વખત આવી માન આપ્યું. સૂરિએ બારેજા-માં માણિભદ્રની સ્થાપના કરીને ઉપદ્રવ ટાળ્યો કે જે સ્થાન હજુ છે ને ત્યાં નાત જમે છે. આ બેવંદણિક ગચ્છનાં **શાંતિનાથ** બિંબ ત્યાં છે.

૭૦ કક્કક—તેણે શાહ **મહમુંદ** નૃપનું આતપત્ર (છત્ર) ચાલતું કર્યું. (ઉદયરત્નના કહેવા પ્રમાણે બાદશાહની બીબીને સાપ કરડયો, તે ઉતાર્યો.) ચૌદશ પૂર્ણિમા વિવાદમાં ચતુર્દશીએ પાખી કરવી સત્ય છે, એમ અન્ય પણ વિદ્યા ચમત્કારો જોઇને તુષ્ટ થયેલ **મહમુંદ** નૃપે તેનું નામ '**રાજવલ્લભ સૂરિ**' આપ્યું. કાકર દેશના **તી**રવાડા ગામમાં **શ્રી**માલી દેવદત્ત પિતા, દેવલદે માતા, સં. ૧૫૬૪માં જન્મ, નામ રામકુમાર, સં. ૧૫૭૧ માં વ્રત, સં. ૧૫૮૪ માં સૂરિ પદ. **માલવી** ઋષિના આચાર જોઇને સં. ૧૬૧૩ માં શિથિલ માર્ગ મૂકી દઇને બારેજાનો પોતાનો રાખેલ મહાપરિગ્રહ તજીને ક્રિયોદ્ધાર કર્યો. જેમણે પૂર્વે ક્રિયોદ્ધાર કર્યો છે એવા લઘુશાલીય (તપા) આચાર્ય શ્રી **આનન્દવિમલસૂરિ** પાસે સં. ૧૬૧૫ માં યોગોદ્વહન કર્યું. તે વખતે તે સૂરિએ તેને **રાજવિજયસૂરિ** નામ આપ્યું. આમ **આનન્દ** વિમલસૂરિ, પાટવી વિજયદાનસૂરિ અને યુવરાજ **રાજવિજયસૂરિ**— એમ ત્રણ સૂરિઓ વિચરતા થયા. સં, ૧૫૯૮ માં માલવા ગયા ત્યાં દિગંબર જયાજીને જીત્યો. સં. ૧૬૧૦ માં ગુજરાતમાં આવ્યા. **વિજયદાનસૂરિએ** શિરોહીમાં હીરહર્ષને સૂરિ પદ આપી **હીરવિજય** સૂરિ નામ આપ્યું. રાજવિજયસૂરિ ને ખેદ થયો. તેઓ સં. ૧૬૨૪ માં ઝીંઝુવાડામાં સ્વર્ગસ્થ થયા.

૧ **રાજવિજય**—ઉપર્યુક્ત **કક્કસૂરિ** પછી રાજવલ્લભસૂરિ ને પછી આ રાજવિજયસૂરિ તે આ તપાગચ્છની રત્ન શાખાના મૂળ પુરૂષ

ગણાય છે ને તેના નામ પરથી તેનો ગચ્છ **રાજવિજયસૂરિ** ગચ્છ પણ કહેવાય છે.

૨ **રત્નવિજય**—સારંગપુરના શ્રીમાલી દેશાઇ અખયરાજ પિતા, કમલાબાઇ માતા, નામ રત્નકુમાર, સં. ૧૫૯૪માં જન્મ, સં. ૧૬૧૩માં વ્રત, સં. ૧૬૨૪માં કમલકલશ શાખાના લક્ષ્મીરત્નસૂરિ પાસે સૂરિ પદ. ત્યારથી તે સૂરિના નામ પરથી **'રત્નશાખા'** સ્વીકારાઇ. સં. ૧૬૭૫માં જહાંગીર બાદશાહની સાથે મુલાકાત. અને તેજ વર્ષમાં કાર્ત્તિક ચોમાસા દિને શ્રીપુર–અમદાવાદમાં સ્વર્ગવાસ.

૩ **હીરરત્ન**—સીથાના ઓસવાલ પિતા જસવીર, માતા ખીમાદે, નામ હીરકુમાર, જન્મ સં. ૧૬૨૦, વ્રત સં. ૧૫૩૩ અમદાવાદમાં, વાચક પદ સં. ૧૬૫૭, સૂરિપદ શ્રીપુર (અમદાવાદ)માં પાસવીર ભાર્યા–દાડિમદે શ્રાવિકાએ કરેલા ઉત્સવપૂર્વક સં. ૧૬૬૧ વૈ. શુદિ ૨, ગુરૂના મરણ પછી અમદાવાદમાં જુદો ઉતારો, પાલડીમાં વાછડાશાહની વારમાં ને કાસંદ્રામાં ઉપાશ્રય કર્યો. ખેડામાં પોશાલ ક્ષેત્ર કર્યું. જયતલપુરે ચોમાસું, સૂર્યપુર એટલે ઝીંઝુવાડા, હલવદ, સીથા, ખંભાલીયા, દશાડા, અમરાવતીમાં પોતાના ઉપાશ્રમ કરાવ્યા. સ્વર્ગવાસ રાજનગર–અમદાવાદમાં સં. ૧૭૧૫ શ્રા. શુદિ ૧૪–૧૫ સોમે. તેમની સ્થાપના શ્રીપુર–અમદાવાદની આસખાનની–આસારવાની વાડીમાં છે.

૪ **જયરત્ન**—કંબોઇના શ્રીમાલી પિતા હીરજી, માતા હીરાદે, નામ જયરાજ, જન્મ સં. ૧૬૬૭, દીક્ષા બાવીસ વર્ષની ઉંમરે સં. ૧૬૮૯, પટ્ટધર સં. ૧૭૧૫, શત્રુંજય યાત્રા સં. ૧૭૨૭, સ્વર્ગવાસ ઝીંઝુવાડામાં સં. ૧૭૩૪ ચૈત્ર સુદ ૧૧. અગ્નિસંસ્કાર ત્યાંના ઝીલાબુંદમાં ને ત્યાં થુભ થઇ.

૫ **ભાવરત્ન**—મરૂધરના સોનગઢથી પૂર્વે સાત ગાઉ દૂર ગઢાં ગામના પોરવાડ પિતા સાહ દેવરાજ, માતા નવરંગદે, જન્મ સં. ૧૬૯૯, નામ ભીમકુમાર, વ્રત સં. ૧૭૧૪ અમદાવાદમાં હીરરત્ન

સૂરિ હાથે, દીક્ષા-નામ ભાવરત્ન. [તેમના સમયમાં હીરરત્નસૂરિ-લબ્ધિરત્ન-સિદ્ધિરત્ન-મેઘરત્ન-અમરરત્ન-શિવરત્નના શિષ્ય કવિ ઉદયરત્ને સં. ૧૭૪૩માં પાટણના ફોફલીયાવાડાના ઉપાશ્રયમાં જ્ઞાનસાગર કૃત શુકરાજ રાસની પ્રત અને સં. ૧૭૪૬માં અમદાવાદમાં ધર્મમંદિરકૃત દયાદીપિકા ચોપઈની પ્રત લખી (પૃ. ૧૧૨૭ તથા ૧૨૪૪) ને તેમણે અનેક ગૂ૦ પદ્યકૃતિઓ રચી છે તે માટે જુઓ (૨-૩૮૬, પૃ. ૧૩૪૯). ઉદયરત્નના ભ્રાતા ને સિદ્ધિરત્ન-રાજરત્ન-લક્ષ્મીરત્ન-જ્ઞાનરત્ન શિષ્ય હંસરત્ને અમદાવાદના ઝવેરીવાડામાં ઉદયરત્ન કૃત દામનક રાસની પ્રત સં. ૧૭૮૨માં લખી (પૃ. ૧૩૬૦) અને રચેલી કૃતિ માટે જુઓ (૨-૫૬૧, પૃ. ૧૪૫૦) આ ભાવરત્ન સૂરિના શિષ્ય મતિરત્ને આણંદકૃત અર્હન્નક રાસની પ્રત સૂર્યપુર-ઝીંઝુવાડામાં સં. ૧૭૫૧માં લખી (૨-૧૨૫ ને પૃ. ૧૧૮૦); વળી તે સૂરિના શિષ્ય શાંતિરત્ન-હસ્તિરત્ન-કનકરત્ન-સુબ્ધિ (સુબુદ્ધિ) રત્ન-ધર્મરત્ન-હર્ષરત્ને સુજ્ઞાનસાગર કૃત ઢાલમંજરીની પ્રત સં. ૧૮૫૨માં લખી (પૃ. ૧૧૨)

૬ **દાનરત્ન**—હુગેલીમાં ઓસવાલ દૂગડ ગોત્રના મહેતા કર્મસિંહ પિતા, આણંદબાઈ માતા, નાગોરમાં જન્મ. (તેમણે સં. ૧૮૦૭માં ખેડામાં વિનય-યશોવિજયકૃત શ્રીપાલ રાસની પ્રત લખી -પૃ. ૧૧૧૦; તેમના શિષ્ય કલ્યાણરત્ને ઉદયરત્નકૃત મલયસુંદરી રાસની પ્રત સં. ૧૭૯૬માં લખી-પૃ. ૧૩૫૪. તેમના સમયમાં સં. ૧૭૯૪ જ્યેષ્ઠ શુદિ ( ) દિને ભીડભંજન પાર્શ્વનાથ ચૈત્ય ઉપાશ્રય ધર્મશાલાદિ સહિત ઉદયરત્નના ઉપદેશથી બંધાયું.)

૭ **કીર્તિરત્ન**—સં. ૧૮૨૧માં સંપ્રતિ વિજયરાજ્યે એમ કહી ઉક્ત લેખપત્રનાં નામ અહીં સમાપ્ત થાય છે.-જૈનયુગ ૩ પૃ. ૪૦૬. બીજી પટ્ટાવલીના પાનામાં સં. ૧૮૨૧માં વિદ્યમાન. [તેમના શિષ્ય બુદ્ધિરત્ન-કાંતિરત્ને વિનય-યશોવિજય કૃત શ્રીપાલ રાસની પ્રત ઝીંઝુવાડામાં સં. ૧૮૬૧માં લખી-પૃ. ૧૧૧૦; બીજા શિષ્ય મયારત્ને સં. ૧૮૨૮માં ઉદયરત્નકૃત મલયસુંદરી રાસની પ્રત લખી-પૃ.

૧૩૫૪ તથા સં. ૧૮૪૩માં ઉદયરત્ન કૃત ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ રાસની પ્રત લખી પૃ. ૧૩૫૬. તે મયારત્ન-સોભાગ્યરત્ન-રાજેંદ્રરત્ન-તેજરત્ન-ગુણરત્ને દેવરત્નકૃત ગજસિંહ રાસની પ્રત સં. ૧૮૯૩માં સૂર્યપુર-ઝીંઝુવાડામાં લખી-પૃ. ૬૩. આ સૂરિના ત્રીજા શિષ્ય કલ્યાણરત્ન-કુશલરત્ન-રંગરત્ને ઉદયરત્નકૃત જંબૂ રાસની પ્રત સં. ૧૮૬૩માં લખી (૨-૩૮૯) તેમના સમયમાં હીરરત્નસૂરિ-ધનરત્ન-તેજરત્ન-જોધરત્ન-લાવ- ણ્યરત્ન-ગોવિંદરત્ને ગુણહર્ષ કૃત મહાવીર સ્ત.ની પ્રત સં. ૧૮૬૧ માં લખી (૧-૧૯૫)

આ સૂરિના ગુરૂભાઇ મલુકરત્ન, મયારત્ન અને સોભાગરત્ન હતા. મલુકરત્નના શિષ્ય રાજરત્ને આ સૂરિના વાંચવા માટે ઉદય-રત્નકૃત મુનિપતિ રાસની પ્રત સં. ૧૮૧૯માં લખી; સોભાગરત્ન શિષ્ય રાજેંદ્રરત્ન-તેજરત્ને ઉદયરત્નકૃત યશોધર રાસની પ્રત સં. ૧૮૯૦માં લખી. પૃ. ૧૩૫૪. તે તેજરત્ના શિષ્ય ગુણરત્ને ઉક્ત મુનિ-પતિરાસની પ્રત સં. ૧૮૯૨માં લખાવી-પૃ. ૧૩૫૧. ઉદયરત્ન-ઉત્તમ-રત્ન-જિનરત્ને ઉદયરત્નકૃત સુદર્શન રાસની પ્રત સં. ૧૭૯૩માં, તેનાજ મલયસુંદરી રાસની પ્રત સં. ૧૭૯૪માં લખી-પૃ. ૧૩૬૩ને ૧૩૫૩. તે જિનરત્નના શિષ્ય અમરરત્ને ઉદયરત્ન કૃત યશોધર રાસની પ્રત સં. ૧૮૧૮માં લખી-પૃ. ૧૩૫૪; તે જિનરત્ન-ખેમારત્ન-રાજ-રત્ન-હીરારત્ને ઉદયરત્નકૃત ભાવરત્નસૂરિ આદિ રાસ કે જેમાંથી ઉપરના નં. ૩૮ દેવગુપ્તસૂરિથી કીર્તિરત્ન સૂરિનાં વૃત્તાંત લઇ મૂકેલાં છે તેની પ્રત સં. ૧૮૯૪માં લખી-પૃ. ૧૩૫૮. તે રાજરત્નના બીજા શિષ્ય મયાંકરત્ને સં. ૧૮૯૬માં ખેડામાં ઉદયરત્નકૃત જંબૂ રાસની પ્રત લખી પૃ. ૧૩૪૯]

આ સૂરિ પછીના પટ્ટધરોનાં માત્ર નામ અનુક્રમે નીચે પ્રમાણે મળે છે:—

૮ મુક્તિરત્ન ૯ પુણ્યોદયરત્ન ૧૦ અમૃતરત્ન ૧૧ ચંદ્રોદયરત્ન ૧૨ સુમતિરત્ન કે જેના નામથી ખેડામાં લાયબ્રેરી સં.

૧૯૦૪માં સ્થપાઇ સાર્વજનિક ઉપયોગમાં સુવ્યવસ્થિત ચાલે છે. તે આ વીસમી સદીમાંજ થોડાં વર્ષો પહેલાં સ્વર્ગસ્થ થયા.

(જુઓ જૈન યુગ પુ. ૩ પૃ. ૩૫૪ ને ૪૦૧માં 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' એ નામનો મારો લેખ. ઉપરના ૬૯મા દેવગુપ્તની ને ૭૦મા કક્કસૂરિ ને ત્યાર પછી થયેલા ૧લા રાજવિજય સૂરિથી ૬ઠા દાનરત્ન સૂરિની હકીકત કવિ ઉદયરત્ને સં. ૧૭૭૦માં બારેજામાં શરૂ કરી ખેડામાં પૂરા કરેલા પોતાના શ્રીભાવરત્નસૂરિપ્રમુખ પાંચ પાટ-વર્ણન ગચ્છ પરંપરા રાસમાંથી લઇને સાર રૂપે મૂકી છે. આ રાસની સં. ૧૮૯૪ની પ્રત મારી પાસે છે.)

પૂરવણી

---

૨ ક વૃદ્ધ (પૌશાલિક) તપાગચ્છની પટ્ટાવલી

[આ પટ્ટાવલી જૈન ગૂર્જરકવિઓ બીજા ભાગના પૃ. ૭૩૧ થી ૭૪૨ માં આપેલી છે તે પૈકી પૃ. ૭૪૦ માં કૌંસમાં જણાવેલ છે કે 'અહીં સુધી આવી **પટ્ટાવલી** અટકે છે, પટ્ટાવલી અપૂર્ણ ઉતરી લાગે છે.' આ પટ્ટાવલી સંપૂર્ણ શ્રીમાન્ જિનવિજયજી પાસેથી મળી આવી છે તેથી જ્યાંથી અટકેલ ત્યાંથી શરૂ કરીને અહીં તેનો સાર આપવામાં આવેલ છે.]

૫૩ રત્નસિંહ—'સુલતાન પાસે કોઇએ કહ્યું કે રાજનગરના અધિકારી રત્ના કૂતા વણિકના ગુરૂ રત્નસિંહ નામના વિશેષજ્ઞાતા છે તેને જો કૂતાશાહ બોલાવવા જાય તો જરૂર આની સર્વ ઉપદ્રવનું નિવારણ કરે. સુરતાણે કૂતાસાહને મોકલી ગુરૂને બોલાવતાં તે આવ્યા. પ્રથમ વયમાં ત્યાગી થનાર ગુરૂની સાથેના વાર્તાલાપથી સુલતાન ચમત્કૃત થયો ને પગે પડયો. કંઇ માગણી કરવા કહ્યું. નિર્ગ્રન્થને દ્રવ્યાદિક લેવું કલ્પે નહિ અને અમારા દર્શનના (સાધુ) સુલ-

તાનના સર્વ દેશમાં સુખેથી વિચરી શકે એમ ઇચ્છા જણાવી. સુલતાને સંમતિ આપી ફરમાન કાઢી ગુરૂને આપ્યું. કેટલાક દિવસો જીવ દયાના પળાય તેનું પણ ફરમાન આપ્યું. સાધુઓ સ્વસ્વસ્થાને ગયા, શાહે રાત્રે યોગિનીઓનો ઉપદ્રવ ટાળવાનું કહેતાં ગુરૂએ ૬૪ યોગિની પર પાંસઠીયાનો સર્વતોભદ્ર યંત્ર કરી 'આદૌ નેમિજિનં નૌમિ' એ શબ્દોથી શરૂ થતું સ્તોત્ર રચ્યું. યંત્રને શાહના માથા પર રાખી સ્તોત્ર પઢતા ગયા ને ઉપદ્રવ ગયો ને શાહિકુલમાં શાંતિ થઇ. તે સમયે ગુરૂપ્રતાપે જૈનશાસનને મહાસુખ પ્રવર્ત્યું. રત્નસિંહસૂરિના મહાપંડિત એવા શિવસુંદર ગણિ આદિ શિષ્યો થયા. શિવસુંદરના કરસ્પર્શથી દક્ષિણના સુલતાનના શરીરના મહારોગની શાંતિ થઇ, શિષ્ય મહોપાધ્યાય ઉદયધર્મ ગણિએ વાક્યપ્રકાશ ગ્રંથ રચ્યો ને બીજા પૈકી ચારિત્રસુંદરસૂરિ આદિ શિષ્ય થયા કે જેમણે મહીપાલ કુમારપાલ આદિનાં સંસ્કૃત ચરિતો રચ્યાં.

૫૪ ઉદયવલ્લભ—રત્નસિંહસૂરિના શિષ્યોમાં ત્રણ આચાર્ય થયા હતા 'સમસ્યા શત્રુકાર' એ બિરૂદવાળા હેમસુંદરસૂરિ તે પૈકી એક આચાર્ય, બીજા આચાર્ય તેમના પટ્ટધર ઉદયવલ્લભસૂરિ, કે જે બાલપણથી અષ્ટાવધાની હતા, વળી જેમણે અઢાર લિપિ લખતાં વાંચતાં જાણતાં અઢાર વર્ષે સૂરિપદ પ્રાપ્ત કર્યું.

૫૫ જ્ઞાનસાગર—વિમલનાથ ચરિત્ર પ્રમુખ અનેક નવા ગ્રન્થ રચનાર. તેમના મુખથી મંડપદુર્ગ (માંડવગઢ) ના વ્યવહારી (વણિક) કે જેને પાતસાહ ખિલચી મહિમ્મદ ગ્યાસદીન સુલતાને 'નગદલમલિક' નામનું બિરૂદ આપ્યું હતું તે સંગ્રામ સોનીએ પાંચમા (ભગવતી) અંગને સાંભળી 'ગોયમ' એ નામનાં જેટલાં પદો આવ્યાં તેટલાં સર્વે પર દરેક પદ દીઠ એક સુવર્ણ ટંક મૂકતા ગયા—આમ થયેલા છત્રીશ હજાર સુવર્ણ ટંકો થયા તે આ આચાર્યના ઉપદેશ પ્રમાણે માલવામાં મંડપદુર્ગ આદિ પ્રતિનગરે ગુર્જરધરામાં અણહિલપુર પત્તન, રાજનગર, સ્તંભતીર્થ, ભૃગુકચ્છ પ્રમુખ દરેક નગરમાં ચિત્કોશ

(પુસ્તકભંડાર) સ્થાપ્યા. તેમના ઉપદેશથી સમ્યકત્વ સ્વદાર સંતોષ વ્રતવાળા સંગ્રામ સોનીએ વંધ્ય આમ્રવૃક્ષને ફલિત કર્યો. તેની વાત એમ છે કે એક સમયે સુલતાન વનક્રીડાર્થે વાડીમાં ગયો ત્યાં વંધ્ય આંબાને કોઇએ બતાવતાં તેણે તેને મૂળમાંથી ઉખેડી નાંખવા હુકમ કર્યો. સંગ્રામ સોનીએ જણાવ્યું કે આ વૃક્ષ એમ વિનતિ કરે છે કે જો હું આવતા વર્ષે ફળું નહિ તો આપ જેમ યોગ્ય લાગે તેમ કરજો. તેનો જામીન કોણ એ પ્રશ્નના ઉત્તરમાં સંગ્રામ સોની પોતે જામીન થયા. તે એક વર્ષે ફળ ન આપે તો શું કરવું તેના જવાબમાં જેમ વૃક્ષનું કરવા ધાર્યું તેમ મારૂં કરજો એમ સોનીજીએ કહ્યું. સુલતાને તે વૃક્ષ આસપાસ વૃક્ષનું તે શું કરે છે તે પર લક્ષ રાખવા પાંચ માણસો રાખ્યા. સંગ્રામ સોની ત્યાં હમેશ પોતાના પહેરેલા વસ્ત્રના આંચળાથી પ્રક્ષાલિત જલ વડે તે આંબા પર સિંચન કરતા ને કહેતા 'હે આમ્રતરૂ! જો હું સ્વદાર–સંતોષવ્રતમાં દઢચિત્ત હોઉં તો બીજા આંબા ફળે તે પહેલાં તારે ફળવું, નહિ તો નહિ'. આમ ૭ માસ જલસિંચન ચાલ્યું. વસંત ઋતુ આવી. સૌથી પહેલા આ આંબો પુષ્પિત ને ફલિત થયો ને તેનાં ફલ સંગ્રામ સોનીએ સુલતાન પાસે ધર્યાં. સુલતાનને ખાત્રી થતાં તેનું બહુ સન્માન દરબારમાં કરી ઉત્સવપુરઃસર તેને ઘેર મોકલ્યો. આથી સંગ્રામ સોનીનો યશ બહુ વિસ્તર્યો. તે છયે દર્શનને માટે કલ્પતરૂ જેવો હતો. દા. ત. ગુર્જરધરાનો એક જન્મદારદ્રી વિપ્ર તેની દાનવૃત્તિ સાંભળી મંડપદુર્ગે આવતાં સંગ્રામ સોનીએ પૂછ્યું 'દ્વિજરાજ! કયાંથી પધાર્યા છો?' વિપ્ર કહે 'હું તો ક્ષીરસાગરનો સેવક છે. તેણે તમારા નામનો લેખ આપી મોકલ્યો છે.' 'તો વાંચો તે લેખ'. તે લેખમાં એવું હતું કે

स्वस्ति प्राचीदिगंता प्रचुरमणिगणै भूँषितः क्षीरसिंधुः
क्षोण्यां संग्राम रामं सुखयति सततं वाग्भिराशीयुताभिः ।
लक्ष्मीं रत्नसत्तनूजा प्रवरगुणयुता रूपनारायणत्वं
कीर्ते रासकभावात्तृणमिव भवता मन्यसे किं वदामः ॥

આ સાંભળી સંગ્રામ સોનીએ સર્વ અંગનાં આભરણુ સહિત લક્ષનું દાન કર્યું. પછી વિપ્ર આમ તેમ જોવા લાગ્યો ત્યારે ‘આપ શું જુઓ છો?’ એ પ્રશ્નના જવાબમાં તેણે કહ્યું કે મારા જન્મ-મિત્ર દારિદ્રયને જોઉં છું. વિશેષમાં સાંભળો !

योगंगामतरत्तथैव यमुनां यो नर्म्मदां शर्म्मदां
का वार्त्ता सरिदंबुलंघनविधेर्यश्चार्णव त्तीर्णवान्
सोऽस्माकं चिरसंचितो पि सहसा श्री रूपनारायण !
त्वद्दानांबुनिधिप्रवाहलहरीमग्नो न संभाव्यते ॥

આ સાંભળી ફરી એક લક્ષનું દાન વિપ્રને સોનીએ આપ્યું. આ રીતે જ્ઞાનસાગર સૂરિના ઉપદેશથી ઘણા શ્રદ્ધાળુઓએ અનેક પુણ્યકૃત્યો કર્યાં.

૫૬ **ઉદયસાગર**—આ સૂરિએ પણ પાંચ આચાર્યો સ્થાપ્યા હતા:—લબ્ધિસાગર શીલસાગર ચારિત્રસાગર ધનસાગર અને ધનરત્ન. તે પૈકી પ્રથમના પટ્ટધર થયા.

૫૭ **લબ્ધિસાગર**—તેમને લોકોએ કૃષ્ણસરસ્વતી બિરૂદ આપ્યું. પ્રાકૃત ચતુર્વિંશતિ જિન સ્તવ રત્નકોશ, પૃથ્વીચંદ્ર ચરિત્ર, યશોધર ચરિત્ર આદિ નવ્ય ગ્રંથના કર્તા.

૫૮ **ધનરત્ન**—શ્રીમાલી જ્ઞાતિના સાધુ (સાહ) સમધરના પુત્ર મંત્રી વીપાની ભાર્યા અધકૂથી જન્મ. લઘુશાલીય ગચ્છનાયક હેમવિમલસૂરિના શિષ્ય, ‘શતાર્થી’ નામનું બિરૂદ ધરનાર, તથા પાતશાહ શ્રી બહાદુરશાહે ‘સહસ્રાર્થી’ એ બિરૂદ જેને આપ્યું છે તે પં. હર્ષકુલગણિએ ધનરત્નસૂરિને મળતાં હર્ષથી સંસ્કૃત પંદર વૃત્તવાળી તેમની સ્તુતિ રચી. તેમણે સ્થાપેલા આચાર્ય સૌભાગ્યસાગર સૂરિના શિષ્ય ઉદયસૌભાગ્ય ગણિએ હેમપ્રાકૃત ઢુંઢિકા રચી.

૫૯ **અમરરત્ન**—પત્તનનગર વાસી વિંશતિ (વીસા) પ્રાગ્વાટ જ્ઞાતિના સાધુ અચલ ને ભાર્યા ચંદ્રાવલીથી જન્મ. તેઓ સવા લાખ હેમ શબ્દાનુશાસનના નિર્ણય આપનાર હતા. તેમણે ચાર આચાર્ય

સ્થાપ્યા—૧ તેજરત્ન ૨ દેવરત્ન ૩ કલ્યાણરત્ન ૪ સૌભાગ્યરત્ન. એથી ત્રણ શાખા થઇ.

૬૦ **તેજરત્ન**—તેમને સૂરિ પદ ધનરત્નસૂરિએ આપેલ હોઇ તેમને પોતાના ગુરૂ ગણતા હોવાથી એક રીતે અમરરત્નસૂરિ તેના ગુરૂભાઈ થાય. સ્તંભતીર્થ (ખંભાત)ના સાધુ (સાહ) વીપક ભાર્યા હરખાઈથી જન્મ. તેમના ઉપદેશથી વાગડ દેશના ભૂષણ રૂપ ગિરિ-પુર–ડુંગરપુર વાસી વ્યવહારી રાજ્યકાર્યમાં અગ્રણી હુંબડ જ્ઞાતિમાં ઉત્તમ એવા સાધુ (સાહ) નાકરે સાગવાટક (સાગવાડા) નગરમાં વિમાન જેવું શિખરબદ્ધ શ્રી પાર્શ્વનાથ ચૈત્ય કરાવ્યું. તેમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ વગેરે જિનબિંબોની મોટી પ્રતિષ્ઠાના ઉત્સવ-પૂર્વક એ સૂરિએ પ્રતિષ્ઠા કરી. તેમના ઉપદેશથી બીજા શ્રદ્ધાળુઓએ પ્રતિષ્ઠા, સંઘપતિતિલક આદિ અનેક ધર્મકૃત્યો કરાવ્યાં. આ એક શાખા થઈ.

દેવરત્ન—તેનાથી બીજી શાખા થઈ. સીરોહી નગરીમાં સાધુ ગોપક પ્રિયા ચંગાદેથી જન્મ. તેમના ઉપદેશથી અમદાવાદ–રાજ-નગર વાસી સાધુ દેવચંદ્ર શ્રાવિકા શ્રીમલદેએ પ્રૌઢ પ્રતિષ્ઠા ઉત્સવ કર્યો.

—ધનરત્નસૂરિ શિષ્ય ઉ૦ ભાનુમેરૂ ગણિના માણિક્યરત્ન ઉપા-ધ્યાય નામના શિષ્ય ને મારા લઘુ ભાઈ તે સહિત મેં નયસુંદર (પ્રસિદ્ધ કવિ નં. ૧૬૫ પૃ. ૨૫૪ જૈન ગૂ. કવિઓ ૧ ભાગ) નામના ઉપાધ્યાયે ગુરૂચરણ કમલને પ્રણામ કરી ભક્તિયુક્ત થઈ ગુરૂ પરિપાટી પ્રકાશિત કરી. આમ બૃહત્તપોગણગુર્વાવલી સ્વાધ્યાય સમાપ્ત થઈ.

卐

સમાપ્ત.

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ.

અભિપ્રાયો.

[આ લેખકના પૂર્વ ત્રણ ગ્રન્થોઃ-(૧) જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ (૨) જૈન ગૂર્જર કવિઓ બીજો ભાગ (૩) જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ-સંબંધી ઉપલબ્ધ અભિપ્રાયો પૈકી (૧) ના (૨) ની અંતે અને (૨) ના (૩) ની અંતે પ્રકટ થયા છે. (૩) ના સંબંધી સર્વ ઉપલબ્ધ અભિપ્રાયો તેમજ (૧) અને (૨) સંબંધી વિશેષ મળેલા મતો નીચે સમુચ્ચયે પ્રકટ કરવામાં આવે છે.]

૧. પંડિત શ્રી લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી—(જૈન પંડિત, પ્રાચ્યવિદ્યામંદિર, રાવપુરા રોડ, વડોદરા).

'આવો અત્યુપયોગી મહાન ગ્રંથ પ્રકાશિત કરી જૈન શ્વે૦ કો૦ સંસ્થાએ પોતાની કીર્ત્તિને અધિક ઉજ્જવલ અને ચિરસ્થાયી વ્યાપક બનાવી છે-એમ નિઃસંકોચ કહી શકાય, તથા આવા દળદાર મહાભારત ગ્રંથને પણ 'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ' લેખાવનાર લેખકના આ સાહસિક પરિશ્રમ માટે સહસ્રશઃ ધન્યવાદ આપ્યા સિવાય કેમ ચાલે? અનેક પ્રસિદ્ધ વિદ્વાન લેખકોની કૃતિયોમાંથી વિવેકપૂર્વક સાર તારવી વિશિષ્ટ શૈલીથી યોજાયેલી આ કૃતિ અનેક પ્રકારે ઉપયોગી અને વિદ્વાનોમાં આદરપાત્ર થશે એમ મારૂં ધારવું છે. હાલ એજ તા. ૧૬-૨-૩૪.

૨. પ્રો૦ બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર—

'ત્હમારી પ્રવૃત્તિઓનું નવું દળદાર ફળ આજે મળતાં ઘણો આનંદ થાય છે. શ્રી પૂર્ણચંદ્ર નહારના સંગ્રહમાંની કેટલીક છબીઓ પ્રતિકૃતિઓ આદિ જોતાં હું એઓશ્રીને ઇ. સ. ૧૯૧૮માં કલકત્તે મળેલો એમના આતિથ્ય સૌજન્યાદિથી પરિચિત થયેલો અને એમના

અમૂલા બેનમૂન સંગ્રહના દર્શનથી પછી આખી રાત વિચારમાં પડી ગયેલો એ સર્વ યાદ આવે છે. × × ×

ગ્રન્થમાં ત્હમે જે વિષય અતિ ભાવ અને ઉદ્યોગે સંગ્રહ્યો છે તેમાંના ૯૦–૯૫ ટકા વિષે હું એટલો તો અજાણ છું કે તે વિષે અભિપ્રાય બાંધીજ શકું નહીં.

ગ્રન્થાંતે કક્કાવારી સૂચિઓ વિસ્તૃત આપવા તસ્દી લઈ વાંચનારને ખુબ સુગમતા કરી આપી છે તે માટે ત્હમને ધન્યવાદ. પ્રકાશક "કૅાન્ફરન્સ" મંત્રીઓને પણ મ્હારા ધન્યવાદ પ્હોંચાડશો. તા. ૧૬–૨–૩૪.

૩. પ્રો૦ મંજુલાલ રણછોડલાલ મજમુદાર M. A. LL. B. વડોદરા કૅાલેજમાં હાલ અધ્યાપક—

'વિ૦ આપની સંસ્થાએ 'જૈન સાહિત્ય' પ્રત્યે અભ્યાસીઓનું ધ્યાન ખેંચાય તેવા પ્રકારનાં અનેક ઉપયોગી પ્રકાશનો કર્યાં છે તે બદલ એક અભ્યાસી તરીકે આપની સંસ્થાને અભિનંદન આપું છું અને આવાં અપ્રાપ્ય અથવા દુષ્પ્રાપ્ય સાધનોને એક સ્થળે ભેગાં કરી આપીને સંયોજકે અમારી ઉપર ઉપકાર કર્યો છે. એક રીતે આવા આકર ગ્રંથો અથવા વિમર્શ (Reference) ગ્રંથો કોઈપણ ખાનગી વ્યક્તિ ભાગ્યે છપાવવાનું માથે લઈ શકે છે. શ્રીમતી કૅાન્ફરન્સે તે દિશામાં પ્રવૃત્તિ કરીને, સાંપ્રદાયિક ઉપરાંત શુદ્ધ સાહિત્યની સેવા સાધી છે એમ કહું તો વધારે પડતું નથી. વીગતવાર અવલોકન, અવકાશે પુસ્તક જોઈને લખી શકીશ તે વિદિત થાય. શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઈ જેવા વ્યવસાયી સાહિત્યસેવકે આવા કાર્ય માટે સમય કાઢયો છે તે બદલ તેમને પણ અભિનંદન ઘટે છે. તા. ૧૯–૨–૩૪.

૪. સાંજ વર્ત્તમાન—દૈનિક પત્રના તા. ૨૨–૨–૩૪ ના અંકમાં 'ઉડતી નજર : કરનાર O. K.'

'આ દળદાર ઇતિહાસિક ગ્રંથમાં શ્રી મહાવીર સ્વામીના સમ-

યથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતાંબર જૈનોના સાહિત્યનું કાલક્રમબદ્ધ દિગ્દર્શન કરાવ્યું છે. આ ગ્રંથના પહેલા વિભાગમાં જૈન ધર્મનો ઉદય અને તેનું સ્થાન, આગમકાલ–શ્રુતસાહિત્ય, ઉપલબ્ધ શ્રુતસાહિત્ય વગેરે શ્રી મહાવીર અને આગમસાહિત્યને લગતી હકીકતો રજુ કરવામાં આવી છે. બીજા વિભાગમાં પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યના ઉદયકાલમાં શરૂઆતના ઇતિહાસિક બનાવો, ઉમાસ્વાતિ વાચક, પાદલિપ્તસૂરિ, સિદ્ધસેન યુગ, વિક્રમ સં. ૧ થી ૩૦૦ વિમલસૂરિ, મથુરાસ્તુપો, મથુરાસંઘ, દિગંબર શ્વેતાંબર ભેદ, જૈન ન્યાયશાસ્ત્રનો પ્રથમ યુગ, ગુપ્ત અને વલ્લભી સમય, હરિભદ્ર યુગ તથા ચાવડા સમયની ઇતિહાસિક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રીજા વિભાગમાં સોલંકી વંશના મૂલરાજથી કર્ણ અને સિદ્ધરાજ જયસિંહ, કુમારપાલ, હેમયુગ અને ચોથા વિભાગમાં ભાષા-સાહિત્યના ઉદયની જૈન ઇતિહાસ સાથે સંબંધ ધરાવતી હકીકતો રજુ કરવામાં આવી છે. પાંચમો વિભાગ ભાષા સાહિત્યના મધ્યકાલ સંબંધી છે તેમાં સોમસુંદર–યુગમાં સાહિત્યની હીલચાલ, ખરતર ગચ્છીયની ખાસ સેવા અને ગુજરાતી સાહિત્ય, વિક્રમની સોળમી સદીની ઇતિહાસિક ઘટનાઓ, સંપ્રદાયની છિન્નભિન્નતા, તથા સોળમી સદીના ગુજરાતી સાહિત્ય સંબંધી જાણવા જોગ અહેવાલો આપવામાં આવ્યા છે. હૈરક યુગથી શરૂ થતા છઠા વિભાગમાં હીરવિજયસૂરિ અને બીજી કેટલીક ઐતિહાસિક વ્યક્તિઓ અને બનાવો, સત્તરમી સદીની સાહિત્યની હીલચાલ, તથા સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય વિષેનાં ઐતિહાસિક વર્ણનો રજુ કરવામાં આવ્યાં છે. છેલ્લા બે વિભાગો વર્તમાન ગુજરાતી સાહિત્યના અભ્યાસકોને ઉપયોગી થઈ પડે તેવા છે.

લેખકે આ ગ્રંથને અનુપમ બનાવવામાં સારી મહેનત કરી છે. તેમણે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાથી જૈન સાહિત્યની સેવા કરવા સાથે, ગુજરાતી સાહિત્યની પણ સારી સેવા કરી છે. મધ્યકાલીન હીંદના સાહિત્યના પરિચય માટે પણ આ ગ્રંથની મદદ ઉપયોગી થઈ

પડે એમ છે. પુસ્તકમાં આપેલાં ચિત્રોનો પરિચય કરાવ્યો છે, જેથી વાંચનારને તેની ખુબીઓ અને ઇતિહાસિક મહત્વતા સમજી શકાય. જૈન ભાઈઓ માટે આ પુસ્તક વસાવવા લાયક છે.' (આમાં જોડણી જરા સુધારી છે.)

૫. મુંબઈ સમાચાર અઠવાડિક તા. ૧૧-૩-૩૪ નો અંકઃ—

'પ્રાચીન જૈન ગુર્જરકવિઓની ગુજરાતને પિછાન આપી જૈન સાહિત્યના અભ્યાસપૂર્ણ લેખક તરીકે પ્રસિદ્ધિ પામેલા શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ જૈન સાહિત્યના શ્રી મહાવીર સ્વામીના સમયથી માંડીને તે સં. ૧૯૬૦ સુધીના સમયના કાલક્રમ બદ્ધ ઇતિહાસનું દિગ્દર્શન કરાવીને ગુજરાત પર એક ઉપકાર કરવા સાથે સાહિત્યના ઇતિહાસમાં કિંમતી ઉમેરો કર્યો છે.

આ ઇતિહાસની ઉત્પત્તિ, શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ તેમની સ્થાપેલી "સાહિત્ય સંસદ" દ્વારા પ્રકાશિત કરવા ધારેલા ગુજરાતી સાહિત્યના ઇતિહાસના એક વિભાગ તરીકે જૈન સાહિત્યનો ઇતિહાસ પ્રગટ કરવાનો ઇરાદો તેમણે શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇને એક પત્ર સને ૧૯૨૨ માં લખી દર્શાવ્યો હતો અને લખવાનું કામ તેમને સોંપ્યું હતું, જેનો શ્રી દેસાઇએ સ્વીકાર કર્યો હતો અને આ ઇતિહાસ લખવો આરંભ્યો હતો. ત્યારથી આ ઇતિહાસ લખવાની શરૂઆત થઈ ગણાય.

જૈન સાહિત્યનો ઇતિહાસ લખવો એ કેટલું કપરૂં કાર્ય છે એ આ ૧૦૮૦ પાનાનું અભ્યાસપૂર્ણ માહિતીભર્યું પુસ્તક જોનાર સહેજે કલ્પી શકશે. વર્તમાન યુગ કે તેની પહેલાંની મળી શકતી માહિતી એકઠી કરીને ઇતિહાસ લખવો એમાં ઝાઝી મહેનત કે શોધખોળની જરૂર ન પણ રહે પરંતુ જ્યારે છેક પ્રાચીન યુગથી ઇતિહાસ લખવાની જે હામ ભીડે ત્યારે તેને શોધખોળ માટે દિવસો, મહિનાઓ અને (આ પ્રયાસ જોતાં) વર્ષો પણ વિતાવવાં પડે. આટલાં વર્ષો સુધી

ધીરજ રાખવાની અને એકધારી કલમ ચલાવવાની શક્તિ પણ જોઇએ ના?

જુના સમયના શિલાલેખો, તાંબાપત્રો, મૂર્તિઓ, હસ્તલિખિત પત્રો અને મળી શકે તેટલી બીજી પણ માહિતી મેળવવા માટે સાચેજ 'ભેખ' લેવો પડે છે. વેરણછેરણ થઇ ગયેલી વસ્તુને એક ઇતિહાસમાં રજુ કરવા જતાં ગમે તેવા પણ થાકી જવાનો સંભવ રહે છે.

પણ શ્રી. મોહનલાલ દેસાઇના 'જૈન ગુર્જર કવિઓ'ના બે ભાગ જોનાર સમસ્ત ગુજરાતને ખાત્રિ થઈ છે કે તેઓ એક ઘણા મહેનતુ, અને તલસ્પર્શી અભ્યાસી સાથે ચીવટપૂર્વક માહિતિ મેળવી તેને યોગ્ય રૂપમાં પ્રગટ કરનાર એક પ્રખર સાહિત્યકાર છે.

ગુજરાતનો ઇતિહાસ હજુ સળંગ રીતે કાલક્રમબધ્ધ વિશ્વસનીય માહિતી પૂરી પાડતો લખાયો નથી. આવા સમયમાં આમ જૂદા જૂદા પ્રયાસો થઇને પણ જો આધારભૂત માહિતી એકઠી કરવામાં આવે અને પ્રગટ થાય તો ગુજરાતનો ઇતિહાસ લખનારને ભવિષ્યમાં પણ સુંદર સગવડ મળી જાય.

જૈન કોમનો ઇતિહાસ એ ગુજરાતના ઇતિહાસ સાથે મોટે ભાગે સંકળાયલો છે એ સૌ કોઈ જાણે છે એટલે શ્રી. દેસાઇના આ મહામૂલા ગ્રંથથી એક મોટી ઉણપ દૂર થઈ જાય છે એ નિર્વિવાદ છે.

ઇતિહાસની સામગ્રી એકઠી કરવામાં તેમણે ગિરનાર, શેત્રુંજય અને બીજા નાના પર્વતો પરનાં જૈન મંદિરો ઉપરાંત ગુજરાતનાં શહેરે શહેર અને ગામેગામની પોપધશાળા તથા મંદિરોમાં શોધખોળ ચલાવેલી છે એ પુસ્તકમાં રજુ થયેલી સામગ્રીથી સહેજે જોઈ શકાય છે.

પુસ્તકમાં જૈન ધર્મગુરૂઓ, ત્રાંબા પત્રો, હસ્તલિખિત પત્રો, મંદિરો અને બીજી આધારભૂત માહિતી પુરી પાડતા પત્રોનાં ફોટો-ચિત્રો છાપેલાં છે.

આ ઉપરાંત ઐતિહાસિક પ્રસંગોની સાલવારી પણ અપાઈ છે.

ઘટતાં સ્થળોએ ટુંક નોંધો પણ વાંચકોની સમજણ માટે મૂકવામાં આવેલી છે. જરૂર જણાતાં સંસ્કૃતના ઉતારા પણ અપાયા છે. અને ભાષા સાહિત્યનો ઇતિહાસ પણ આપ્યો છે. આ સાથે સાથે વિસ્તૃત અનુક્રમણિકા પણ અપાઈ છે જેથી જૈન અને જૈનેતર વાંચક સમુદાયને ઘણી અનુકુળતા થઈ પડશે.

આ મહાભારત કામ માથે ઉપાડી યશસ્વી રીતે પૂર્ણ કરવા માટે શ્રી દેશાઇને અમે ધન્યવાદ આપીએ છીએ. અમને આશા છે કે ગુજરાત એમના આ પ્રયાસનાં યોગ્ય મૂલ્ય આંકશે.'

૫. **ડાક્ટર પરશુરામ એલ. વૈદ્ય** M. A. (Cal.); D. Litt. (Paris) પૂના નવરોજજી વાડીઆ કૉલેજના સંસ્કૃત ભાષાદિના અધ્યાપક :

The book is a mine of information like Mr. Desai's other works and I shall write to you in details my views on the book somewhat later when I shall have gone through the whole. Poona 18-3-34.

—મિ. દેશાઈના બીજા ગ્રંથો પેઠે આ ગ્રંથ માહીતીની ખાણ છે અને તે સમગ્ર ગ્રંથ વાંચી ગયા પછી તે પરના મારા વિચારો વિગતવાર કંઇક મોડા મોકલીશ. પૂના ૧૮-૩-૩૪.

૬. **શ્રી કેશવલાલ હિંમતલાલ કામદાર** એમ. એ. વડોદરા કૉલેજમાં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના પ્રોફેસરઃ-

'ભાઇશ્રી મોહનલાલ દલીચંદ દેશાઇએ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" લખી જૈન તેમજ જૈનેતર સમાજની ઘણી સુંદર સેવા કરી છે. જૈન તેમજ જૈનેતર સાહિત્યનો આવો સંક્ષિપ્ત કે મોટો ઇતિહાસ હજુ સુધી પ્રસિદ્ધ થયો નથી, તેજ બતાવી આપે છે કે એ કામ ઘણા પરિશ્રમ અને અધ્યયન પછી થઈ શકે છે. સહદું

ગ્રંથમાં જૈનોના પ્રાચીન, અર્વાચીન અને સંવત્ ૧૯૬૦ સુધીનાં લખાણોનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે. આ ગ્રંથ મેં "અથ"થી "ઇતિ" સુધી જોયો છે. તેમાં સૂચી, ટીકાઓ, અવતરણો, વગેરે એટલા વિસ્તારપૂર્વક આપવામાં આવ્યાં છે કે તેમાં ખાસ ઉમેરો કરવાની જરૂર જ રહેતી નથી. ચિત્રોની પૂરવણીથી ગ્રંથની કળાત્મક ઉપયોગિતા ઘણી વધે છે, કારણકે જૈન ચિત્રકળા હજુસુધી લોકોની અજાણી રહી ગઈ છે. આવા ગ્રંથો જૈન સંસ્થા તરફથી કોઇ કોઇવાર બહાર પડે છે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે એના પ્રકાશનનું કાર્ય હાથમાં લઈ સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી છે. આશા છે કે મોહનલાલભાઈ તથા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ આવા પ્રયાસો ચાલુ રાખે અને જૈન સાહિત્યને ગુર્જર સાહિત્યના ઇતિહાસમાં અનુપમ સ્થાન અપાવે.

વડોદરા તા. ૧૮-૩-૩૪

૭. પૂ. મુનિશ્રી **અમરવિજયજી**, તેમના શિષ્ય સાહિત્યરસિક **મુનિ ચતુરવિજયજી** આદિ.

'પુસ્તક ખાસ ઉપયોગી થયેલ છે. રા. દેશાઇના જૈન ગૂર્જર કવિઓના બે ભાગ કરતાં આ ગ્રંથ કાંઈ ઓછો કિંમતી નથી. જૈન સમાજમાં આવા ગ્રંથો ગણ્યાગાંઠ્યા જ બહાર પડે છે અને બહાર પડ્યા છે એવા કેટલાય સંશોધકપૂર્વકના સંગ્રહ-ગ્રંથો બહાર પડશે ત્યારે સલંગ ઇતિહાસ યોજી શકાય તેવી સુગમતા થશે. માટે પ્રયત્ન ખાસ પ્રશંસનીય છે. હજુ સુધી તો અનેક ગચ્છોમાં થયેલા ગ્રંથકાર ત્યાગી મહાત્માઓ (કે જેમના ગચ્છ ગુર્વાદિનાં નામો મળે છે તેમના)ના પણ સંપૂર્ણ વ્યવસ્થિત ઇતિહાસ લખવા જેટલી સામગ્રી આપણે એકત્રિત કરી શક્યા નથી તો પછી ગૃહસ્થોના ઇતિહાસની તો વાતજ શી?

શરૂઆતમાં આપેલ ચિત્રપરિચય અને છેવટે છપાવેલી વિસ્તૃત અનુક્રમણિકા ઇતિહાસ-ગવેષકો માટે ખાસ ઉપયોગી છે. હું તો ખાસ

દરેક પુસ્તકના પ્રકાશન પ્રસંગે રા. દેશાઈના તે ગ્રંથો પાસે રાખું છું અને યોગ્ય સ્થળે ઉપયોગ કરૂં છું, પ્રયત્ન માટે ધન્યવાદ. શીનોર, તા. ૧૮-૩-૩૪.

૮. શ્રી એચ. ડી. વેલણકર M. A. મુંબઈની વિલ્સન કૉલેજ-માં સંસ્કૃત ભાષાદિના પ્રોફેસરઃ—

I feel very highly obliged to you for a copy of जैन साहित्यनो संक्षिप्त इतिहास compiled by Mr. Desai. It is indeed a very good and useful work.

P. S. If possible, I shall review it in some journal. Bombay 18-3-34.

—મિ. દેશાઈના પ્રયોજેલા જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસની એક નકલ મોકલવા માટે હું આપનો અતિ વિશેષ ઉપકૃત છું. તે ખરેખર એક ઘણો સારો અને ઉપયોગી ગ્રન્થ છે.

તા. ક. શક્ય હશે તો કોઈ સામયિક પત્રમાં તેની સમાલોચના લઈશ. મુંબઈ તા. ૧૮-૩-૩૪

૯. શ્રી પૂર્ણચંદ્ર નાહાર M. A. B. L. વકીલ હાઈકૉર્ટ કલકત્તા (હાલ સ્વ૦):—

(1) 'I am just in receipt of your monumental work from the Conference office and heartily congratulate you for such a useful volume dealing with the whole range of our literature from the earliest time to present day. I fully conceive the herculean task that you undertook some four years back when I visited your city and I wonder to find how nicely you have been able to arrange the scattered history and literature and have brought them to method

and order, resulting in a useful and intereting study. 48 Indian-mirror Street Calcutta 18-3-34.

—'મને હમણાંજ શ્રી કૉન્ફરન્સ કાર્યાલય તરફથી આપનો કીર્તિસ્તંભરૂપ-સ્મરણીય ગ્રંથ મળે છે અને આવા ઉપયોગી પુસ્તક માટે હૃદયપૂર્વક આપને અભિનંદન આપું છું; કારણ કે તે પ્રાચીનતમ સમયથી તે હાલ સુધીના આપણા સાહિત્યની સમગ્ર શ્રેણિનો વિન્યાસ કરે છે.

લગભગ ચાર વર્ષ પહેલાં આપના શહેર (મુંબઇ)માં હું આવ્યો ત્યારે આ મહાભારત કાર્ય આપે ઉપાડેલું હતું તે સંપૂર્ણ રીતે મારી કલ્પનામાં ખડું થાય છે અને વિખરાયેલ ઇતિહાસ અને સાહિત્યને કેટલી સુંદર રીતે ગોઠવવામાં આપ શક્તિમાન્ થયા છો અને તેને પદ્ધતિ અને વ્યવસ્થા-પુરઃસર આણીને અને પરિણામે એક ઉપયોગી અને રસપ્રદ અભ્યાસગ્રંથ પૂરો પાડ્યો છે તે જાણી મને આશ્ચર્ય થાય છે. ૪૮ ઇંડિયન મિરર સ્ટ્રીટ, કલકત્તા તા. ૧૮-૩-૩૪.

(2) 'I had personally been to Drs Law and Bhandarkar and delivered them your work. The former has paid the price which I am remitting to your office. Dr. Bhandarkar has promised to review it in Indian Culture and will send a copy of the same to the Conference office as desired.

I really wonder at your herculean onergy and you must produce its English edition before the world to have its worth properly and fully appreciated. You say, that you are collecting materials for writing in English a history of Jain Gujarati Literature; that's very good but you should see your way to publish this 'Sahityano

Itihas' in English dealing with the whole range of Jain Literature. Calcutta 8-7-34.

—હું ડૉ. લૉ અને ભાંડારકરને ત્યાં જાતે જઈ આપનો ગ્રંથ આપી આવ્યો. ડૉ. લૉએ તેની કિંમત આપી તે હું તમારી (કૉન્ફ-રન્સ) ઑફિસમાં મોકલાવું છું. ડા. ભાંડારકરે 'ઇંડિયન કલ્ચર'માં તેની સમાલોચના લેવા વચન આપ્યું છે અને ઇચ્છયા મુજબ તેની એક નકલ કૉન્ફરન્સ ઑફિસ પર મોકલાવીશ.

આપના ભગીરથ ઉદ્યમપ્રત્યે મને ખરેખર આશ્ચર્ય થાય છે. અને જગત્ તેનું મૂલ્યાંકન બરાબર કરે અને તેની સંપૂર્ણ રીતે કદર પિછાને તે માટે તેની અંગ્રેજી આવૃત્તિ આપે સર્જવી જોઇએ. આપ કહો છો કે અંગ્રેજીમાં જૈન ગૂજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવા માટે આપ સાધનો એકઠાં કરો છો; તે ઘણું સારૂં છે પણ આપે આ 'સાહિત્યનો ઇતિહાસ' કે જે જૈન સાહિત્યની સમગ્ર શ્રેણિ નિરૂપિત કરે છે તેને અંગ્રેજીમાં પ્રકાશિત કરવા માર્ગ કાઢવો જોઇએ. કલકત્તા તા. ૮-૭-૩૪.

૧૦. શ્રીવિજયરાય વૈદ્ય-'કૌમુદી'ના પૂર્વ તંત્રી.

'ગઈ કાલ રોજ આપનો જૈન વાઙ્મયનો ઇતિહાસ મને વડોદ-રેથી વ્યવસ્થાપકો (કૌમુદીના) માર્ફત મળી ગયો છે. આપની અખંડ વિદ્યાભક્તિ અને અવિરત ઉદ્યોગ ખરેખર માન ઉપજાવે તેવો છે. એ ગુણો આપના આગલા ગ્રંથોમાં તેમ આ નવીનમાં પણ પૂર્ણ-પણે પ્રકાશતા જોઈ આનંદ થાય છે. તેની યથાયોગ્ય સમાલોચના લખવાની મારી પોતાની યોગ્યતા ભાગ્યેજ ગણાય. તોપણ ટુંકી નોંધ તો પહેલી તકે લઇશ ને વિષયના વિશારદ પાસે વિગતે લખાવીશ. કૌમુદી કાર્યાલય ભાવનગર, તા. ૭-૪-૩૪.

૧૧. શ્રી હિમ્મતલાલ ગણેશજી અંજારિયા M. A.

'આપે જૈન કવિના બંને ગ્રંથો મોકલ્યા—વર્ષો ગયાં, છતાં હું તે વિષે કાર્ય કરી શક્યો નહિ. આપે તો પાછું એક દળદાર પુસ્તક

તૈયાર કર્યું અને મને મોકલવાનું યાદ રાખવાની કૃપા કરી. આપની આ સેવાઓથી આપને જે આત્મસંતોષ મળેલો હશે તેજ કિમ્મતી છે. બાકી જગત તો કદર ક્યારે કરે એ કહેવાય નહિ.

હું 'રીટાયર' થયેલો હોવા છતાં એવો 'કમનસીબ' (?) છું કે આવા અભ્યાસ માટે હજી વખત મેળવી શકતો નથી. આશા અમર છે, પણ દેહ તો નશ્વર છે. એ નશ્વરતા આવી પહોંચે તે પહેલાં કાંઈ થઈ શકશે તો આપને જણાવવાની ફરજ નહિં ચૂકું–એથી વિશેષ શું લખું ? લક્ષ્મીનગર–ખાર, મુંબઈ તા. ૮–૪–૩૪.

(કૉન્ફરન્સના મંત્રીઓ પ્રત્યે) 'આપે મોકલેલ જૈન સાહિત્યના ઇતિહાસ માટે આપનો ઉપકાર માનું છું. આવી જાતનો ગ્રંથ શ્રી. મોહનલાલભાઈ જેવા આગ્રહી અભ્યાસી દ્વારા તૈયાર કરાવી આપે જૈન સાહિત્યજ નહિ, પણ ગુજરાતી સાહિત્ય ઉપર મોટો ઉપકાર કર્યો છે.

જૈન ભાઇઓ જૈન સાહિત્યના પ્રકાશનમાં ખૂબ રસ લે છે એટલુંજ નહિં પણ સમય, શક્તિ અને સાધન બધાનો સારો વ્યય કરી કૃતકૃત્ય થાય છે એ અત્યંત ખુશી થવા જેવું છે.

એક નમ્ર સૂચના કરૂં તો માફ કરશો ? પુસ્તક મોટું હોવાથી બંધાવવાનું જરા ખરચ વધારી બે ભાગમાં બંધાવ્યું હોય તો ? વાંચકને તે વધારે અનુકૂળ થાય તેમ મારૂં માનવું છે. પુસ્તકનો ખૂબ લાભ લઈ શકાશે તેનો બધો જશ આપને જ મળશે. આપની આવી સત્પ્રવૃત્તિઓ અનેક ગણી કરો ! ખાર–મુંબઈ નં. ૨૧, ૮–૪–૩૪.

૧૨. પૂજ્યપાદ પ્રવર્તકશ્રી **કાંતિવિજયજી:—**

પુસ્તક રચનામાં આપનો પરિશ્રમ જોઈ મનને બહુ આનંદ થાય છે. આપની લાગણી બહુ ઉત્તમ છે આપના જેવા પુણ્યવંતા વધારે નિવડે તો વીરવાણીનો લાભ બહુ મળે. દિલગીરી એટલીજ છે કે વાંચવા માટે મન બહુ ઉત્સાહ ધારે છે પણ નેત્રોમાં મોતીઆ ઉતરવાના કારણથી લાભ લેવો કઠિણ છે. મારી કમનસીબીથી વંચાય નહી એ દુખ સાથે જણાવવું પડે છે. ગ્રંથ રત્નાકર છે પણ ભાગ્ય

ઓછું છે. ગ્રંથ સ્તુતિપાત્ર છે તેમાં સંદેહ નથી. શિવશ્રીરસ્તુ. વૈ. શુ. ૬ પાટણ.

જૈન સાહિત્ય૦ ની ચોપડી કોટવાલ લહેરૂભાઈ ચુનીલાલ ૧ કલાક સંભળાવે છે. સાંભળી અપાર આનંદ થાય છે. આપનો પરિશ્રમ જોતાં ચિત્ત પ્રફુલિત થાય છે. વિચાર થાય છે આટલા ગ્રંથો કયારે વંચાયા સાર લીધા લખી દીધાં. શાસનસેવા બહુ સરસ બજાવી છે. જાણકારો લાભ લેશે બીજા હવા ખાશે. આપની ભક્તિ થઈ (જોઇ) અગાડી આશા રહે છે. વૈ. શુ. ૧૪

પછી એક ભાઈ જણાવે છે કે:–શ્રી પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજીએ આપના માટે નીચેનો સંદેશો માહરા ઉપરના તેમના કાગળમાં લખ્યો છે;—

ભાઇ મોહનલાલ દેશાઇને ધર્મલાભ સાથ જણાવશો કે આપની લખાયેલ (ચોપડી) લહેરૂભાઈ કોટવાળની મદદથી સંપૂર્ણ વંચાવી સાંભળી બહુ આનંદના ભાગી થયા છીએ. આપના પરિશ્રમનું અનુમોદન કરીએ છીએ.

૧૩. શ્રી એ. એન. ઉપાધ્યે M. A. કોલ્હાપુર રાજારામ કૉલેજમાં અર્ધમાગધી ભાષાદિના અધ્યાપક:—

'It is more than four months, since, you kindly presented to me your 'Jaina Sahityano Sanksipta Itihas' on the holy spot of Agas. All the while I was keeping this volume at my elbow, but, I could not find time to go through the whole of it. At the end of February, I read only a portion of it, and used some information for my B. A. lectueres. Now I devoted practically a fort-night, and I am glad to tell you that *I simply enjoyed your sumptuous volume with pleasure and satisfaction.* I do not like to pose the privilege of reviewing it; but still I intend to write to you my impressions.

You have already established your reputation as a

literary historian by your two valumes on 'Jaina Gurjara Kavio'; but the present volume has its specialities. This vol. is *an unprecedented attempt to give a Survey of Jaina literature, especially of the S'vetambara section, from Lord Mahāvira to S'atavadhāni Rājachandra,* i. e. a period of almost 25 hundred years. It is not an easy task to take a literary survey of this long period; but I highly appreciate the consistent narrative, with interesting anecdotes here and there, that you have given, cut into convenient paragraphs. A history of literature, you have proved by your performance, is something more than a Bibliography; and at every step you have discussed about various authors never ignoring all the available social and political background. These discussions, though sometimes lengthy, will make your vol. palatable even to a layman. These discussions give a good picture of the vicissitudes, both social and political, through which Jainism had to pass especially in Gujarāt. *Your exposition is clear presented in a lucid style*; even when Gujarati is not my mother-tongue, I could follow all the details. The Jaina libraries are not easily accessible, that is my sad experience; still *You have collected so much material and information that I have no words but those of admiration for your industry and pain-staking habits.*

This work, well equipped with necessary expanstive indices etc. as it is, is a veritable mine of information indicative of indefatigable labour cn the part of the learned author; it will serve as a sure and indispensable guide to all future historians of Jaina literature, as a whole; and no student of Jaina literature can afford to be without

this volume on his shelf. Even students of Gujarati and Gujarat history can read this book with benefit.

Your last sections on present Jainism deserves to be studied by all the Jainas; there may be individual differences on certain points; but I admire your sincerity, frankness and straight-forwardness with which you have discussed the subject.

I heartily congratulate you on the completion of this book; and wish you a long life and sound health that you might render much more service to the cause of the *prabhāvanā* of *Jinavānī*.

With the best compliments and Jai Jinendra.

I remain, yours very sincerely

Kolhapur, 12th May, 1934 A. N. Upadhye.

—આપે પ્રેમથી મને આપનો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' અગાસની પવિત્ર ભૂમિપર ભેટ આપ્યાને ચાર માસ કરતાં વધુ સમય થયો. આ બધો વખત હું તે પુસ્તક મારી હસ્તમર્યાદામાં રાખતો હતો, પરંતુ તે આખું જોઇ જવા વખત મેળવી ન શક્યો. ફેબ્રુઆરીની આખરે તેનો ફક્ત એક ભાગ જ મેં વાંચ્યો અને તેમાંની થોડી માહીતીનો ઉપયોગ મારા બી. એ. નાં વ્યાખ્યાનો માટે કર્યો. હવે પ્રાયઃ એક પખવાડીઉં તે માટે ગાળ્યું અને જણાવતાં મને હર્ષ થાય છે કે આપના મહામૂલ્ય–બહુવ્યયસાધ્ય પુસ્તકનું આનંદ અને સંતોષ સાથે મેં આસ્વાદનજ કર્યું. તેની સમાલોચના કરવાના હક્કનો દંભ કરવા હું ઇચ્છતો નથી; પણ તે છતાં મારા પર પડેલી છાપ આપને લખી જણાવવા માગું છું.

આપના 'જૈન ગૂર્જર કવિઓ'ના બે ભાગથી એક સાહિત્ય-વિષયક ઇતિહાસકાર તરીકે આપે ક્યારની આપની પ્રતિષ્ઠા સ્થાપી છે; પરન્તુ પ્રસ્તુત પુસ્તકને પોતાની ખાસ વિશિષ્ટતાઓ છે. આ

ગ્રંથ શ્રી મહાવીર પ્રભુથી શતાવધાની રાજચંદ્ર સુધીના એટલેકે લગભગ પચીસસો વર્ષના સમયના જૈન સાહિત્યના—ખાસ કરી શ્વેતાંબર સંપ્રદાયના સાહિત્યનું અવલોકન નિરૂપવાનો અભૂતપૂર્વ પ્રયત્ન છે. આ લાંબા કાલનું સાહિત્યક અવલોકન કરવું એ કંઇ સહેલું કાર્ય નથી; પરંતુ અહીં તહીં રસપ્રદ કથાસહિત જે સુસંગત ક્રમબદ્ધ વર્ણન સગવડભર્યાં પારાઓ (કંડિકા)માં આપે કરેલ છે તેની ઉંચી કદર હું કરૂં છું આપે આપની કૃતિથી બતાવી આપ્યું છે કે સાહિત્યનો ઇતિહાસ તે પુસ્તકસૂચિ કરતાં કંઈક વધારે છે, અને પગલે પગલે આપે જુદા જુદા ગ્રંથકારો સંબંધી ચર્ચા કરી છે ને તેમાં સર્વ ઉપલબ્ધ સામાજિક અને રાજકીય પશ્ચાદ્‌ભૂમિકાની કદિ પણ ઉપેક્ષા કરી નથી. આ ચર્ચાઓ, કે જે ક્વચિત્ લાંબી થઈ છે, તેથી સામાન્ય જનને પણ આ પુસ્તક સ્વાદિષ્ટ થશે. આ ચર્ચાઓ જૈનધર્મ ખાસ કરી ગૂજરાતમાં જે સામાજિક અને રાજકીય ઉથલપાથલમાંથી પસાર થયો છે તેનું સારૂં ચિત્ર આપે છે. આપનું વિષયાવિષ્કરણ વિશદ શૈલીમાં સ્પષ્ટતાથી કરવામાં આવ્યું છે—જોકે ગૂજરાતી મારી માતૃભાષા નથી છતાં પણ હું સર્વ વિગતોને સમજી શક્યો છું. જૈન ભંડારો—પુસ્તકાલયોમાંથી સહેલાઇથી મળી શકતું નથી એ મારો દુઃખદ અનુભવ છે; છતાં આપે એટલી બધી સામગ્રી અને માહીતી સંગૃહીત કરી છે કે આપના કર્મોદ્યોગ અને શ્રમ લેવાની ટેવ માટે મારે મારી પાસે પ્રશંસાના શબ્દો સિવાય અન્ય શબ્દો નથી.

આ પુસ્તક જેમ છે તેમ જોઇએ તેટલી પૂરી અનુક્રમણિકાઓ સહિત સારી રીતે સમૃદ્ધ કરવામાં આવ્યું છે તેથી તે તેના વિદ્વાન કર્ત્તાના અવિશ્રાંત પરિશ્રમ જાહેર કરતી માહીતીની સાચેજ એક ખાણ છે. સમગ્ર જૈન સાહિત્યના ભાવષ્યના સર્વ ઇતિહાસકારોને તે અચૂક અને મહત્ત્વનો ભોમીયો થશે; અને જૈન સાહિત્યના કોઈ પણ અભ્યાસીને આ ગ્રંથ પોતાની અભેરાઇ પર રાખ્યા વગર ચાલી

શકશે નહિ. ગૂજરાતી અને ગૂજરાતના ઇતિહાસના અભ્યાસકો પણ આ ગ્રંથ વાંચી લાભ મેળવી શકશે.

આધુનિક જૈન ધર્મ પર આપનાં છેલ્લાં પ્રકરણો સર્વે જૈનોએ અભ્યાસી જવા યોગ્ય છે. કોક મુદ્દા પર વૈયક્તિક મતભેદ હોય પણ જે હૃદયનિષ્ઠતા, નિખાલસપણું અને સાદાઇથી આપે વિષયને ચર્ચ્યો છે તે માટે મને અતિ આદર છે.

હું આ ગ્રંથની સમાપ્તિ કરવા માટે આપને હૃદયપૂર્વક અભિનંદન આપું છું; અને દીર્ઘ આયુષ્ય અને સંગીન આરોગ્ય ઇચ્છું છું કે જેથી આપ જિનવાણીની પ્રભાવનાના કાર્યની સેવા વધુ ને વધુ કરો.

પ્રણામ અને જય જિનેંદ્ર સહિત,

હું રહું છું, આપનો અતિ હૃદયનિષ્ઠ

કોલ્હાપુર, ૧૨મી મે ૧૯૩૪, **એ. એન. ઉપાધ્યે**

૧૪. **'જૈન જ્યોતિ'** નામના અઠવાડીક પત્રના તંત્રી શ્રી. **ધીરજલાલ ટોકરશી શાહ** તા. ૨-૬-૧૯૩૪ ના વર્ષ ૧. અંક-૨૬માં 'સ્વીકાર અને સમાલોચના'ના મથાળા નીચેઃ—

ભૂતકાળની ભવ્ય ઇમારતમાં જૈન સંસ્કૃતિ કે સાહિત્યનો શો ફાળો હતો, એણે કેટકેટલાં આંદોલનો નીપજાવ્યાં હતાં, કેટકેટલાં સામાજિક કે રાજકીય પરિવર્તનો કર્યાં હતાં એનો ઇતિહાસ અંધારે પડયો છે, અને કેટલેક સ્થળે હયાતી ધરાવે છે તો એવાઓના કબજામાં છે કે જેઓનું ક્ષેત્ર દિનપ્રતિદિન સંકુચિત બનતું જાય છે. અને આનેજ પરિણામે બીજાં શાસ્ત્રોમાં જૈનોના સાહિત્યનો ઉલ્લેખ કે વિવેચન કેવલ સોગન ખાવા જેટલું જ હોય છે. જૈન શાસ્ત્રોના આધાર રૂપ સ્યાદ્‌વાદને એમણે સંશયવાદ કરીને જૈન સાહિત્યના પરિચયની પૂર્ણાહુતિ કરી છે અથવા તો જૈનોને નિરીશ્વરવાદી કહી એકાદ બે સ્વસ્તિ સંભળાવવામાં ઇતિશ્રી માની છે. અને આ અજ્ઞાન

માટે તેમને દોષ દેવા બેસીએ એ પહેલાં આપણે આપણી સ્થિતિ જોઇ લેવા જેવી છે.

વિદ્વત્તાના કેટલાક સૈકાઓ પછી જૈનોમાં એક કાળ એવો આવ્યો જ્યારે તેઓમાં સામાજિકતાએ અજબ ભરડો નાખ્યો અને આ ભરડામાં જૈન વિદ્વત્તાના એ ઉત્તરાધિકારીઓ નવું નીપજાવવાને બદલે, હતું તેટલું દબાવીને બેઠા. એમણે અપૂર્વ ગ્રંથોને અંધારા કોટીયામાં ભરી કેવળ વિદ્વત્તાની માલિકીની મોજ માણી. પોતાના ગ્રંથો જૈનતરો ભણે તો અધર્મ થઇ જાય એ માન્યતાએ એમણે આભડછેટ જન્માવ્યો. આ સ્થિતિ વધતાં વધતાં પરિણામ એ આવ્યું કે લોકો જૈનો વિષે જૂઠી અટકળો બાંધતા થયા અને ઘૃણા પ્રસરાવતા થયા. 'જૈનોનું કશુંયે સાહિત્ય નથી' એવી મજબૂત માન્યતાઓ બધે ફેલાવી.

એક તરફ આ દશા થઇ, બીજી તરફ જૈન સાધુઓ જે પૂર્વાપૂર્વનું માયાળુ ખમીર સાચવી રહ્યા હતા એમાં ખોટ આવી ને જૈન સાધુત્વ વિદ્યા અને પ્રતિભા બન્નેથી સાહિત્ય ઉપરનાં આવરણો ઘટવાને બદલે વધતાંજ ગયાં. અને જેનું સાહિત્ય ઘેરાયું તેનો સમાજ ઘેરાવાનોજ. જૈન સંસ્કૃતિ ને સાહિત્ય વર્ષો સુધી ઘેરાતાંજ રહ્યાં.

જૈનોના વાઙ્મય તરફ ઘેરાયલાં આ વાદળો જૈન મુનિ સંસ્થા પૂર્ણ રીતે દૂર ન કરી શકી. એણે સાહિત્ય નીપજાવ્યું ખરૂં, પુસ્તકો લખ્યાં ખરાં પણ સામાજિક કલહ અને આત્મ પ્રશંસાને લક્ષીનેજ. છતાં હર્ષ પામવા જેવું છે કે એ દિશામાં કેટલાક જૈન સાક્ષરોએ સારી પ્રગતિ કરી છે.

અને એ પ્રગતિનું પ્રત્યક્ષ ઉદાહરણ શ્રીમાન મોહનલાલ દલીચંદ દેસાઇની આ કૃતિ છે. લેખક મહાશયની આ ઐતિહાસિક કૃતિ શ્વેતામ્બર સમાજના ઇતિહાસના સારાંશ રૂપ છે. લેખક મહાશયની તીક્ષ્ણ વિવેચન શક્તિએ, અપૂર્વ શાસ્ત્રાધ્યયને અને પ્રૌઢ વિચાર-

શકિતએ શ્વેતામ્બર સાહિત્યના ઉજળા ભૂતકાળને તાદૃશ કરી આપી સમાજને પ્રગતિનો રાહ બતાવ્યો છે. ભાન ભૂલેલા ને પોપટની જેમ બીજાનાં શાસ્ત્રોની પ્રશંસા કરનારને, પોતાની અજોડ વાઙ્મય વિભૂતિને વિસરી જનારને બતાવી આપ્યું છે કે–મહાકવિ શ્રીહર્ષના મહાકાવ્ય સાથે સ્પર્ધા કરતું 'હીરસૌભાગ્ય' કાવ્ય જૈનોને ત્યાં જ સંઘરાયેલું છે. કવિ કાળીદાસની અપૂર્વ મેધા સાથે ચમકારા કરતું 'વિજય પ્રશસ્તિ' કાવ્ય પણ એનેજ ત્યાં છે. પંચકાવ્યોની સાથે ઉભાં રહે તેવાં નરનારાયણાનંદ, વસંતવિલાસ જેવાં સાહિત્યનાં મીઠાં ફળ જૈનોને ઘેર જ નીપજ્યાં હતાં. જૈનો છાતી ફુલાવીને જગતના સાહિત્યની હરોળમાં મૂકી શકે તેવું સાહિત્ય એને ત્યાં છે. જરૂર છે જ્ઞાનચક્ષુ ખોલવાની ને શોધવાની.

સાક્ષરવર્ય શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ જૈન સમાજના જાણિતા વિદ્વાન છે. 'જૈન ગૂર્જર કવિઓ' જેવા બહુમૂલ્ય ગ્રંથો એમના હાથે સંપાદિત થયેલા છે ને લખાયેલા છે. એમના પ્રસ્તુત પુસ્તક માટે અત્રે વિવેચન કરવાની જરૂર ન હોય! ઐતિહાસિક વસ્તુના લખનારનું જ્ઞાન કેટલું વિશદ જોઈએ, જોખમદારી કેટલી ભારે હોય છે, કલમ કેટલી નિષ્પક્ષપાતી જોઇએ છે એતો એક સાધારણ કૃતિના રચનારને પણ સારો અનુભવ હોય છે. સાક્ષરવર્ય શ્રી દેસાઈનું આ પુસ્તક જૈનોના આધુનિક સાહિત્યમાં એક સુવર્ણ સ્તંભ સમાન છે. જૈનોની વેરાતી દાન–પ્રણાલિકા આવે માર્ગે વળે ને આવી કૃતિઓ નીપજાવવામાં સહાયભૂત થાય તો આજનાં જામેલાં કેટલાંયે અંધારાં ઉલેચાઈ જાય!

પ્રસ્તુત પુસ્તક ૫૬ પ્રકરણોમાં સમાપ્ત થાય છે જેમાં લેખકે ભારતના આર્યધર્મની ત્રણ શાખાઓ વૈદિક, જૈન ને બૌદ્ધોથી પ્રારંભ કર્યો છે, આ પ્રકરણોમાં જૈન ધર્મના ઉદયથી શરૂ કરી આગમ કાલ, શ્રુતસાહિત્ય, પ્રાકૃત સાહિત્યનો મધ્યમ કાલ, સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ સુધી લાવી આરંભિક ઐતિહાસિક ઘટનાઓ વીરના બીજા

કે ત્રીજા સૈકા સુધીથી ચાલુ કરે છે. આ પછી ઉમાસ્વાતિવાચકનો કાળ, સિદ્ધસેન યુગ. જિનભદ્ર ક્ષમાશ્રમણ, હરિભદ્ર, ચાવડાનો સમય આમ સૈકા અનુક્રમ લેતા વચ્ચે અપભ્રંશ ભાષા, ગુજરાતી સાહિત્ય, અપકર્ષ, ઉત્કર્ષ, વગેરે વિષયો ચર્ચતા ઠેઠ વીસમી સદી સુધી આવી પહોંચે છે જેમાં પાશ્ચાત્ય કેળવણીનો ઉદય, અધ્યાત્મયોગી રાજચંદ્રજી, વગેરેની ચર્ચા થઇ જાય છે. વાચક સ્હેજે આમાંથી ભાષાનો જન્મ, અપભ્રંશ, ઉન્નતિ ને પડતી તેમજ રાજ્ય કે બધી બાબતની ઐતિહાસિક હકીકતોથી વાકેફ થઈ શકે છે.

ખરેખર! શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે આ પુસ્તકનું પ્રકાશન કરી સમાજની એક અજોડ સેવા બજાવી છે. દરેક જૈન નામ ધારીએ ૬ રૂપિયાનો આ અમૂલ્ય ગ્રંથ ઘરમાં વસાવી પૂર્વજોના ભૂતકાળને સ્મરવાની જરૂર છે.

આ પુસ્તકની વિસ્તૃત સમાલોચના માટે તો થોડા લેખો જોઇએ.

૧૫. પ્રસિદ્ધ હિંદી જૈન લેખક શ્રી અગરચંદ નાહટા–બીકાનેર–

'८ विभाग ५६ प्रकरण (प्रत्येक विभागमें ७–७ प्रकरण है) मय यह महाभारतके सादृश विशाल ग्रन्थ जैन साहित्यका महत्त्वपूर्ण ग्रन्थ है। ११९५ पारा (पेरेग्राफ) मय पृ. ८३२ में महत्त्वपूर्ण ग्रन्थके नामानुसार विवेच्य विषय है लेकिन इस ग्रन्थकी और भी कइ विशेष उल्लेखनीय बातें हृदयको आकृष्ट करती है अने १८८ पृष्ठोंमें २३ विभागोंमें विस्तृत अनुक्रमणिका, ६० पृष्ठोंमें ६० चित्रोंका विस्तृत परिचय. शुद्धिवृद्धिपत्रक पृ. ३९ में इत्यादि कार्योंने ग्रन्थ की उपयोगिता और महत्तामें यथेष्ट अभिवृद्धि की है। वर्षोंके सतत परिश्रमद्वारा श्रीमान देशाइजीने जैन साहित्यकी जो अपूर्व सेवा की है वह अत्यंत श्लाघनीय है।

इस ग्रन्थके विषयमें इतना कहना पर्याप्त होगा कि यह ग्रन्थ साहित्यसंसारमें अपूर्व अद्वितीय असाधारण

प्रकाशमान रत्नके समान है × × सारांश यह है कि इसके लेखन बडेही निष्पक्षपातवृत्ति उत्तमता और प्रमाणिकतासे किया गया है ।

वास्तवमें यह इतिहास अनेकानेक ग्रन्थोंका दोहन-स्वरूप और संग्रहमय ग्रन्थ है, × × लेखक महोदयने जो अथाग परिश्रम कर ३ रत्नग्रन्थोंको (जैन गूर्जर कविओ दो भाग और यह ग्रन्थ) प्रकाशित किया है इसके लिये पुनः पुनः साधुवाद है ।

आशा है अब जैन गूर्जर कविओ के तृतीय भाग को भी शीघ्रही प्रकाशित कर अपनी आदरणीय शुभ भावना-रूप मनोरथको सफल कर महान पुण्यभागी बनेंगे ॥

૧૬. ડબલ્યુ. નૉર્મન બ્રાઉન (W. Norman Brown) –અમેરિકાની યુનિવર્સિટી ઑફ પેન્સિલ્વેનિયાની ફિલાડેલ્ફિયાની ગ્રેજ્યુએટ સ્કૂલમાં પૌર્વાત્ય અભ્યાસના પ્રોફેસરઃ—

Dear Mr. Nahar—Let me thank you, and through you the Shri Jaina Shvetambara Conference, Bombay, for the copy of Mr. Mohanlal Dalichand Desai's *Short History of Jaina Literature,* which you so kindly gave me last Tuesday. It appears to contain a great quantity of information which I shall find valuable, and it has the merit of being indexed. × ×

Very Sincerely yours.

W. Norman Brown.

Prof. Oriental Studies, Sanskrit
University of Pennsylvania
the Graduate School
Philadelphia.

C/o. Thos. Cook and Son,
Bombay.
October 14, 1934.

વ્હાલા મિ. નાહાર—આપનો અને આપ દ્વારા શ્રી જૈન શ્વેતાંમ્બર કૉન્ફરન્સ, મુંબઇનો, મિ. મોહનલાલ દલીચંદ દેશાઇના 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ની એક નકલ કે જે ગયે મંગલવારે આપે મને આપી તે માટે પાડ માનું છું. મને મૂલ્યવતી સાંપડશે એવી માહીતીનો મોટો જથ્થો તેમાં જણાય છે અને તેની અનુક્રમણિકા થઇ છે એ તેનો ગુણ છે.

૧૭. 'છેલ્લા દશકાનું સુંદર સાહિત્ય—જૈનોના વાઙ્મયની વિસ્તૃત સમાલોચના' એ નામના લેખમાં લેખક મુનિશ્રી **ન્યાયવિજયજી** મહારાજ ભૂતપૂર્વ અઠવાડિક 'જૈન જ્યોતિ' તા. ૧૨–૧–૩૫ ના અંકમાં:—

ગુજરાતી ભાષામાં આ દસકામાં ઘણા જ ઉત્તમ પુસ્તકો બહાર પડયાં છે, જે પુસ્તકો એવાં છે કે અજૈન સમાજમાં પણ આપણે ગર્વપૂર્વક માથું ઉંચું કરી કહી શકીએ કે અમારી સમાજમાં પણ અપૂર્વ પુસ્તકો બહાર પડે છે–તેમાંય પાંચેક પુસ્તકો તો આ દશકાનાં જ નહિ કિન્તુ આ સૈકાનાં ભૂષણ રૂપ છે એમ કહું તો ચાલે ! તેમાં ય ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી સુંદર પુસ્તક ગુજરાતી ભાષામાં બહાર પડ્યું હોય તો તે છે: **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (સચિત્ર).

છેલ્લા બે હજાર વર્ષમાં જૈન સાહિત્યનો જે વિકાસ થયો છે, જે ઘડતર થયું છે તેનો સુંદર પરિચય આ પુસ્તક આપે છે. જૈનાચાર્યોની સાહિત્યસેવાનો ક્રમિક વિકાસ અને તેનો અખણ્ડ સત્તાવાર ઇતિહાસ આ પુસ્તકનો મુખ્ય વિષય છે.

૧૧૯૫ પેરેગ્રાફમાં જૈનધર્મનો ઇતિહાસ, સાહિત્ય, સાહિત્યકારો, તેમનો પરિચય, તેમના સમકાલિન રાજા મહારાજાઓ, મંત્રીઓ, દાનવીરો વગેરેનો ટૂંકો પરિચય, જૈનાચાર્યોના ઉપદેશની અસર, તેનાથી થયેલા લાભો, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી સાહિત્ય ને તેનું ઘડતર વિકાસ અને તેની વર્તમાન પરિસ્થિતિ આદિ અનેક વિષયો આઠ

વિભાગમાં અને અનેક પ્રકરણોમાં સમાવ્યા છે. જૈન ધર્મના ઇતિહાસનાં અનેક પ્રકરણો સુંદર મોતીની જેમ અત્રતત્ર પુષ્કળ પ્રમાણમાં વિખરાયેલા. એ મૌક્તિકોને એકત્ર કરી એક મહાન માળા મોતીમાળા તૈયાર કરવાનું કઠિણ કામ ભાઇ દેસાઇએ કર્યું છે તે બદલ તેમને ધન્યવાદ ! તેમણે આ પુસ્તક તૈયાર કરી જૈન સાહિત્યને જગતના ચોકમાં ગૌરવપૂર્વક ઉંચું રાખી જગતને જૈન સાહિત્યના ઇતિહાસનો સુંદર પરિચય આપ્યો છે. આ માટે માત્ર જૈન સમાજ જ નહિ કિન્તુ સમસ્ત વિદ્વદ્ વર્ગને તેમણે ઋણી બનાવ્યો છે.

યદ્યપિ આખા પુસ્તકની રીતસર સમાલોચનાજ કરવા બેસું તો લાંબી લેખમાળા થાય ! હું તો ખાસ ભારપૂર્વક માનું છું કે ગુજરાતી ભાષામાં આવો ઇતિહાસકાર હજી સુધી કોઈ નથી પાક્યો. ગુજરાતનાં ધન્યભાગ્ય છે કે તેને આવો ઇતિહાસકાર મળ્યો છે.

એક વાત સ્પષ્ટ કરી દઉં. આમાં આવેલા બધાય વિચારો સાથે બધા સહમત ન થાય એ બનવા જોગ છે. હું પણ તેમના બધાય વિચારો સાથે-લખાણો સાથે સહમતજ છું એમ કોઈ ન માની લે. કેટલીક સામાન્ય અને પ્રસિદ્ધ વાતોમાં લેખકના હાથે ગંભીર ભૂલો થઈ છે-ઉલ્ટા રૂપે રજુ થઈ છે. આવું કેમ બન્યું હશે એ હું નથી સમજ્યો.* જેમને આમાં ક્યાંક ક્યાંક ત્રુટીઓ જણાય તેમણે સમભાવપૂર્વક તે જણાવવાનું સૌજન્ય દાખવવાની જરૂર છે. લેખક એ સૌજન્ય જરૂર સ્વીકારશે. થોડી ભૂલોથી આખાય પુસ્તકને અને લેખકને નિંદવાનો કે ટીકા કરવાનો કોઇને અધિકાર નથી. અને એમાં નથી સૌજન્ય કે ઔચિત્ય.

મને તો આ પુસ્તક ઘણુંજ ગમ્યું છે. જે કામ જૈન શાસ્ત્રના

---

* શા ગંભીર ભૂલો થઈ છે તેની વાનગી પણ મુનિએ અહીં કે મને પરબારી આટલાં ૭ વર્ષોમાં કોઇ વખત જણાવી હત, તો તેમનું આ મંતવ્ય સાચું છે કે નહિ તે હું સમજી શકત અને સમજાવી શકત.

તા. ૨૮-૧-૪૧ મો. દ. દેશાઈ

અભ્યાસીઓ અને વિદ્વાન ચારિત્રશીલ સાધુઓએ કરવાનું હતું તે મહાન કામ ગૃહસ્થ જીવનની જંઝીરોમાં રાત દિવસ રચ્યા પચ્યા રહેનાર ગૃહસ્થ અને તેમાંય વકીલ, પોતાનો સમય કાઢી આવું ઉત્તમ સુંદર સાહિત્ય પ્રમાણીકપણે રજુ કરે, જૈન ધર્મ ને તેના સિદ્ધાંતોને, તેના સાહિત્યને અને જૈન શાસનના જ્યોતિર્ધરોને જગતના ચોકમાં મૂકે તે માટે તો ખરેખર સમસ્ત જૈન સમાજે તેમને ધન્યવાદ આપવો ઘટે છે. તેમનાં ચિત્રો પણ મહત્વનાં છે. હસ્તાક્ષરોના બ્લોકો, અકબર ને જહાંગીરના ફરમાનો, મથુરા, રાણકપુર અને જેસલમેર આદિના ફોટા ચિત્રો પુસ્તકની મહત્તામાં ને શોભામાં વધારો કરે છે.

બારસો પાનાનું આ મહાન સુંદર પુસ્તક શ્વે. જૈન કોન્ફરન્સે છપાવ્યું છે તેની આ સેવા પણ અમર રહેશે. કોન્ફરન્સે સાહિત્યની દિશામાં શું કર્યું છે એ પુછનારને આ પુસ્તક જવાબ આપે તેવું છે. આ પુસ્તકની છ રૂપિયા કિંમત પણ ઠીક છે.

આવીજ રીતે '**જૈન ગૂર્જર કવિઓ**'ના બંને ભાગ પણ બહુજ મહત્વના છે તેમાંય પ્રથમ ભાગની ૩૨૦ પાનાની પ્રસ્તાવના કમાલ છે, એ પ્રસ્તાવના શું છે–બીજો ગ્રંથજ છે. ગુજરાતી ભાષાની ઉત્પત્તિથી લઇને તેનો વર્તમાન વિકાસ સુધીનો શૃંખલાબદ્ધ ઇતિહાસ એમાં સંગ્રહીત થયો છે. ખરેખર મોહનભાઇએ આ પુસ્તકો બહાર પાડી વર્ષોનો તેમનો પરિશ્રમ સફલ છે. આજે ગુજરાતી સાહિત્યમાં જૈનોનું સ્થાન શું છે તે માટે કહેવું નહિ પડે. આ બન્ને ભાગો તેની સાક્ષી પૂરશે.

૧૮. '*જૈન સાહિત્યપરિચય*' એ મથાળા નીચે **શ્રી કેશવરામ કા. શાસ્ત્રી** સને ૧૯૩૫ના માર્ચ માસના '**કૌમુદી**'ના અંકમાં પૃ. ૩૦૭ થી ૩૧૦ માં:—

ક્રાઉન ૧૬ પેજી સાઇજનાં ૮૩૨ પૃષ્ઠમાં સમાવવામાં આવેલો છતાં આ ઇતિહાસ સઙ્ક્ષિપ્ત જ છે, એમ જે લેખક કહેવા માગે છે, તે ઉચિત જ છે. છેલ્લા તીર્થઙ્કર મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા તેને

આજ ૨૪૫૯ વર્ષ થઇ ગયાં છે. તેટલા લાંબા સમયમાં જૈન સાહિત્ય કેટલું ખેડાયેલું છે, તેનો આ ગ્રન્થમાં લેખકે પરિચય માત્ર આપ્યો છે તેમાંજ આટલાં પૃષ્ઠો રોકાયેલાં છે. આ ઊપરથી સમઝી શકાશે કે સાહિત્ય અને સાહિત્યકારો કેટલા બ્હોળા પ્રમાણમાં થયા હશે. લેખકે આ ગ્રન્થમાં ખેડાયેલ ઉપલબ્ધ સાહિત્ય અને સાહિત્ય-કારોનો યથાશક્ય પરિચય આપવામાં લેશ પણ કચાશ નથી રાખી. આ ગ્રન્થને લેખકે વિભાગ, પ્રકરણ અને વાક્યખણ્ડોમાં વ્હેંચી નાખ્યો છે. રચના એવી યુક્તિમાં કરવામાં આવી છે કે આઠ વિભાગ, દરેક વિભાગનાં સાત સાત પ્રકરણ અને આખા ગ્રન્થમાં મળી ૧૧૯૫ ખણ્ડ (paragraphs) છે. ગ્રન્થના આગલા ભાગમાં નિવેદન (પૃ. ૬૧ સુધી) ૭૨ ખણ્ડમાં લેખકનું જ લખેલું, તે પછી પ્રો. કામદારે લખેલી પ્રસ્તાવના (પૃ. ૬૨-૮૦), સાઙ્કેતિક અક્ષરોની સમઝ (૮૧-૮૪) અને વિસ્તૃત ચિત્રપરિચય (૮૫-૧૪૬) તે બાદ વિષયાનુક્રમ એકેએક ખણ્ડમાં આપેલા વિષયના ઉલ્લેખ સાથે (પૃ. ૧૪૭-૧૭૫) આપવામાં આવ્યો છે. પાશ્ચાત્ય શોધપૂર્વકની આ રચના અભ્યાસીઓને વિષય હસ્તગત કરવામાં બહુ સરળતા આપ-વાની છે એમ સ્વીકારવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

પ્રથમ	વિભાગમાં	શ્રી મહાવીર અને આગમ સાહિત્ય.
દ્વિતીય	,,	પ્રાકૃતિકસાહિત્યનો મધ્યકાલ અને સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ.
તૃતીય	,,	સંસ્કૃત સાહિત્યનો ઉત્કર્ષ.
ચતુર્થ	,,	'ભાષા' સાહિત્યનો ઉદય.
પઞ્ચમ	,,	'ભાષા' સાહિત્યનો મધ્યકાલ.
ષષ્ઠ	,,	હૈરક યુગ ('ભાષા' સાહિત્યનો મધ્યકાલ)
સપ્તમ	,,	યશોવિજય ('ભાષા ' સાહિત્યનો અર્વા-ચીન કાલ ચાલૂ)

અષ્ટમ ,, વિક્રમની વીસમી સદી અને સામાન્ય હકીકત, જૈનયુગ.

પાટણ, જેસલમીર, ભરૂચ એ ઉપરાંત અનેક સમૃદ્ધ નગરોના ભણ્ડારોમાં જૈનધર્મનું અને જૈન લેખકોયે રચેલાં સર્વભોગ્ય સાહિત્યનું અનેકગણું સાહિત્ય અતિ સુરક્ષિત દશામાં પડેલું છે. સામાન્ય રીતે આજ દિવસ સુધી એમ જ માનવામાં આવતું કે-જૈનધર્મમાં દાર્શનિક સાહિત્યનો અભાવ છે. પરન્તુ આ ગ્રન્થ જોયા પછી અને તે માંહેલા વિષયોનો લેખકે જે આછેરો પણ પરિચય બતાવ્યો છે, તે જોતાં સહર્ષ સ્વીકારવું જોઇયે કે–આગલી માન્યતા તદ્દન ભૂલ ભરેલી છે. ન્યાય, વ્યાકરણ, વેદાન્ત (જૈન), સાહિત્ય, છન્દ, ઇતિહાસ એ દરેક શાખામાં અખૂટ અને જૈનેતર સાહિત્યને વટાવી જાય તેટલું બધું સાહિત્ય જૈન સાધુઓયે શાન્ત રીતે ખેડી કાઢેલું છે; પોતાને મળેલ સમય અને વિદ્યાનો સદુપયોગ કરવામાં લેશ પણ પાછી પાની કરી નથી.

જૈનધર્મ ઊપર પ્રથમથી જ ઘણાં આક્રમણો થયેલાં. આરમ્ભમાં એ ન્હીકે સાહિત્ય બધું શિષ્યપરમ્પરાયે મૌખિક સાચવવામાં આવતું એ એ સાહિત્ય **શ્રુત** કહેવામાં આવે છે, તે ઊપરથી સમઝી શકાય તેવું છે. જૈનધર્મની દાઝવાળા જુદા જુદા આચાર્યોયે અનેક વાર એ **શ્રુત** સાહિત્યને **ગ્રન્થસ્થ** બનાવવાની તજવીજ કરેલી, પરન્તુ વારંવારના હુમલાઓથી ગ્રન્થસ્થ સાહિત્યનો નાશ કરવામાં જૈનધર્મના વિરોધીયોયે કાંઇ બાકી ન રાખેલી. **શ્રુત** સાહિત્યને **ગ્રન્થસ્થ** કરવા પ્રસિદ્ધ ત્રણ પ્રયત્નો થયેલા: ૧ માગધ સઙ્ઘ (પાટલી પુત્ર–પરિષદ)નો, ૨ માથુરી પરિષદનો અને ૩ વલ્લભી કિંવા નાગાર્જુનીય પરિષદનો. અત્યારે છેલ્લી બે પરિષદની **વાચનાવાળા** **શ્રુત** ગ્રન્થો **ગ્રન્થસ્થ** મળે છે. આરમ્ભના ઉત્કાલિક ૩૨ શ્રુત અને કાલિક ૩૨ શ્રુત એ બધાંનો સઙ્ગ્રહ થઇ ચુકેલો છે. પહેલા વિભાગના ૪–૫–૬–૭ એ પ્રકરણોમાં વિસ્તૃત રીતે લેખકે **શ્રુત** સાહિ-

ત્યનો અઙ્ગ અને અઙ્ગ ઉપરાંતના આગમોનો પરિચય આપ્યો છે. આ બધું સાહિત્ય **અર્દ્ધમાગધીમાં** છે. લેખકે સામાન્ય રીતે એને પ્રાકૃત કાળ કહ્યો છે અને તે વ્યાજબી જ છે. પ્રથમ વિભાગમાં શ્રી. મહાવીરે કરેલી જૈનધર્મની સ્થાપના અને તેમના તેમજ તેઓ-શ્રીના શિષ્ય-પ્રશિષ્યોના તદર્થ પ્રયત્નોનો યથાશક્ય પરિચય લેખકે આપ્યો છે.

વિભાગ ૨ જામાં પ્રાકૃત સાહિત્યનો મધ્યકાલ અને જૈન-સંસ્કૃત સાહિત્યનો ઉદયકાલ શરૂ થાય છે. તે સમય સુધીનું જૈન સિદ્ધાન્તવિષયક સાહિત્ય સામાન્ય પદ્ધતિયે જ સૂત્રાદિ ગ્રન્થોમાં મળતું. આ નવાયુગના જબ્બર સૂત્રધાર **સિદ્ધસેન** દિવાકરે નૈયાયિક ઘાટીયે જૈન-સિદ્ધાન્ત-**અનેકાન્તવાદનું** સમર્થન પ્રથમ જ વાર સંસ્કૃત ભાષામાં આપ્યું. અને ત્યારથી જૈન ગ્રન્થો સંસ્કૃત ભાષામાં લખાવા માંડયા. એ પછી આચાર્ય મલ્લવાદી હરિભદ્રસૂરિ જેવા જબ્બર દાર્શનિક વિદ્વાનોયે જૈન સિદ્ધાન્ત અને સાહિત્યમાં ભારે વૃદ્ધિ કરી.

વિભાગ ૩ જાથી સમ્પૂર્ણ રાજ્યાશ્રયવાળો જૈનયુગ શરૂ થાય છે. સોલઙ્કી રાજાઓયે જૈનધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકાર્યો, ત્યારથી દેશમાં જૈનધર્મ તરફ બધા જૈનેતરો માનની નજરથી જોવા લાગ્યા. આ સમયમાં અનેક વિદ્વાનો થયા. તેમાં મુખ્ય દેવચન્દ્રસૂરિ અને તેમના શિષ્ય વિદ્વત્પ્રકાણ્ડ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય થયા. હેમ-ચન્દ્રાચાર્ય એટલે સંસ્કૃતપ્રાકૃતનો આદર્શ. કોઇ પણ શાખા એવી ન હતી કે જેમાં હેમચન્દ્રાચાર્યના ગ્રન્થો ન હોય. ખાસ હેમચન્દ્રાચાર્યમાં વિશિષ્ટતા એ હતી કે તેમના સામાન્ય ગ્રન્થોમાં ક્યાંય પણ પક્ષ-પાતની દષ્ટિનો ગન્ધ સુદ્ધાં મળતો નથી. આથી તેમણે જનતા તેમ જ રાજાનો પ્રેમ સારી રીતે મેળવ્યો. **હેમયુગ** ઊપર લેખકે આખું ૭ મું પ્રકરણ લખ્યું છે. જેમાં તેમના વિષયની યાવદુપલબ્ધ હકી-કત વિશ્વસનીય પૂરાવાથી આપી છે. એ નિર્વિવાદ છે કે હેમચન્દ્રા-ચાર્યનો સંસ્કૃત અને પ્રાકૃતભાષાના સર્વ સાહિત્ય ઊપર મોટો ઉપ-

કાર છે. અપભ્રંશભાષાનું પ્રથમ વ્યાકરણ તેઓએ જ આપ્યું. તે પૂર્વેનાં વ્યાકરણોમાં સ્વતન્ત્ર રીતે અપભ્રંશનો ઉલ્લેખ આકાશકુસુમવત્ હતો. સિદ્ધહૈમ વ્યાકરણના ૭ અધ્યાયમાં સંસ્કૃત અભિનવ વ્યાકરણ અને છેલ્લા ૮મા અધ્યાયમાં મહારાષ્ટ્રી (**અર્ધમાગધી–હેમચન્દ્રાચાર્યના મતે આર્ષ** પ્રાકૃતનાં ઉદાહરણોસાથે), શૌરસેની, માગધી, પૈશાચ, ચૂલિકાપૈશાચી અને અપભ્રંશ એ છયે પ્રાકૃતભાષાઓનો સમાવેશ કર્યો. હેમચન્દ્રાચાર્યના શિષ્યમણ્ડળે પણ સાહિત્યમાં મ્હોટો વધારો કર્યો.

વિભાગ ૪થાથી અપભ્રંશ ભાષાસાહિત્યના ઉદય ઉપર લેખકે સારો પ્રકાશ પાડયો છે. સંસ્કૃત અને અર્ધમાગધીમાં તો (અથવા સૂત્રો પછીની ભાષાને **જૈન પ્રાકૃત** એવું નામ આપિયે તો તેમાં) સાહિત્ય ખેડાયે જતું હતું. પરન્તુ આ યુગમાં તે ઉપરાંત પશ્ચિમ હિંદુસ્તાનની તો ખાસ પ્રચલિત ભાષા **અપભ્રંશ**માં પણ જૈન સાહિત્ય વિકાસ પામવા લાગ્યું. **અપભ્રંશ** એટલે **જૂની ગૂજરાતી.** અપભ્રંશના અન્ત સાથે **મધ્યકાલીન ગૂજરાતી**નો આરમ્ભ. પાટણના સુપ્રસિદ્ધ અમાત્યબન્ધુઓ વસ્તુપાલ–તેજપાલના સમયમાં જૈનધર્મનો ઉદય પૂર્ણ ચઢતી ઊપર હતો. તેઓએ સાહિત્ય તેમ જ શિલ્પ એ બન્નેનો જબ્બર વિકાસ સધાવ્યો. વાઘેલા વંશના અસ્ત સાથે રાજ્યાશ્રય ઢીલો પડી ગયો છતાં વિદ્વાન મુનિયોએ જૈનધર્મનો ફેલાવ કરવામાં કદી કચાશ ન બતાવી.

વિભાગ ૫ મેથી **સોમસુન્દર યુગ** શરૂ થાય છે. મુનિ સોમસુન્દર અને તે પછીના સાધુઓએ મ્હોળા પ્રમાણમાં ભાષાસાહિત્ય સાથે સંસ્કૃત ભાષાસાહિત્ય પણ ખેડયું. અપભ્રંશ ઉપરાંત તત્કાલીન ગૂજરાતી ભાષામાં આ યુગમાં લખાયેલું મ્હોળું સાહિત્ય ઉપલબ્ધ છે.

વિભાગ ૬ઠ્ઠામાં અકબરના સમકાલીન – પ્રસિદ્ધ હીરવિજયસૂરિની જૈનધર્મના ફેલાવની પ્રવૃત્તિ અને સાહિત્યસેવાનો ઉલ્લેખ છે.

વિભાગ ૭મામાં યશોવિજયયુગના વિદ્વાનોની સેવાનો ઉલ્લેખ છે.

ચોથા વિભાગથી પ્રાયઃ દરેક પ્રકરણને અન્તે લેખકે સાહિત્ય-પ્રવૃત્તિ એટલે ગ્રન્થોની ટીપો આપી છે. સાથે જ્યાં જ્યાં જરૂર જણાઇ છે ત્યાં કવચિત્ ભાષાના નમૂનાઓ પણ આપ્યા છે.

વિભાગ ૮માામાં અર્વાચીન સ્થિતિનું વર્ણન અને પાશ્ચાત્ય-વિદ્વાનો વેબર, યાકોબી, બ્યુલર, પિટર્સન વગેરેની જૈન ગ્રન્થોને પ્રસિદ્ધિમાં લાવનારાઓની હકીકત અને છેલ્લા શતકના જૈન વિદ્વાનોની હકીકતો સમાવવામાં આવી છે.

ખાસ કરી ગ્રન્થોને અન્તે લગભગ ૨૫૦ પાનામાં પરિશિષ્ટો આપી ગ્રન્થની ઉપયોગિતામાં ઑર વધારો કર્યો છે.

રા દેશાઇ જેવા સમર્થ સંશોધક અને પુરાતત્ત્વવેત્તાને સૂચના દેવી, એ મારા જેવા સામાન્ય માણસને માટે વધૂ પડતું ગણાય, તેમ છતાં આપવા સાહસ કરૂં છું. પૃ. ૧૮૫ ઉપર તેમ જ અન્યત્ર સ્થળોયે તેમણે ગુપ્ત સંવ્વતનો ઉલ્લેખ કર્યો છે. સિદ્ધર્ષિસૂરિ ક્યારે થયા ? ઉપમિતિ ભવપ્રપઞ્ચ અને તેના ઉપર ચન્દ્રકેવલિચરિત્ર આ બે ગ્રન્થ રચાયા છે. પ્રથમ ગ્રન્થને માટે તેઓશ્રીયે સં. ૯૬૨ નો ઉલ્લેખ કર્યો છે, જ્યારે ચન્દ્રકેવલિચરિત્રમાં ૫૯૮મા વર્ષનો ઉલ્લેખ કરેલ છે. પ્રથમ ગ્રન્થ ઉપરથી બીજો ગ્રન્થ લખવામાં આવ્યો છે, તે નિર્વિવાદ છે. ૫૯૮ એ ગુપ્ત સંવ્વત અને તેની સાથે મેળ ખાતો સં. ૯૭૪ બતાવી ૧૨ વર્ષ પછી આ ગ્રન્થનૂં રચન સમ્ભવે. ચન્દ્ર-ગુપ્ત વિક્રમાદિત્ય ૧ લાના સમયથી વિક્રમ સંવ્વત પ્રચારમાં આવ્યો છે, અને ગુપ્ત સંવ્વત તે તે જ વિક્રમ સંવ્વત છે, એમ કેટલાક પૂરાવાઓથી સિદ્ધ થઇ શકે તેમ છે (જુવો – સને ૧૯૩૫ના બુદ્ધિ-પ્રકાશના પ્હેલા અંકમાં માલવિકાગ્નિમિત્રનૂં અવલોકન – મારા તરફથી આપેલૂં.) આવી સ્થિતિમાં સં. ૫૯૮ એ ગુપ્ત સંવ્વત તરીકે સ્વીકારી શકાય તેમ નથી. ડૉ. ફ્લીટ વીગેરે આ સ્થળે ધા ખાઇ ગયા છે, વસ્તુસ્થિતિયે ડૉ. ફ્લીટ વગેરે જેને ગુપ્ત સંવ્વત કહે છે તે વલ્લભી સંવ્વત છે. ગુપ્ત અને વિક્રમ એક જ અને વલ્લભી

તેનાથી ૩૭૬ વર્ષ મોડો. ગુપ્ત સંવ્વતનો આવો ખુલાસો સ્વીકાર-વાથી ઘણી તકલીફ ઓછી થઈ જશે.

વલ્લભીનો ભઙ્ગ વિ. સં. ૮૪૫ એટલે વલ્લભી સંવ્વત ૪૯૯માં થયો. વલ્લભી-રાજાઓનો રાજ્યધર્મ જૈનધર્મ થઇ ચૂકેલો એટલે એક મુનિ પોતાના ગ્રન્થમાં વલ્લભી વર્ષ સ્વીકારે તો તેમાં કાંઇ સંશય નથી.

આ દિશા માત્ર સૂચવું છું, અને રા. દેશાઇને વીનતી કરૂં છું કે નવેસરથી આ વિષયને ઘૂંટી જવા તકલીફ લેવી, તો જરૂર વિક્રમ-ગુપ્ત – વલ્લભી એ વગેરે સંવ્વતના વિષયમાં પાશ્ચાત્યોએ ખરાબે ચઢાવેલા વ્હાણને ઉદ્ધારવાનું પુણ્ય હાંસલ કરી શકાશે. આ ગ્રન્થની ઉપયોગિતા માટે કોઇથી સ્હેજ પણ શંકા ઉઠાવી શકાય તેમ નથી. લેખકના ઊંડા પુરાતત્ત્વજ્ઞાનને માટે આપણે ગૂજરાતીઓએ ખાસ માન લેવા જેવું ગણાય.

૧૯. સુપ્રસિદ્ધ અંગ્રેજી માસિક '*Modern Review*'ના પુ. ૫૭ નં. ૫. સમસ્ત નં. ૩૪૧–મે સને ૧૯૩૫ના અંકમાં પૃ. ૫૭૬ પર K. M. J. એટલે દિ. બ. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી** M. A. LL. B. :—

This short history of Jain literature, which is a chronological sketch of Jain Shwetambar Literature from Lord Mahavir's time to Samvat year 1960, though called short is not so. It is written in great detail and it took the author 12 years to write it. So far as present available materials go, it can be said to be complete, because it may be acknowledged that Mr. Desai has neither spared time, money nor energy in collecting, and sifting the very large number of MSS. to be found in Gujarat and outside to make his work as comprehensive as possible. This book, along with the two other large volumes on Gurjar Jain poets also from Mr. Desai's pen,

makes up a complete picture of the activities of Jain writers in the field of Gujarati literature from the earliest to the present times. The pictures add to rhe attractiveness and utility of the present volume. The subject has been divided into eight periods or sections and the treatment of each writer comprised in the section is fine and scholarly. The one fact that dominates the mind of the reader is the fact that the Jain writers and ascetics have furnished the largest number of composers of prose and poetical works of old Gujarati and that therefore any review as to the activities of the literature of that period would always remain imperfect if it did not take stock of that phase. We think that for a considerable time to come this work will stand alone for its compre-hensiveness and wideness.

K. M. J.

—આ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ કે જે શ્રી મહાવીર પ્રભુના સમયથી સં. ૧૯૬૦ સુધીના શ્વેતાંબર જૈન શ્વેતામ્બર સાહિત્યનું કાલક્રમબદ્ધ દિગ્દર્શન છે તે જો કે સંક્ષિપ્ત કહેવામાં આવ્યો છે પણ તેમ નથી. ઘણી વિગતથી તે લખાયો છે અને તે લખવાને કર્ત્તાને ૧૨ વર્ષો લાગ્યાં છે. હાલ ઉપલબ્ધ સાધનો જોતાં તે સંપૂર્ણ કહી શકાય, કારણ કે એ સ્વીકારવું જ જોઇએ કે મિ. દેશાઇએ પોતાના ગ્રંથને જેટલો વ્યાપક બનાવી શકાય તેટલો કરવા અર્થે ગૂજરાત અને તેની બહાર મળતાં હસ્તલિખિત પુસ્તકોનો મોટો સંગ્રહ એકત્રિત કરવામાં, સંશોધવામાં અને તેની ચાળણી કરવામાં સમયનો, ધનનો કે પરિશ્રમનો સંકોચ-બચાવ કર્યો નથી. મિ. દેશાઇની કલમથીજ લખાયેલાં ગૂર્જર જૈન કવિઓ પરનાં બે મોટાં પુસ્તકો સહિત આ ગ્રંથ ગૂજરાતી સાહિત્યના ક્ષેત્રમાં જૂનામાં જૂના કાલથી આધુનિક કાલસુધી જૈન લેખકોએ કરેલા ઉદ્યોગોનું સંપૂર્ણ ચિત્ર આલેખી આપે છે.

આમાં આપેલાં ચિત્રો પ્રસ્તુત ગ્રંથની આકર્ષણીયતા અને મહત્તામાં વૃદ્ધિ કરે છે. વિષયને આઠ વિભાગોમાં વિભક્ત કર્યો છે અને તે વિભાગમાં દરેક ગ્રંથકાર સંબંધી નિરૂપણ સુંદર અને વિદ્વત્તામય છે. જે એક હકીકત પ્રધાનપણે વાચકના મન સમીપ તરી આવે છે તે એ વસ્તુસ્થિતિ છે કે જૈન લેખકો અને સાધુઓએ જૂની ગૂજરાતીની ગદ્ય અને પદ્ય કૃતિઓના રચનારા અત્યંત મોટી સંખ્યામાં પૂરા પાડ્યા છે અને તેથી તે સમયની સાહિત્ય પ્રવૃત્તિઓનું કોઈ પણ નિદર્શન જો ઉક્ત વસ્તુસ્થિતિનો નિધિ ધ્યાનમાં લેશે નહિ તો તે હમેશાં અપૂર્ણજ રહેશે. અમે ધારીએ છીએ કે હવે પછીના ગણનાપાત્ર કાલ સુધી આ ગ્રંથ તેની વ્યાપકતા અને વિશાલતા માટે એકલો—અવિચલ રહેશે.

૨૦. શ્રી **અભેચંદ કાલીદાસ:** પ્રાંત વકીલ જેતપુર (હાલ સ્વ.)

'જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસ'નું પુસ્તક આપે મારા તરફ એક વર્ષ ઉપર મોકલેલું તે થોડે થોડે વાંચવાનો દૃઢ નિશ્ચય કર્યાથી તે પુસ્તક આજરોજ પુરેપુરૂં વંચાઇ રહેલું છે. આપના આ ભગીરથ પ્રયત્ન અને મેહેનત માટે ધન્યવાદ આપવા જેવા શબ્દો મારા જેવા અજ્ઞાનીને મળતા નથી. મહાન ભગીરથ મેહેનત કરી જૈન સાહિત્યના ગ્રંથો મેળવી તેને જે ક્રમ અને સ્વરૂપમાં ગોઠવી અમૂલ્ય રત્ન તરીકે જૈન સમાજ તથા જૈનેતર સમાજ આગળ ધરેલું છે તેને માટે દરેક આપના રૂણી ગણાશે અને શ્રી શ્વેતાંબર જૈન કૉન્ફરન્સે તેને ઉત્તેજન આપી પ્રસિદ્ધિ આપી છે તેને માટે કૉન્ફરન્સ દેવીનો પણ ઉપકાર માનું છઉં. તા. ૨-૫-૩૫ ગુરૂવાર.

૨૧. **જન્મભૂમિ** તા. ૯-૫-૧૯૩૫માં **કલમ અને કિતાબ**ના વિદ્વાન સંપાદક શ્રી **ઝવેરચંદ મેઘાણી 'કારાગારમાંથી ડોકીયાં'** એ મથાળા નીચે:—

ભારતીય સંસ્કૃતિના પ્રવાહો વેરણ છેરણ થયા હતા, તે પાછા આજે પોતપોતાની એકલતાનાં ને સંકીર્ણતાનાં પડો ભેદીને બહાર

નીકળી રહ્યા છે. તે બધા હવે પરસ્પર સંગમ માગે છે, એ સંગમની અંદરથી ઉદાર રાષ્ટ્રસંસ્કારનો સાગર રચાય છે.

ધાર્મિક ઝનુન—રાષ્ટ્રસંસ્કૃતિના છેદનમાં ધાર્મિક અસહિષ્ણુતાએ ભારી ઝનુનીભાગ ભજવ્યો છે. એનું એક કરૂણ દૃષ્ટાંત આ રહ્યું. જૈનધર્મ ભારતવર્ષનો ભૂમિજાત ધર્મ: એના ઉપાસકોએ તત્વશોધનમાં, દર્શનમાં, ઇતિહાસમાં, વાઙ્મયમાં, કલા ને કારીગીરીમાં અણમોલ હીસ્સા રજુ કર્યા. પણ ધાર્મિક વૈરવૃત્તિએ રાષ્ટ્રના ખોળામાં એ તમામનો મુક્ત સ્વીકાર ન થવા દીધો. એ વૃત્તિના પ્રત્યાઘાતે જૈનોમાં પણ સાંકડી અતિસંરક્ષક સંપ્રદાય-વૃત્તિ જન્માવી. પરિણામે એનાં શાસ્ત્રો, સાહિત્ય, વગેરે બધાં એના પુસ્તકભંડારોના પટારામાં બંદીવાન બન્યાં.

અવગણના પામેલ—એ કારાગૃહને ભેદવાનો યશ નવયુગની રાષ્ટ્રદ્રષ્ટિને જાય છે. એ યશનો મોટો હીસ્સો આ પુસ્તકના પ્રયોજકને મળશે. કેમકે એમણે સંપ્રદાયવૃત્તિની બણગાંખોરીથી વેગળા રહી, કેવલ એ સંસ્કૃતિપૂજક તરીકે, આ અવગણના પામેલા જૈન સાહિત્યનો સવા બે હજાર વર્ષોનો ફાલ આપણા ધ્યાન પર આણ્યો છે.

બાવીસ સૈકાઓ—આશરે અગીઆરસો પાનાંનો આ ગ્રન્થ ઉપર ટપકે જોવા જતાં પણ દિવસો લાગે. મહાવીર સ્વામીના મુખબોલ વિ. સં. પૂર્વે કેટલાંય વર્ષો પર ઝીલાઈ લિપિબદ્ધ બન્યા, ત્યાંથી માંડીને વિ. સં. ૧૯૫૭માં છેલ્લા જૈન કવિ-ચિંતક શ્રીમદ્ રાજચંદ્રના અવસાન સુધીની કાવ્યરચના: વચ્ચેના વીસથી યે વધુ સૈંકડાઓમાં જૈનોએ કેટલું કેટલું સાહિત્ય રચ્યું તેનો આ ઇતિહાસ પ્રમાણભૂત ને માહીતી-ભરપૂર છે.

ગુજરાત પર ઋણ—ગુજરાતી સાહિત્ય ઉપર આ ગ્રંથનું મોટું ૠણ ચડે છે. કેમકે જૈનોનું બુલન્દ મથક સૌરાષ્ટ્ર-ગુજરાત. પ્રાચીન અને મધ્યકાલીન જૈન જાહોજલાલી સૌરાષ્ટ્રને પારણે હીંચકેલી છે. જૈનસાધુ-ઓના વાંઝ્મયપ્રેમ કે ઇતિહાસપ્રેમ, અને કડક ત્યાગનિયમના પાલનની વચ્ચે રહે રહે પણ તેઓએ રચેલું બહુરંગી સાહિત્ય, તેઓએ માગધી-

માંથી ઘડેલી ને ઘાટઘુટ પાડેલી પ્રાચીન ગુજરાતી ભાષા, તેઓના લહીયાઓએ આપેલો લિપિ-મરોડ, તેઓએ ગાયેલાં મહાકાવ્યો, રાસો-ઋતુગીતોઃ તેઓએ રચેલાં વ્યાકરણો, સંસ્કૃત કાવ્યો, અલંકાર-શાસ્ત્રો; આ તમામ ઉપર અનિવાર્યપણે બેશક સાંપ્રદાયિકતાના રંગો ચઢેલા હતા તે છતાંય તેમાં અંકિત થએલ રસની, વિદ્યાની, ને કલાની સાર્વજનિકતાને ઉવેખી શકાય તેમ નથી.

યોજનાની જરૂર—પરંતુ આ તો હજુ કેવળ નિર્દેશ છે. માહિતીની ટીપ છે. મૂળ કૃતિઓનાં મૂલ તો એનાં પ્રકાશનો થયે જ મુલવી શકાશે. કેટલું ચિરંજીવ ને કેટલું ભૂતકાલને કાયમી હવાલે કરી દેવા જેવું, તે નિર્ણય ભવિષ્યની પેઢીઓ કરશે. આજે તો એટલું જ કહીએ કે આંહી ચીંધવામાં આવેલી પ્રચુર સામગ્રીમાંથી વિવેકપૂર્વક તારવણી કરીને ગુજરાતીમાં કેટલીક કૃતિઓનાં પ્રકાશન કરો. ને એવા પ્રકાશન માટે તો આ ગ્રંથકર્ત્તાના નેતૃત્વ નીચે એક મોટી યોજના રચીને અભ્યાસીઓનું એક આખું મંડલ બેસારી દેવું જોઇએ.

મોકળી કલમ—સાહિત્યની જોડે સંબંધ ન ધરાવતું એવું કેટલુંક ઇતિહાસદર્શન, અન્ય કેટલીક ચર્ચાઓ, શિલ્પાદિક વિષેનું વિવરણ, ઇત્યાદિ વાતોને બાદ રાખતાં ને શુદ્ધ સાહિત્ય-ઇતિહાસનીજ સીધી રેખા પર એકાગ્ર થતાં આ ગ્રંથને હજુ સારી પેઠે ટુંકાવી શકાયો હોત. પરંતુ જૈનોના સાંપ્રદાયિક ઇતિહાસનો આપણે ત્યાં સર્વથા અભાવ હોઇ, જૈન ધર્મ ને જૈન પ્રજા સંબંધે બહુધા અજ્ઞાન વર્તતું હોઇ, કર્તાએ મોકળી કલમે આખા પ્રદેશમાં ઘુમાઘુમ કરી છે, તે એક રીતે ઠીક થયું છે. કર્ત્તાના આખા પ્રયાસ ઉપર પ્રો. કેશવલાલ કામદારની પ્રસ્તાવના સુંદર આલોચના કરે છે.

૨૨. શ્રી પોપટલાલ પુંજાભાઈ શાહ B. A. વાંકાનેર :—

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" એક મોટું પુસ્તક છે; અને છતાં તેમાં સંક્ષિપ્ત ઇતિહાસ રૂપેજ જૈન સાહિત્યની હકીકત અપાઈ છે.

ઇતિહાસ એટલે માત્ર વિગતોનો ખડકલોજ નહિ, માત્ર મહાપુરૂષોનાં જીવનોજ નહિ, પણ તેનો સુંદર સમન્વય અને તેમાંથી નીપજતાં તત્કાલીન અને દૂરગામી પરિણામોનું દર્શન અને તેની ભૂતકાળનું ખૂન ન કરે તેવા પ્રકારની છતાં વર્ત્તમાનમાં ઉપયોગી થઇને ભાવિને ઘડવામાં કામ લાગે તેવી ગવેષણા. આમ ઇતિહાસ એટલે જીવનનું વ્યવહારૂ તત્ત્વજ્ઞાન–History is a practical philosophy of life.

આ દૃષ્ટિને અને તેટલી લક્ષ્યમાં રાખીને શ્રી મોહનભાઈ એ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" આલેખ્યો છે. ચિત્રો, ચિત્ર પરિચય, હકીકતોની પ્રમાણભૂત નોંધ અને તેની તટસ્થ છણાવટ તેમજ પ્રસિદ્ધ સાહિત્યકારોનાં જીવનની રસિક વિગત, એ સર્વ વાંચતાં એમ લાગે છે કે ઉક્ત ગ્રંથ એ નથી કોઇ હકીકતોનો નર્યો ખડકલો, કે નથી કોઇ સાંપ્રદાયિક પ્રશસ્તિનું મોટું પુરાણ કે નથી કોઈ તત્ત્વચર્ચાથી ભરેલી આછી ઇતિહાસસામગ્રીનો અધૂરો શબ્દાડંબર.

પણ એમાં લેખકશ્રીનો તલસ્પર્શી અભ્યાસ, તેનો ઉપયોગ કરવાની વિદ્વત્તા ભરી શક્તિ, અને તુલનાત્મક તારવણી તેમજ હકીકતની સળંગ મીલાવટને સાંકળવાની ભારોભાર મહેનત, પાને પાને જણાઈ આવે છે.

છતાં આમાં ઘણી ખરી કૃતિઓનો અને તેના કર્તાનો નામનિર્દેશ કરીનેજ સંતોષ માનવામાં આવ્યો છે. વળી જૈન સાહિત્યમાં–ખાસ કરીને આગમ સાહિત્યમાં–થયેલા વિકારનું દર્શન પણ દેખાતું નથી. તેનું કારણ એ છે કે લેખક પોતે સંક્ષિપ્તતામાંજ બધું પતાવી દેવા માગે છે, અને તેથી તેવી વિવેચનાને સ્થાન રહેતું નથી. સવિસ્તર હકીકત અને વિવેચના માગી લે તેવો ઇતિહાસ તો કદાચ આવા પાંચ સાત ગ્રંથો કે તેથી વધારે પણ ભરી દે.

પણ ઇતિહાસમાં પરમ આવશ્યક સંશોધનનો ભગીરથ પ્રયત્ન તો આમાં હરકોઈ વાચકને આંખે ઉડીને વળગે તેવો દેખાશે. છેલ્લે

છેલ્લે લેખકશ્રી પોતાના શુભ મનોરથો-ઇતિહાસનો ભાવિ ઉપયોગ-સુંદર રીતે રજુ કરે છે, અને તે પણ અવશ્ય હરકોઈ જૈન જૈનેતર-ને વાંચવા અને મનન કરવા યોગ્ય છે.

લેખકશ્રીના આવા ધન્ય પરિશ્રમ માટે હાર્દિક ધન્યવાદ સિવાય બીજું શું કહી શકાય?

૨૩. શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી B. A. LL. B. Solicitor. મુંબઈ.

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ કૃત જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસનું પ્રકાશન શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના પ્રારંભમાંજ કંઈપણ અભિપ્રાય મારે આપવો એ કદાચ સુરૂચિ કે ઔચિત્યનો ભંગ ગણાય એથીજ મેં આપેલો નહિ. આજે એ ગ્રંથ પ્રસિદ્ધ થયાને લગભગ આઠ વર્ષ થયાં છે એટલે તે સંબંધી હું મારો અભિપ્રાય વિના સંકોચ આપી શકું. જૈન સાહિત્યના કે પશ્ચિમ હિંદના સાહિત્યના સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ પ્રાચીન કે અર્વાચીન ગુજરાતી ભાષાના ભવિષ્યના ઇતિહાસલેખકને આ ગ્રંથ વગર પગલું ભરવું પણ ચાલે એમ નથી કારણકે તે તે ઇતિહાસનાં મૂળો અને ઉપયોગી સાધનો કયા કયા રૂપમાં અને કયે કયે સ્થળે છે તે માહિતી આ ગ્રંથ પૂરી પાડે છે. આ ગ્રંથની સહાય લીધા સિવાય તેવી માહિતી મેળવતાં તેવા લેખકોને ઘણા લાંબા સમય અને શ્રમનો ભોગ આપવો પડે. એવા સમય શ્રમ અને શક્તિના વ્યર્થ વ્યયમાંથી ભવિષ્યના સાહિત્યવીરો અને ઇતિહાસકારોને બચાવી શ્રીયુત દેશાઈએ સાહિત્યની સંસ્કૃતિની અનુપમ સેવા કરી છે. શ્રીયુત દેશાઈ મ્હારા પરમ મિત્ર છે અને મને અંગત માહિતી છે કે તેઓએ પોતાના વકીલાતના ધંધામાંથી કિંમતી સમય બચાવી સાહિત્ય સેવા કરી છે. પોતાની ઑફિસમાં, કોર્ટની લાઇબ્રેરીમાં તેમજ કોર્ટની લૉબીમાં પણ એક સરખા અક્ષરે ત્વરાથી લખતાં કે પ્રૂફ વાંચતાં તમે કોઇને કલ્પો તો તે શ્રીયુત દેશાઈ હોઈ શકે. આ ગ્રંથ કે તેવાજ અન્ય

ગ્રંથોનાં લખાણો કે પ્રૂફો વિગેરેનું બંડલ તો તેમની સાથેજ હોય. કોર્ટમાં પડતી નાની કે મોટી દરેક વેકેશનોમાં તેઓ અવિશ્રાંતપણે ગામેગામ અને શહેરે શહેર પર્યટન કરતા હોય અને અવિરતપણે ભંડારો જોતા હોય; વળી પોતાની કે પોતાના મિત્રોની લાગવગનો ઉપયોગ કરી સંઘની કે પંચની માલિકીના તેમજ ખાનગી માલિકીના ભંડારો જોવા માટે તેમના પ્રયાસો હંમેશ ચાલુજ હોય. ટૂંકમાં કહીએ તો લેખન એમના જીવનમાં એક વ્યસનજ થઈ પડયું છે. તેમનાં કાર્યોમાં ભાગ્યેજ કોઇ કલાર્ક, પ્રુફ રીડર, અનુક્રમણિકા આદિ રચનારની મદદ હોય. કેવળ mechanical મીકેનીકલ (યાંત્રિક) ઢબે થઈ શકે એવાં કાર્ય પણ તેમને જાતેજ કરતાં મેં જોયા છે. તે વખતે તેમનો જવાબ એકજ હોય કે પ્રકાશન-સંસ્થા ઉપર વ્યર્થ બોજો શું કામ નાંખવો અને તેવા કુશળ કે સમજદાર સહાયકો પણ કયાંથી મેળવવા? આ ગ્રંથની પાછળ એકજ માણસનો કેવો ભગીરથ શ્રમ છે તે દેખાડવા અર્થેજ આટલું દર્શાવ્યું છે.

આ ગ્રંથની ઉત્પત્તિ અને વિકાસ સંબંધી ગ્રંથ કર્તાએ પોતાના નિવેદનમાં વિગતે ઉલ્લેખ કર્યો છે. "સંક્ષિપ્ત ઇતિહાસ" એ નામ જોઇ આ ગ્રંથ હાથમાં લેનાર ઘણી વખત કહે છે કે દરેક વિષયની એટલી બધી વિગતમાં ગ્રંથકાર ઉતરે છે કે અલ્પ સમયમાં જૈન સાહિત્યનો ઇતિહાસ જાણવાની અભિલાષા રાખનારને નિરાશજ થવું પડે. આ ટીકા ગર્ભિત રીતે ગ્રંથની પ્રશંસાજ છે. આ ગ્રંથ સામાન્ય વાંચકો માટેનોજ નહિ, પણ ગ્રંથકર્તાઓ સાહિત્યકારો ને ઇતિહાસકારો માટેનો ગ્રંથ છે. તેમની પ્રચંડ ક્ષુધાને યોગ્ય આહાર આવાજ ગ્રંથ સમર્પે. જરૂર એક દૃષ્ટિકોણ એવો હોઇ શકે કે જૈન સાહિત્યના જ્યોતિર્ધરોનોજ -મુખ્યપણે તેમના ગ્રંથરાશિની વિસ્તૃત સમાલોચના અને તે દ્વારા ભિન્નભિન્ન કાળની સંસ્કૃતિ, લોકોની રહેણી કરણી અને સર્વ પ્રકારના વિકાસ ને પ્રગતિનો-ઇતિહાસ આલેખવામાં આવે તો સામાન્ય વાંચકને યોગ્ય અને વિશ્વસનીય અને રૂચિકર ઇતિહાસ પૂરો પાડી શકાય.

(આવા ઇતિહાસ માટે તો આવાં અનેક વૉલ્યુમો જોઇએ-અને તે ભવિષ્યમાં કોઇ વિરલો પાકે ને પૂરાં પાડે ત્યારે જોઇશું.) આતો માત્ર કાર્યપદ્ધતિને અંગેનો મતભેદ ગણી શકાય. વિવિધ દષ્ટિબિંદુવાળા સર્વ કોઇને એક સરખી રીતે રૂચિકર થાય એવી રચના કરવાનો પ્રમાણિકપણે કોઇપણ દાવો કરી શકે નહિ. એકજ વસ્તુની રજુઆત એક ચિત્રકાર એક રીતે કરે અને બીજો બીજી રીતે પરંતુ તેમાં ગ્રહણ કરવા યોગ્ય તો તેમની કળાજ હોઈ શકે; એજ પ્રમાણે આ ગ્રંથની રચનામાં શ્રીયુત દેશાઇના ભગીરથ શ્રમ, અવિરત ઉદ્યમ, માહિતીની શક્ય ચોકસાઇ અને અગમ્ય સ્થળેથી અને અકલ્પ્ય રીતે માહિતી મેળવી સરસ સંયોજના કરી રૂચિકર સંગ્રહ કરવાની કળા તરી આવે છે.

જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ
અભિપ્રાયો

['જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પ્રકટ થયો તેમાં અંતે પૃ. ૧૦૬૦ થી ૧૦૭૯માં 'જૈન ગૂર્જર કવિઓ બીજો ભાગ' સંબંધી બાવીસ અભિપ્રાયો સમાવેશ પામ્યા છે. પછીના ત્રણ અભિપ્રાયો નીચે અપાયા છે:]

૨૩. ખરતરગચ્છના પૂ. મુનિશ્રી ગણાધીશ **હરિસાગર** (હાલના **જિનહરિસાગર સૂરિ**) :—

धर्मलाभपूर्वक मालूम हो कि आपके प्रयाशसे जो "गुर्जर जैन कविओं" नामक पुस्तकका दुसरा भाग मैंने देखा देखके बडी प्रशन्नता हुई। आपका यह प्रयाश अनुमोदनीय है आपने जो गवेषणा की है वह अत्युत्तम है। मुझे लिखते हुए अत्यंत हर्ष होता है कि हमारी जैन समाजमें आप जैसे उत्साही सज्जन मौजूद हैं। आप जैसे उत्साहियोंसे ही हमारी समाजका मुख सदैव अन्य समाजोंके सामने

समुज्ज्वल हो रहा है, अन्यथा इस समाजका नाम शायत ही साहित्यसेवियोंमे रहता ।

महानुभाव! जैन समाजमें इतिहासके विषयको जाननेवाले बहुत कम हैं उसमें भी उनसे परीचित होनेवाले बहुत ही कम है क्योंकि यह विषय सामान्य जनता के विषयका नहीं है पंडितोंके विषयका है । पंडितो में भी कितनेक ऐसे हैं कि छानबिन होनेसे कहीं अपनी पोल न खूल जाय इसी डरसे चूपचाप अपनी तूंती बजाते रहते है यह तो आप जैसे पुरुष ही कमर कस कर बाहर आ सकते है और पुर्व पुरुषोंकी अमूल्य किम्मत अन्य समाजमें करा सकते है इस लिए आपको सतशः धन्यवाद स्मर्पित करता हूँ स्वीकारें । दिल्ली श्रावन शुदि १५ शुक्र १९८८.

૨૪. 'ગુજરાતી' અઠવાડિક તા. ૩-૧૨-૧૯૩૩ ના અંકના પૃ. ૧૭૩૮ માં 'સ્વીકાર અને સમાલોચના'ના મથાળા નીચે શ્રી. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી:—

રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇએ જૈન ગુર્જર કવિઓ પહેલો ભાગ વિ. સં. ૧૯૮૨ માં બહાર પાડેલો. એ ભાગ સાથે તેમણે ૩૨૦ પાનાનો 'જૂની ગૂજરાતીનો ઇતિહાસ' એ નામનો ઉપયુક્ત નિબંધ પ્રસ્તાવના તરીકે પ્રકટ કર્યો છે. અને મૂળમાં વિક્રમના તેરમાથી સત્તરમા સૈકા સુધીના કવિઓની અને તેઓની કૃતિઓની નોંધ લીધી છે. પછી સં. ૧૯૮૭ માં આ બીજો ભાગ બહાર પાડ્યો છે, જેમાં સં. ૧૭૦૧ થી ૧૮૦૦ સુધીના જૈન કવિઓની અને તેઓની કૃતિઓની નોંધ આ ગ્રંથનાં પૃ. ૫૮૯ સુધીમાં આપી છે. મતલબ કે આ બીજો ભાગ વિક્રમના અઢારમા શતકના કવિઓ અને તેઓની કૃતિઓની નોંધ માત્રથી પૂરો થતો નથી, જો કે આ નોંધમાં બેય ભાગમાં મળીને કુલ ૪૬૬ કવિઓની ૯૪૩ કૃતિઓની આદિ અંતના ઉતારા સાથે નોંધ કરવામાં આવી છે, તેમાંથી પહેલા

૨૩૩૬ જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨ પર અભિપ્રાયો

ભાગમાં ૨૮૭ કવિઓની ૫૪૧ કૃતિઓની નોંધ છે, અને બાકીની આ બીજા ભાગમાં છે. મતલબ કે વિક્રમના અઢારમા સૈકાના ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે. નજીકના સમયના ગ્રંથો વધારે જળવાઈ રહ્યા હોય અને જૂના કાળના ઘણા નાશ પામ્યા હોય, એ કુદરતી છે.

૯૪૩ જેટલા ગ્રંથોની જુદા જુદા ભંડારોના ગ્રંથોની પ્હેલાં થયેલી નોંધો જોઇને તથા જુદાં જુદાં સ્થળોએ ફરી તે તે સ્થળના ભંડારો તપાસી તેમાંથી નોંધો કરી આવો સંગ્રહ તૈયાર કરવામાં કેટલી મહેનત શ્રી. મો. દ. દેશાઇને પડી હશે, એ તો એવું કામ કરનાર જ સમજી શકે.

ગુજરાતી ભાષાના અભ્યાસ માટે ખાસ કરીને પ્રાચીન ગુજરાતીના અભ્યાસ માટે આ બેય ગ્રંથો ઘણા ઉપયોગી છે. પ્હેલો ભાગ બ્હાર પડયો ત્યારેજ ગુજરાતના વિદ્વાનોએ એ ગ્રંથની ઉપયોગીતા મુક્ત કંઠે સ્વીકારી છે. એટલે એ વિષે કાંઈ વધુ કહેવાની જરૂર નથી. પણ જેમ પ્હેલા ભાગમાં પ્રસ્તાવના રૂપે જૂની ગુજરાતીનો ઇતિહાસ લખ્યો હતો તેમ આ બીજા ભાગમાં પરિશિષ્ટ રૂપે ઘણું સાહિત્ય આપ્યું છે. પૃ. ૫૯૦ થી ૫૯૪ માં ૧૮મી સદીની ગદ્યકૃતિઓની ટુંકી નોંધ છે. પછી પૃ. ૬૧૦ સુધીમાં અઢારમી સદીના કવિઓની અકારાદિ અનુક્રમણિકા છે. પૃ. ૬૧૧ થી ૬૩૮ સુધીમાં સંવતક્રમમાં એજ કવિઓની અનુક્રમણિકા છે. પછી પૃ. ૬૩૯ થી ૮૨૨ સુધીમાં પાંચ પરિશિષ્ટો છે, જેમાંનું છેલ્લું તો જૈન ગુર્જર કવિઓ પ્રથમ ભાગ સંબંધી અભિપ્રાયો છે. પણ બાકીનાં ચાર પરિશિષ્ટો ઘણાં ઉપયોગી છે.

પ્હેલા પરિશિષ્ટમાં જૈન કથાનામ કોષ છે. આમાં જૈન કથાનાયકોનાં અકારાદિ અનુક્રમે નામો આપી તેની સામે આત્મપ્રબોધ, ઋષિમંડલવૃત્તિ વગેરે જૈન કથાઓના સંગ્રહગ્રંથોના ઉલ્લેખો આપ્યા છે. આ રીતે વાસ્તવિક જૈન કથા કોષ માટે આ સારી, પ્રાથમિક તૈયારી છે.

પરિશિષ્ટ બીજામાં જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલીઓ આપી છે. જૈન ઇતિહાસના તથા ગુજરાતના સામાન્ય ઇતિહાસના સંશોધન કાર્યમાં આ પટ્ટાવલીઓ બહુ ઉપયોગી છે. કારણકે એમાં અનુક્રમ સાથે વર્ષો પણ આપ્યાં છે. અને ગુજરાતના સોલંકી કાળ માટે તો ઘણી સંવત્‌વાળી નોંધો મળે છે અને તે મોટે ભાગે વિશ્વાસપાત્ર છે. આ પરિશિષ્ટમાં ખરતર ગચ્છ અને તપા ગચ્છની પટ્ટાવલીઓ માટે ડા. ક્લાટે (klatt). ઇન્ડિયન એન્ટીક્વેરી પુ. ૧૧ પૃ. ૨૪૫ થી ૨૫૬ માં છપાયેલા લેખનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવ્યો છે પણ તે ઉપરાંત બીજાં સાધનોમાંથી ટિપ્પણીઓમાં વિગતો ઉતારવામાં આવી છે.

પરિશિષ્ટ ત્રીજામાં વિધિ પક્ષ ગચ્છ—અંચલ ગચ્છની પટ્ટાવલી આપી છે. અને ચોથા પરિશિષ્ટમાં રાજાવલી આપેલ છે. જે ગુજરાતના ઇતિહાસનું એક ઉપયોગી સાધન છે.

આ બીજા ભાગ સાથે 'જૈનો અને તેનું સાહિત્ય' એ સંબંધી એક વિસ્તૃત નિબંધ જોડવાનો શ્રી. મો. દ. દેશાઇનો વિચાર હતો, પણ લખતાં લખતાં એ નિબંધ મોટા પુસ્તક જેવડો થઇ ગયો એટલે હવે જુદા પુસ્તક રૂપે છપાય છે. અને આપણે ઇચ્છીશું કે એ પુસ્તક પણ હવે આપણા હાથમાં જલદી આવે.

જૈન ગૂર્જર કવિઓ પ્રથમ અને બીજો ભાગ

૧ પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી શ્રી કેશવરામ કાશીરામ શાસ્ત્રી પોતાના 'કવિચરિત' ભાગ ૧ (પ્ર૦ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ) ના આરંભના નિવેદનમાં:—

'શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ "જૈન ગૂર્જર કવિઓ" ના બે ભાગ લખી આપણને ગૂજરાતી ભાષાના સળંગ સાહિત્યસર્જનની એક પ્રધાન શાખાના સાહિત્યકારોનો આવશ્યક પરિચય મેળવવાની સુવિધા કરી આપી છે. ૧૭૬૪ પાનાંના બે ગ્રંથોમાં લગભગ વિક્રમની

૯ મી શતાબ્દીથી શરૂ થતા, જેને હું પ્રાચીન ગૂજરાતી ગણું છું. સ્વ. દી. બ. કેશવલાલ ધ્રુવે પણ જેને પ્રાચીન ગૂજરાતી માનેલી, અને પં. બેચરદાસ દોશી જેને ઊગતી ગૂજરાતી કહે છે, તે અપભ્રંશ ભાષાના કવિઓથી શરૂ કરી ઉપોદ્દ્ઘાતમાં અપભ્રંશ ભાષા વિષયક માહિતી આપી, પછી મુખ્ય ગ્રંથમાં વિક્રમની ૧૩ મી સદીથી જેને "જૂની ગૂજરાતી" કહેવામાં તો જરાયે સંકોચ નથી, તેવી ભાષામાં કાવ્ય કરનારા કવિઓની મળતી વીગત અને સાહિત્યકૃતિઓના પ્રાપ્ય આદિ-અંત વર્ષવાર આપવાનો શ્રી. દેસાઈએ પ્રયત્ન કર્યો છે. આવો મહાન પ્રયત્ન ગૂજરાતી ભાષામાં કરવામાં જે શ્રમ લેખકને પડયો છે તે માત્ર તે વિષયના જાણકારોજ સમજી શકે. કોઈ મોટી પુસ્તકશાળાનાં કબાટોને શોભાવતા એ ગ્રંથો નથી, પણ અનેક જ્ઞાન ભંડારોમાં અત્રતત્ર વેરાયેલી હાથપ્રતોમાં એ ગ્રંથો દટાયેલા પડયા છે, ત્યાં ત્યાં જઈ તેમણે મહામુશ્કેલીએ હાથપ્રતો મેળવી તેમાંથી ઉપયોગી માહિતી એકઠી કરી તે તે કવિના વિષયમાં પણ પ્રકાશ પાડવાનો પ્રયત્ન કર્યો છે. ગૂજરાતી કવિતાની એક શાખાની સળંગ કૃતિઓનો ઇતિહાસ મેળવવામાં આ પ્રમાણે સરળતા થઈ છે.

× × જૈનેતર કવિઓ પ્રાપ્ત થાય છે, તેના કરતાંએ મોટી સંખ્યામાં જૈન કવિઓ થઈ ગયા છે. ગૂજરાતી ભાષાનો સમગ્ર અભ્યાસ આ ઉભય (જૈન અને જૈનેતર) શાખાના પરિચય વિના અસંભવિત છે. ગૂજરાતી સાહિત્યનો જેને ઇતિહાસ જોઇયે છે, તેને પ્રત્યેક યુગમાં થયેલા જૈન કે જૈનેતર કવિને કવિતાવિકાસની દૃષ્ટિએ જોવાની અનિવાર્યતા છે. આવો સંકલિત પ્રયત્ન વિશદ અને અભ્યાસપૂર્ણ દૃષ્ટિએ હજી થવો બાકી છે.

× × પ્રત્યેક કવિને માટે વિસ્તારથી જેને જોઇતું હોય તેને તો આ "કવિચરિત" ઉપયોગી થશે, જેની વસ્તુસ્થિતિએ તો શ્રી મોહનલાલ દ. દેસાઇના "જૈન ગૂર્જર કવિઓ" ના બંને ગ્રંથોની સાથોસાથજ વાંચવાથી ઉપયોગિતા છે, તે સત્ય વસ્તુને અહીં કોઇ રીતે ઢાંકી ન શકાય. × ×

૨ શ્રી ઝવેરચંદ મેઘાણી જન્મભૂમિના ૬-૭-૧૯૪૦ના અંકમાં પોતાના 'કલમ અને કિતાબ'માં ઉપર્યુક્ત 'કવિચરિત' ની સમાલોચનામાં:—

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન ગૂર્જર કવિઓ'ના બે દળદાર ખંડો લખીને વિક્રમની ૯મી સદીથી શરૂ થતા પ્રાચીન અપભ્રંશ અને ઉગતી ગુજરાતી કવિતાના ખેડણહાર જૈન કવિઓના જીવન કવનની યશસ્વી દિશા અજવાળી આપી છે.

---

૫ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. શ્રી મહાવીર સ્વામીના સમયથી સં. ૧૯૧૦ સુધીના શ્વેતામ્બર જૈનોના સાહિત્યનું ક્રમબદ્ધ દિગ્દર્શન—આગમ–પંચાંગી, સંસ્કૃત પ્રાકૃત અપભ્રંશ ગૂજરાતી સાહિત્યનો, તેના રચનાર ગ્રંથકારોનો, સમયસંયોગનો પરિચય આપનાર સર્વસંગ્રહ જેવો મહાન્ સચિત્ર ગ્રંથ કુલ પૃ. ૧૨૫૦ થી વધુ. મૂલ કિં. રૂ. ૭ ઘટાડીને રૂ. ૩–૦–૦.

નોંધ—ઉપરનાં ૩ થી ૫ નંબરનાં મો. દ. દેશાઇકૃત પુસ્તકો એક સાથે લેનારને રૂ. ચારમાં મળી શકશે. સર્વની ઘટાડેલી કિંમત થોડા સમય સુધી સમજવાની છે.

લખો:—શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સ ૨૦, પાયધુની, મુંબઈ ૩.

શ્રી જૈન શ્વે૦ એજ્યુકેશન બૉર્ડથી પ્રકાશિત પુસ્તકો.

શ્રી સામાયિક સૂત્ર—મૂલ અર્થ ભાવાર્થવાળું ચૈત્યવંદન સ્તુતિ સ્વાધ્યાય ને તેના અર્થ સહિત વિદ્યાર્થી આવૃત્તિ. લેખક શ્રી મોહનલાલ દ. દેશાઈ. રૂ. ૦–૨–૦.

Sammati Tarka (સમ્મતિ–તર્ક)—પં. સુખલાલ અને પં. બહેચરદાસે લખેલી વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના અને ટીકા સહિતનું મૂલનું અંગ્રેજી ભાષાંતર. કિંમત રૂ. ૧–૨–૦.

લખો:—જૈન શ્વે૦ એજ્યુકેશન બૉર્ડ, ૨૦ પાયધુની, મુંબઈ ૩.